આવોજ ભરોસો કે ? ચાર વાગે આવવાનો વાયદો કીધો હતો તે હમણા હજી ચાર નહી વાગ્યા હોય નહીં ?"

"આ મહમદભાઇ આવે ત્યારે ને ?" કાસમે તેની સામેની બેઠકે બેસતાં જણાવ્યું.

"જુઓ, એ મારા ઉપર વીના કારણે બોહોતાન મૂકે છે હો !" મહમદ બોલી ઉઠયો–"કપટરાય, એ લબાડના બોલવા ઉપર બીલકુલ ઇતબાર રાખતાજ નહીં !"

"પણ કપટરાયજી, તમે એકલા બેઠા શું વીચાર કરતા હતા ? હાથ અને આંખના ચાળા કરતા બહુ મલકાતા હતા તે એવો તે ખુશાલીનો શો ખ્યાલ આવતો હતો ?" મહમદે પૂછ્યું.

"કંઇ નહી દોસ્તો !" કપટે મુખ મલકાવીને જવાબ આપ્યો.

"કંઈ નહીં કેમ ? અમે તમારી પાછળ ઉભા રહીને બધું જોતા હતા તો ! તમે ભલે છૂપાવોને !" કાસમ બોલી ઉઠયો—"યાર ! એવા એકલપેટા શું થાઓ છો ? તમારી મઝામાં અમને તો થોડો હીસ્સો આપો !"

"તમે પણ શું મને બનાવો છો દોસ્તો !" કપટ શરમાઈને બોલ્યો !

"અરે યાર એ તો કાન્તાકુંવરીને મેળવવાના ખ્યાલમાં મશગુલ હશે તે આપણને કંઈ કહેશે !" મહમદ હસ્યો.

કપટને પણ હસવું આવ્યું. તરત કાસમ તેની જાંગપર હાથ ઠોકતો બોલ્યો–" બસ એજ, એજ ! તમારા મનની વાત જણાઈ. પણ કપટરાયજી, તમે અમારાથી છૂપાવો એ કંઈ રાસ્ત નહીં !"

"પણ મેં તમો મીત્રોથી કયાં કોઇ પણ વાત છૂપાવી છે ?" કપટે જણાવ્યું–"તમો મીત્રોની તો મને એ કામમાં પૂરતી મદદ છે, અને તમારી મદદ વીના હું મારી આશા પાર પાડી શકું તેમ છેજ નહીં ! યારો, બધો આધાર તો તમારા ઉપરજ છે !"

"ત્યારે પછી અમારાથી છૂપાવ્યું શું કામ ? શું અમારા પર કંઇ બવિશ્વાસ આવ્યો ?" મહમદે પૂછ્યું.

"અરે, એ તમે શું બોલો છો ?" કપટ બોલી ઉઠયો–" એ તો–જરા શરમ લાગી !" કાસમ હસ્યો અને બોલ્યો—" કાન્તા-કુંવરી સંગે આમજ નેકા કરશો કે ?" કપટ કંઇ બોલ્યો નહીં. થોડી વાર ત્રણે મીત્રો સહેજ મુખ મલકાવી એક બીજાની સામે

જોતા મુંગાજ રહ્યા. આખરે કપટે ગંભીર અવાજે પૂછ્યું–" પણ ભાઇઓ, હવે એ બાબતનો શો વીચાર કર્યો ? "

" પણ એમાં મ્હોટો વીચાર શો કરવો છે ? " કાસમ બોલ્યો.

" તે ભાઈઓ, તમને એમ લાગતું હશે, પણ હું તો મહા મુંઝવણમાં પડ્યો છું કે એ આશા કેમ પાર પડશે ! " કપટે જણાવ્યું.

" અહાહા ! " મહમદ હસીને બોલ્યો–" જો ભાઈને આટલામાંજ મુંઝવણ થઇ પડી છે તે ! જાણે કેવુંક મહાભારત કામ હોય ! 'મારવો ઉંદર ને ખોદવો ડુંગર ' તેવું શું લઈ બેઠા છો ! "

" તમે ગમે તેમ કહો, હસો, પણ મને તો મારા એ કામની વચ્ચે ઘણી મ્હોટી મ્હોટી મુશ્કેલીઓ જણાય છે ! " કપટે જણાવ્યું.

" શું જણાય છે વારૂ, તે તો કહો ? " કાસમે પૂછ્યું.

" પહેલી મુશ્કેલી તો એ છે કે, કાન્તા કુલીનને ચાહે છે ! " કપટે કહ્યું.

" એ તમારી મુશ્કેલી ! વાહ ! મુશ્કેલી પણ કેવી કે, તે કોઇ ઉપાયે પણ દૂર કરી ન શકાય તેવીજ હો ! " મહમદે ગંભીરતા ધારણ કરી ટકોરમાં કહ્યું.

" પણ કુલીન એકલો નથી કંઇ ! " કપટ બોલી ઉઠ્યો–" તેની સાથે તેનો મીત્ર ચતુર છે તેને ઓળખ્યો ? તેની ચાલાકી અને બહાદૂરી તમારાથી ક્યાં અજાણી છે ? વળી એ બહુરૂપીની વીદ્યામાં કેવો હુશીઆર છે તે શું તમે નથી જાણતા ? કુલીન એકલો હોય તો એનાથી કોણ ડરે છે ! પણ ચતુરને લીધે ચીંતા રાખવાનું કારણ છે, એમ તમે પણ કબુલ કીધા વગર નહી રહો ! "

" પણ એ ચીંતા દૂર કરવી કંઇ મુશ્કીલ નથી ! " કાસમે જણાવ્યું.

" કોઇ રીતે કુલીન અને ચતુરને એકવાર કેદ પકડી લઇ કોઇ એવી જગ્યાએ બંધીવાન કરી મૂક્યા હોય કે સો વરષે પણ તેમનો પત્તો ન મળે, એટલે થઇ ચૂક્યું. "

" અને એમ કરવામાં તે શું મ્હોડું કામ છે ? પલક વારમાં એમને તો પકડી લઈશું ! "

" ચલો એ મુશ્કેલી તો ધારો કે દૂર થઇ, બોલો પછી તમારી આશા પાર પાડવામાં બીજો કંઇ વાંધો રહેશે ? " કાસમે પૂછ્યું.

"અરે યારો ! એટલી મુશ્કેલીએ અંત આવતો હોય તો પછી શું પૂછવું હતું ?" કપટે જણાવ્યું–"એથી મ્હોટી મુશ્કેલી તો હજી પાછળ છે ! પહેલાં તો મહારાજા પોતે એવો વીચાર બાંધી બેઠા છે કે, પોતે રાજા થઇને મંત્રીના પુત્રને જમાઈ કેમ બનાવે ? આમ તે તો વળી પોતાના દરજ્જાનાં અભીમાનનું પૂંછડું પકડી બેઠા છે, એટલે તેમની સંમતી વગર મારી આશા કયાંથી પાર પડે ? વળી કાન્તા પણ કુલીન ઉપર મોહીત છે, એટલે તેને સમજાવીને અહીંથી કંઇ બીજા દેશમાં નીકળી જવાય તેમ પણ નથી, અને કદાચ ધારો કે કાન્તાનું હરણ કરીને અહીંથી ન્હાસી પણ જાઉં, તો કયાં રહું, અને કેવી રીતે સુખારામ પામું ? કાન્તા કંઇ પોતાનો હઠ મૂકે તેમ છે ? વળી બીજું એ કે, મારા ન્હાસી જવા પછી રાજા મારા માતપીતાની કેવી દૂર્દશા કરે ? મીત્રો ! આ સઘળી બાબતોનો વીચાર કરતાં મને તો મારી મનમોહીની પ્રાપ્ત કરવાનો કોઇ ઉપાય સુઝતો નથી ! ત્યારે બસ, શું મારા મનની મુરાદ મનમાંજ રહી જશે ? મારી મધુરી બુલબુલ શું કાગડો કુલીનજ મેળવવાને ભાગ્યશાળી થશે ! હાય !" કપટે ઉંડો નીસાસો નાંખ્યો.

"અરે કપટરાયજી, તમે આટલામાં છેક નાહીંમત શું થઈ ગયા ?" કાસમ બોલી ઉઠયો–"આ તો તમે અમને લજવો છો ! અમે હયાત છતાં તમારી આશા પાર પાડી ન શકીયે તો અમારી બહુરૂપીની કળાને કલંક લાગે–અમારી ચાલાકી અને હુશીઆરી પછી કામનીજ શું ? શું નહીં તો ! દુનીયામાંથી અમે હજી મરી તો નથી ગયા કે, તમે આવા બાયલા સરખા વચનો વદો ! એ મુશ્કેલીઓ દૂર કરતાં શો વીલંબ લાગશે ?"

"ત્યારે ભાઇ, કેમ કરવું કહો ?" કપટને કંઈક હીંમત આવતાં તેણે કહ્યું–"આપણો તો તમારાપર અધાર, તમે કહો તેમ કરીએ. બસ, આપણને તો કાન્તા મળી એટલે સર્વસ્વ મળ્યું."

"તો એમ ખાત્રીથી માનજો અને અમારા ઉપર પૂર્ણ વિશ્વાસ રાખજો કે, ગમે તે પ્રકારે અમારી જીંદગીને જોખમે પણ અમે તમારી મુરાદ બર લાવીશું." કાસમે કહ્યું.

"બસ, મીત્રો, મારે પણ એટલુંજ જોઈએ છે !" કપટ આતુરતાથી બોલી ઉઠયો–"મને તમારી ચલાકી અને બળ ઉપર પૂરતો

વિશ્વાસ છે! અરે, મારી મનકામના પાર પડવા ન પડવાનો સઘળો આધારજ તમારાપર છે!"

"ત્યારે જુવો, સઘળી મુશ્કેલીઓ એકેક પછી દૂર કરવી પડશે!" મહમદે ગંભીર અવાજે જણાવ્યું-"અને તે માટે પેહલાં તમારા પીતાજીને તમારે મારી નાંખવા પડશે!" આ છેલ્લા શબ્દ કપટને વીજળીના ચમકારા સરખા હૃદયમાં વાગ્યાં. તે સ્તબ્ધજ થઈ ગયો ને દીંગમૂઢ સરખો તેમની તરફ થોડી વાર સુધી જોઈ રહ્યો.

"બસ એ રસ્તો ઠીક!" કાસમે પણ મહમદના કહેવાને ટેકો આપ્યો.

"હેં! મારા પીતાજીને?" કપટથી પૂછાઈ જવાયું!

"હા!" કાસમે જવાબ આપ્યો.

"શા માટે?" કપટે પૂછ્યું.

"તમારી આશા પાર પાડવાના રસ્તાની વચ્ચે આવતા દરેક કાંટા દૂર કરી સીધો લીસો માર્ગ બનાવવા માટેજ!" મહમદે જવાબ આપ્યો.

"પણ મારા પીતાજી મારા કામની વચ્ચે શું નડતર કરે તેમ છે?" કપટે ઉંડા વીચારમાં પડીને પૂછ્યું.

"પહેલી નડતર તો એમનીજ છે!" કાસમે જણાવ્યું-"તેમને આ સંસારમાંથી દૂર કીધા પહેલાં તમારી આશા પાર પાડવા માટે એક પગલું પણ અમારાથી આગળ ભરી શકાય તેમ નથી, અમે કંઇ પણ કરી શકીએ તેમ નથી!"

"પણ ના, ના! એવું કરપીણ કામ તો મારાથી નહીં થઈ શકે!" કપટનું હઈયું પાછું હઠવા માંડ્યું- "મારા પીતાજીનું હું ખુન કરી તેમના પવિત્ર લોહીમાં મારો હાથ બોળું? ઉહ! સ્વપ્ને પણ મારા મનમાં એવો પાપી ખ્યાલ કેમ આવે?"

"ત્યારે કાન્તાને મેળવવાનો પણ ખ્યાલ હવે સ્વપ્નામાં રાખશો નહીં!" મહમદે જણાવ્યું.

"બસ, થઇ ચૂક્યું! તમે હવે કાન્તા સાથે પરણી રહ્યા!" કાસમ ગંભીર અવાજે બોલ્યો—"મુહુરતમાંજ તમે રડી ઉઠવા જેવું કરો છો તો આગળ જતાં તમે શું કરી શકશો? મારા મહેરબાન! કાન્તા મેળવવી કંઈ સહેલું કામ નથી! એ તમારી મોહીનીનું સુખ મેળવતાં પહેલાં તો કઈકના કામ કહાડી નાંખવા પડશે!" કપટ ઉંડા વીચારમાં પડયો. એક તરફ કાન્તા મેળવવાની લાલસા

અને બીજી તરફ પોતાના પીતાને મારી નાંખવાની વાત, એ બંને વચ્ચે તેનું મન અધ્ધર ઝુલવા લાગ્યું. બંનેમાંથી શું કરવું તેના નકકી ઠરાવપર તે આવી શકયો નહી. તે મહા મુંઝવણમાં આવી પડયો. કેટલીક વાર સુધી ત્રણે જણ અબોલ રહ્યા. કપટ કાન્તાને મેળવવાની વાત પોતાના મનમાંથી કહાડી શકયો નહીં, અને તેણીને ગમે તે ઉપાયે બીજો કોઈ રસ્તો શોધીને મેળવવાની આશાએ તેણે ફરી મહમદને આતુરતાથી પૂછ્યું.–"બીજે કોઈ રસ્તે શું કાન્તા મેળવી શકાય તેમ નથી ?"

"ના !" કાસમ બોલી ઉઠયો.

"જુઓ, જુઓ ! ભાઇઓ, કંઈ વીચાર કરો, બીજી કેઇ યુકતી મળી આવશે !" કપટ જાણે તેમના કાલાવાલા કરતો હોય તેમ આજીજી કરતો બોલ્યો–"તમારા સરખા ચાલાકને તો કંઈક યુકતીઓ સુઝતી હશે ! બીજો કંઈ ઉપાય શોધી કહાડો !"

"કાન્તા મેળવવા માટે બીજો કોઈ રસ્તો છેજ નહી !" મહમદે જણાવ્યું.

"ત્યારે શું મારા પીતાજીને મારી નાંખ્યા વગર નહીંજ ચાલે ?" કપટે પૂછ્યું.

"ના !" કાસમ બોલ્યો—"જો કાન્તા મેળવવી હોય તો પહેલાં તમારા પીતાનો ભોગ આપવોજ પડશે !" કપટ મુંઝાયો ! કંઈ નિશ્ચય કરી શકયો નહીં, પણ આખરે કાન્તા તરફના મોહપાશમાં તે બંધાઇ ગયો, પીતાને ભોગે પણ કાન્તા મેળવવાને તે તત્પર થયો, ને હીંમત ધરી દ્રઢતાથી બોલી ઉઠ્યો–"હુ કરીશ–બસ, કાન્તા, મારી મનમોહી નું સુખ મેળવવાને હું મારા પીતાજીનો ભોગ આપીશ ! અરે, એ સુખ માટે હજી એથી પણ વધારે વીકટ કામ કરવાની જરૂર પડશે તો તે કરવાને હુ તૈયાર છું ! બોલો ભાઇઓ, બીજુ શું કરવુ પડશે ?"

"હવે ઠેકાણે આવ્યા ખરા !" કાસમે જણાવ્યું–"એવીજ હીંમત રાખજો તો તમારી આશામાં ઘણીજ આસાનીથી ઊતાવળે ફતેહ પામશો !"

"પણ દોસ્તો, મારા પીતાજીને મારી નાખવાનું શું કારણ તે તો જરા મને સમજાવો ? તે આપણા કામની આડે શી નડતર કરી શકે તેમ છે ?" કપટે આતુરતાથી પૂછ્યું.

"હજી તમને સંતોષ થયો નથી?" મહમદ બોલ્યો—"જરા લાંબો વીચાર કરી જુઓ તો તમનેજ જણાશે!"

"જુઓ, હુંજ તમને સમજાવું છું." કાસમે જણાવ્યું—"તમારા પીતાજી આ સંસારમાંથી દૂર થયા કે રાજાજી તમને વજીર બનાવશે, એટલે પછી રાજાજીને સમજાવીને તમારૂં કામ પાર પાડતાં કંઇ વીલંબ નહીં લાગે કેમકે, તમે વજીર થતાં સઘળા રાજસેવકો તમારા હાથમાં આવી જશે, અને ખરૂં કહું તો તમારી હકુમત જેવુંજ થઇ પડશે, એટલે રાજાને તમારી વાત કબુલ રાખ્યા વગર કંઇ છૂટકો છે? અને—"

"અને રાજા કદાચ તમારી માંગણી મંજુર ન રાખે તો તે માટે આપણી પાસે બીજો ઉપાય કયાં નથી?" મહમદે ગંભીરાઇ સહ ઉમેર્યું—"રાજાને પણ પેલી જહાનમાં મોકલી દીધા કે કામ પાર!"

"હા, હા! એ બરોબર!" કપટ આનંદમાં આવી બોલી ઉઠયો—"પછી તો હું રાજગાદીનો માલીક થઈશ, એટલે કાન્તા મારા તાબામાંજ આવશે, અને મારી મરજી મૂજબ ચાલવાની તેને ફરજ પડશે, ને હું સુખ આરામમાં મારી જીંદગી ગુજારીશ!"

"કેમ હવે અમારી સલાહ ખરી કે ખોટી?" કાસમે પુછ્યું.

"પણ વારૂ ભાઈઓ, રાજાને મારી નાંખવા પછી મનેજ રાજ્યગાદી મળી શકશે?" કપટે વળી શંકા બતાવી.

"તમે નહીં તો બીજો કોણ રાજા થશે?" મહમદે સામો પ્રશ્ન કીધો.

"પણ રૈયત મને પોતાના રાજા તરીકે કબુલ રાખશે?" કપટે પૂછ્યું.

"નહી શામાટે રાખે?" કાસમે જણાવ્યું—"ખુશીથી મંજુર નહી કરે તો આપણે બળથી તેમ કરવાની ફરજ પાડીશું!"

"પણ આપણી પાસે બળ વાપરવાના સાધન કયાં છે?" કપટે પૂછ્યું.

"કેમ નથી? તમારે એ બાબતની ચીંતા રાખવી નહીં!" મહમદે કહ્યું—"અમે કેવા બેઠા છઇએ!"

"તમે છો એ તો ખરૂં, પણ આખી રૈયતની સામે તમો બે શું કરી શકશો?" કપટે વધુ આશંકા બતાવી.

"અરે યાર, તમે એ ચીંતા કરવી મૂકીજ દો!" કાસમે જણાવ્યું—"જુઓ આપણા રાજ્યના લશ્કરમાં કાફીર હીંદુઓ કરતા અમારા અહલે ઇસ્લામીઓની સંખ્યા વધારે છે. તેઓ સઘળાને સમજાવીને અમે તમારી મદદમાં આણીએ તો પછી કંઈ મુશ્કેલી પડશે? અરે, તમે કહેશો તો આપણે તેમની પાસે સોગંદ લેવરાવીશું કે, રાજાના મરણ પછી તેઓ તમનેજ પોતાના રાજા તરીકે માને, અને રૈયત જો તમારી સામે થાય તો તેમની સામે તમારી વતી લડી તમારી આશા પાર પાડે!"

"બસ, બસ! આટલું થાય તો પછી કંઇ વાંધો નથી! આપણું કામ પાર!" કપટ આનંદમાં આવી બોલી ઉઠયો.

"તે માટે તમારે અમારી એક શરત કબુલ રાખવી પડશે!" મહમદે ગંભીર અવાજે કહ્યું.

"શું? બોલો! તમે કહો તે કબુલ કરવાને હું તૈયાર છું. મારે માટે પ્રાણ આપવાને તૈયાર થયલા તમો સરખા મીત્રોની માંગણી હું કબુલ નહીં રાખું એમ તમે માનો છો?"કપટ ઉતાવળે બોલ્યો—"બોલો, બોલો, તમારી શું શરત છે?"

"શરત એટલીજ કે, તમારે રાજા થયા પછી અમારો મુસલમાની ધરમ એખત્યાર કરવો!" મહમદે જણાવ્યું. પોતાની લાલસા પૂર્ણ કરવાને જે મોહાંધ યુવાન પોતાના પીતાને મારવાને તૈયાર થયો તેને પોતાના ધર્મ માટે કંઈ ભાવ રહે, એ અસંભવીત છે! કપટ પોતાની ઇચ્છા પાર પાડવાને પોતાના પવિત્ર હીંદુ ધર્મપર પાણી ફેરવવાને તૈયાર થઈ ગયો. મુસલમાની ધર્મમાં વટલી જવાની તેણે પોતાની મરજી જણાવી. "અહોહો! એજ તમારી મ્હોટી શરત કે?" તે હસીને બોલ્યો—"એમાં શું છે? તમારી શરત મારે કબુલ છે, અને તે મૂજબ કરવાને હુ પ્રતીજ્ઞા લઉં છું! અરે હજી એથી પણ ભારે બીજી કંઇ શરત તમે કબુલ કરાવવા ઈચ્છતા હો તો હું તૈયાર છું!"

"પણ તે માટે તમારે એક કરારનામું અમને લખી આપવું પડશે, કેમકે તે અમારે અમારા જાતભાઈ લશ્કરી સીપાઇઓને દેખાડવું પડશે, અને ત્યારેજ તેઓ આપણી સાથે મળી જશે." કાસમે કહ્યું.

"અરે, એક તો શું પણ તમે કહો તો બીજા દસ કરારનામા લખી આપવાને તૈયાર છું!" કપટ બોલ્યો—"ચાલો મહેલમાં અત્યારેજ તમે કહો તેમ લખી આપું છું!"

"ત્યારે હવે તમારૂં કામ પાર પાડવામાં અમને કંઇ પણ મુશ્કેલી નડશે નહીં!" કાસમે જણાવ્યું—"કરારનામુ જોતાંજ સઘળા અહલે ઈસ્લામીઓ તમારી મદદે થઇ ગયા સમજવા! બસ, ટુંક સમયમાં તમે શેરગઢની ગાદીએ બીરાજશો, અને કાન્તા સાથે એશઆરામ ભોગવવાને ભાગ્યશાળી થશો!"

"પણ દોસ્ત કપટરાય, તમે રાજા થાઓ તો પછી તમારા આ વિશ્વાસુ અને જાની દોસ્તોને તો ભૂલી નહી જાઓને?" મહમદે હસીને પૂછ્યું.

"અરે, તમે શું બોલો છો? તમનેજ હું ભૂલી જઈશ?" કપટ બોલ્યો.—"મારે માટે પોતાના પ્રાણ પાથરવાને તૈયાર થનાર તમો મારા શુભેચ્છકોનેજ હું ભૂલી જઈશ?"

"કોણ જાણે વખતે કાન્તા સાથે ચમન ભોગવવામાં પડો, ત્યાં પછી અમે તે શાના યાદ આવીએ!" કાસમે જણાવ્યું. કપટ હસ્યો. "ત્યારે તમારે એટલી કબુલાત આપવી જોઇએ કે, તમે રાજા થતાં અમો બંનેને તમારા પ્રધાનપદ ઉપર મુકરર કરશો!" મહમદે કહ્યું.

"અરે યારો, એ તો મેં પહેલાંથીજ વીચાર કરી રાખ્યો હતો કે, મને રાજ અને કાન્તા મળતાં આપણે તો એ મધુરાક્ષી સાથે મહેલમાં અમનચમન કરીશું અને રાજનો સઘળો કારભાર તમો બંનેનેજ સોંપી દઇશું, કે પછી મારે કોઈ વાતની ચીંતા રાખવાનું રહેજ નહી!" કપટે આનંદમાં આવી જણાવ્યું—"મારા કહેવાપર તમને ભરોસો ન આવતો હોય તો ચાલો, એ બાબતનું પણ તમને હમણાજ કરારનામું લખી આપું છું!"

"બસ, કપટરાયજી, હવે અમને સંતોષ થયો કે, તમે અમારા કદરદાન છો ખરા! હવે જો જો અમારો તમાશો! વાતની વાનમાં અમારી ચાલાકીથી અમે દુનીયાનો રંગ કેવો ઉથલાવી નાંખીએ છીએ!" કાસમે હીંમતથી જણાવ્યું. તરતજ તેઓ ત્રણે જણ ઉઠીને કપટના મહેલમાં ગયા, જ્યાં કપટે તેમને તેમના કહેવા મૂજબ લખતો લખી આપ્યાં. "કપટરાયજી, હવે અમે

રજા દઇએ છીએ!" લખતો પોતાના ગજવામાં મૂકતાં કાસમે કહ્યું--" અત્યારે અમારે કાન્તાની હાલત જોવા જવું જોઇએ, કેમકે તે પોતાની સખી ચકોરી સહીત બાગમાં પોતાની વીરહુવેદનાની વાતો કરતી બેઠી હશે, એટલે કુલીન અને કાન્તા વચ્ચે હાલ કેવો સંબંધ છે તે જાણવાનું અમને સ્હેલ થઈ પડશે, તેમજ આપણું કામ પાર પાડવા તે જાણવું જરૂરનું છે!"

" હા, હા, એ બરોબર! જાઓ, જાઓ, ત્યારે તો ફત્તેહ કરો!" કપટે જણાવ્યું--" પણ ફરી કયારે મળશો?"

" કયારે મળશું તે નકી કહી શકાય નહીં!" મહુમદે જણાવ્યું--" પણ અમે અવારનવાર ફુરસદે તમારી પાસે આવી જઇશું, કેમકે હવે આજથી અમે તમારા કામ પાછળ મંડીએ છીએ!"

" સારૂં સારૂં! તમારે ગમે ત્યારે આવજો!" કપટે કહ્યું.

" પણ તમે પણ હવે આળસાઇમાં રહેતા નહીં! તમારા પીતાજી માટે કહ્યું છે તે ધ્યાનમાં છે કે? તે કામ જેમ બને તેમ જલદી પાર પાડવાની તજવીજ કરજો!" જતાં જતાં કાસમે ફરી સુચના કરી.

" ઠીક! હું હવે તેનીજ પેરવીમાં રહીશ! અને એકાદ બે દીવસમાં તમે તે કામ પાર પડેલું જાણશો!" કપટે જણાવ્યું. તરતજ તેઓ બંને કપટની રજા લઇ વીદાય થયા. કપટ એકલો પડતાં પોતાનું કામ પાર પાડવાની અને પોતાને રાજ્યગાદી તેમજ કાન્તા જાણે મળીજ ગઇ હોય તેમ ભવીષ્યમાં શા શા સુખો મેળવવા તે સંબંધી શેખસચલ્લીની માફક મનમાં હવાઇ કીલ્લાઓ બાંધતો ઘણી વાર સુધી બેસી રહ્યો.

પ્રકરણ ૨ જું.

કુલીનસીંહ અને ચતુર.

મધ્યાન્હ કાળનો સમય હતો. સૂર્ય ઉગ્ર તાપથી તપતો છેક નભમંડળની મધ્યમાં આવી જગમંડળપર પોતાના પ્રખર કર પ્રસારી રહ્યો હતો. મેદાનમાં સર્વ સ્થળે સુમસાન જણાતું હતું. વખતે વખતે એકાદ હરણ ઝડપથી દોડી જતું હતું. મધ્યાન્હ કાળના સખત તાપને લીધે પક્ષીઓ પોત પોતાના માળામાં

ભરાઇ ગયાં હતાં. પશુઓ પણ પોતાનાં રહેઠાણોમાં ભરાઇ ગયાં હતાં. વીશાળ મેદાનમાં કોઇ પણ પ્રાણીમાત્ર નજરે પડતું નહોતું. આ રમણીક ઝરાના કીનારા પાસે એક ગંભીર વડવૃક્ષની છાયામાં બે યુવાનો વાતચીત કરતા વીશ્રામ લેવા બેઠા હતા. તેઓ બંને સમવયના જણાતા હતા. તેમની ઉમ્મર આશરે વીશ બાવીસ વર્ષની દીસતી હતી. તેમના પોશાક પરથી તેઓ કોઇ રાજવંશી હોય એમ દીસતું હતું. તેમની સામે બે અશ્વો બાંધ્યા હતા; આથી તેઓ શીકારે આવ્યા હોય, એમ જણાતું હતું. તેઓ કોણ હતા તે જાણવા ચાલો આપણે તેમની વાતચીત સાંભળીએ.

"ખરેખર, ભાઇ ચતુર! પ્રેમની પીડા અસહ્ય છે! જેને તેનો અનુભવ હોય તેજ તેનું દુઃખ જાણી શકે!" એક યુવાને બીજા યુવાન પ્રત્યે જણાવ્યું.

"ખરૂં, પણ કુલીનસીંહજી, તમો સરખા સમજુ અને વિદ્વાન પણ ગાંડાઇ જેવી વર્તણુંક બતાવે, તે માટે મને અત્યંત અજાયબી લાગે છે!" ચતુરે પોતાના મીત્રને ખભે હાથ મૂકતાં સસ્નેહ જણાવ્યું. વાંચનાર! પ્રથમ પ્રકરણમાં કપટની તેના મીત્રો સંગેની વાતચીતમાં કુલીન અને ચતુરના નામો તમારા જાણવામાં આવી ગયાં છે. કુલીનસીંહ કીર્તિપુરના રાજા જગતસીંહનો એકનો એક કુંવર હતો, અને ચતુર પણ પ્રધાન જયસીંહનો એકનો એકજ પુત્ર હતો. રાજકુમાર કુલીનસીંહ અને ચતુર બે ખરા સ્નેહી હતા. કપટની વાતચીત દરમ્યાન આપણે જાણ્યું છે કે, ચતુરની ચાલાકી માટે તેને ચીંતા લાગી હતી, અને ખરેખર, ચતુર તેવોજ શુરવીર, ચાલાક અને હીંમતવાન હતો.

"ભાઇ, શું કરીએ? અમે બધું સમજીએ છીએ પણ અમારા હૃદયની લાગણી દબાવી શકાતી નથી!" કુલીને કહ્યું—"જેવો કાન્તાએ અમને ઘેલો કરી દીધો છે, તેટલીજ અમારા વીરહમાં અમારી હૃદયની દેવી ઝુરાતી હશે! અરેરે! ભાઈ, આપણા નગર અને તેણીના નગરની વચ્ચે ફક્ત દસ ગાઉનો અંતર છતાં અમે તેણીને મળી શકતા નથી! ખરેખર! અમને તેણી કેવાં નીષ્ઠુર અંતઃકરણનો ધારશે? આ તેણીની પત્રિકામાંજ તેણીએ

પોતાની સ્થીતિનું વર્ણન કર્યું છે !" આમ કહેતાં કુલીને પોતાના ખીસામાંથી એક પત્ર કહાડયો, અને તે ઉઘાડીને વાંચતાં વાંચતાં બોલ્યો !–"અહાહા ! છેવટે એ કોમળાંગીએ શું લખ્યું છે ! "અમારૂં હૃદય આપ વીના અંધકારથી છવાઇ ગયું છે ! અમારાં અંતરરૂપી મેઘમંડળમાં આપ ચંદ્ર પ્રકાશી સત્વર અંધકારનો નાશ કરો નહી તો આ દાસી અંધકારમાં અથડાશે. ચંદ્રનો વીયોગ ચકોરીથી ઝાઝો સમય સહી શકાતો નથી !" ભાઈ, તેણીની કેવી હાલત હશે તે જાણવાને શું આ વાકય પૂરતાં નથી ? અરે, જુઓ તેણીની આંખોમાંથી સરતા બાષ્પબીંદુથી આ અક્ષરો છેકાઇ ગયા છે !" આમ કહેતાં તેણે તે પત્રિકાને ચુંબન કર્યું અને ચતુર પ્રત્યે દ્રઢતાથી જણાવ્યું—"બસ, ભાઇ હવે અમારાથી ધીર ધરી શકાય તેમ નથી ! ગમે તેમ થાય પણ હવે અમારે તેણીની સમીપ જવુંજ જોઇએ ! ચાલો આજેજ આપણે જઈએ!"

"હાલમાં તમારે ત્યાં આવવાનો સમય નથી !—"

"હજી સમય નથી તો પછી કયારે આવશે ?" કુલીન વચમાં બોલી ઉઠયો–"તેણી અમારા વગર આટલાં કષ્ટ સહન કરે છે તે હજી શું ઓછાં છે ?"

"નહી, કુમાર, આપ બંનેની સ્થીતિ કેવી છે, તે સારી રીતે જાણું છું, અને તેથી બંનેના દુખ દૂર કરવા તમારો મીલાપ જેમ બને તેમ જલદી કરાવવાની હું તજવીજમાં છું પણ–"

"પણ ત્યારે હજી અમને ત્યાં તેડી જવાની શા માટે આનાકાની કરો છો ?"

"કુમાર, હમણાં તમને ત્યાં લઇ જવાનો સમય નથી ! ત્યાં હાલમાં મામલો તદન બદલાઇ ગયો છે !" ચતુરે ગંભીરાઇથી જણાવ્યું.

"કેમ વળી શું થયું છે ?" કુલીને અજાયબી પામી પૂછયું.

"કાન્તાના પીતા રાજા રામસીંહે તેણીના મહેલની આસપાસ ફરતો ચોકી પોહોરો રાખયો છે !"

'શા માટે ?"

"તમને કાન્તા ચાહે છે, અને તમે તેણીની સંગે પત્રવહેવાર ચલાવો છો, તે વીષેની રાજાને ખબર પડી છે તેથી !"

"રાજાને કેવી રીતે અમારો સંબંધ જણાયો ?"

"રાજા રામસીંહના પ્રધાનપુત્ર વીષચાંધ કપટે પોતાના પીતા મારફત રાજાને એ વાત પહોંચાડી છે કેમકે, તે પણ કાન્તા ઉપર મોહી પડયો છે !"

"તેથી શું થયું ? તમો સરખા ચાલાક બહુરૂપીથી એ સઘળી મુશ્કેલીઓ દૂર કરી શકાય તેમ નથી ? નહીં ભાઈ, અમે તો આવીશું!" કુલીને દ્રઢતાથી જણાવ્યું.

"કુમાર, સઘળી મુશ્કેલીઓ દૂર કરવાની વાત તો કંઈ બીસાતમાં નથી, પણ હાલ તમને ત્યાં લઇ જવાનું મને ઠીક નથી લાગતુ કેમકે, એક તો રાજાએ પણ સખ્ત ચોકી પોહોરો રાખ્યો છે, અને બીજુ દુષ્ટ કપટે પણ પોતાના કાસમ અને મહમદ નામના બે બહુરૂપી મીત્રોને કાન્તાકુંવરીના મહેલની આસપાસ ચાંપતી તપાસ રાખવાની તાકીદ કરી છે, એટલે હાલ તમને લઇ જવાનો જોખમ વીના કારણે શા માટે ખેડવો જોઇએ ?"

"ત્યારે શું કાન્તા માટે નીરાશ જ થવું, અને વીરહાગ્નિમાં ઝુરી ઝુરી બળી મરવું ?" કુલીને નીરાશા સહ જણાવ્યું.

"બસ, એટલામાં આમ નીરાશ થઈ ગયા ?"

"તું કપટની ધાસ્તી બતાવે પછી અમારા ભાગ્યમાં તો એમજ સરજેલું હશે, એમ માનવા શીવાય બીજુ શું ?"

"અહો ! કપટની એટલી બધી ધાસ્તી લાગી ગઇ ! કપટ જોકે કાન્તાપર મોહી પડયો છે પણ કાન્તા તેની તરફ લેશ પણ ચાહ બતાવતી નથી, એ કપટ અને તેના મીત્ર બહુરૂપીઓ સારી પેઠે જાણે છે; તેમજ વળી રાજા રામસીંહ પણ પોતાની પુત્રી કંઇ પોતાના મંત્રીપુત્રને આપે તેમ નથી; તોપણ કપટ તો કાન્તા મેળવવાની આશામાં ઝુલ્યા કરે છે, અને શેખચલ્લી માફક હવાઇ કીલ્લાઓ બાંધવામાં મશગૂલ છે, માટે તમારે એ બાબતની લેશ ચીંતા કરવી નહીં. જુઓ, હાલ હું પહેલાં શેરગઢ જાઉં છું, અને કાન્તાની વહાલી સખી ચકોરીને મળી ત્યાંની ખબરઅંતર લઈ આવું છું. ચકોરી પણ બહુરૂપીની કળામાં પ્રવીણ છે, એટલે તે મને પૂરતી મદદગાર થઇ પડશે. હું તેની મદદથી દુશ્મનોની હીલચાલ જાણી આવું તો પછી તમને ત્યાં તેડી જવાનો ઉપાય બતાવું. બાકી પૂરતો વીચાર કર્યા વગર આપણે ત્યાં જઇને બંને દુશ્મનોના પંજામાં કેદ પકડાઇ જઇએ, એવું ઉછાંછળું પગલું

ભરવાની કંઇ આપણી સલાહ નથી !" ચતુરે કુમારને ધીરજ આપવા જણાવ્યું.

"વળી તેં આ નવી મુશ્કેલી ઉભી કરી !" કુલીન બોલી ઉઠયો—"ઠીક ભાઇ, તને જેમ ઠીક લાગે તેમ કર ! અમને તો અમારા બાહુબળ ઉપર પૂરતો વિશ્વાસ છે, પણ ભાઇ, તને તો તારા બાહુબળ અને તે સાથે બહુરૂપીની કળા એ બંનેનો આધાર છે, એટલે અમારા ભવીષ્યનાં સંસાર સુખની નાવને સહીસલામત કીનારે હંકારી જનાર સુકાની તુંજ છો !" પોતાની આ પ્રશંસા ચતુરને સાંભળવી ઠીક ન લાગવાથી વાત ઉડાવવા તેણે વાતનો પ્રસંગ ફેરવવા જણાવ્યું—"વળી કપટના બંને બહુરૂપીઓ કાસમ અને મહમદ આપણાં નગરમાં આવીને આપણા મહારાજનાં દર્શન કરી ગયા છે, એવી પણ મને ખબર મળી છે. કોણ જાણે કેવી ચાલાકી વાપરી તેઓ કેવા રૂપમાં આવ્યા હશે ? ખરેખર, તે વખતે હું અહીં હાજર નહોતો, એ માટે મને બહુ દલગીરી લાગે છે ! અફસોસ, મારા મનની હોંસ પૂર્ણ કરવાનો સમય ગુમાવ્યો !"

"ખરેખર, મહા મુશ્કેલીનો સમય આવ્યો છે. કપટના બંને બહુરૂપીઓને તમે ફસાવવા ઇચ્છો છો, અને તે લોકો તમને કેદ કરવાની ચીંતામાં પડયા છે, જેમાંથી ઈશ્વર પાર પાડે તો સારૂં ! ઠીક છે, ત્યારે તું શેરગઢ જઇ આવીને જેમ બની શકે તેમ કાન્તા સંગે મીલાપ થાય એવી કોઇ ગોઠવણ કર !"

"કુમાર, તમે નિશ્ચિંત રહો ! ઇશ્વર કરશે તો શેરગઢથી પાછો આવ્યા બાદ તમને કાન્તા સંગે મેળવીશ ! ત્યારે હવે હુ જાઉ?" એમ કહી ચતુર શેરગઢ જવાને ઉઠયો.

"હા સીધાર ભાઇ, અને ફત્તેહ કરી પાછો ફરજે ! વહાલી કાન્તાને અમારા હૃદયની હાલત જણાવી એ પ્રેમની પુતળીનાં ચીત્તનું શાંતવન કરજે !" તેને વીદાય કરવાને ઉઠતાં કુલીને ભલામણ આપવા માંડી.

"મને કંઇ કહેવું પડે તેમ નથી ! જુઓ, હું તમને ફરી કહુ છું કે, તમારૂ ચીત્ત સ્થીર રાખી અધીરા થતા નહીં. હું સઘળો બંદોબસ્ત કરીને સત્વર પાછો ફરીશ !" આમ કહી ચતુર રજા લઇ શેરગઢ જવાને વીદાય થયો, અને કુલીન પણ પોતાના અશ્વપર સવાર થઇ પોતાના નગર તરફ વળ્યો.

પ્રકરણ ૩ જું.

ચકોરીની ચલાકી.

સમીસાંજનો સમય હતો. સૂર્યનારાયણની દીવસની મુસાફરી પૂર્ણ થવાને હજી થોડો વીલંબ હતો. આ સમયે શેરગઢના રાજા રામસીંહની કુંવરી કાન્તા પોતાની સાહેલીઓ ચકોરી અને ચપળા સહ રાજમહેલને લગતા બાગમાં સહેલ કરતી ફરતી હતી. બાગમાં ઉડી રહેલા ફુવારાઓમાંની સહસ્ત્ર ધારાઓથી ભીનાશ પામેલો વાયુ સુગંધી ફુલો સાથે અથડાઈ મનને શીતળતા આપી રહ્યો હતો. જાતજાતના રંગ બેરંગી ફુલો ખીલી રહ્યાં હતાં. બાગના પશ્ચિમ ભાગમાંના આંબાના વૃક્ષોની બીચ ઝાડીમાંથી આવતા સુરજનાં કીરણોની અજબ ગતીથી મનને કંઇ ઓરજ આનંદ ઉપજતો હતો. એક તરફ ફુલોના કયારાઓ અને વેલાઓ ઉપર પાણીનો છંટકાવ કરેલો હોવાથી જાણે તેમને સ્નાન કરાવીને તેમના અંગ ઉપરનો તમામ મેલ ધોઇ નાંખ્યો હોય તેમ તેમના ચળકાટ મારતા લીલા સ્વરૂપથી આંખને શીતળતા ઉપજતી હતી. ટુંકમાં ગુલાબ, મોગરો, જાઇ, જુઇ, કેતકી વગેરેના છોડ જુદે જુદે ઠેકાણે ખીલીને આનંદ આપી રહ્યાં હતાં. બાગની એક બાજુએ સુંદર મહેલ અને બીજી બાજુએ બે સુંદર બુરજો જાણે ઉંચા ડોકીયાં કરી બાગની શોભા નીહાળતા હતા. કાન્તાની વહાલી અને માનીતી ચાલાક સખી ચકોરી કાન્તાને બાગમાં ચારે તરફ ફેરવતી સુંદર પુષ્પો તોડીને તેણીના હાથમાં આપતી હતી, પણ કુલીનના પ્રેમપાશમાં બંધાયલી વીરહીનીને આથી આનંદ કેમ મળે ? મહેલમાં વીરહાગ્નિથી તેણી અંતરમાં બળયાં કરતી હતી તેથી મન બીજી તરફ પરોવવાને તેણીની સખીઓ જોરજુલમથી તેણીને બાગમાં ફરવા તેડી આવી હતી. બાગમાં આમ ફરતાં ફરતાં તેણીની સાહેલી ચપળા વેણી બનાવવા માટે ફુલો તોડતી તોડતી માલતી લતાની ઝાડી તરફ ચાલી ગઈ, જ્યારે કાન્તા અને ચકોરી ધીમે ધીમે બાગની વચ્ચેના ફુવારા સમીપ જઈ તેમાંની ફરતી ચકરીમાંથી ઉડતી જળની ધારાની રમત જોવા લાગી. ઘણી વાર ત્યાં ઉભા

રહેવા પછી પોતાની પાસે ચપળાને ન જોવાથી ચકોરીએ પૂછ્યું-"ચપળા ક્યાં જતી રહી વળી ?"

"આમ તેમ ક્યાંક ફરતી હશે !" કાન્તાએ બેદરકારીથી જવાબ આપ્યો.

"મારા ધારવા મૂજબ આપણાથી તેણીને જુદી પડવાને એક કલાક ઊપરાંત સમય થઈ ગયો છે !" ચકોરીએ જણાવ્યું.

"જો પેલી ચપળાજ આવી !" કાન્તાએ જણાવ્યું, એટલામાં સામેથી ચપળા ત્યાં આવી પહોંચી અને કાન્તાના હાથમાં ફુલની એક માળા આપતાં બોલી-"જુઓ કુંવરીબા, કેવી સરસ માળા બનાવી લાવી છું. જો આ વખતે કુમાર કુલીનસીંહજી અત્રે હાજર હોત તો આ માળા બનાવવા માટેની મારી ચાલાકી માટે મારા કદી પણ વખાણ કર્યા વગર રહ્યા હોત નહી, અને મને મ્હોટું ઇનામ આપી દીધું હોત." કુલીનનું નામ સાંભળતાં કાન્તાની હાલત એકાએક બદલાઇ ગઇ, વીસારે પડેલી વાત પાછી યાદ આવી ગઈ, તેણીનું મુખકમળ કરમાઇ ગયું. તે ઉંડા નિઃશ્વાસ નાંખવા લાગી, આંખમાંથી આંસુના બીંદુ ટપકવા લાગ્યાં, ને ગળગળે અવાજે તે બોલી ઉઠી-"વિધીએ અમારાં ભાગ્યમાં કોણ જાણે કેવું દુખ લખ્યું છે ! પૂર્વજન્મમાં અમે કોણ જાણે એવાં શા પાપ કર્યા હશે કે આ જન્મમાં આ સંકટ સહન કરવું પડે છે ! અરે ! પીતાજીને આ કેવી મતી સુઝી છે ! તેઓ તો અમને કુમારીકાજ રાખવાનો ઠરાવ કરી બેઠા છે ! હાય ! વેવીશાળ માટે કુલીનસીંહના પીતાજીએ કેટલી વાર કેહેણ મોકલ્યાં, પણ એ પાપી કપટ ! આ તારા લુચ્ચા પીતાનાજ કૃત્ય ! એ અધમે પીતાજીને કોણ જાણે કેવા વશ કરી લીધા છે ! પીતાજીને ભંભેરીને એ સંબંધ નીચ મોહનરાય સંધાવા દેતોજ નથી. પાપી કપટ ! તું પોતેજ મારી સંગે-"એકાએક ચકોરીએ કાન્તાનો હાથ ધીમેથી દબાવી તેને ચુપ રહેવાની ઇશારત કરી, જે સમજીને તેણી બોલતી અટકી ગઈ, અને બીજી આડીઅવળી વાતો કરતી તેઓ બાગમાં ફરવા લાગી. ત્યાંથી ચાલતા પહેલા કાન્તા પાછળથી ધીમે રહીને પોતાનો રૂમાલ ત્યાં નાખતી ગઈ. થોડે દૂર ગયા પછી તેણીએ ચપળાને કહ્યું-"જો તો સખી, ફુવારા પાસે અમારો રૂમાલ તો નથી પડી

ગયો ?" જે સાંભળી ચપળા રૂમાલ લેવાને ફુવારા તરફ ગઇ, એટલે કાન્તાએ ચકોરીને પૂછ્યું-" વારૂ સખી, અમને એકાએક બોલતાં શામાટે અટકાવ્યાં ? "

"વહાલી સખી, મને ચપળા ઉપર વહેમ ગયો તેથી! -"

" કેમ ? એ આપણી ગુપ્ત વાતો પીતાજીને જણાવી દે છે શું ?"

"ના, ના ! મને તો એની હીલચાલ અને વાતચીત ઉપરથી એમ લાગે છે કે, એ આપણી ખરી ચપળાજ નથી. " ચકોરીએ ધીમેથી જણાવ્યુ, એટલામાં ચપળાએ રૂમાલ આણીને કાન્તાના હાથમાં આપ્યો અને તેઓ ફરવા લાગી. ચપળાની વધારે પરીક્ષા લેવા માટે વાતમાં ને વાતમાં ચકોરીએ તેને પૂછ્યું-"સખી, કાલે રાતે જે કામ કરવાનું મેં તને કહ્યું હતું તે તેં કર્યું કે ?"

"અરરર ! એ તો હું તદ્દન ભૂલીજ ગઇ ! " ચપળાએ આંગળી કરડતાં જવાબ આપ્યો.

"પણ વારૂ, જે કામ સોંપ્યું હતું તે તો યાદ છે કે તે પણ ભૂલી ગઇ ? "ચકોરીએ પૂછ્યું.

"એ તો યાદ છે ! વાહ, એટલામાં તે પણ ભૂલી જાઉં, એવી શું હું ગમાર છું ? સખી, આજે તું મને આવો સવાલ શા માટે પૂછે છે ?" ચપળાએ હસતાં હસતાં જણાવ્યું.

" ત્યારે કહે જોઉં, તને શું કામ સોંપ્યું હતું ? કહે તો હું જાણું કે, તને હજી યાદ છે ખરૂં ! " ચકોરીએ બોલતાં બાંધી લીધી. આ સવાલનો જવાબ ન આપતાં ચપળાએ બીજી વાત કહાડી, જેથી ચકોરીનો શક દૂર થયો અને તેની ખાત્રી થઈ કે, તે ખરી ચપળા નથી, એટલે તેણીએ તેને કંઇ ખાનગી વાત કરવાને બહાને એક બાજુએ લઇ જઈ એક નજીવી સરખી વાત કહી જણાવ્યું-"સખી જોને વારૂં મારો કાન અંદરથી પાકયો છે ? અંદર મેલ તો નથી ભરાઈ ગયો ? જરા વાસ સુંધી જો તો જણાશે ! " નકલી ચપળા ચકોરીની ચાલાકીમાં અંજાઇ ગઇ, અને તેણીએ કાન સુંધ્યો. ચાલાકીથી પોતાની પાસેની બેશુધીની ભુકી કાનમાં મૂકીને તેણીએ વેશધારી ચપળાને સુંધાડી દીધી, જેની વાસ લેતાંજ તે બેભાન થઇ જમીનપર પડી. તરતજ કાન્તા તેમની સમીપ દોડી આવી એટલે ચકોરીએ કહ્યું—" જુઓ, સખી આપણી ચપળાની હાલત !"

"અરે, આ શું કર્યું ? કદાચ તુંજ અટકળ કરવામાં ભૂલી હોઇશ ! પછી ચપળા જો ખરી હશે તો તારે શરમાવું પડશે !" કાન્તાએ અજાયબી સહ જણાવ્યું.

"અરે એમ કદી બનેજ નહીં !" ચકોરીએ જણાવ્યું, ને ચપળાને પોતાની પીઠપર ઉપાડી ફુવારા સમીપ લઈ આવી કાન્તાને કહ્યું—"સખી તમે જરા ફુવારામાંથી પાણીના ખોબા ભરીને આના મુખપર નાંખો તો હું ધોઇ નાખું !" કાન્તાએ તેના મુખપર પાણી રેડવા માંડયું ને ચકોરી ખુબ ઘસી ઘસીને ધોવા લાગી. થોડી વારમાં ચપળાનો ચેહેરો બદલાઈ ગયો, અને કપટનો સાથી કાસમ ઓળખાઇ ગયો. આ જોતાંજ કાન્તાને અનહદ ગુસ્સો ઉપજયો, અને આંખો લાલચોળ કરીને તે બોલી ઉઠી–" આ નીચ ગુલામે કેવી બેઅદબી કરી ! એ માટે એને યોગ્ય સજા કરવી જોઇયે, કે ફરીથી એવી હીંમતજ કરે નહી."

"જુઓની, હું એની બરોબર ખબર લઉં છું !" આમ કહી ચકોરી કાસમને પોતાની પીઠપર ઉંચકીને બાગના એક ખુણામાં લઇ ગઇ, જયાં બુરજ નીચે એક ભોંયરૂં હતું તેમાં બેભાન કાસમને તેણીએ જમીનપર સુવરાવ્યો અને પોતાની પાસેની અઇયારીની ગેલીમાંથી એક મીણબત્તી કહાડીને સળગાવી, અને તયાં પડેલા એક જાડા દોરડાથી કાસમના પગ અને હાથ ખુબ જોરથી બાંધ્યા.

અઇયારી, એ શબ્દ કદાચ અમારા વાંચનારાઓમાંથી કેટલાકના સમજવામાં આવશે નહી, તે માટે જણાવવાનુ કે બહુરૂપીની કળાને અઇયારી કહેવાય છે, અને પોતાની મરજીમાં આવે ત્યારે એવા જુદા જુદા રૂપ ધારણ કરવા માટે એ કળા જાણનારાઓ પોતાને ઉપયોગી વસ્તુથી ભરેલી એક ગેલી પોતાની સાથે હંમેશ રાખે છે. જુદા જુદા રૂપ ધારણ કરનાર માણસ અઈયાર કહેવાય છે. ચકોરીએ પોતાની ગેલીમાંથી બેહોશી દૂર કરનારી દવા કહાડી કાસમને સુંઘાડી જેની અસરથી એક છીંક ખાઇ તે શુદ્ધીમાં આવ્યો અને પોતાને કેદ થયલો દીઠો. ચકોરીએ પોતાની કમ્મરેથી એક કોરડો કહાડી તેને મારવા માંડયો. માર પડતાં કાસમે કાલાવાલા કરવા માંડયા. તે આજીજી કરતો ચકોરીને કહેવા લાગ્યો—"મને માફ કરો ! મારાથી બહુ મ્હોટી

ભૂલ થઈ ગઇ છે! બસ, હવે હું ફરી એવું કદી કરીશ નહીં! અરે, એવું કામ કરવાનો ખ્વાબમાં પણ ખ્યાલ નહીં કરૂં! મને ન મારો! હું ભૂલ્યો, હું મરી ગયો!" આમ કોરડાના ફટકા સહન ન કરી શકવાથી તે બૂમરાણ કરવા લાગ્યો, પણ તે સઘળા તરફ ચકોરીએ કંઈ પણ લક્ષ ન આપતાં મારવાનું ચાલુજ રાખ્યું અને પૂછ્યું—"અરે સબુર કર, હજી તો તારા બરડાની ચેળ મટી નહીં હશે! એટલામાં મરી કેમ જવા દઈશ પાપી! બોલ અહીં તું શા માટે આવ્યો હતો? બાગની હવા સારી લાગતી હતી નહીં? તેથીજ બાગની મોજ મારવાને મન લલચાયું હતું કે? લુચ્ચા, તને ખબર નહોતી કે ચકોરી અહીં હશે? નીચ ગુલામ, પેલા કપટના કહેવાથી તે અહીં આવવાની હીંમત કરી કેમ? હવે તને પણ હું બરોબર સ્વાદ ચખાડીશ!" આમ કહી તેણીએ ફરી કાસમને મારવા માંડયો, ને પૂછ્યું-"ખરૂં કહેજે લુચ્ચા, તું અહીં કેવી રીતે આવ્યો અને ચપળા કયાં ગઈ? જો ખરૂં કહેજે!"

"અરે ખુદાને વાસ્તે મને હવે મારશો નહીં! હું ખરૂ કહું છું!" ચકોરીને કોરડો ઉગામતી જોઇ કાસમ બોલી ઉઠયો—"ચપળાને મેંજ બેહોશ કરી છે! બેહોશીની દવા છાંટેલી માળા મેં ચપળાના મારગમાં ફેંકી દીધી હતી જે સુંઘતાંજ તેણી બેહોશ થઈ ગઇ, એટલે તેણીને માલતી લતાઓની ઝાડીમાં સુવરાવી તેનું સ્વરૂપ ધારણ કરી અને તેણીના વસ્ત્ર પહેરી હું આપની સમીપ આવ્યો હતો! જુઓ, હવે મેં તમામ હકીકત ખરેખરી જણાવી છે. હવે તો ખુદાને વાસતે મને છોડો! હું જીંદગી સુધી તમારો એહેસાન નહીં ભૂલું!" આથી ચકોરીને ઘણો ગુસ્સો ઉપજ્યો અને તેણીએ જોરથી બીજા ચાર પાંચ ફટકા તેને લગાવ્યા, જે સહી ન શકવાથી તે બૂમો પાડી ઉઠયો. પછી ચકોરીએ કાન્તા તરફ ફરી કહ્યું—"સખી, તમે થોડો સમય આ પાપીપર નજર રાખજો! હું ચપળાને શોધી લાવું છું! કદાચ આ લુચ્ચો આપણને જુઠું સમજાવતો હશે!" આમ કહી તે ચપળાને શોધવા રવાને થઇ અને કાસમના કહેવા મૂજબ માલતી લતાની ઝાડીમાં શોધતાં શરીરપર એક પણ વસ્ત્ર વીના ચપળાને બેહોશ પડેલી જોઇ. તરતજ પોતાની પાસેની દવાથી

તેણીને શુદ્ધીમાં આણીને પુછ્યું—" કેમ, કેવી ખબર છે ? આખરે થાપ ખાધી કે ? "

" અરે, પણ મારાં વસ્ત્ર કોણે ઉતારી લીધાં ? " જાગૃત થતાં ચપળા શરમાઇને બોલી ઉઠી. ચકોરીએ ત્યાં પડેલા કાસમના વસ્ત્રોમાંથી એક બે કપડાં લઇને તેણીનું શરીર ઢાંકયું ને હસીને જણાવ્યું–"બહુ ચાલાકી મારતી હતી તે બધી કયાં જતી રહી ! મારી સાથે રહી તો એ આવી બોથડજ રહી ! જા, જા, મારૂં નામ ડુબાવ્યું ! "

" પણ મને શું ખબર કે આ સમયે અહીં પણ અઈયારી વાપરવામાં આવી હશે ! પેલે ઠેકાણે એક માળા પડી હતી તે ઉંચકીને સુંઘતા તો હું બેહોશ થઈ ગઈ, પછી શું થયું તે મને ખબર નથી ! " ચપળાએ શરમાઈને જણાવ્યું.

" હજી ચાલાકીમાં એટલી કચાશ છે ત્યારે ! " ચકોરીએ જણાવ્યું–"મુરખી એટલો તો ખ્યાલ કરવો હતો કે, તારે માટે અહીં માર્ગમાં તે માળા કોણે તૈયાર કરી રાખી હશે ? એ ઉપરથીજ ચેતી ન જઇએ, તો પછી આપણી ચલાકી શા કામની ? " ચપળા શરમથી નીચું મસ્તક કરી મુંગી ઉભી રહી, એટલે ચકોરી બોલી–" જો હવે હુશીઆર રહેજે ! બીજી વાર કયાં ફસાઇ ન જઇશ ! " હવે ચપળાએ ઉંચી નજર કરી અને મ્હોં મલકાવીને પૂછ્યું–" પણ મને બેહોશ કરનાર લુચ્ચો એ કોણ હતો ? "

" તેને જોવાની હોંસ છે હજી ! ચાલ ત્યારે મારી સંગે, તારી આ હાલત કરનારના તને દર્શન કરાવું ! " આમ કહી ચકોરી ચપળાને પેલા ભોંયરા આગળ તેડી આવી, ને કાસમ તરફ આંગળી કરી બોલી–" જો સખી, તારી સાથે ભલાઈ કરનાર આ રહ્યા નામદાર ! " કાસમને જોતાં ચપળાને બહુ ગુસ્સો ઉપજ્યો, અને ચકોરી પ્રત્યે તેણીએ આજીજી કરતી હોય તેમ કહ્યું— " સખી, જો આજ્ઞા આપો તો આ મુજીને બેચાર સપાટા લગાવી હું પણ મારા અંતરમાં સળગેલા ગુસ્સાના અગ્નિને શાંત કરૂં ? "

" ભલે સખી, એ પાજીની ખાસડાથી બરોબર પૂંજા કરીશ તોએ મારી મનાઈ નથી ! " બસ, ચકોરી તરફથી આટલી આજ્ઞા મળતાંજ ચપળાએ કાસમને કોરડાના સપાટા પેટ ભરીને લગાવ્યા. કાસમ હવે ગભરાયો, અને નકી પોતાનું મોતજ આવી ગયું એમ

માની કપટને મનમાં હજારો ગાળો દેવા લાગ્યો. પછી કાસમને ત્યાંજ કેદ કરી તેઓ ત્રણે જાણી મહેલમાં પાછી ફરી. અત્રે વાંચનારને શંકા ઉત્પન્ન થશે કે, રાજમહેલને લગતા બાગમાં કાસમ કેવી રીતે આવી શકયો હશે ! જે માટે અત્રે જણાવવાની જરૂર છે કે, જે બાગમાં ઉપલો બનાવ બન્યો હતો તે રાજમહેલના પાછલા ભાગમાં હતો, અને તે કાન્તાને વીહાર કરવા માટેજ હતો, પણ આગલા પ્રકરણમાં આપણે કુલીન અને ચતુરની વાતચીતપરથી જાણી ગયા તેમ કાન્તા અને કુલીન વચ્ચેના પ્રેમની રાજા રામસીંહને કાને વાત જવાથી કપટના પીતા મોહનરાયના ભંભેરવાથી તેમની વચ્ચેનો સંબંધ તોડી નાંખવાને કાન્તાના બાગમાં કોઇથી પ્રવેશ ન કરી શકાય તે માટે રાજાએ સખ્ત ચોકી પોહોરો રાખ્યો હતો. આમ મુસલમાન સીપાઇઓનો પોહોરો હોવાથી કાસમને પોતાનું કામ પાર પાડવાની તક સારી મળી હતી, પણ આપણે ઉપર જોયું તેમ ચતુર ચકોરીની ચાલાકી આગળ તેની અઈયારી છપી રહી શકી નહી, અને તેને કોરડાનો અસહ્ય માર ખાવો પડયો હતો. પણ ચાલો, હવે કાસમને ભોંયરામાં પડયો રહેવા દઇ રાજકુમાર કુલીનના કહેવાથી કાન્તાને મળવા નીકળેલા ચતુરને મળીએ.

પ્રકરણ ૪ થુ.

ચતુરની ચતુરાઈ.

કુલીન પાસેથી નીકળ્યા પછી ચતુર સંધ્યાકાળે શેરગઢ પહોંચ્યો, ને કાન્તાની મુલાકાત લેવાની તજવીજ કરવા લાગ્યો, પરંતુ તેણીના મહેલની ચારે તરફ સીપાઇઓ હોંશીઆરીથી પોહોરો ભરતા હોવાથી તેને કોઈ યુકતી સુઝી નહી. શુકલપક્ષના દીવસો હોવાથી રાત્રી પણ ચાંદની હોવાથી પોતાની પાસેની પાટલાઘો અથવા અઇયારો જેને કમંદ કહે છે તે નાંખીને પણ મહેલમાં દાખલ થવાના પ્રયાસમાં પણ તેનાથી પાર પડાય તેમ નહોતું, એટલે તે મોટી મુંઝવણમાં પડયો. આખરે તેને એક રસ્તો સુઝયો, અને તે પાર પાડવા તે બાગના પાછળના ની-

જૈન સ્થાનમાં જઈ એક ચોપદારનું સ્વરૂપ ધારણ કરી બાગના દરવાજાપર સીપાઇઓને પોહોરો ભરતા જોઇ, એક બાજુએ બેઠેલા સીપાઇઓ સમીપ આવી સલામ અલેકુમ કરી બેસી ગયો, અને બોલ્યો–"યારો, હું પણ મહારાજાનો સેવક છું. આજ ચાર માસ થયાં મહારાજાએ મને પોતાના મેહેલમાં નોકરીપર રાખ્યો છે."

"આઈયે, બયઠીયે!" એમ કહી સીપાઈઓએ તેને આવકાર સહીત બેસવાને સ્થાન આપી તેના આવવાનું કારણ પૂછતાં ચોપદાર વેષમાં ચતુરે જણાવ્યું—"ભાઈઓ, આ વખતે મહારાજાની નોકરીમાં હાજર રહેવાનું ન હોવાથી ચાંદની રાતનો આનંદ ભોગવતો ફરતો ફરતો આ તરફ આવી પ્હડચો, ને તમને ચલમ પીતા જોઇ મન થઈ આવ્યું કે, ચાલો બે ચાર દમ હું પણ મારી લઉં! ભાઇઓ, વ્યસનીને વ્યસની મળે તો કેવો આનંદ થાય એનો તમને કંઇ ઓછો અનુભવ નહી હોય!" આમ કહેતાં ચતુર હસવા લાગ્યો.

"હાં, હાં! રાસ્ત કહ્યુ બીરાદર!" એક અફીણી સીપાઈ બોલી ઉઠયો.

"લીજીયે બીરાદર, મારો દમ!" આમ કહેતાં એક સીપાઈએ ચતુર આગળ હુકકો ધર્યો.

"નહીં ભાઇઓ, હું હીંદુ હોવાથી હુકકો તો પી શકું તેમ નથી, પણ ચલમથી બે દમ મારી લઇશ!" ચતુરે જણાવ્યું.

"જેવી તમારી ઇચ્છા! લ્યો ચલમ ને લગાવો દમ!" પેલા સીપાઈએ ચલમ કહાડી ચતુરના હાથમાં આપી, એટલે તેણે દમ મારવા માંડયા, ને બે ચાર દમ પણ પીધા નહોતા એટલામાં ઉંધરસ ખાવા માંડી, જે પણ એટલા જોરથી કે એક ઉલટી કરી દીધી, આ જોઈ બે ત્રણ સીપાઇઓ તેની પાસે આવ્યા ને તેની તબીયત કેમ ગભરાઇ ગઈ તે વિષે પૂછવા લાગ્યા.

"કેમ તંબાકુ માફક ન આવી?" એકે પૂછ્યું.

"જરા કડક લાગી હશે!" બીજાએ ઉમેર્યું.

"યારો, તમને અજબ કડવો તંબાકુ પીવાની ટેવ પડી ગઈ છે!" ચતુરે ઉધરસ ખાતાંજ જણાવ્યું—"મને તો મહારાજાના હુકકો ભરનાર ચોપદાર સંગે દોસ્તી થઇ છે, એટલે જે

તંબાકુ મહારાજ પીએ છે, તેજ મને પણ પીવાને મળે છે. આથી તેજ તંબાકુ પીવાની આદત પડી ગયલી હોવાથી બીજી કોઇ તંબાકુ મને સારી લાગતી નથી !"

"હુંઅ ! ત્યારે એમ કહોને ! પછી તો આ તંબાકુ કડવો લાગે તેમાં શું નવાઇ ?" એક સીપાઈ બોલી ઉઠયો.

"અરે કયાં મહારાજાનો ઉમદા તંબાકું ને કયાં આપણો ! તેની લહેજતની તે શું વાત કરવી !" બીજાએ ઉમેર્યું.

"રાસ્ત બીરાદરો ! સકર ખાનારને તે મરી કોઈ દહાડો મઝા આપે ?" ત્રીજા અફીણીએ ઝોકા ખાતાં ટાપસી પૂરી. "ભાઇ, તમે મ્હોટા કીસ્મતદાર છો ! અમારા એવા ભારી કીસ્મત કયાંથી કે અમને એવો ઉમદા તંબાકુ નજરે જોવાનો પણ વખત આવે !" પોહોરો ભરતો સીપાઈ આટલી વાર તેમની વાતચીત સાંભળયા કરતો હતો તે બોલી ઉઠયો—"જહો દીન કબ કી મીંયાકે પાંઉમેં જુતીયાં !"

"એ તંબાકુની લહેજત બહુજ ઉમદા હશે નહી બીરાદર ? એના દમની લેહેરમાં આખે શરીરે આરામ થઈ જતો હશે નહી ?" આમ સીપાઈઓની એ તંબાકુ માટેની આતુરતા ખુબ વધી ગઇ, એટલે ચતુરે પોતાની થેલીમાંથી ચલમ અને થોડી તંબાકુ કહાડી જણાવ્યું–"લ્યો ભાઇઓ, તમે પણ એ તંબાકુ પી જુઓ ! જુઓ એની કેવી અજબ લહેજત છે !"

"વાહવા! એ જોતાંજ નજર ઠરી જાય છે, એટલે પછી એની લહેજત પણ ઓર હોય તેમાં શું નવાઈ !" તંબાકુ હાથમાં લઇને જોતાં એક સીપાઈ બોલી ઉઠયો.

"અરે મહારાજાનો તંબાકુ વળી આપણ ચોપદારો અને સીપાઇઓએ તે કયે દહાડે પીધો હશે !" બીજા સીપાઈએ ઉમેર્યું અને તે તબાકું જોતાં તેના મ્હોમાંથી પાંણી છૂટવા માંડયાં.

"અજી, ખ્વાબમાં નજરે જોઈ પણ નહી હોય તો પીવાની તે શું વાત કરવી !" અફીણીએ ઉમર્યું, ને પોતાનો હાથ લંબાવી તે તંબાકુ અને ચીલમ લેતાં કહ્યું--"લાવો, પહેલાં હું એની મઝાહ ચાખી જોઉ !" આમ કહેતાં તેણે ચીલમમાં દેવતા ભરવા માંડયો, ને એક બે દમ મારી બોલી ઉઠયો-"અહાહા ! કયા મીઠાશ ! ચોપદારજી, અમારાપર તમારો બહુ ભારી અહેસાન થયો કેમકે, તમારે લીધે

આવા ઉમદા તંબાકુનો સ્વાદ ચાખવાનો અમને લાભ મળ્યો! ખરેખર, મહારાજાની નોકરીમાં તમે ચમન ઉડાવતા હશો!"

"લ્યો ભાઇઓ ઉડાવો મઝાહ! આપણે ક્યાં પૈસા ખરચવા પડયા છે! તમે પેટ ભરીને એની મઝાહ મારો! મારી પાસે હજી ઘણો છે!" એમ કહેતાં ચતુરે બીજો તંબાકુ ચલમમાં ભર્યો. પેલા અફીણીએ થોડાક દમ મારી ચલમ ચતુર આગળ ધરી એટલે તેણે જણાવ્યું—"બીરાદરો, તમે સઘળાઓ ખુબ પી લ્યો! હું તો એ તંબાકુની મઝાહ રોજ મેળવું છું." હવે સઘળા સીપાઇઓ તેમજ પોહોરેગીરોએ વારા ફરતી હુકો ગગડાવા માંડયો, ને સાથે સાથે રાજમહેલની અંદરના વૈભવ વિષે તેઓ ચતુરને અનેક સવાલો પૂછવા લાગ્યા, જેના તેણે ચાલાકીથી એવા જવાબો વાળ્યા કે તે સાંભળતા તેમની આતુરતા વધી ગઇ, અને તેઓ ચતુરને મોટો ભાગ્યશાળી માનવા લાગ્યા. આમ વાતની લહેરમાં સઘળાઓએ ખુબ હુક્કાના દમ ખેંચ્યા, જેની અસરથી થોડી વારમાં સઘળાના શરીરમાં સુસ્તી આવવા માંડી, અને વખત જતાં તેમને ઝોંકા આવવા માંડયા. આમ ઝોંકા ખાતાં ખાતાં તેઓ સઘળા બેહોશ થઇ જમીનપર ઢળી પડયા એકે પોહોરેગીર જાગૃત અવસ્થામાં રહ્યો નહોતો. હવે પોતાની મુરાદ પાર પાડવામાં ચતુરને શું મુશ્કેલી નડનાર હતી? વગર અટકાવે તે મહેલને લગતા બાગમાં દાખલ થઇ ગયો. બાગમાં થોડેક ચાલતાં સામેથી એક દાસીને હાથમાં દીવો લઇ આવતી જોઇ તે એક ઝાડને ઓથે સંતાઈ ગયો, ને તે પેલા ઝાડ આગળથી પસાર થતી હતી, એટલામાં ઝડપથી તેની પાછળ જઈ પોતાની કમ્મરે બાંધેલુ દોરડું તેણીનાં ગળામાં નાંખી તેણીને જમીનપર પાડી નાંખી અને બૂમ પાડવાનો તેણીને સમય મળે તે પહેલાં તો પોતાના હાથમાં તૈયાર રાખેલી બેહોશીની ભુરકી જોરજુલમથી તેણીના નાકમાં ઘુસાડી દીધી, જેની અસરથી તેણી તરતજ બેહોશ થઇ પડી, એટલે તેણીને ત્યાંથી ઉંચકી બાજુએ એક ઝાડ આગળ સુવરાવી પોતાની થેલીમાંથી જોઈતી વસ્તુઓ કહાડી તેણે પોતાનો ચહેરો તે દાસી સરખો બનાવ્યો, અને તેણીનાંજ કપડાં પહેરી મહેલમાં જઈ જ્યાં કાન્તા પોતાની સાહેલીઓ સંગે વાતચીત કરતી બેઠી હતી ત્યાં અન્ય સાહેલીઓ સંગે બેસી ગયો. દાસી વેષે આવેલા ચતુરને જોતાં ચકોરીએ પૂછ્યું—"કેમ કેતકી?

જે કામ માટે મેં તને મોકલી હતી તે કરી આવી શું કે આવીને મુંગી મુંગી બેસીજ ગઈ?" આ સાંભળી ચતુરે જાણ્યું કે, જે દાસીને બેહોશ કરી તેનું સ્વરૂપ ધારણ કરી તે ત્યાં આવ્યો હતો તેનું નામ કેતકી હતું, એટલે તેણે તરતજ ચાલાકીથી અવાજ બદલીને જવાબ આપ્યો—"હા, કામ કરવાને તો હું ગઈ હતી પણ રસ્તામાં એક નવીન બનાવ જોવાથી તે વિષે તમને કંઈ જણાવવા માટે રસ્તેથી પાછી વળી આવી છું."

"એવું તે શું જોયું?" ચકોરીએ અજાયબીસહ પુછ્યું.

"એ કંઇ સઘળી સખીઓની સમક્ષ કહેવાય તેમ નથી, માટે એ સઘળીઓને અત્રેથી દૂર કરો તો કાન્તાબા અને તમને જણાવું." કેતકી વેશમાં ચતુરે હસીને જણાવ્યું. તરતજ સઘળી દાસીઓને જવાની આજ્ઞા કરવામાં આવતાં તેઓ ત્યાંથી ચાલી ગઈ. ફક્ત ત્યાં કાન્તા, ચકોરી, ચપળા અને આપણાં કેતકી (ચતુર) આટલાંજ રહ્યાં, એટલે કાન્તાએ આતુરતાથી પુછ્યું—"બોલ શું જોઈ આવી?"

"વાહવા! એ વાત કંઇ સાંભળવી સહેલ છે કે! મેં જોયલી મઝામાં તમને બધાને મફતનો ભાગ આપી દઉં કે? કંઈ ઇનામ આપો તો એ ખુશ ખબર કહું!" ચતુરે કેતકી રૂપે હસીને જણાવ્યું. કાન્તાએ જાણ્યું કે, કદાચ કુલીનસીંહના કંઈ સમાચાર લાવી હશે, પણ વળી તેને યાદ આવ્યું કે તેમણે કુલીનનું નામ પણ કોઈ દીવસ કેતકી આગળ લીધું નહોતું, છતાં એ કેવી ખુશ ખબર લાવી હશે, જે કેહેવા પહેલાં તો તે આમ ઇનામ માગે છે? આવી ચટપટ કાન્તાના મનમાં ઉઠી, અને કેતકી એવી તે શું ખબર લાવી હતી, તે જાણવાની તેની ઇંતેજારી વધતાં તે બોલી ઉઠી—"હા હા! જા તને ઇનામ આપીશ, પણ પહેલાં તું એવી તે કઇ ખુશ ખબર લાવી છે તે તો જણાવ, પછી તેના પ્રમાણમાં ઇનામની વાત!"

"હંઅઅઅ! હું તમારી ચાલાકી જાણી ગઇ તો કુંવરીબા! મને ભોળવીને લાલચથી પટાવી તમે વાત જાણી લ્યો ને પછી ઇનામનું નામ આવતાં ઉડાવો, એટલે પછી હું તો તમારી સમક્ષ કંઇ બોલીજ શકું નહીં કેમ?" ચતુરે એક નખરાબાજ સ્ત્રીની માફક છણકો કરી ચાળાચસ્કાસહ જણાવ્યું—"પણ કુંવરીબા, મને એવી ભોળી ન સમજતા હં કે? હું એ આપન

સમાગમમાં આવેલી છું, હા વળી! પહેલાં આ હાથમાં ઇનામ આપો તોજ કહું, નહીં તો કદી કહેનાર નથી. ન સાંભળવી હોય તો લ્યો હું મારે આ ચાલી!" આમ કહેતાં આપણી કેતકી ઉભી થઇ. આ નખરાંઓ જોઇને ચકોરીનું બહુ પાકી આવ્યું ને તે ચીરડાઈને બોલી ઉઠી--"કેમ કેતકી, આજ તને આ શું થયું છે? કંઇ વા ભરાયો છે શું? ઓહો! તારી જીભ આટલી વધી હશે એવું તો મેં આજેજ જાણ્યું! તું તો રજ-માંથી ગજ થઇ! વાહ! ટુંકી જીભે આવી લાંબી વાત કરતાં કયાંથી શીખી આવી? લુચ્ચી બોલતાં કંઈ વીચાર રાખ, નહી તો જીભડીજ કાપી નાંખીશ! એ તારી લુલીની લપલપ મને નહી પાલવે! કુંવરીબાનો કંઇ ભારબોજ રાખવો નહીં, ને જેમ મનમાં આવે તેમ બકયા જવું એ તે શું સારૂં? તું ને કાન્તાબા સરખાંજ નહીં? મુરખી! હવે જો કંઇ લવારી કરી છે તો એવી લાત મારીશ કે બેવડીજ કરી નાંખીશ!" ચકોરીની આ ધમકીને જાણે આપણી કેતકીજીએ લાંબુ પીંજણુજ ગણ્યું હોય તેમ તે તો ચકોરીનું બોલવું સમાપ્ત થતાં ખડખડ હસી પડીને બોલી ઉઠી—"ઓહોહો! જો, જો, ચકોરીબાઇજી, મોટો વાઘ મારી ન નાંખતાં? તમે મને લાત મારશો, ત્યારે હું તો મૂંઢની માફક મુંગી મુંગી તમારૂં મ્હોં જોતી ઉભીજ રહીશ કેમ? રખે ખાંડ ખાતાં! મારા હાથ કંઇ ભાડે આપી આવી નથી હોં કે? તમે એક લગાવશો, તો ચાર ખાવાએ પડશે, તે વખતે પછી મ્હોં વાળતાં ઉભા ન રહી જતાં! તમેજ દુનીયામાં એકલા જોરાવર હશો, કેમ? અરે! તમે લાત લગાવી મને બેવડી તો કરતાં કરશો, પણ જો હું એક તમારા ડાચામાં લગાવીશને તો મ્હોંમાં એક દાંત પણ સીધો પાધરો નહીં રહેવા દઉં, શું સમજ્યાં?" આમ કહી કેતકીએ ચકોરીને વધુ ચ્હીડવવા તેની સામે આંખના મચકારા તથા અનેક ચાળાચસ્કા કરતી હસ્યાજ કીધું હવે તો આ ચકોરીથી સહન કરી શકાયુંજ નહીં! તેના આખા શરીરમાં ગુ-સ્સાથી જાળ પ્રગટી નીકળી, અને તેણી એક મોટી બૂમ પાડી બોલી ઉઠી—"લે ગુલામડી, તને ત્યારે સ્વાદ ચખાડું!" આમ કહેતાં તે કેતકીને મારવા તેની તરફ ધસી, અને તેનો હાથ પકડી લીધો. હાથમાં હાથ આવતાંજ કેતકીએ તેનો હાથ એવા જોરથી દબાવ્યો કે એક મોટી ચીસ પાડતાં ચકોરીએ પોતાનો હાથ પાછો ખેંચી

લીધો. પણ હાથમાં હાથ મળતાં તે ચાલાક ચતુરા તરતજ ચેતી ગઇ કે, તે હાથ કેતકીનો નહી, પણ કેતકીના સ્વરૂપમાં આવેલા કોઈ પુરૂષ અઈયારનો છે, એટલે પહેલાં તો ચમકીને તેણી સહજ પાછળ હઠી ગઈ, એટલે આપણી કેતકી હસીને બોલી ઉઠી—"કેમ, કેવી મઝાહ ! એટલામાંજ શામ જણાઇ ગયાં કે ! મારી હોંસ પૂરી કરવા આવ્યાં હતાં નહીં ! પણ હવે તો તમારી હોંસ પૂરી થઇને ? કંઇ હજી બાકી રહી હોય તો આવો બાઈજી પૂરી કરી આપું !" તરતજ સાવધ થઈ ચકોરી પોતાની કમ્મરેથી કટાર ખેંચી કહાડી આપણી કેતકી તરફ ઉગામી વિકાળ રૂપ ધારણ કરી ગાજી ઉઠી—"લુચ્ચા અઇયાર ! ખરૂં કહેજે, તું કોણ છે નહીં તો સત્વર તારા પ્રાણ લઉં છું !" ચકોરીને હજી વધુ ચ્હીડવવા ચતુર બોલ્યો-"હંહંહંહં ! બહુ થયું ! બસ કરો ! આટલો બધો ગુસ્સો ! જો જો ! કટારજ ક્યાંક હાથમાંથી પડી ન જાય ! હું કોણ છું તે હજી જાણવું છે ? તમારી કેતકીને પણ એટલામાં ભૂલી ગયાં બાઇજી ! કેમ કંઈ આજે ભાંગ બાંગ પીધી છે શું ? આજ આમ કેમ ? પણ કંઇ નહી ! લ્યો, તમો સરખાંએ આજ્ઞા ફરમાવી કે હું કોણ છું, તે મારે જણાવવું, તે તો હું ઉઠાવનાર નથીજ, તોપણ જવાબમાં લ્યો આ પત્ર કાન્તાકુંવરી ! એપરથી તમારે જે જાણવું હોય તે જાણજો !" આટલું કહી તેણે પોતાની કમ્મરેથી કુલીનકુમારે કાન્તાપર લખેલો પત્ર કહાડી રાજકુંવરી સમક્ષ મૂકી ચકોરીને ચ્હીડવવા તેણીની સામે ચાળાચરકા કરવા ચાલુજ રાખ્યા ! ચકોરીનું જોકે ચતુરની હદબહારની મશ્કરીથી પાકી તો બહુ આવ્યું, પણ તેણે કાન્તા સમક્ષ મૂકેલા પત્રે તેણીના મનપર જાદુઈ અસર કરી, તેણીનો ગુસ્સો આતુરતામાં બદલાઈ ગયો, અને તે પત્રમાં શું લખ્યું છે તે જાણવા તેણી કાન્તા સમીપ ગઇ. ચતુરે પત્ર મૂકતાંજ કાન્તાએ તે ઉપાડી ઉખેડીને વાંચ્યો, એટલે તરત જાણી ગઇ કે તેમાં કુલીનનાજ હસ્તાક્ષર હતા, પણ વિશ્વાસ ન આવવાથી તેમણે તે પત્રને ફરી ફરીને ખુબ તપાસ્યો, તે બારીકીથી વાંચી જોયો, ત્યારે તેમની પૂરતી ખાત્રી થઇ કે તે પત્રિકા કુલીનસીંહનીજ હતી. તેઓ હવે સમજી કે, તે લાવનાર કેતકી વેષમાં ચતુરસીંહજ હતો કેમકે, ચતુર શીવાય બીજા કોઇની સંગે કુલીન કાન્તા ઉપર પત્ર મોકલતોજ નહોતો, એ તેઓ પૂરતી રીતે જાણતી હતી. વેષધારી કેતકી તો ચતુર છે, એમ જાણતાંજ ચકોરીએ

શરમાઈને નીચું જોયું, અને મુંગી મુંગી ઉભી રહી, પરંતુ ચતુરની ચાલાકી અને ખબરદારી માટે પોતાના મનમાં તેણી તેના વખાણ કરવા લાગી, અને તેજ પળે ચતુરે તેનું મન ચોરી લીધું. તેના અંતઃકરણમાં પ્રેમાંકુર ફુટી નીકળ્યાં. કાન્તા અનહદ સ્નેહ સહ કુલીનનો પત્ર વાંચવા લાગી, અને વાંચી રહ્યા બાદ ચતુર સંગે વાતચીત કરવા લાગી. " ચતુરસીંહ કેમ કેવી ખબર છે ? " કાન્તાએ આતુરતાથી પૂછ્યુ.

" ખબર શું કહું ?" ચતુરે ગંભીરાઈસહ જણાવ્યું-"ખાવુ, પીવું, સઘળુ કુમારે ત્યાગી દીધું છે, અને રડતાં આંખ સૂકાઈ ગઇ છે ! બસ, રાત્રીદીવસ તમારા નામનુંજ રટણ કરે છે ! તમારા વિયોગમાં કુલીનકુમારના જીવને કયાંથી ચેન રહેનાર છે! અરે ! કુમારને સમજાવવામાં હું લેશ પણ કસર રાખતો નથી, પણ તેની અસરજ થતી નથી ! હજી તે ગઇ કાલેજ તમારી પત્રિકા લઈને હું ગયો હતો, પણ કુમારના મનની વ્યાકુળ હાલત જોઇ મારે આજે ફરી અહીં આવવું પડયુ આજે તો કુમાર પોતેજ અહીં આવવાને તૈયાર થઈ ગયા હતા ! "

"અરેરે ! ત્યારે તમે એમને તમારી સંગે તેડતા કેમ ન આવ્યા ? વારૂ એ અહીં પધાર્યા હોત તો એમના દર્શનનો લાભ તો અમને મળત ! " કાન્તાએ નિસાસો નાંખીને જણાવ્યું.

" કાન્તાકુંવરી, મને પણ એવીજ ઇચ્છા તો હતી, પણ તમારા મીલનમાર્ગ વચ્ચે મુશ્કેલીઓના કેવા કાંટા પડેલા છે, તે નો ખ્યાલ કરીનેજ મેં મને સમજાવી અહીં આવતા રોકયા, અને કહ્યું કે, 'આજ મને પહેલાં જવાદો, કેમકે હું તમારા આવવા માટે પૂરતો બંદોબસ્ત કરીને આવ્યા પછી તમને તેડી જઇશ !' આમ જ્યારે સમજાવ્યા, ત્યારેજ સમજીને તેમણે તમારી પત્રિકાનો જવાબ વાળી મને વિદાય કીધો. " ચતુરે જવાબ આપ્યો.

" ખરૂં! અહીં પણ કપટના અઈઆરો કંઈ કંઇ તોફાન કરી રહ્યા છે. " કાન્તાએ નીરાશા સહીત જણાવ્યું-" શું થશે તે કહી શકાતું નથી ! પીતાજીને પણ અમે સમજાવીને થાકયાં પરંતુ મહારાજ અમારા કહેવા ઉપર કંઇપણ ધ્યાન આપતાજ નથી, કેમકે પાપી કપટે પોતાના પીતા મારફત તેમને પોતાને વશ કરી લીધા છે ! એ નીચે અમારી વચ્ચેના સંબંધની બીના રજનું ગજ

કરીને કોણ જાણે કેવી રીતે સમજાવી દીધી છે કે મહારાજ તો તેને બસ, ધર્મરાજાનુંજ સ્વરૂપ માને છે, અને તે કહે તે સોએ સો ટકા ખરૂં, એવોજ ખ્યાલ એમના મનમાં ઠસી ગયો છે! એ લુચ્ચાઓએ મહારાજાના કાન ભરવા ચાલુજ રાખ્યા છે, તેથી પીતાજી અમારૂં કહેવું તો બીલકુલ સાંભળતાજ નથી! અરે, આજે આટલી બધી વાત કરવાની આપણને તક મળી એ પણ આપણાં સારાં નસીબ જાણો, કેમકે આજે વહાલી સખી ચકોરીએ કાસમને આ પાછળના બાગમાં કેદ કરેલ છે, એટલે હવે સારો લાગ હાથ આવ્યો છે! કાલે એ લુચ્ચાને મહારાજાની હજુરમાં ખડો કરીને જણાવીશું કે, આપના કપટની સચ્ચતાનો નમુનો જુઓ! પીતાજીને પણ અમારા બાગની આસપાસ પોહોરો ભરવાને કોઇ ન મળ્યો તે એ લુચ્ચા કપટને એ કામ સોપ્યું, પણ હવે એનું પોગળ પકડાઈ જશે! અમે તો ફકત એટલુંજ પૂછીશું કે કપટને તપાસપર રાખેલ છતાં કાસમને અમારા બાગમાં દાખલ થવાની પરવાનગી કોણે આપી?" આમ જણાવી કાન્તાએ કાસમને પકડવા સંબંધી આગલા પ્રકરણમાં આવી ગયલી તમામ હકીકત ચતુરને કહી સંભળાવી. કાસમને કેદ પકડવા સંબંધી ચકોરીએ વાપરેલી ચતુરાઇથી ચતુર છક થઇ ગયો, અને તે સાથે ચકોરી માટેના પ્રેમે તેના અંતઃકણમાં ઘર કર્યું. થોડીવાર સુધી ઉંડો વીચાર કીધા પછી તે બોલ્યો-"ચકોરીએ ચાલાકી વાપરવામાં તો કશી કચાશ રાખી નહી, તોપણ છેવટે થાપ ખાધી!" આ સાંભળી ચકોરી અજાયબ થઇ ગઈ, અને એવી રીતે પોતે શી થાપ ખાધી હશે, તેના ઉંડા વીચારમાં પડી, છેવટે કંઈ ન સુઝતાં તેણે ચતુરને પૂછયું-"મેં શું થાપ ખાધી વારૂ?"

"હજી જાણી ન શકયાં? આમજ અઇયારી ચલાવશો કે?" ચતુરે જરા ટકોરમાં કહ્યું-"જુઓ, જ્યારે કાસમ બાગમાં દાખલ થયો ત્યારે મહમદ પણ શું ત્યાં નહી હોય? આમ છતાં તમે કાસમને બાગમાંજ કેમ મૂકી આવ્યાં? જ્યારે તમે એને કેદ પકડયો ત્યારેજ એને મહેલમાં કેદ કીધો હોત અથવા તેજ વખતે મહારાજાની હજુરમાં ખડો કીધો હોત તોજ સારૂ હતું! હવે શું મહમદ કાસમને છોડાવી ગયો નહીં હોય, એમ ધારો છો?" આ સાંભળતાંજ ચકોરી ચમકી ગઇ, અને શરમાઇ

જઇને આંગળી કરડતી બોલી—"આ બાબતનો તો અમો કોઇને સહેજ પણ ખ્યાલજ નહી આવ્યો !"

"પણ બીજા કોઇને તે શાનો ખ્યાલ આવે ? તમેજ હુશીઆર અને ચાલાક ગણાઓ છો, અને મોટા અઇઆરાં કહેવરાવો છો, એટલે એનો ખ્યાલ તો તમને હોય કે બીજાઓને ? જરા જઈને તો જુઓ કે કાસમ હજી સુધી ત્યાં છે યા નહીં ?" તરત ચકોરી બાગમાં જોવાને દોડી, અને ભોંયરા સમીપ જઇને જોયું તો તેનો દરવાજો ઉઘાડો પડયો હતો ! પછી બીજી શું ખાત્રી કરવી હતી ? હવે તેણીની ખાત્રી થઈ કે, મહમદજ કાસમને છોડવી ગયો ! તેણીએ ભોંયરામાં જઈને જોયું તો અંદર કોઈજ નહોતું ! પોતાની મૂર્ખાઇ માટે દીલગીર થતી મેહેલમાં પાછી વળી, અને બોલી—"ખરેખર, મહમદ કાસમને છોડવી ગયો !" ચતુરે તેણીને હવે વધુ ચ્હીડવવા માંડી—"વાહ ! મોટી અઇયારી અજમાવી તેનો આવોજ નમુનો કે ? પોતાને તો મોટાં હુશીયાર ને ચતુર માને છે ! આમ ને તેમ પોતાની ચાલાકીના બાંકા ફુકતાંજ આવડે છે, ત્યારેજ એક સાધારણ અઈયાર આંખ આંજીને ચાલ્યો ગયો !" ચકોરીને આથી ખરાબ લાગ્યું. તેનાં અતઃકરણમાં જવાળા પ્રગટી નીકળી, અને તે ગુસ્સામાં બોલી ઉઠી—"હવે જો કાસમ અને મહમદ બંનેને કેદ પકડી આ દીવાનખાનામાં એ મુજીઓને મોજડીઓનો માર ન મારૂં તો મારૂં નામ ચકોરી નહી !"

"બસ, એતો તમારી ચાલાકી આટલામાંજ જણાઇ ગઈ !" ચતુરે મ્હોં મલકાવીને જણાવ્યું-"હવે તમે પણ જોશો કે એક એકને સપડાવીને અમારા નગરમાં લઇ જઇ હું કેવી રીતે કેદ કરૂં છું !" પછી ચતુરે પોતે રાજમહેલમાં કેવી ચાલાકીથી આવ્યો હતો તે, તથા પોતે કયે ઠેકાણે કેતકીને બેહોશ કરી મૂકી આવ્યો હતો તે સઘળું સવીસ્તર કહી સંભળાવ્યું અને જણાવ્યું—"કેતકીને કોઈ પાસે તેડાવો, પણ તેણીનો પોશાક તો હું નહી ઉતારી આપું, કેમકે આજ વેશે હું જઇશ ! પણ યાદ રાખજો કે આ વાત કોઈના જાણવામાં આવે નહીં, નહીં તો સઘળી બાજી બગડી જશે ! ત્યારે કાન્તાકુંવરી હવે મને જવાની આજ્ઞા છે ?"

"પણ હવે આપ બીજે ત્રીજે દીને અત્રે આવ્યા કરજો કેમકે, આપના દર્શનથી અમને પણ ધીરજ રહેશે !" ચકોરીએ દબાતે અવાજે જણાવ્યું.

"જરૂર આવીશ પણ, કુંવરીને તમો ધીરજ આપજો !" ચતુરે જણાવ્યું. ચતુરને જવાને તૈયાર થયલો જોઇ કાન્તાની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી, અને ગળગળે અવાજે તેણી બોલી–"ચતુરસીંહ કુલીનકુમારનો વિયોગ હવે અમારાથી સહન થઇ શકતો નથી ! તેમની મુલાકાતનો લાભ મેળવવાનું શુ અમારા ભાગ્યમાં નથી લખ્યું !" આટલું બોલતાં તેણીનો કંઠ રૂંધાઇ ગયો, અને તેણી મ્હોટેથી રડી પડી.

"કાન્તાકુંવરી ધીરજ છોડી દઈ આમ નીરાશ શું થાઓ છો !" ચતુર કુંવરીને સમજાવા લાગ્યો–"આપ બંને હંમેશ સાથેજ રહો એ માટેજ અમો આ સઘળો પ્રયાસ કરી રહ્યાં છીએ; તેમાં જો આપજ આમ ધીરજ ખોઇને ગભરાઇ જશો તો પછી કેમ ચાલશે. જેટલી મુશ્કેલીઓ આપણા માર્ગની આડે નડે છે તે સઘળી આપણા ભવીષ્યના સુખને માટેજ છે, એમ માની ઇશ્વરપર ભરોસો રાખો ! ઇશ્વરની કૃપાથી ટુંક સમયમાં સઘળાં વીઘ્ન અમો દૂર કરી નાખીશું." આમ કાન્તાને સમજાવી ધીરજ આપી તેમજ તેણીને ધીરજ આપવાનું ચકોરીને સમજાવી ચતુર કેતકીના વેશમાંજ મહેલમાંથી બહાર નીકળી બાગની દેવડી ઉપર આવ્યો. આ સમયે બે ચાર ચોપદારોજ ફકત શુદ્ધીમાં આવ્યા હતા. બાકીના-ઓમાંથી કેટલાક તો હજી બેભાન હાલતમાં ચતાપાટજ પડેલા હતા. કોઈ નીચી મુડી કરી પડી રહ્યા છે, કોઇ ઉઠીને ફરી ઝોંકા ખાઇ પડી જાય છે. આમ જોઇ આપણી વેષધારી કેતકીએ દમામાંજ બૂમ પાડી–"કેમ તમે આમજ પોહોરો ભરો છો કે ? તમને બાગની રખેવાળી કરવા રાખ્યા છે કે આમ જમીન સુંઘ-વાને ? હરામખોરો, ત્યારે આટલું બધું અફીણ ખાવું નહોતું ! કેટલો કસુંબો ચઢાવ્યો છે કે, તમારી આંખો પણ ખુલતી નથી, ને સબની માફક બેભાન થઇ પડયા છો ! જો, જો ! હવે માહારા-ણીજીને તમારી આ હકીકત જણાવી હું તમો સઘળાઓની બરાબર ખબર લેવરાવું છું." જે સીપાઇઓ શુદ્ધીમાં આવ્યા હતા તે આપણી કેતકીની ધમકી સાંભળીને દીગમૂઢજ બની જઇ ધાસ્તીથી થર થર કંપવા લાગ્યા. "કંઇ નહી બચ્ચાજીઓ ! મહારાજાનો પગાર આવી નીમકહરામી માટે તમે ખાઓ છો ! હવે જો જો કે તમારી કેવી દશા કરાવું છું !" કેતકીએ તેમને વધુ ગભરાવવા માંડયા. મહારાજાનો ગુસ્સો નક્કી પોતા ઉપર ઉતરશે ને નાહક

માર્યા જઇશું, એવી ધારતીથી સીપાઈઓની ગભરામણ વધવાજ માંડી, અને તેઓ કેતકીના કાલાવાલા કરવા લાગ્યા. કેતકીબા, આજની અમારી કસુર એક વખત માફ કરો! હવે ફરીથી અમે એવી મૂર્ખાઇ કદી નહી કરીએ!" એક સીપાઇએ ધ્રુજતે સાદે જણાવ્યું.

"માવડી, તમને અમે પગે પડીએ છીએ!"—"અમારાં મસ્તક તમારા પગમાં છે. જોઇએ તો મારો કે ઉગારો!"–"કેતકી બાઈ અમારી પહેલીવારની આ નજીવી ભૂલ માટે અમને ક્ષમા નહી કરો? તમારી તો મહેરબાની જોઇએ!" દરેક સીપાઇ તેણીને હાથે પગે લાગવા માંડયો.

"હજી આ નજીવી ભૂલ! તમો ખુલ્લા દરવાજા મૂકીને આમ બેભાન થઇ પડયા રહો, એ તમારી નજીવી ભૂલ!" આપણી કેતકી ગાજી ઉઠી–"ઠીક છે તમારી નજીવી ભૂલનાં ફળ તમને બરોબર ચખાડીશ!"

"અરે કેતકીબાઇ, અમો ગરીબ ઉપર આટલો બધો રોષ! અમારી આ હાલત કેમ થઇ તે તો જરા સાંભળો, તો પછી તમેજ અમારા ઉપર દયા ખાશો!" એક ઘરડા સીપાઇએ કરગરીને કહ્યું–"જુઓ આજે મહારાજાની તહેનાતમાંનો એક લુચ્ચો ચોપદાર અમારી પાસે ફરતો ફરતો આવી ચઢયો હતો, તેણે અમને ભૂલાવો ખવરાવીને કોણ જાણે કેવો ઝેરી તંબાકુ પીવરાવ્યો કે અમો સઘળાઓની આ હાલત થઇ ગઈ. અરે, એ હરામખોરે તો અમારા જીવ લેવાનોજ વીચાર કીધો હશે, પણ ખુદાની મહેરબાનીથી અમે બચ્યા છીએ, નહીંતો અત્યારે તો અમે પેલીજહાનમાંજ પહોંચી ગયા હોત! જુઓ કોઈ દહાડો પણ આવું થયું છે? એ તો ભૂલાવામાં ફસાઇ ગયા, એટલે અમારી આ દશા થઇ! હવે બીજી વાર જો અમારી કસુર થાય તો પછી તમારી ઇચ્છામાં આવે તેવી સજા કરાવશો!" આટલું કહી તે કેતકીને પગે પડયો. સઘળા સીપાઇઓએ પણ તેમ કીધું.

"ઠીક છે, આજે તો હું તમોને જવા દઉં છું, પણ ફરીથી આવી ભૂલ ન થાય તે માટે ખબરદાર રહેજો!" આમ દમામમાંજ કહી ચતુર બહાર ચાલ્યો ગયો. સીપાઈઓ ગભરાટમાં હોવાથી કોઈએ પણ તેને એટલું પણ પૂછ્યું નહીં કે "કેતકી આવે રાતને સમયે તું કયાં જાય છે?"

પ્રકરણ ૫ મું.

શીકાર સપડાયો !

ચકોરીએ કાસમને કેદ પકડયો તે બાગમાં એક ઝાડપર સં તાઈ બેઠેલા મહમદે જોયું હતું. તેમજ કાન્તા, ચકોરી અને ચપળા એ ત્રણે જણીઓને કાસમ વીના મહેલમાં પાછી ફરેલી જોઈ તેણે વીચાર્યું કે, તેમણે કાસમને બાગમાંજ કોઇ સ્થળે કેદ કીધો હશે. આમ વીચારી તે ઝ ડપરથી નીચે ઉતર્યો ને બાગમાં આમ તેમ શોધવા લાગ્યો.શોધતાં શોધતાં તે જે ભોંયરામાં કાસમને કેદ કરવામાં આવ્યો હતો ત્યાં જઇ પહોંચ્યો, અને અંદરથી તેના રડવાનો અવાજ સાંભળી તેણે તરતજ તેનો સાદ ઓળખ્યો, એટલે તરતજ ભોંયરાનો દરવાજો ઉઘાડી તે અંદર ગયો ને કાસમના હાથ પગ મજબૂત બાંધેલા જોઇ તેણે તરતજ દોરડું કાપી નાખ્યું અને તેને ભોંયરામાં થી બહાર તેડી આણી કહ્યું–"ચાલો પહેલા આ બગીચાની બહાર નીકળી જઇએ પછી બધી વાતચીત કરીશું." જેમ બને તેમ ઝડપથી તેઓ બાગની બહાર નીકળી ગયા, અને ચાલતા ચાલતા વાતચીત કરવા લાગ્યા. ચકોરીને હાથ પકડાયા પછી તથા કોરડાનો માર ખાધા સબંધી સઘળી વીતક વાત કાસમે કહી સંભળાવી, એટલે મહમદ બોલી ઉઠયો–"એ ચકોરી બડી ચાલાક છે. ભાઈ કાસમ, જ્યાં સુધી પહેલાં આપણે ચકોરીને કેદ પકડીશું નહીં ત્યાં સુધી આપણું કંઈ પણ વળે એમ લાગતું નથી કેમકે, એક તો ચકોરી હાલમાં હુશીઆર છેજ, તેમાં વળી તે ધીમે ધીમે ચપળાને પણ અઈઆરીની કળામાં ચાલાક બનાવતી જાય છે, માટે જો એને કેદ ન પકડીએ તો થોડા દીવસમાં એકને બદલે બે થઇ જશે!"

"ખરૂં છે બીરાદર !" કાસમે ગંભીર અવાજે જણાવ્યું–"પણ આજે તો કંઈ થઇ શકે તેમ નથી ! ભાઈ, મહા મુશ્કેલીએ આપણી જાન બચી એજ ખુદાની મહેરબાની ! આવતી કાલે સઉથી પહેલું એજ કામ કરીશું ! જેમ બને તેમ કરીને ચકોરીને પકડી કોઇ એવી છૂપી જગ્યાએ કેદ કરી આવીશું કે ફરી તેનો પત્તોજ નહી લાગે ને સાથે વળી આપણા ઉપર કોઇ વહેમે ન લઇ જાય !"

"બીરાદર, ચકોરીએ બડી ચાલાકીથી તને પકડયો હોં !" મહમદ બોલ્યો–"એ છોકરી બડી ચકોર છે ! પણ તને કોરડાના સપા-

ટા ખાવા પડયા તે માટે મને બહુ દીલગીરી થાય છે ! કંઈ નહી ! હીંમત ન હારીશ ! આવતી કાલે આપણે બદલો વાળીશું ! ”

આમ ધીમે ધીમે વાતચીત કરતા તેઓ મહેલના આગલા દરવાજા આગળ આવી પહોંચ્યા, તો કાન્તાકુંવરીની દાસી કેતકીને મહેલની બહાર જતી જોઈ. વાંચનારને જણાવવાની જરૂર નથી કે, કેતકીના વેષમાં આપણો ચતુરજ હતો, જેને મહેલની દેવડીપરના સીપાઇઓને ધમકી આપી બહાર જતો આપણે ક્યારનો જોયો છે. કાસમ અને મહમદને જોતાંજ ચતુરે તેમને ઓળખી કહાડયા, અને ધાર્યું કે, તેઓ સારે ટાંકણે મળી ગયા છે કેમકે, પોતાનો વેષ પણ પૂરતો સજેલો છે, એટલે ચાલાકીની કંઇ જાળ બીછાવીને બની શકે તો બંનેને નહી તો એકને તો અવશ્ય પકડવો જોઇએ. આમ વીચારી ચતુર જાણી જોઇને તેમની પાસે થઇને આગળ ચાલ્યો. કાસમ અને મહમદ પણ કેતકીને કોઇ સ્થળે ચાલી જતી જોઇ તે ક્યાં જાય છે તે જાણવાની જીજ્ઞાસાથી તેણીની પાછળ ચાલવા લાગ્યા. કેતકી વેષધારી આપણા ચતુરે પાછળ ફરીને જોયું ને તેમને પાછળ આવતા જોઇ પૂછ્યું–“ કેમ મારી પાછળ તમે શા માટે આવો છો ? જે કામ માથે લીધું છે તેજ પુરૂં કરો ને ! ”

“શું કામ માથે લીધું છે વળી ?” મહમદે અજાયબ થઇને પૂછ્યું.

“અરે, હું તો બધુએ જાણું છું !” આપણી કેતકીએ છણકો કરીને જણાવ્યું–“તમારી રજેરજથી હું અજાણી નથી ! તમે તો એજ કામ કરો જેના બદલામાં ચકોરીના હાથનો મોજડીઓનો માર ખાવાનો તમને વખત આવે ! જે ઠેકાણામાં એક હલકી દાસી સરખીની પણ મદદ નથી ત્યાં તમારી બાજી શું પાર પડવાની છે ? મારો મોતના હવતીયાં, ને ખાઓ ખાસડાનો માર ! આમ કરશું ને તેમ કરીશું, એવા હવાઈ કીલ્લાઓ બાંધ્યા કરો ! તમારાથી બીજું કાંઇ થાય તેમ નથી !” આ સાંભળી કાસમ અને મહમદ તો સ્તબ્ધજ થઇ ગયા. તેમના મનમાં કંઇ કંઈ વીચાર આવવા લાગ્યા. તેમણે જાણ્યું કે, કેતકી ઘણીજ હુશીઆર દાસી છે તેથી જો પોતાની સંગે મળી જાય તો મહાભારત કામ પણ સહેલાઈથી પાર પડી શકે. વળી તેની વાતચીતપરથી તેમને એમ પણ લાગ્યું કે, કંઇ લાલચ આપવાથી તે મદદ કરવાને તૈયાર પણ થઈ જશે. આમ ધારી કાસમે જણાવ્યું–“કેતકીબાઈ, અમારો ધંધો તો છળકપટ અને ચાલાકી

કરવાનો છે ! વળી જો પકડાઇ જવાથી અને મરવા મારવાથી અમે ધાસ્તી ખાઇ જતા હોઇએ તો અમે કંઇ પણ કરી શકીએ નહીં. એ ધંધાની ઉપજમાંથીજ અમે અમારૂં ગુજરાન ચલાવીએ છીએ. વાત કરતામાં હજ્જારો સોનામોહોર ઈનામ મેળવી લઇએ છીએ !"

"વળી ખુદાની મહેરબાનીથી જ્યાં હાથ લંબાવીએ ત્યાં તમો સરખા મદદગારની પણ અમને ખોટ પડતી નથી, એટલે અમારી મતલબ ઘણીજ આસાનીથી પાર પડે છે !" મહમદે આપણી કેતકીને વધુ પટાવવા માંડી—" જુઓ, હાલમાં અમે માથે લીધેલા કામમાં મદદ કરવા માટે ખુદાએ તમારોજ મીલાપ કરાવી દીધો. માટે હવે તો અમને તમારે બનતી મદદ કરવી જોઈએ."

"જુઓ કેતકીબાઇ, તમારી મહેનતનો બદલો વાળી આપીશું! તમારો મોટો ઉપકાર માનીશું !" કાસમે જણાવ્યું.

"બસ કે ! બહુ ઉદાર બની ગયા હોં ! આટલા બધા એ-હલાદોહલા બની ગયા કંઈ!" આપણી કેતકીએ તીરછી નજરના નખરાનું મોહક બાણ ફેંકતા હાથનો છણકો કરીને જણાવ્યું-"તમારૂં કામ પાર પાડવામાં હું તમને કુંવારીબા તરફ નીમકહરામ થઇ મદદ કરૂં ને તેથી હજ્જારો મોહોરો મેળવો, અને મારી એ મહેનતના બદલામાં તમો ફક્ત મારો ઉપકારજ માનો ! વાહવા ! મારૂં દળદર પણ જતું રહ્યું હોં !"

"અરે, કેતકીબાઇ તમે એ શું બોલો છો ?" મહમદ બોલી ઉઠયો –"જો અમારૂં કામ પાર પાડશો તો અમને જે કંઇ મળશે તેમાં અરધો હીસ્સો તમને આપીશું ! લ્યો તેનો આ કોલ !" એમ કહી વચન આપવામાં તેણે હાથ ઊંચકયો.

"બસ, બસ, બસ ! થઇ ગયો તમારા કોલનો તોલ !" આપણી કેતકી હસીને બોલી ઉઠી-"તમારી ચાલાકી મારી પાસે ન ચલાવો ! 'મીયાં મરેંગે ઓર બયલ બાંટેગે !' એવી વાત કરોછો તેમાં હું ભોળવાઈ જાઉં તેવી નથી તો ! અજી મીયાં ! એવી ભવીશ્યની આશા ઉપર હું તમારૂં કામ કરી આપું એવી નથી તો ! કોઇ બીજી ભોળીને ભમાવજો ! અહીં તો પહેલા હાથમાં જોખી આપો, પછી કામની વાત કરો ! અરે, જુઓ ! જો આ સમયેજ મને મારી મહેનતનો બદલો આપો તો હમણાજ હું ચતુરને તમારા હાથમાં કેદ પકડાવી દઉં ! બોલો છે મરજી ! હોય તો જોખો રોક

ડા દામ નહીતો જાઓ ફોડો તમારૂં માથું ને કરો તમારૂં કામ!" ચતુરને કેદ પકડવાની વાત સાંભળતાંજ કાસમ અને મહમદના હ ઈયામાં આનંદની લેહેરો ઉછળવા માંડી, ને કાસમ ખુશાલીમાં આવી બોલ્યો—"જો આજેજ ચતુર અમારા હાથમાં સપડાઇ જાય એવી કોઇ યુકતી અથવા રસ્તો બતાવો તો તમે કહો તે તમને આપીએ ! બોલો, જલદી બોલો !"

"એમ છે ? તો આપો એક હજાર મહોર, ને પછી જુઓ બંદીનો તોર !" આપણી કેતકીબાઈએ ગંભીરતા ધારણ કરી જણાવ્યું —"પછી ચતુરને પકડતાં શી વાર ! એ તો જાણો કે તમારો બેડો થયો પાર, ને લુચ્ચાના વાગી ગયા બાર !"

"પણ અત્યારે મધ્ય રાત્રીંએ મહોરો અમે કયાંથી લાવીએ ?" મહમદે પૂછયું.

"તો કઇ નહીં ! રહેવા દો ! તમારી પાસે મહોર હોય ત્યારે મારી પાસે લઇને આવજો, પછી આપણે વાતચીત કરીશું ! ચાલો હવે મને પણ બહુ સમય થઇ ગયો ! કુંવરીબાએ મને કામે મોકલી છે, તે મારી રાહ જોતાં બેઠાં હશે ! ફરી જરૂર પડે ત્યારે મને મળજો સમજ્યા કે ?" આમ કહેતાં આપણી કેતકીબાઈએ ત્યાંથી ચાલવા માંડયું, પણ તેના વચનોએ કાસમ અને મહમદના મનપર કરેલી જાદુઇ અસરથી તેઓ તેણીનાથી છૂટા કેમ પડી શકે ?

" અરે ઉભા તો રહો કેતકીબાઇ !" તેણીને અટકાવતાં કાસમ બોલ્યો—"અમારી વાત તો જરા સાંભળો ! અત્યારે અમારી પાસે મહોરો નથી તેથી શું થયું ? કાલે સવાર પડ ંજ અમે તમને જરૂર આપી દઇશું. ચાલો બતાવો જોઉ, ચતુર કયાં છે ?"

"એતો તમારી મહોરોની પાછળ સંતાઈ રહ્યો છે, એટલે તમો મારી પાસે મહોરોનો ઢગલો કરો, તે વીના કેમ જણાય !" આપણી કેતકીજીએ ઠંડે કલેજે જવાબ આપ્યો.

" નહીં, નહીં ! કેતકીબાઇ, અમને એમ ન ઉડાવો !" મહમદે વધુ કાલાવાલા કરતાં કહ્યું–" ખુદાના કસમ ખાઇને કહીએ છીએ કે કાલે સવારે તમને મહોરો આપીશું !"

"છી, છી, છી! તમે કેવા લુચ્ચા છો ! તમારા સરખા પાપી માણસો સાથે વાત કરવી પણ સારી નહી !" કેતકી કંઈક ગુસ્સા તથા કમકમાટ સહ બોલી ઉઠી–" જે મહાન પીતાએ તમને આ

દુનીઆમાં પેદા કીધા તેના તમે સોગન ખાઓ છો ! જાઓ મને ન બોલાવો !" આમ કહી છણુકો કરી તેણે ફરી ચાલવા માંડયું.

"અજી, અમારી એ ભૂલ માફ કરો, પણ અમારૂં કામ .તો કરો ! ચાલો, હવે અમે કદી કસમ નહીં ખાઈએ ! તઓબા ! ત ઓબા !" મહમદે આજીજી કરી ને પોતાના ગાલે તમાચા માર્યા.

"ઠીક છે, ત્યારે કાલે મહોર લઇ મળજો પછી જોઈશું !" કેતકીએ વધુ માન ખાવા માંડયું.

"અરે હવે અમને શા માટે તરસાવો છો ? જુઓ કેતકી-બાઈ, કાલે હજ્જાર મહોરને બદલે બે હજ્જાર મહોર આપીશું." કાસમે વધુ કરગરીને કહ્યું.

"નહીં એ વાત મારી પાસે કરવી નહી ! હું તો તમને પહેલાંથીજ જણાવી ચૂકી છું કે, આપણી પાસે ઉધારની વાત નથી ! કાલે સવારેજ જોઈએ તો મહોરો લઈને આવજો, પછી હું તમારૂં કામ અવશ્ય પાર પાડી આપીશ !" આટલું કહી કેતકી બે ચાર પગલાં આગળ ચાલી.

"અજી, જરા તો સાંભળો!" તેણીની સામે જઇને અટકાવ-તાં મહમદે જણાવ્યું---"તમે કહેશો તેમ કરવાને અમે તૈયાર છ-ઈએ. અમારા ઉપર તમને ઈતબાર ન હોય તો તમે અહીંજ ઉભા રહો ! અમે હમણાંજ જઈને મહોર લઈ આવીએ છીએ."

"પણ આટલી બધી ઉતાવળ શું છે ? કાલે લાવજો, પછી જોઈ લઈશું !" કેતકીએ વધુ બેદરકારી બતાવવા માંડી.

"નહીં નહીં ! અત્યારેજ લાવીએ છીએ ! અજી ઘડી ભર નહી લાગે ! અત્યારેજ અમારા હાથમાં ચતુર સપડાય તો સારૂં !" કાસમે અધીરાઈથી કહ્યું.

"બહુ સારૂ, ત્યારે તમોમાંથી એક જણ અત્રે રહો, ને બી-જો મહોર લઈ આવો !" કેતકીએ કહ્યું.

"એમ ! મહમદ અહીં તમારી પાસે રહે છે, ને હું જઈને મહોરો લઇ આવું છું ! હમણાં આવ્યો, એમજ માનજો ! તમને વધુ વાર ખોટી નહીં કરૂં !" આટલું કહી કાસમ આનંદમાં કુદતો કુદતો મહોરો લઇ આવવાને કપટને ઘેર ગયો. તેના જવા પછી આપણી કેતકી અને મહમદ આડી અવળી વાતો કરવામાં ગુથાયાં. વાત કરતાં કેતકીએ પોતાની થેલીમાંથી બે ચાર એલચી કહાડી

મહમદને ખાવાને આપી, તેમજ પોતે પણ ખાધી. ચતુરને પકડવાની આશામાં મહમદ એટલી બધી ખુશાલીમાં આવી ગયો હતો કે, તેને આડો અવળો કંઈપણ ખ્યાલ આવ્યો નહીં, ને તે તરતજ એલચીઓ ખાઈ ગયો. થોડી વારમાં તેનું મસ્તક ભમવા લાગ્યું, ને તેને ચક્કર આવવા લાગ્યાં. એટલે મહમદ ચેતી ગયો કે, ખચ્ચીત કેતકીના વેષમાં કોઈ ચાલાક અઈયારે થાપ આપી છે. તરતજ તેણે પોતાની કમ્મરેથી ખંજર ખેંચી કહાડી કંઈ પણ બોલ્યા વીના કેતકી તરફ ઉંગામી, પણ આપણો ચતુર તો પહેલાં થીજ આ હુમલ્લાની સામે થવાને સજ થઈ રહ્યો હતો એટલે ઘાવ બચાવી તેણે મહમદનો હાથ પકડી લીધો. મહમદ કંઇ પણ વધુ કરી શક્યો નહી ને બેહોશ થઈ જમીનપર ઢળી પડયો. તરતજ ચતુરે પોતાની કમ્મરે વીંટાળેલા દુપટામાં તેની મજબૂત ગાંસડી બાંધી પોતાની પીઠે ઉપાડી કીર્ત્તિપુરનો રસ્તો લીધો. કાસમ સોનામહોર લઈને ઉતાવળે આવી પહોંચી ચેતી જઈ પાછળ આવે, એવા વીચારે તેમજ પોતાનો શીકાર સપડાયાની ખુશાલીથી ચતુરે ઉતાવળે પગલે ચાલવા માંડયું. આ તરફ કાસમ ઉતાવળો કપટને ઘેર ગયો. આ વખતે કપટ ઘોર નીંદ્રામાં પડેલો હોવાથી કાસમે તેને તરતજ જાગૃત કીધો, એટલે ઝબકીને ઉઠતાં કપટે પૂછ્યું—"કેમ કાસમ, આ વખતે જગાડવાનું શું કારણ છે ?" કાસમે કાન્તાના બાગમાં પકડાવાની તથા કોરડાનો માર ખાવાની, પછી ત્યાંથી છૂટવાની અને કેતકી સંગેની વાતચીતની તમામ હકીકત વીગતવાર કહી સંભળાવી. કાસમના પકડાવા માટે કપટે પોતાની દીલગીરી તો જણાવી પણ ચતુરને પકડવાની આશા આપનારી ખબર સાંભળતાં તે અનહદ આનંદમાં આવી બોલ્યો—"ભાઈ, હજાર શું જોઇએ તો બે હજાર મહોર લઇ જાઓ ! અહાહા ! ઇશ્વરે કેવી અચાનક સહાય કરી ! ભાઇ, માહું થાય તે સારાનેજ કાજે ! ચાલો હું પણ તમારી સાથેજ આવું છું !" આમ કહી તેણે ઉતાવળે પોતાની તીજોરીમાંથી મહોરોની થેલીઓ કહાડીને કાસમ સહીત રવાને થયો. જે સ્થળે મહમદ અને કેતકીને મૂકીને કાસમ મહોર લેવાને ગયો હતો, ત્યાં કપટ સહીત આવી પહોચતાં કોઇ જણાયું નહીં. બસ, કાસમ તો ઠંડોગાર બની ગયો, અને તેનાથી બોલાઇ જવાયું—"જબરી થાપ ખાધી !"

"હેં શું થયું કાસમ ?" કપટે અધીરાઇથી પૂછ્યું.

"અરે શું કહું!" કાસમ કપાળ કુટતો બોલ્યો—"એ તો કેતકીના વેષમાં કોઇ અઘચાર આવીને જબરી થાપ ખવરાવી ગયો, અને મહમદને પણ સાથે કેદ પકડતો ગયો!"

"એ બી ઠીક!" કપટ બોલ્યો—"તમે તો બાગમાં ચકોરીના હાથની મોજડીઓનો માર ખાઇજ આવ્યા હતા, ને મહમદ કોરો રહી ગયો હતો, તે પણ બીચારો આ સમયે કોઈ સ્થળે ખાસડાં ખાતો હશે! ચાલો ભાઇ, કામ પાર થઇ ગયું!" હવે તેની ઉડી ગયલી ઉંઘ પાછી ઘેરાવા માંડી, અને તે લથડીયાં ખાવા લાગ્યો. પૂરતી ખાત્રી કરવા કાસમે થોડે દૂર સુધી આમ તેમ શોધ કરી પણ કંઇ પત્તો ન લાગવાથી નીરાશ થઈ તેઓ બંને ઘર તરફ પાછા ફર્યા.

પ્રકરણ ૬ ઠું.

છૂપી પહાડી ગુફા.

ચતુરને શેરગઢ રવાને કરી કુલીન પોતાના મહેલે પાછો ફરી કાન્તાના વીરહમાં ઝુરાતો નીચું મસ્તક કરી બેઠો હતો. પોતાના મનને આનંદ પામાડવા તેણે અનેક પ્રયત્ન કીધાં, પણ કોઇપણ વસ્તુમાં તેનું ચીત્ત ચોટતું નહોતું. ઘડીકમાં તે કાન્તાના નામનુ રટણ કરતો તો ઘડીકમાં તેણીની મનોહર તસ્વીર પોતાની સમક્ષ મૂકી તેની સંગે વાતચીત કરવા મંડી જતો, શય્યાપર મુખ ઢાંકીને રૂદન કરતો પડી રહેતો, અને આ માટે જ્યારે કોઈ તેને કંઈ પૂછતું તો આડી અવળી વાતો કરીને ઉડાવતો હતો. કુલીનના પીતાને તેની આ હાલતનું ખરૂં કારણ જણાયું હતું, પણ તેનાથી કંઈ ઉપાય થઇ શકે તેમ નહોતો કેમકે, શેરગઢનો રાજા રામસીંહ તેના કરતાં વધુ બળવાન હતો, તેમજ તેમની વચ્ચે સારો બનાવ પણ હતો નહીં. ચતુરને શેરગઢ વીદાય કરતી વખતે તેજ રાતે પાછા ફરવાનું કુલીને કહેલું હોવાથી તેણે મધ્યરાત્રી વીતતાં સુધી તેની રાહ જોઈ, પણ તે સમય સુધી તે ન આવવાથી તેને બહુ ગભરામણ લાગી. એવી હાલતમાં આખી રાત પસાર થઇ ગઇ. પ્રભાતનો પોહોર ફાટવાની તૈયારી હતી, એટલામાં ચતુર ખમે મહમદની ગાંસડી ઉંચકીને ત્યાં આવી પહોંચ્યો. તેને જોતાંજ કુમારે આતુરતાથી બેઠો થઇ પલંગની નીચે ઉતરી તેને ભેટી પડી

પૂછ્યુ—"કેમ ભાઇ શું સમાચાર લાવ્યો ? વહાલી કાન્તાની સ્થિતી કેવી છે ?" ચતુરે કાન્તાના મહેલમાં બનેલી સઘળી હકીકત જણાવી, અને તે પછી ઠંડે કલેજે પોતાની થેલીમાંથી કાન્તાકુંવરીની પત્રિકા કહાડી કુમારના હાથમાં આપી જણાવ્યું—"કુમારીએ આ પત્રિકા સાથે આપને આ ભેટ મોકલાવી છે !" આમ કહી તેણે મહમદની ગાંસડી છોડી કુમારના પગ આગળ બેહોશ મહમદને સુવડાવ્યો. પોતાની પ્રીયતમાની પત્રિકાને વાંચી જોઇ, તે પોતાનાં હૃદય અને આંખ સાથે તેણે ચાંપી. આમ પત્રિકારૂપ જળના પડવાથી વીરહાગ્નિની જ્વાળા શાંત પડતાં મહમદ ભણી નજર કરી કુમારે પૂછ્યું—"ભાઇ, આ લુચ્ચાને કયાંથી લાવ્યો ?"

"એ તો કાન્તાકુંવરીએ આપને સ્નેહની ભેટ મોકલી છે !" ચતુરે મ્હોં મલકાવી જણાવ્યું. અને મહમદને કેવી રીતે પકડયો તે સઘળું કહ્યું.

"હવે કોઇ એવે ઠેકાણે એને કેદ કરવો જોઈએ કે, કોઇને પણ એનો પત્તોજ ન લાગે કેમકે, જો રાજા રામસાંહને આ વાતની ખબર પડશે તો તે આપણાપર ક્રોધાયમાન થશે ને વાત વીફરી જશે !" કુલીને સુચવ્યું.

"ખરૂં છે ! એ બાબતનો મેં પણ પ્રથમથીજ વીચાર કરી રાખ્યો છે ! હું મહમદને એક છૂપી પહાડી ગુફા છે, જેને વિષે મારા શીવાય બીજા કોઈને પણ કશી ખબર નથી તેમાં મૂકી આવું છું, કે પછી તેમાંથી એ અઇયાર ગમે તેવી ચાલાકી વાપરે તો પણ એનાથી નીકળી શકાય તેમ નથી, તેમજ અંદરથી એનો અવાજ પણ કોઇને સંભળાશે નહીં !"

"એ ગુફા કયાં છે વળી ?" કુલીને આતુરતાથી પૂછ્યું—"અમને તો તેં આટલા દીવસ એ વીષે કશું જણાવ્યુંજ નહીં !"

"તમને પણ એ ગુફા હું બતાવીશ ! એક વાર આ તમારી ભેટ તયાં મૂકી તો આવું, પછી કોઈ દીવસ ચાલ્યા જઈશું !" ચતુરે જણાવ્યું, અને પહેરાપરના એક સીપાઇને બોલાવી વીજય સીંહ નામના પોતાના મામાના પુત્રને તેડવા મોકલ્યો. વીજય સીંહ પણ અઇયારીની કળામાં પ્રવીણ હતો અને તે ચતુર પાસે શીખેલ હોવાથી ચતુરને તે પોતાના ગુરૂ તરીકે માનતો હતો, અને મીત્ર તરીકે તેની સંગે વર્તતો હતો. થોડી વારમાં વીજય આવી

પહોંચ્યો, એટલે ચતુરે મહમદની પાછી ગાંસડી બાંધી અને વીજયને કહ્યું—"ભાઈ, તારે મારી સંગે આવવું પડશે."

"તૈયાર છું મુરબ્બી ભાઈ!" વીજયે માનસહ જવાબ આપ્યો--"ફરમાવો, શી આજ્ઞા છે?"

"બસ, મારી સાથે ચાલ, એટલે શું કામ છે તે જણાશે!" ચતુરે જણાવ્યું ને મહુમદની ગાંસડી પોતાને ખભે ઉંચકી, જે જોઇ વીજયે કહ્યું—"મુરબ્બી તમે મારા કરતાં વડીલ છતાં આ ગાંસડી ઉપાડો એ મને શોભે નહીં! એ ગાંસડી હું ઉપાડીને આપની સંગે આવું છું!" આમ કહેતાં તેણે ચતુરના હાથમાંથી ગાંસડી લઈ લીધી, અને તેઓ બંને ત્યાંથી રવાને થયા. નગરની બહાર નીકળી આડે રસ્તે જંગલમાં તેઓ થોડેક ગયા, ત્યાંથી પહાડી જમીનમાંના આડા અવળા રસ્તા વટાવી તેઓ સુમારે બે ત્રણ કોસ જવા પછી એક અંધારી ગુફા સમીપ જઇ પહોંચ્યા. આ ગુફામાં તેઓ દાખલ થયા જેમાં કેટલીક વાર સુધી ચાલ્યા બાદ અજવાળું દેખાયું, અને તેઓ ગુફાની બહાર નીકળ્યા એટલે ઉભા રહી ગયા, અને ચતુરે વીજયને પીઠપરની ગાંસડી ઉતારવા કહ્યું. "મુરબ્બી આ સ્થાન તો અજબજ છે!" વીજય પોતાને ખભેથી ગાંસડી જમીનપર મૂકતાં આશ્ચર્યતા સહ બોલી ઉઠયો—"આજ સુધીમાં હું કદી પણ આ સ્થળે આવ્યો નથી, અને રસ્તો પણ કેવો વીકટ છે કે કોઇનાથી આવી શકાય તેમ પણ નથી! કદાચ કોઈ આવે તોપણ અહીંથી પાછો ફરવો મુશ્કેલ છે!"

"ખરૂં છે ભાઇ! મારા શીવાય આ સ્થાનની કોઇને પણ ખબર નથી, પણ તું અંગનો છે તેથી આ બતાવું છું, કેમકે તારે હાથે હજી બીજા ઘણા કામો મારે પારે પાડવાના છે!" ચતુરે ભાર દઈને જણાવ્યું.

"ફરમાવો તે સેવા બજાવવાને આ સેવક તૈયાર છે!" વીજયે જવાબ આપ્યો—"એક તો આપ મારા વડીલ બંધુ છો, અને તે સાથે આપે મને અઈયારી શીખવી છે એટલે ગુરૂ છો, એટલે મારા પ્રાણની પણ જરૂર પડે તો આપવાની મારી ફરજ છે."

"એ તો તારાપર મને વિશ્વાસ છે ભાઈ, કેમકે તારૂં અંતઃકરણ હું પૂર્ણ ઓળખું છું!" ચતુરે તેની પીઠ ઠોકતાં મુખ મલકાવીને જણાવ્યું—"જો હું જે કંઇ કહું તે ધ્યાનમાં રાખજે!"

આમ કહી તે ગુફાની બહાર સામે પહાડમાં જણાતા એક પથ્થરના દરવાજા ભણી આંગળી કરી બતાવતાં તે બોલ્યો-"આ સામે પહાડમાં પથ્થરનો દરવાજો દેખાય છે, તે કેમ ઉઘાડવો તે મારા શીવાય બીજો કોઈ જાણતો નથી. પહેલાં જે મહાત્મા ગુરૂજીએ મને અય્યારી શીખવી તેઓ જાણતા હતા, પણ તે તો દેવલોક પામ્યા, એટલે હાલમાં તો એ દરવાજાને ઉઘાડવાનો છૂપો ભેદ હુંજ જાણું છું, પણ આજે હું તે ભેદ તારી આગળ ખુલ્લો કરૂં છું!" આ સાંભળતાં વીજયના અંતઃકરણમાં આનંદના ઉભરા ઉછળવા લાગ્યા, જે મુખદ્વારા બહાર નીકળવા જતા હતા, પણ ચતુરનું કહેવું ચાલુ હોવાથી તેણે સાંભળ્યા કીધું. "જો ભાઇ આ ભેદ તને બતાવવાનું કારણ શું તે તારા જાણવામાં આવ્યું? આપણા જે દુશ્મનોને હું પકડી આણું તે સઘળાઓને તારે આની અંદર કેદ કરી મૂકવા!"

"પણ મુરબ્બી આ દ્વારની અંદર શું કેદખાનું છે?" વીજયે પૂછ્યું.

"જો કે ખરેખરૂં કેદખાનું તો નથી પણ કેદખાના કરતાં વધુ બંદોબસ્ત આ સ્થાનમાં રહે છે, જે તું અંદર જોતાંજ જાણીશ!" ચતુરે જણાવ્યુ-"આની અંદર કેદ કોણ કોણ છે, તેની કોઈને ખબર પડી શકે તેમ નથી, અને તે સાથે અમાં કેદ પડેલાને છોડવી જઈ શકે તેમ પણ નથી. વળી અંદરના કેદીઓના હાથ પગ મજબૂત બેડીઓથી બાંધી મૂકવાની પણ આપણને જરૂર રહેતી નથી. ફક્ત એક ઢીલી બેડી કેદીના પગમાં પૂરતી છે."

"પણ અંદરના કેદીઓને રોજ ખોરાક આપવાને અહીં કોઇ દારોગો છે કે આપણે આવવું પડશે?" વીજયે પૂછ્યું.

"નહી, આ કેદખાનામાં કેદીઓને વરસો સુધી હમેશ ખોરાક પૂરો પડે એવી કુદરતી ગોઠવણ કરેલી હોવાથી આપણને તે સંબંધી લેશ પણ ચીંતા કરવાની જરૂર નથી. માણસોથી ચહડી ન શકાય એવા ઉંચા પહાડોની વચ્ચે એક ખોહ છે, જેમાં પહાડો-માંથી વહેતું એક નાળું બારે બાસ વહેતું હોવાથી કુદરતની રચનાની અલૌકિક લીલાને પ્રભાવે ફળફળાદીના અસંખ્ય વૃક્ષો હોવાથી અંદરના મનુષ્યને ખોરાક વગર ચાલી શકે તેમ છે." પછી તેઓ બંને પેલા દરવાજા સમીપ ગયા. દરવાજા ઉપર એક સીંહનું

મ્હોટું વીકાળ માથું હતું. તે પથ્થરમાં એવી તો બારીકીથી કોતરવામાં આવ્યું હતું કે પહેલી નજરે જોનારને તો એમજ લાગે કે જાણે કોઈ જીવતો સીંહ કોતરમાંથી પોતાનું મસ્તક બહાર કહાડી બેઠો છે. આ સીંહનું મ્હોં વળી ઉઘાડું હોવાથી તેના તીક્ષણ દાંતોની હાર પણ જણાતી નથી. મ્હોંની અંદર માણસનો એક હાથ સહેલાઇથી જઈ શકે એટલું તે ઉઘાડું હતું. સીંહના મસ્તક પાસે આવતાં ચતુરે કહ્યું—"ભાઇ, એ દરવાજો ઉઘાડવાનો ભેદ તને બતાવી એ તારી પાસેજ ઉઘડાવું છું ! જો આ સીંહના મુખમાં હાથ નાંખી એની જીભ બહાર ખેંચી કહાડ !" તરતજ વીજયે તેમ કરી સીંહના મુખમાંથી એક હાથ જેટલી લાંબી જીભ ખેંચી કહાડી કે તરતજ એક મોટો ગેબી અવાજ થવાની સાથેજ દરવાજો ઉઘડી ગયો, તો અંદર એક બીજી ગુફા જણાઇ. મહમદની ગાંસડી ઉપાડી તેઓ તે ગુફામાં થોડેક ગયા, ને એક વીશાળ ખુલ્લા મેદાનમાં આવી પહોંચ્યા. આ મેદાન એકાદ કોસ જેટલું વીશાળ હતું. તેની ચારે બાજુએ માણસ જાતથી ચઢી ન શકાય એવા ઉંચા સીધા પહાડ હતા. પહાડમાંથી નીકળતો એક ઝરો વચમાં વહેતો હતો, જેનું સ્વચ્છ નીર કાચની માફક ઝળકી રહ્યું હતું. આસપાસ જંગલી ફળ ફળાદીના ઉગેલાં અસંખ્ય ઝાડોની રચનાથી તે સ્થાન રમણીક અને સોહામણું જણાતું હતું. ચારે બાજુના પહાડોમાં કાંટાવાળી ધીચ ઝાડી તથા જંગલી વેલાઓ ભરચક ઉગી નીકળ્યાં હતાં. મોટા મોટા ટેકરા બહાર નીકળી પોતાનું વીકાળ સ્વરૂપ બતાવી રહયાં હતાં, જેમની ઉપરથી પણ પાણી વહી રહ્યું હતું, જેનો અવાજ અને તે સાથે પવનના વહેવાથી ઝાડોનો સુસવાટ મળી જઇ કંઈ અજબ તરેહની દીલમાં અસર કરતો હતો. પૂર્વ દીશા તરફ વહેતા ઝરાની બંને બાજુએ જાંબુના મ્હોટા મ્હોટા ઝાડો હતા, જેમાંના પાકેલા જાંબુ પવનના સપાટાથી પાણીમાં ખરી પડતાં હતાં. પહાડમાં કોઇ કોઇ ઠેકાણે કુદરતને હાથે બનેલી ગુફાઓ જણાતી હતી. આ સ્થાનની રમણીકતા એવી અલૌકિક તી કે વર્ષોના વર્ષો સુધી ત્યાં રહેનારને પણ કંટાળો આવેજ નહીં. પ્રભાત થવાથી સૂર્યનો તેજસ્વી પ્રકાશ પડવા માંડયો હતો. ઝરાના કીનારાપર એક બાજુએ વીજયે મહમદની ગાંસડી મૂકી એટલે ચતુરે તેને છોડયો. હજી તે બેશુદ્ધિમાંજ હતો, એટલે તેની કમરે

ખોસેલું ખંજર તથા તેની અઇઆરીની થેલી લઇ લીધા પછી તેને પગે એક નાની બેડી નાંખીને ચતુરે પોતાની પાસેની દવાથી તેને શુદ્ધિમાં આણ્યો. શુદ્ધિમાં આવતાંજ પોતાને આવા મનોહર અજબ સ્થાનમાં પડેલ જોઇ મહમદને એમજ લાગ્યું કે, 'તે પોતે મરી ગયો છે અને ફીરેસ્તાઓ તેને તે સ્થળે લઇ ગયા છે!' આમ વીચારી તે કલમા બોલવા મંડી ગયો. આથી ચતુરને હસવું આવ્યું અને તે બોલી ઉઠયો-" અજી મીઆં, તમે તો અમારા કેદી છો! જરા આમ તો નજર કરો!" મહમદે ચતુર તરફ ફરીને જોયું, ને તેને ઓળખતાં તેનો જીવજ જાણે ઉડી ગયો! કેતકીની મૂર્તિ તેની નજર આગળ આવી ખડી થઇ, અને તેની ખાત્રી થઇ ચૂકી કે તે વખતે કેતકીને હાથે બચી ગયો તે અહીં મોતના મ્હોંમાં પડવા માટેજ. ધાસ્તીએ તેના ગળામાં ડુચોજ મારી દીધો, અને તેના મુખમાંથી એક અક્ષર પણ નીકળી શકયો નહીં.

"હવે અહી ખાઓ, પીઓ ને મઝા કરો! ઘરબાર તમારૂં પોતાનુંજ માનજો! કોઈ વાતે મુંઝાતા નહી ને મુંઝવણ પડે તો અલ્લાહતાલાને યાદ કરજો! બંદગી, મીયાં બંદગી!" ચતુરે હસીને મહમદને જણાવ્યું, અને પૂરતી શુદ્ધિમાં આવે તે પહેલાં તો તેને ત્યાં પડયો રહેવા દઈ ચતુર અને વીજય પેલી ગુફા માર્ગે બહાર દરવાજાપર આવ્યા, એટલે ચતુરે કહ્યું-" ભાઇ, જેમ દ્વાર ઉઘાડવાની તને મેં ચાવી બતાવી છે, તેમ તે બંધ કરવાનું પણ તારે જાણવું જોઈએ! જો જેવી રીતે તેં આ સીંહની જીભ મુખમાંથી બહાર ખેંચી કહાડી તેવીજ રીતે તે પાછી મુખમાં હડસેલી દે!" વીજયે તેમ કીધું, ને સીંહના મુખમાં જીભ જતાંજ એક મોટા અવાજ સાથે દરવાજો જોરથી બંધ થઈ ગયો. તેઓ બંને જે આડે અવળે રસ્તે આવ્યા હતા તે રસ્તે પાછા નગર તરફ વળ્યા. માર્ગમાં ચતુરે વીજયને કહ્યું—" વીજય, હવે તારે ઘણા અગત્યના માહાભારત કામ બજાવવાના છે!"

" અને આ દાસ તૈયાર છે!" વીજય ઉત્સાહસહ બોલ્યો.

" જો ત્યારે આજે દરબારમાં જઇને માહારાજાને તારી તબીયત સારી નથી એમ જણાવી એક માસની નોકરીપરથી રજા લેજે! હું પણ તે વખતે તને માહારાજ રજા આપે એવી તજવીજ કરીશ!" ચતુરે જણાવ્યું-"પછી તું વેશ બદલીને શેરગઢ જઇ રહેજે, અને રાજય મહેલને લગતી ખબરો મેળવી મને જણાવ્યા

કરજે, અને લાગ આવે તો કપટના લુચ્ચા અઇયારોને કેદ પકડી આપણી આ ગુફામાં કેદ કરી મૂકજે!" આવી બીજી ઘણીક સમજુતી તેને આપી. એક પ્રહર દીન ચ્હડતાં તેઓ કુલીનના મહેલમાં જઈ પહોંચ્યા.

"કેમ તમને બહુ સમય લાગ્યો?" કુલીને ચતુરને પૂછ્યું.

"કુમાર, જે સ્થાને મહમદને કેદ કરી આવ્યા છીએ તે જરા દૂર પણ છે, અને તે સાથે વળી માર્ગ પણ વીકટ છે, એટલે સમય લાગેજ!" ચતુરે જવાબ આપ્યો.

"ભાઈ, વહાલી કાન્તાની સ્નેહભરી પત્રિકાપરથી જણાય છે કે, નીચ કપટના અઇઆરોએ તો આપણી ધારણા પાર પાડવાના માર્ગ આડે બહુ મુશ્કેલીઓ નાંખવા માંડી છે!" કુલીને નીરશાસહ જણાવ્યું–"ત્યારે અમારી આશા પાર નહીજ પડે!"

"કુમાર વળી આમ શું બોલો છો?" ચતુર બોલી ઉઠયો–"અરે એ લુચ્ચાઓને ગમે તેવી મુશ્કેલીઓ આપણા માર્ગ વચ્ચે નાંખવા દો, પણ ટુંક સમયમાં સઘળી દૂર કરી નાંખીશું! હું તેનીજ ગોઠવણમાં છું! જુઓ, મારો વીચાર તો એવો છે કે, ભાઈ વીજય થોડા દીવસો છૂપે વેશે શેરગઢમાં જઇ રહે! એ હશે તો મને મ્હોટી મદદ મળશે!" આમ જણાવી ચતુરે માર્ગમાં જે બીના વીજયને સમજાવી તે સઘળી કુમારને કહી, જે તેણે પણ મન ગમતી જણાવી. સર્વ ગોઠવણ નકકી કરી સ્નાન પુંજા વગેરે નિત્ય કર્મથી પરવારી તેઓ દરબારમાં ગયા, અને વીજયને થોડા દીવસ માટે નોકરીપરથી રજા આપવાની મહારાજાને અરજ કરી. માયાળુ રાજા જગતસીંહનો વીજય ઉપર પણ સારો સ્નેહ ભાવ હોવાથી તેની બીમારી સુધારવાને રાજયવૈદ્ય પાસે ઉપચાર કરવાની મહારાજાએ પોતાની ઇચ્છા દર્શાવી, પણ છેવટે કુલીન અને ચતુરના આગ્રહ ઉપરથી રજા આપી. અગત્યના કામ કાજે બજાવી દરબાર બરખાસ્ત થતાં કુમાર પોતાના પીતા સહીત મહેલમાં પધાર્યા, અને ચતુર વીજય સહીત પોતાને ઘેર જઈને તેને શેરગઢ રવાને કરવાની તૈયારી કરવામાં ગુંથાયો, અને સાંઝ પડતાં તેને બીજી કેટલીક સુચનાઓ કરીને રવાને કરી દીધો. બીજે દીને મહમદને કેદ કીધો હતો તે ગુફા બતાવવાને ચતુર કુલીનને લઇ ગયો. તે સ્થાન જોતાં કુમારને અનહદ આનંદ

થયો, ને બોલી ઉઠયો—" ભાઇ, આ સ્થાનની રમણીકતા જોતાં અંતઃકરણમાં કંઈ કંઇ વીચારો ઉત્પન્ન થાય છે !"

" ખરૂં છે કુમાર ! " ચતુરે જણાવ્યું—" પ્રથમ જ્યારે મેં આ સ્થાનને જોયું ત્યારે તમારા કરતાં વધારે અજાયબી મને પોતાને પણ લાગી હતી. પણ મારા પુજ્ય ગુરૂજીએ અત્રેની કેટલીક છૂપી અદ્દભુત રચનાઓના ભેદ મને જણાવી મારા મનનુ સમાધાન કર્યું હતું !"

" તે છૂપા ભેદો શું છે ? " કુમારે આતુરતાથી પૂછયું.

" તે પણ કોઇવાર સમય આવતાં જણાવીશ !" ચતુરે જવાબ આપ્યો. કુમારની આતુરતા અને અધીરાઇમાં આ જવાબથી વધારો થયો, અને તે પહાડી સ્થાનના છૂપા ભેદ જાણવાનો તેણે દ્રઢ ઠરાવ કીધો. આખરે કુમારના આગ્રહથી ચતુર તે ભેદ છૂપાવી શકયો નહીં, અને પોતાના ગુરૂજી પાસેથી જે કંઇ તેના જાણવામાં આવ્યું હતું, તે સઘળું કહ્યું, જેથી કુમારના આનંદનો પાર રહ્યો નહી. કુલીને ચતુર પાસેથી એવો શો ભેદ જાણ્યો તે જાણવાની જીજ્ઞાસા વાંચનારને થઈ હશેજ. પણ તે પૂર્ણ કરવાને આ સમયે અમે શક્તિવાન નથી, તે માટે વાંચનારે નીરાશ ન થતાં અમારી સંગે મુસાફરી ચાલુજ રાખવી. સમય આવતાં સઘળો પડદો ખુલી જઈ ભેદ ઉપર પોતાની મેળે પ્રકાશ પડશે. પહાડી ગુફાની ઘણા સમય સુધી સહેલ કરીને કુમાર અને ચતુર નગર તરફ પાછા ફર્યા. પોતાના મહેલમાં આવી માર્ગનો થાક ઉતારવા પવનની થંડી લેહેરો ભોગવવા અગાસીમાં બેઠા બેઠા બંને મીત્રો વાતચીત કરવામાં ગુંથાયા. તેમની વાતચીત તે વળી શી બાબતપર હોય ? કાન્તા શીવાય બીજી કઈ વસ્તુપર કુમારનું મન ટકે ?

" ભાઈ ચતુર !" કુમારે દ્રઢ ઠરાવપર આવી જણાવ્યું—"બસ, હવે અમારી અધીર બહુ વધી ગઇ છે, અને મનમાં એમજ થાય છે કે રાજા રામસીંહપર એકદમ ચઢાઈ કરી તેને બળથી મનાવીએ !"

" વાહવા ! ઊમદા વીચાર !" ચતુર હસીને બોલી ઉઠયો —" પ્રેમ ઘેલા કુમાર ! તમારા વીચારાનુસાર કામ લેવાથી પરીણામ શું આવશે, તેનો તમને કયાંથીજ હોય વીચાર !"

"શું પરીણામ આવશે? એ પરીણામ લાભકારકજ છે! જો રામસીંહ ઉપર વીજય મેળવીશું, તો વ્હાલી કાન્તાનુ સુખ મેળવીશું, અને લડાઇમાં પડીશુ તો આ વીરહાગ્નિની જ્વાળામાં સેકાવું પડે છે, તે અહ્રહ્ય સંકટમાંથી હંમેશ માટે મુકત થઈ મોતની શાંત નીંદ્રામાં પડીશું!" કુમાર ભાર દઈને બોલ્યો.

"કુમાર, કુમાર! આ શું વદો છો! શું ઘેલછા આવી છે!" ચતુર તેનો હાથ પકડી બોલી ઉઠયો—"આવોજ કાન્તાકુમારી તરફ તમારો દ્રઢ પ્રેમ? ખરા પ્રેમી થઇ કેમ ભૂલો છો?"

"શું ભૂલ્યો વળી?"

"તમારા પોતાના લાભનો માર્ગ તમે શોધી કહાડયો પણ તેથી જેને માટે તમે એટલી બધી ઝહેમત ઊઠાવશો તેની શી ગતી થશે તેનો કંઇ ખ્યાલ કીધો? તમારા એ લાભદાયી નિશ્ચયથી કાન્તાકુંવરીને લાભ શું થશે તે લાંબી નજરે જોયું? જુઓ તમારા વીચાર મૂજબ રાજા રામસીંહ ઉપર તમે વીજય મેળવો પણ તેથી કાન્તાકુંવરીને પણ તમો મેળવશો એની શી ખાત્રી? રાજા તમારી મુરાદ પાર ન પડે તે માટે શા માટે પોતાની પુત્રીને કોઈ સ્થળે નહસાડી ન મૂકે અથવા વખતે ખુનપર આવી જઈ, પ્રભુ એવું ન કરે, કદાચ કુમારીનુ તે ખુનજ કરાવી નાંખે તો પછી તમે શું કરો વારૂ? હાથ ઘસતા બેસી રહો કે બીજું કંઇ? વળી ધારો કે, રામસીંહ સંગે લડતાં પરીણામ કદી આપણી વીરૂદ્ધમાંજ આવ્યું અને કંઇ અનિષ્ટ થયું તો તમારા નામને રટતી અને ઇશ્વર તુલ્ય માની તમને પોતાના હૃદયમંદીરમાં સ્થાન આપી પૂજતી એ શરમાળ સુંદરીની હાલત કેવી થશે? કેમ હવે તમારા ઠરાવથી પરીણામ કેટલું લાભકારી આવશે તે સમજાયું?" ચતુરે ગંભીરાઈ સહ જણાવ્યું. આ સઘળું સાંભળી કુમાર ઉંડા વીચારમાં પડી ગયો. ચતુરનું કહેવું તેને વ્યાજબી લાગ્યું ને ગળગળે અવાજે તેણે કહ્યું—"ખરૂં છે મીત્ર, પણ શું કરૂં? વીરહની વેદના હવે અમારાથી સહન થઇ શકતી નથી, મતી મુંઝાઇ ગઇ છે, એટલે કયો માર્ગ લેવો તે સુઝતું નથી."

"કુમાર એટલેથીજ આમ છેક નીરાશ થવાનું શું કારણ છે? શું રંગ થાય છે તે તો જુઓ! મહમદને કેદ પકડયાથી દુશ્મનો પર શી અસર થઈ છે તે હું કાલે શેરગઢ જઈ જોઇ આવી પછી બીજી વાર તમને કુંવરી સમીપ તેડી જઈશ!"

"નહી, નહી ! હવે અમારૂ હૈયું વીયોગ દુઃખ સહી શકતું નથી ! આ સમયે તો અમે આવીશું ! મગતરાઓથી ડરી જઈને બાયલાની માફક ભરાઇ રહેવું અમારા સરખા હીંમતવાનને છાજે નહી ! " કુલીને પોત નો દ્રઢ નિશ્ચય જણાવ્યો.

" કુમાર, તમારો હઠ છે તો હું તમને તેડી જવાને તૈયાર છું, પણ આવતી કાલે તો નહીજ ! એક વાર મને ત્યાં જઈ દુશ્મનોની હીલચાલ તપાસી આવવા દો, અને એટલામાં તમે અહી એક કામ કરો ! મહારાજ પાસેથી શીકારે જવાની ચાર પાંચ દીવસ માટે આજ્ઞા લ્યો, એટલે પછી આપણી સરહદ ઉપર આપણે પડાવ નાંખી રહીશું, જ્યાંથી કાન્તાકુંવરીનો મહેલ ફકત ત્રણેક કોસ દૂર રહેશે, એટલે તમો બંનેની મુલાકાત થવાનું બહુ સહેલ થઇ પડશે ! " કુમારને ચતુરની આ સલાહ પસંદ પડી, અને ધીરજ આવી. ચતુર થોડી વાર પછી ત્યાંથી પોતાને ઘેર ગયો. એક બે દીવસ વીત્યાબાદ કુલીન પોતાના પીતા પાસેથી શીકારે જવા માટે આઠ દીવસની આજ્ઞા મેળવી પોતાના ખાસ નોકરો સહીત કીર્ત્તિપુર અને શેરગઢની વચ્ચેની સરહદપર પડાવ નાંખી રહ્યો.

પ્રકરણ ૭ મું.

અંધારી રાત્રીનું અઘોર કૃત્ય !—કપટનો પહેલો પાસો.

રાત્રીનો સમય હતો. કૃષ્ણપક્ષના દીવસો હોવાથી નભમંડળ માં ફકત તારા અને નક્ષત્રોનોજ પ્રકાશ હતો. પોતાના પ્રીયતમના વીરહમાં રાત્રીદેવીએ અંધકાર રૂપી કૃષ્ણાંબર ધારણ કીધાં હતાં. આ વખતે કપટ પોતાના શયનવાસમાં એકલો કંઇ ઉંડા વીચારમાં મશગુલ હતો. ઘડીકમાં તે પોતાના મહેલમાં આવવાના રસ્તા તરફની બારી તરફ જોતો તો ઘડીકમાં પોતાના ઓરડાના દરવાજા તરફ નજર કરતો, તો ઘડીકમાં ઉંડા વીચારમાં પલંગપર પડી આળોટતો હતો. તે કોઇના આવવાની રાહ જોતો હોય એમ જણાતું હતું. આવી અવ્યવસ્થિત હાલતમાં તેને વધુ વાર પડયો રહેવા દીધાથી આપણે કંઇ વધુ જાણી શકીએ તેમ નથી, કેમકે

તેનાં મુખમાંથી એક શબ્દ પણ નીકળતો નહોતો, એટલે તેની સ્થીતિમાં થતા ફેરફાર શીવાય બીજું કંઈ જણાય તેમ નથી. એકાએક ઓરડાનું બારણું ઉઘડ્યું, જેનો અવાજ થતાં કપટ ચમકી ઉઠયો, ને પેલા આવનાર પુરૂષ તરફ નજર કરતાં પલંગપરથી નીચે ઊતરી બોલ્યો—"કાસમ, આવતાં બહુ વાર લાગી કાંઈ? કેમ સીંહ કે શીયાળ?"

"અરે, હું તો સીંહ પણ નથી ને શીયાળે નથી! બે હાથને બે પગવાળો તમારા સરખો માણસ છું!" કાસમે કંટાળેલે અવાજે જવાબ આપ્યો.

"યાર, આવો જવાબ શું આપે છે? ખરેખર જણાવ કે આશા કે નીરાશાના સમાચાર?" કપટે અધીરાઈથી પુછ્યું. "ભાઇ, હવે ઉડાવવાની વાત જવાદે! બોલ મહમદની શું ખબર લાવ્યો?"

"મહમદની શું ખબર કહું મારૂં કપાળ?" કાસમે નીરાશા બતાવી. "યાર ચકોરીએ તો તોબાહ બોલાવી છે! એની ચાલાકી આગળ એકે પાસો સવળો પડતો નથી! એ એટલી જાગૃત બની ગઈ છે કે, કાન્તાના મહેલ અને બાગમાં ફરવું પણ મુશ્કેલ થઇ પડયું છે. મહમદની ભાળ મેળવવાને આજે બાગમાં કેટલી મુસીબતે દાખલ થયો, પણ કયાંઇ એનો તો પત્તો મળતો નથી! ચકોરી સંગે પેલો વળી ચતુર પણ કીર્ત્તિપુરથી અહીં દરરોજ આવે છે, એટલે હવે મારે એકલાને બેની સામે ટકકર લેવાનું છે!"

"ત્યારે હવે શો ઉપાય? શું કાન્તાકુંવરીની મારે આશા છોડીજ દેવી?" કપટે આતુરતાસહ પૂછ્યું.

"પણ અમો તમારે માટે બનતી તજવીજ કરવામાં શું પછાત પડીએ છીએ?" કાસમે કહ્યું—"જુઓ, મહમદ દુશ્મનોના હાથમાં સપડાયો તે પણ તમારેજ માટે! અમો તો અમારા જાનને જોખમે પણ તમારી કામના પાર પાડીશુંજ પણ તમને કહ્યું તેટલું તમે કરતા નથી, એટલે અમારી મ્હેનત પણ ફોકટ જાય છે, અને પછી તમે અમારાપર દોષ મૂકો તે કેમ બને?"

"મેં શું નહી કીધું? તમે માગો તેટલી મોહોરો તમને ખરચવાને આપું છું, અને તમો જેમ કહોછો તેમ તો કરૂં છું!"

"એકલી મોહોરો ખરચી તેમાં શું વળે? સઉથી અગત્યનું જ પહેલું કામ તમે હજી કયાં કીધું છે? અમે મહેનત કરીને

મરીએ તોપણ આપણા માર્ગ વચ્ચેની જે મુખ્ય મુશ્કેલી છે તે તો એમની એમજ રહે છે! બોલો, જો તમારે કાન્તાકુંવરી મેળવવીજ હોય તો અમે કહ્યું તે કામ પહેલાં પાર પાડો!" કાસમે ભાર દઈને જણાવ્યું.

"કયું કામ?" કપટે ઉતાવળે પૂછ્યું.

"હજી હમણાં ઉંઘ ઉડે છે કે? તમારા પીતાને આ દુની-આમાંથી દૂર કરવાનું તમને કેટલા દીવસ પહેલાં કહ્યું હતું તે કામ ઉકેલ્યું કે? કેમ બોલતા નથી? હું સાફ કહું છુ કે જ્યાંસુધી તમારા પીતા આ દુનીયામાં છે, ત્યાંસુધી આપણો એકપણ પાસો સવળો પડનાર નથી!" કાસમે સાફ જણાવ્યુ.

"પણ હું તે કામ પાર પાડવાને તું કહે ત્યારે તૈયાર છું!" કપટે અચકાતાં અચકાતાં કહ્યું.

"વાહ! હજી તો હું કહું ત્યારે કે? તે દીને કહ્યું હતુ તે બધું પાણીમાંજ ગયું કે? ઠીક હું તો કહું છું કે, અત્યારેજ તમારા પીતાને મારી નાખો તો કાલે સવારથી તમારી કામના પાર પાડવાના માર્ગમાં નડતી મુશ્કેલીનો અરધો હીસ્સો ઓછો થઇ ગયલો સમજવો!" કાસમે ધીમે રહીને જણાવ્યું. કપટ થોડી વાર મુગોજ રહ્યો. પોતાના પીતાને કેવી રીતે મારી નાંખવો તે કંઈ તેને સુઝયું નહી. તે મહા મુંઝવણમાં પડયો, ને બોલ્યો —"કાસમ, અત્યારે નહી! એક બે દીવસ પછી વાત!"

"બસ, એમજ વાતમાં સમય ગુમાવજો, એટલે તમારો બેડો થઇ ગયો પાર!" કાસમે ડોકું ધુણાવતાં કહ્યું—"મારા મહેરબાન, તમારા પીતાનો કાંકરો તો અત્યારેજ દૂર કરો!"

"પણ અત્યારે આપણે તે માટે તૈયાર નથી થયા તે?"

"એમાં તૈયાર શું થવાનું હતું વળી? અત્યારે ધારો તો તે કરી શકો તેમ છો!"

"કેવી રીતે? આવા મહાભારત કામ માટે આપણે કંઈ પણ ગોઠવણ તો કરવીજ જોઇએ!"

"એમાં ગોઠવણ શું કરવાની હતી? ધાર્યું કામ ગમે ત્યારે ન કરી શકીએ તો આપણે ચાલાક શા કામના?"

"તોપણ અત્યારે આપણી પાસે કયું સાધન છે? કંઈ તલવાર કે ખંજરનો એ કામમાં ઉપયોગ કરાય તેમ છે?"

"અરરરર! હુશીઆરનો તે કોઈ દહાડો ઉપયોગ એવા કામમાં કરવાનો મનમાં ખ્યાલે કરાય? એ માટે બીજા રસ્તા ક્યાં નથી?" કાસમે જણાવ્યું ને પોતાની અઇઆરીની થેલીમાંથી એક નાની શીશી કહાડી કપટને બતાવતાં કહ્યું—"જુઓ, આ શીશી માંથી ફક્ત બેજ ટીપાં આપણું કામ પાર પાડવાને પૂરતાં છે!" કપટ અજાયબીથી થોડી વાર સુધી કાસમ તરફ એક ટસે જોઈજ રહ્યો, ને પછી દબાયલે અવાજે પૂછ્યું—"આ શીશીમાં શું ઝેર છે?"

"હા અને તે પણ વળી કેવું કે શરીરમાં એનાં એક બે ટીપાં દાખલ થતાંજ એની એવી ચમત્કારિક અસર થાય છે કે, માણસ મીઠી નીદરમાં પડે છે, જેમાંથી પાછો જાગવાની આશા જ રાખવી નહી! નથી થતી એની કશી વેદના, અને નથી પડતી એ વિષેની કોઇને ખબર! કેમ તમારા પીતાને માટે આ સાધન કેવું સરસ છે?" કાસમે ભાર દઈને પૂછ્યું.

"એવી ચમત્કારિક અસર આ ઝેરમાં છે?" કપટે અજા-યબી બતાવી.

"એમાં શો શક! લ્યો આ શીશી હાથમાં ને ખુદાનું નામ લઇ કામ પાર પાડવા થાઓ તૈયાર!" શીશી કપટના હાથમાં આપતાં કાસમે જણાવ્યું. તે કંપ્યો. તેના આખે શરીરે પરસેવો વળ્યો, છતાં પણ પોતાના મનની નબળાઇ કાસમના જાણવામાં આવતાં તે ગુસ્સે થઈને ચાલ્યો જાય, ને પોતાને કાન્તા માટે હંમેશ માટે નીરાશ થવું પડે, એવો ખ્યાલ આવતાં તેણે જેમ તેમ કરીને હીંમતથી દ્રઢ થઇ શીશી હાથમાં પકડીને આમતેમ ફેરવીને તેમાંનો પ્રવાહી પદાર્થ ધારી ધારીને થોડી વાર સુધી જોયા પછી દબાયલે અવાજે કહ્યું—"ત્યારે હવે કાલે સવારેજ પીતાજીના ભોજનમાં આમાંથી થોડુંક ઝેર ભેળવી દઇશ!"

"કાલે સવારે શું અત્યારેજ એનો ઉપયોગ કરી આપણાં માર્ગ વચ્ચેની મુશ્કેલી દૂર કરવી જોઈએ! આ ઝેર કંઇ ભોજન સાથે ભેળીને આપવાનું નથી." કાસમે ધીમે પણ ગંભીર અવાજે જણાવ્યું—"નીંદ્રામાં પડેલા માણસના કાનમાં આ ઝેરનાં ફક્ત બે ટીપાં નાંખ્યા એટલે કામ પાર અને ધારી અસર થતાં ન લાગે વાર, ને વળી કશી એ સંબંધી કોઇને ખબર પણ ન પડે તલ-ભાર, કેમ હવે બોલો શો છે વીચાર? ચાલો થઈ જાઓ તૈયાર!"

કપટ દીંગમૂઢ સરખો ઉભોજ રહ્યો. તેના શરીરમાંથી જાણે હાલવા ચાલવાની શક્તિ જતી રહી હોય તેમ તેના ગાત્ર શિથીલ થઈ ગયાં ને તે કાસમ તરફ એક ટસે જોઈ રહ્યો. તેની આવી હાલત જોઈ કાસમે કહ્યું—"કેમ મહેરબાન, હીંમત ચાલતી નથી કે? આવું નજીવું કામ કરવા જેટલું જીગર પણ નથી ધરાવતા તો પછી કાન્તાકુંવરી કેમ મેળવશો?"

"કાસમ, એવું અઘોર કામ કરતાં મારી હીંમત ચાલતી નથી! મારા પીતાનું હું મારે હાથે ખુન કરૂં? નહી--નહી! મરૂં હૈયું એ કબુલ કરતું નથી! આ શીશી મારા હાથમાં પકડતાં આખાં શરીરમાં કંપારી છૂટે છે! એ અઘોર કામ--" કપટે ગળગળે અવાજે કહ્યું, પણ તેનુ બોલવું સમાપ્ત થાય તે પહેલાં કાસમ તેનો હાથ પકડી હીંમત આપવા બોલ્યો--"કપટરાય, કપટરાય! છેક નાહીંમત શું થઈ જાઓ છો? તમારી મરદાનગીને નામોશી ન લગાડો! કાન્તાકુંવરીનો ઈશ્ક ભૂલી ગયા! તમારા ભલાં માટે, તમારા સુખ માટે તમારા પીતાને તમે મારી નાંખો તેમાં અઘોર પાપ શેનું વળી? એ તો આખી આલમમાં એમજ ચાલતું આવેલું છે! જુઓ તવારીખો તપાસો તો શું જોશો? ફલાણા શાહજાદાએ પોતાના પીતા શાહેનશાહનું ખુન કરી રાજ્ય ગાદી મેળવી, ને ફલાણો શાહજાદો પોતાના પીતાને ઝેર આપી શાહેનશાહ થયો, એવા ઘણા દાખલાઓ તમને મળી આવશે! એ સઘળાઓએ પોતાનાં સુખ માટેજ તેવું કીધું હતું ને? એ તો એમજ ચાલે!" કપટને કંઇક હીંમત આવી, તોપણ હજી તેનું મન ઢચુપચુ થતું હતું. તેણે ધ્રુજતે સાદે જણાવ્યું--"કાસમ, તારૂં કહેવું ખરૂં છે, તોપણ એ કામ કરવાને મારા હાથ કંપે છે!"

"બસ, તમારામાં કેટલી હીંમત છે તેની કીંમત થઈ ગઇ હવે!" કાસમે ટકોરમાં કહ્યું—"જે કામ પહેલુંજ કરવાની જરૂર છે, તે તો કરી શકતા નથી. ત્યારે હવે પછી એથી પણ વીકટ કામો તમે શું કરી શકશો? તમે આશક ખરા! આશકના કીસ્સાઓ તમે હજી નથી જાણતા, એમજ લાગે છે! મજનુ લયલી માટે કેવો હેરાન થયો હતો! એ તે ખરાં આશક માશુક! બીજા તમો! કાન્તાકુંવરીના તમે જો ખરા આશક હો તો તેણીને મેળવવા માટે કોઇ બી કામ કરતાં જરા અચકાઓ નહી!" કાસમના કહેવાની કપટ ઉપર હવે અસર થઈ. પાપની ખાઈ

જોઈને મુસાફરીમાં આગળ વધતો અટકી ગયલો ચંચળ ચીત્ત અશ્વ કાન્તાકુંવરી તરફના મોહરૂપી બળવંત સ્વારનો મજબૂત હાથ પડતાં તે ખાઇ ફુદાવી ગયો. કપટનાં પાપી હૈયામાંથી ભય દૂર થઇ ગયો, અને પાપી પુત્ર પોતાના પીતાને મારી નાંખવાને તૈયાર થયો. તે ઉતાવળો બોલી ઉઠયો—" બસ, તૈયાર છું કાસમ, તારી સલાહ મૂજબ પીતાજીને આ ઝેરથી અત્યારેજ આ દુનીઆમાંથી હમેશ માટે દૂર કરવાને હું તૈયાર છું! કાન્તા, મનમોહન સુંદરીનો હું ખરો આશક છું, અને મારી એ હૃદયદેવીને આ છાતી સાથે ચાંપવાની વચ્ચે નડતી દરેક મુશ્કેલીઓ દૂર કરવાની મારામાં પૂરતી હીંમત અને સીંહ સરખું બળ ધરાવું છું! હુ પાછો આવું ત્યાંસુધી તું અહીજ રહેજે!" આમ કહી કપટ ગયો, પણ પોતાના શયનવાસનો ઉંબર ઓળંગતાં પહેલાં તેના નબળા મનમાં વળી બીજી ધારતી પેદા થઇ અને પાછો ફરી કાસમ પાસે આવી તેણે કહ્યું--" યાર, તું પણ મારી સાથેજ ચ.લ!"

" કેમ આટલી બધી હીંમતથી ગયા હતા ને પાછા કેમ ફર્યા? આટલામાં હીંમત હારી ગયા શું? મારૂં વળી સાથે શું કામ છે?" કાસમે પૂછ્યું.

" એક કરતાં બે ભલા! તું સાથે ચાલે તો મને પણ જરા હીંમત આવશે! વળી જો પીતાજીના મહેલમાં અત્યારે જતાં પહેલાં તેમની દોઢીપરના પહોરેગીરો આ સમયે મને જોઈ અજાયબ થઇ કદાચ ચેતી જાય તો?" કપટે શંકા બતાવી—" જોકે તેઓ મને રોકી શકે તેમ નથી, તોપણ આવી મોડી રાત્રીએ હું શા માટે જતો હઈશ, તે માટે તેમને શક જતાં મારી હીલચાલ તપાસે તો આપણો ભેદ ખુલ્લો પડી જાય!"

" કંઇ ચીંતા નહીં! લ્યો મારી પાસે બેહોશીની ભુકી છે, તે તેમને સુંઘાડજો, એટલે ક્ષણ વારમાં તેઓ બેભાન થઈ પડશે. પછી તમને કશી હરકત નહીં નડે!" આમ કહેતાં કાસમે પોતાની અઈઆરીની થેલીમાંથી એક દાબડી કહાડી કપટને આપી.

" એ મારાથી નહી બને! એ તો તમો અઈયારોનુંજ કામ! કાસમ, તુંજ મારી સાથે ચાલ!" કપટે જણાવ્યું, અને તેનો હાથ ખેંચી ચાલ્યો, પણ વળી યાદ આવતાં તે ઉભો રહી ગયો,

ને બોલ્યો—"આપણે આ વેષે જવું વાજબી નહીં ! કદાચ મહેલમાં જતાં અંદરનું કોઈ માણસ જાગૃત હોય ને આપણને ઓળખી કહાડે, માટે આપણે કાળા જભાઓ તથા મુખ ઉપર બુરખા પહેરી લઇએ કે પછી આપણને કોઇ જુએ તોપણ ઓળખી શકે નહીં, અને નહાસી જવાનું પણ સુલભ થઇ પડે !"

"અરે શું જરૂર છે ? ચાલોને મહેલમાં હું તમારી સાથેજ આવુંછું ! જે માર્ગમાં મળશે તેને બેહોશજ કરતા જઇશું !"

"તોપણ પાણી પહેલાં પાળ બાંધવી સારી !" આમ કહી કપટે પગથી તે માથા સુધી આખું શરીર છૂપાઇ જાય એવો કાળો ઝભો પહેરી મહોડા ઉપર પણ બુરખો નાંખી દીધો. કાસમે પણ તેમજ કીધું, અને અઘોર કૃત્ય કરવાને કાળાં અંતઃકરણના આ બે માનવીઓ કાળા પોશાકમાંજ અંધારી રાત્રીએ મહેલની બહાર નીકળ્યા. વાંચનારને આ સ્થળે જણાવવાની જરૂર છે કે, તેજ બાગમાં બીજા ભાગ ઉપર કપટના પીતાનો જુદો મહેલ હતો. રાત્રીના અંધકારમાં તેઓ ઝાડોની ઓથે ચાલતાં મહેલથી થોડેક દૂર સુધી પહોંચ્યા એટલામાં વજીરના મહેલના દરવાજા ઉપર પહોરો ભરતા સીપાઈઓમાંથી એક સામેથી આવતો જણાયો. આથી તેઓ એક બાજુ સંતાઇ ઉભા રહ્યા, અને જેવો તે સીપાઇ તેમની આગળથી પસાર થયો તેવોજ પાછળથી જઈને કાસમે પોતાની પાસેની બેહોશીની દવા તેને સુંઘાડી દીધી, જેની અસરથી તે તત્કાળ બેહોશ થઇ જમીનપર પડયો, એટલે કાસમે કપટની મદદથી તેને ખસેડીને એક બાજુએ સુવરાવી દીધો. પછી તેઓ આગળ ચાલ્યા ને મહેલના દરવાજા ઉપર આવતાં એક બીજા પહોરેગીરને એક ખુણામાં ચલમ ફુંકતો બેઠેલો જોયો. તે પહોરેગીરપર નીંદ્રાદેવીએ પોતાનો કાબુ બેસાડવાની શરૂઆત કરી હતી છતાં પોતાની ફરજ બજાવવાને મહા મહેનતે જાગૃત રહ્યો હતો. કાસમે ચાલાકીથી તેની પાછળ જઇને પોતાના હાથમાંની ભુકી તેની ચલમમાં નાંખી દીધી જેનો ધુમાડો તેના શ્વાસમાં જતાં તે પણ એક ઝોંકો ખાઇ જમીનપર ઢળી પડયો. તરતજ તેઓ મહેલમાં દાખલ થઇ ગયા, અને ધીમે પગલે ચાલતાં કેટલાક ઓરડાઓ ઓળંગી ઉપર ગયા. બીજે માળે પહોંચ્યા પછી તેઓ એક ઓરડામાં આવી પહોંચ્યા, જેમાં

સામેનું એક બારણું બંધ જણાતું હતું. અહીં ઉભા રહેતાંજ કપટે કાસમને ધીમે અવાજે કહ્યું—"આની અંદરના ઓરડામાં પીતાજી સુવે છે, પણ આ દરવાજો અંદરથી બંધ હશે તો?"

"પણ આ બારણું ઉઘાડવાની જરૂર શું છે? આ બારી ક્યાં નથી? ચાલો આ બારી વાટે બહાર છજાપર ઉતરી અંદરની બારી મારફત ઓરડામાં દાલખ થઈ જાઓ. હું અત્રે ઉભો છું!" કાસમે બારીમાંથી જોતાં જોતાં જણાવ્યું. કપટે બારી આગળ આવી બહાર નજર કરી. કાસમના કહેવા મૂજબ બારી વાટે પોતના પીતાના શયનગૃહમાં દાખલ થવાની તેની હીંમત ચાલી નહી. ઉતરવું કે નહી તેના વીચારમાં તે સ્તબ્ધ થઇ ઉભો રહી ગયો એટલે કાસમે કહ્યું—"કેમ, વળી કેમ ઉભા રહી ગયા? આ સમય આમ વીચાર કરતાં ઉભા રહેવાનો છે? આ તો તમે તમારી સાથે બીજાને પણ ફસાવશો! ચાલો ઝડપથી ઉતરી જાઓ!"

"પણ આ બારીમાંથી કેમ ઉતરાય? પેલી બારી સુધી જવાને હાથ ટેકવવાને આધાર કંઇ નથી! છજાપર પગ તો મૂકાય તેમ છે, પણ આધાર વગર ચાલતાં વજન ન રહે તો?" કપટે ધાસ્તીસહ કહ્યું—"ચાલો એ આપણાથી નહી બને! પીતાજીને મારે નથી મારવા!" આમ કહી કપટ દાદર તરફ વળ્યો. આ જોઇ કાસમે તેનો હાથ પકડી અટકાવીને કહ્યું—"કપટરાય, આમ છેક બાયલા કેમ બની ગયા? તમારી સઘળી હીંમત ક્યાં ગઇ? આમજ કાન્તાકુંવરીપર આશક પડયા છો કે? આવો હું પહેલાંથી ઉતરીને તમારો હાથ પકડી તમને ઓરડાની અંદર લઇ જાઉં છું!" આથી કપટની ગયલી હીંમત પાછી આવી. કાસમ તરતજ બારીની બહાર છજાપર ઉતરી પોતાનો ફેંટો છોડી તેનો એક છેડો બારીના મજાગરાં સાથે બાંધી બીજો છેડો પકડી બીજી બારી સુધી પહોંચ્યો ને ઓરડાની અંદર મોહનરાયને શય્યાપર ઘોર નીંદ્રામાં પડેલો જોઇ કપટને પણ પોતાની પાછળ આવવા ઈશારત કરી. કપટ પણ હીંમત કરી બારીની બહાર ઉતરીને પોતાના પીતાના શયનવાસમાં દાખલ થયો. હવે તેની હાલત એકાએક બદલાઇ ગઇ. તેની હીંમત પાછી જતી રહી. તેનું આખું શરીર થરથર ધ્રુજવા લાગ્યું અને તે એક ડગલું પણ આગળ ભરી શકયો નહી. બારીની બહાર ઉભા ઉભા કાસમે ઇશારતથી તેમજ હડસેલાં મારીને આગળ વધી કામ પાર પાડ-

વાને સમજાવ્યો, અને આખરે થાકીને તે પણ અંદર કુદી પડયો ને ઉતાવળે પણ ધીમે પગલે મોહનરાયની શય્યા સુધી પહોંચી તેણે તેને બેહોશીની ભુકી સુંઘાડી દીધી, ને પછી કપટ પાસે આવી ધીમેથી તેના કાનમાં કહ્યું—" કેમ વળી આમ બાયલા બની ગયા ? લ્યો મેં બેહોશ કરી નાંખ્યા છે, માટે હવે ધાસ્તી વગર આ દવા એમના કાનમાં રેડી આવો ;" મધ્ય રાત્રીનો સમય હોવાથી મોહનરાયના શયનવાસમાં ઝાંખો દીવો બળતો હતો. પવન પણ તદ્દન બંધ પડી ગયો હતો. સર્વ સ્થળે શાંત જણાતું હતું. મોહનરાય પણ કાસમે સુંઘાડેલી બેહોશીની ભુકીની અસર તળે ઘોરતો હતો. તોપણ પાપી કપટની હીંમત તેના પલંગ સમીપ જવાને ચાલી નહી. તેના પગ જાણે બારી આગળજ જમીન સંગે જડાઈ ગયા હોય તેમ કાસમના હડસેલાં ખાવા છતાં પણ ત્યાંથી એક તસુ પણ તે ચસી શકયો નહીં. " અરે હવે અહીં કોનો ભય છે ! કપટરાય, આમ મૂઢ કેમ બની ગયા ! ચાલો આ સમય આમ હીંમત ખોવાનો નથી ! પલક વારમાં સઘળી બાજી ધુળ મળી જશે ને આપણી મહેનતપર પાણી વળી જશે ! " કાસમે કપટના કાનમાં કહ્યું.

" મારાથી એ કામ નહી બને ! ચાલો આપણે પાછા ચાલ્યા જઈએ ! "કપટે દબાતે અવાજે જણાવ્યું.

"આ શું ? આખો સમુદ્ર તરી આવીને ખાબોચીઆમાં ડુબી મરવું છે ? " કાસમે કહ્યું—" જાઓ ખુદાનું નામ લઈ હીંમતથી કામ પાર કરો ! એક બે પળ હીંમત પકડો ! " કપટ વળી દ્રઢ થયો ને ત્યાંથી બે ચાર પગલાં આગળ ચાલી પાછો અટકી ગયો અને મૂર્છા ખાઈ જમીનપર પડતો હતો એટલામાં સારે નસીબે કાસમની તેનાપર નજર પડતાં તેણે તેને પકડી લઇ અવાજ ન થાય તેમ ધીમેથી સુવરાવી દીધો ને વધુ વખત ન ગુમાવતાં તેના હાથમાંની ઝેરની શીશી લઇ તરતજ તેણે મોહનરાયના કાનમાં તેમાંથી બે ત્રણ ટીપાં રેડી દીધાં ને ફરી કપટ પાસે આવી તેને ઢંઢોળીને ઉઠાડતાં પણ તે ન ઉઠવાથી પોતાની થેલીમાંથી લખલખું કહાડી તેને સુંઘાડયું જેથી કપટ શુદ્ધીમાં આવ્યો ને ઝબકી બેઠો થયો. તે કાંઇ મ્હોટેથી બોલવા જતો હતો, પણ કાસમે તેને મહોડે હાથ દઇ બોલતો અટકાવી ધીમેથી કહ્યું--" ચાલો

કામ પાર થયું! એક પણ શબ્દ ન બોલતાં ચાલો, પછી બધો ખુલાસો કરીશું!" તરતજ જે રસ્તે તેઓ આવ્યા હતા તે રસ્તે મહેલની બહાર નીકળી કપટને મહેલે ગયા, અને બાકીની રાત્રી નીંદ્રા લેવા કપટ લોથ થઈ પોતાના પલંગપર પડયો. કાસમ પણ ત્યાંજ એક બાજુએ કોચપર નીંદ્રા લેવાને પડયો. કાસમ દ્રઢ મનનો હોવાથી તેમજ તેણે તો હજ્જારો અઘોર પાપ કરેલાં હોવાથી તેને તો નીંદ્રા આવતાં વાર લાગી નહીં, પણ કપટને ઉંઘ આવી નહીં. સવારે તેના પીતાને બીછાનામાં મરણ પામેલો જોતાં કોઇને શક જશે, અથવા કોઈએ તેને જોયો હશે તો કેમ થશે? વગેરે અનેક વીચારોએ તેને હવે વધુ ગભરાટમાં નાંખી દીધો. ટુંકમાં આખી રાત્રી કપટે ઘણીજ ખરાબ હાલતમાં પસાર કરી, અને મળસકું થતાં પહેલાં તો તેણે ઉઠીને ઘોરતા કાસમને જગાડયો ને ગળગળે અવાજે પૂછ્યું—"કાસમ, કદાચ આપણને કોઇએ દીઠા હશે અને પીતાજીના મરણની ખબર પડતાં આપણું પાપ પ્રગટી નીકળશે તો?"

"તમારા જેવા ડરપોક તો મેં કોઇ દીઠાજ નહી!" અરધી જાગૃત હાલતમાં કાસમે કંટાળીને જવાબ આપ્યો—"નીરાંતે ઉંઘી જાઓને! કોઇ પૂછતું એ નથી!" આમ કહી તે પાછો નીંદ્રામાં પડયો. કપટ થોડી વાર સુધી મુંગોજ રહ્યો, પણ જેમ જેમ સવારનો પહોર થતો ગયો તેમ તેમ તેનું હૈયું હાથ રહ્યું નહીં. કાસમ તો હજી નીરાંતે ઉંઘતોજ હતો. ફરી તેને કપટે જગાડયો—"કાસમ ઉઠ! અરે, કોઈ મને આવીને પીતાજીના મરણ માટે પકડશે તો હું શું જવાબ આપું?" કાસમ આંખો ચોળતો જાગીને બોલ્યો-"પણ તમને પકડવા કોણ આવે છે? તમે તમારે મોઢેથીજ એ આરોપ તમારાપર ખેંચી લેશો એમ જણાય છે, ને સાથે મારી પણ ગરદન કપાવશો! આવા નાદાન છો એવું જો મેં પહેલાંથી જાણ્યું હોત તો તમો સરખા ડરપોક માટે અમારા જાનપર નાહકની આટલી ઝહેમત ઉઠાવત નહીં! અમારી સાથે રહીને એટલી ચાલાકી પણ ન આવડી! મરણની ખબર તમારી પાસે કોઇ પણ લઇ આવે કે તે સાંભળીને જાણે તમને ઓચીંતો ધ્રાસકો લાગ્યો હોય તેમ બેહોશ થઇ પડજો! પછી તમને ઉપચારો કરી જાગૃત કરવામાં આવે કે હાંફલા ફાંફલા થઈ બૂમરાણ ને હાયપીટ તથા રડાકુટ કરતા તમારા પીતાના

શબ આગળ દોડી જજો! જાણે તમારા પીતાનું એકાએક મરણ નીપજવાથી ગાંડા ઘેલા બની ગયા હો એવું ડોળ ઘાલજો કે પછી કદાચ આપણને કોઇએ જોયા હશે છતાં તેને પણ વહેમ નહી જાય અને તેની પણ કહેવાની હીંમત નહી ચાલે! જુઓ, મારી એ સઘળી સલાહ ધ્યાનમાં રાખી તે મૂજબ વેષ ભજવજો તો આપણી સામે કોઇ આંગળી પણ કરી શકશે નહીં!" આ ઉપાય કપટને ગળે ઉતરી ગયો. "વળી એક કામ કરો! તમે હમણાં જાણે ઉંઘતા હો તેમ આંખો બંધ કરી પડી રહો, અને તમને કોઇ આવી જગાડે ત્યારેજ જાણે જાગી ઉઠયા હો તેવું ડોળ કરજો, એટલે ઉપલો વેષ ભજવવાને તમને બહું સહેલું પડશે!" કાસમે સલાહ આપી—"હવે હું જાઉં છું!"

"ના, ના કાસમ તું અહીં હોઈશ તો મને ઠીક પડશે! કદાચ કોઈ વાતમાં મારી ભૂલ પડે તો તે વખતે મને ચેતાવી સાવધ કરવાને તારે તો મારી પાસે રહેવાની જરૂર છે!"

"નહી! હું તમારી પાસે હઇશ તો વાત વીફરી જશે! મને તો જવાદો! હું બહારથી સઘળી ખબર રાખીશ!" કાસમે જણાવ્યું, ને વીદાય થયો. કપટ પણ કાસમે શીખવેલા પાઠ મૂજબ પલંગપર આંખો મીચી પડી રહ્યો. આ વખતે છ વાગ્યાનો સમય હતો. સમય જતાં મોહનરાયના બીછાનામાંજ મરણ પામવાની ખબર બહાર આવતાં કપટે કેવો ઢોંગ ભજવ્યો તેનું લંબાણ વર્ણન કરી વાંચનારને કંટાળો ન આપતાં ટુંકમાં એટલુંજ જણાવવું પૂરતું છે કે કાસમે શીખવ્યા મૂજબ કપટે ઢોંગ ભજવવામાં કશી કચાસ રાખી નહી, અને તેથી મોહનરાયના મરણ વિષે કોઇને કશી વાતનો જરાપણ વહેમ ગયો નહી. રાજા રામસીંહને પણ પોતાના માનીતા સલાહકાર વજીરના મરણ માટે બહુ દીલગીરી લાગી, અને તેના મરણના શોકમાં તેણે કેટલાક દીવસ સુધી પોતાની દરબાર ભરી નહી. પાપી કપટે નીચ કાસમની સલાહ મૂજબ જાહેરમાં તો પોતાના પીતાનાં મરણનો શોક પાળ્યો અને બાર દીવસ સુધી તો તે ઘરમાંથી બહાર પણ નીકળ્યો નહી અને તેની ઉત્તરક્રીયા પણ એક સપુતની માફક કરી દાન, ધર્મમાં પણ પુષ્કળ પઇસો ખરચી નાંખ્યો. કેટલાક દીવસ સુધી તો જે કોઇ તેને દીલાસો આપવા આવતો તેની સમક્ષ તે પોકેપોક રડતો, પણ રાત્રી પડતાં તેનો સઘળો શોક જતો રહેતો, અને કાસમ સાથે બેસી તે કાન્તાને મેળવવાની તેમજ કુલીન અને ચતુરને કેદ પકડવાની મસલત કરતો હતો.

પ્રકરણ ૮ મું.

પ્રેમીઓનું મીલન-અણધાર્યું વીઘ્ન.

સંધ્યાકાળનો સમય હતો. આખા દીવસની મુસાફરીનો થાક દૂર કરવાને સૂર્યનારાયણ પોતાના શયનવાસમાં પધારી ગયા હતા. સંધ્યાદેવીએ પોતાની સખી રાત્રીને શણગારવા માંડી હતી. આ સમયે શીકારને બહાને શેરગઢની સરહદપર પડાવ નાંખીને પડેલો કુલીન પોતાના તંબુના દ્વાર આગળ બીછાવેલા ગલીચા ઉપર એકલો ઉંડા વીચારમાં બેઠો હતો. પહોરેગીરો તંબુની આસપાસ પહોરો ભરતા હતા. બાકીનાં માણસો પોતાનું ભોજન કરવામાં રોકાયલા હતા. હજી પશ્ચિમ આકાશમાં સંધ્યાદેવીની લીલામાનો પ્રકાશ જણાતો હતો, એટલામાં ચતુર આવી કુમારની પાસે બેસી ગયો ને તેને ખભે હાથ મૂકી બોલ્યો—"કેમ કુમાર, શા ઉંડા વીચારમાં છો?" કુલીને પાછળ ફરી ચતુરને જોતાં આતુરતાથી પૂછ્યું—"ભાઇ, વ્હાલી કાન્તા તરફથી શા સમાચાર લાવ્યો?"

"કુમાર, આજે તો કાન્તાકુંવરીની મુલાકાત લેવાનો સમયજ નહી મળ્યો કેમકે, કપટની હીલચાલ તપાસવામાં હું રોકાયો હતો!" ચતુરે જણાવ્યું—"પાપી કપટે કાસમની સલાહથી પોતાના પીતાને ઝેર દઇ મારી નાંખ્યો છે! અને એક રીતે તેથી આપણને ફાયદોજ થયો છે કેમકે, આપણે માટે રાજા રામસીંહને ભંભેરનાર મોહનરાયજ હતો, પણ મારા સાંભળવામાં આવ્યું છે કે, બે ત્રણ દીવસ પછી રાજા રામસીંહ કપટને દીવાનગીરી સોંપનાર છે!"

"એ તો એક મ્હોટી મુશ્કેલી ઉભી થઇ! દીવાન થતાં કપટ તો આપણે માટે રાજાને વધુ ભંભેરશે!" કુલીને ભય બતાવ્યો.

"છટ, એને તો આપણે સહેલાઈથી પહોંચી શકીશું! એની કંઇ દરકાર કરવીજ નહી!" ચતુરે જણાવ્યું—"પણ મને તો હવે રાજા રામસીંહની જીંદગી માટે ભય લાગે છે કેમકે, જેવી રીતે કપટ પોતાના પીતાને મારી નાંખતા અચકાયો નહી, તેવી રીતે તે પોતાની નીચ વાસના પાર પાડવાની આશામાં

ત્માને પણ મારી નાંખવાની તજવીજ કરે એ સંભવીત છે! અને તેથી મેં પણ એવો ઠરાવ કીધો છે કે, હાલમાં બે ત્રણ દીવસ કાન્તાકુંવરીના મહેલમાં ન જતાં હું પણ દરબારમાં એ પાપીઓની હીલચાલની તપાસ રાખીશ, અને એ અરસામાં જો તક મળશે તો કુંવરીને પણ મળીશ."

"એ બધું તો ખરૂં પણ હવે અમને કુંવરીનો મીલાપ ક્યારે કરાવશો ભાઈ!" કુલીને દ્રઢતાસહ જણાવ્યું—"બસ! આજે રાત્રીએજ આપણે જઇશું!"

"કુમાર, આટલા દીવસ ધીરજ રાખી તો હવે થોડા દીવસ વધુ રાખો! ઉતાવળે આંબા પાકતા નથી!" વગેરે કહી ચતુરે તેને બહુ સમજાવ્યો પણ તેણે કંઇ પણ માન્યું નહીં, એટલે થાકીને તેણે કહ્યું—"ઠીક, તમારી જ્યારે એવીજ ઇચ્છા છે તો ચાલો!" તરતજ કુમારે પોતાના તંબુમાં જઇ પોશાક સજ્યો, અને ફરવા જવાને બહાને બંને નીકળ્યા. એક કલાકમાં તેઓ કાન્તાના બાગ સમીપ આવી પહોંચ્યા. રાત્રી અંધારી હોવાથી બાગમાં દાખલ થતાં તેમને ઘણી મુશ્કેલી નડી નહીં. પહોરો ભરતા સીપાઇઓની નજર ચૂકાવીને ચતુરે પોતાની પાટલાઘો બાગની દીવાલપર ફેંકી તેની મદદથી તેઓ સહેલાઈથી બાગની અંદરના ભાગમાં ઉતરી ગયા, ને એક ઘટાદાર વૃક્ષની ઓથે ઉભા રહી આસપાસ જોયું તો ત્યાંથી દૂર બાગના મધ્યભાગમાં સંગેમરમરની બારાદરીમાં પ્રકાશીત રોશની હતી, અને એક સુંદર ગાલીચાપર કાન્તા પોતાની માનીતી સખીઓ ચકોરી અને ચપળા સંગે વાતચીત કરતી બેઠી હતી. કાન્તાને જોતાંજ કુલીનની સ્થિતિ બદલાઈ ગઇ, અને એકાએક તેને મૂર્છા આવી ગઇ. ચતુરે પોતાની થેલીમાંથી લખલખો કહાડી તેને સુધાડતાંજ કુમાર શુદ્ધિમાં આવ્યો એટલે કહ્યું—"કુમાર, દુશ્મનોના ઘરમાં આવીને તમે આમ બેહોશ થઈ જાઓ, એ સલામતી ભર્યું કે? સાવધ થાઓ!" કુલીન ઉભો થયો અને અધીરાઈથી બોલ્યો—"ચાલો ભાઇ, વહાલીને મળીએ!"

"ઉભા રહો! એમ એકદમ તમને ત્યાં ન લઇ જવાય!" ચતુરે તેને રોકતાં જણાવ્યું—"પહેલાં હું જઈને તેમની સંગે વાતચીત કરી આવું પછી તમને લઇ જઇશ!" ત્યાં ઉભા રહે-

વાને કુમારનું મન માન્યું નહી, પણ પોતાનાં મનની લાગણી ગમે તેમ દબાવી તે ઉભો રહ્યો, અને ચતુર કાન્તા સમીપ ગયો. કુલીનના વીરહમાં કાન્તા ઉદાસ ચહેરે બેઠી હતી, અને ચતુરને જોતઃ તેણી બોલી ઉઠી—"આટલા દીવસ કયાં રોકાયા હશો ? કબુલાત આપી ગયા હતા છતાં આજે પણ એકલાજ આવ્યા કે ?"

"રાજકુમારી, કપટ અને તેના અઈયારોએ કેવી ખટપટ ચલાવી છે તે આપ કયાં નથી જાણતાં !" ચતુરે જણાવ્યું; ને તે આગળ બોલવા જતો હતો એટલામાં ચકોરી ટકોરમાં બોલી ઉઠી—"એ હીચકારાઓની એટલી બધી બ્હીક લાગે છે ત્યારે ચુડી પહેરી ઘરમાં ભરાઇ બેસો ! બહાદુરીનાં મ્હોટાં મ્હોટાં બાંકા ન ફુંકીએ !"

"અરેરે ! રાજકુમારની અમ ઉપર આવીજ પ્રીત છે તો હવે—" આટલું બોલી કાન્તાએ નિઃશ્વાસ નાંખ્યો. તેણીની આંખોમાંથી આંસુ ની ધારા વહેવા લાગી. તેણીનો કંઠ રૂંધાઈ ગયો ને વધુ બોલી શકાયું નહીં. કાન્તાની આ હાલત જોઇ ચતુરે કહ્યું—"કુમારી, મને કંઇ ખબર અંતર પૂછવાની તો એક બાજુએ રહી ને હજી તો હું બોલું છું એટલામાં તો આવી ગાંડાઈ કરવા મંડી ગયાં ! લ્યો હમણાંજ હું કુમારને તેડી આવું છું !" આટલું કહી ચતુર ત્યાંથી ચાલ્યો ગયો. આમ તેને એકાએક ગયલો જોઇ કાન્તા, ચકોરી અને ચપળા તે આમ શા માટે ચાલ્યો ગયો હશે તે વિષે અજાયબી-સહ વાતો કરવા લાગી, એટલામાં ચતુર કુલીન સહીત ત્યાં ફરી આવી પહોંચ્યો. કુલીનને જોતાં ભાનભૂલી કાન્તા પોતાની સખી તથા ચતુર હોવા છતાં મર્યાદા ભૂલી જઇ કુલીનને ભેટી પડી, અને મૂર્છા ખાઇ તેના શરીરપર ઢળી પડી. કુલીને પણ તેણીને પોતાના હૃદય સાથે ચાંપી પોતાની વીરહ વેદના શાંત પમાડી. પ્રથમ મીલનની ઉર્મી શમતાં તેઓ પ્રેમની વાતચીત કરવામાં ગુંથાયાં. વાંચનાર એ પ્રેમી પુતળાંઓને એકાન્તમાં આનંદે વાત-ચીત કરી પરસ્પરના હૃદયના ઉભરા ખાલી કરવા દો ! એટલામાં આપણાં મનને પ્રવૃત્તિમાં રાખવા ચાલો આપણે કપટ અને કાસમની હીલચાલ તપાસીએ. અરે ! જે બારાદરીમાં આ પ્રેમી-ઓ બેઠાં હતાં તેની સામેના પેલા આંબાનાં ઝાડની ઓથે સંતાઇને ઉભો રહી તેમની તરફ કોણ જોઇ રહ્યો છે ? એજ પાપી કાસમ ! કાન્તાને કુલીન સાથે આનંદે વાત કરતી જોઇ કાસમ તરતજ

દોડતો કપટ પાસે ગયો. આ વખતે કપટ પોતાના શયનવાસમાં બીછાનામાં આળોટતો પડયો હતો. કાસમને હાંફતો હાંફતો દોડતો આવેલ જોઈ તેણે અજાયબી સહીત પૂછયું—"કેમ, કાસમ, આમ ગભરાયલો શા માટે જણાય છે? આપણો ભેદ ખુલી ગયો શું?"

"નહીં રે નહીં! જુઓ મેં કહ્યું હતું તેમજ થયું ને?" કાસમે ખુશાલીમાં ઉતાવળે જણાવ્યું—"ખરેખર, આપણી ચાલાકી અજમાવવાની આ તકજ સારી હાથ આવી છે! જો આ વખતે આપણાથી કંઈ નહી કરી શકાય તો પછી તમારા નસીબજ ફુટેલા છે, એમ સમજવું!"

"પણ તું શું કહે છે તે કંઇ સમજાતું નથી! ભરમમાં વાત ન કરતાં ખુલ્લે ખુલ્લું જણાવ કે શું છે?" કપટ અધીરાઇથી વચમાં બોલી ઉઠયો.

"તો જુઓ, મેં તમને તે દહાડેજ કહ્યું હતું કે કુલીન કાન્તા માટે થઇને આપણા રાજની સરહદપર પડાવ નાંખી રહ્યા છે, અને તે છૂપી રીતે કુંવરીના મહેલમાં પણ આવશે, માટે અગાઉથીજ ચેતીને તમે કાંઈ બંદોબસ્ત કરો, પણ તે વખતે તમારી આંખ ઉઘડી નહી, પણ આજે તે ખરેખર, રાજબાગમાં કુંવરી સંગે આનંદે મઝાહ મારે છે!" કાસમે કહ્યું.

"કુલીન કાન્તાકુંવરીના બાગમાં અત્યારે?" કપટે અજાયબીસહ પૂછયું.

"હું નજરે જોઇને એ ખબર આપવાનેજ તમારી પાસે દોડતો આવ્યો છું કે, તેઓ ત્યાંથી જતા રહે તે પહેલાં તેમને ગીરફતાર કરવાનો કંઇ બંદોબસ્ત થાય! આ વખતે હાથમાં શીકાર સજ્જડ સપડાયો છે, માટે સટકવા દેવો નહી! આવી સોનેરી તક ફરીથી હાથ આવવી મુશ્કેલ છે!"

"કુલીન એકલોજ છે કે તેની સાથે બીજું કોઇ પણ છે?"

"ચતુર પણ છે! ચતુર ન હોય તો કુમારની શી મજાલ છે કે તે કુંવરીના મહેલમાં, અરે, આપણા નગરની સરહદ ઉપર પણ પગ મૂકીને સહીસલામત રહી શકે!" કાસમે ભાર દઈને જણાવ્યું—"તમારી મનકામના પાર પાડવામાં હવે ખીલી માત્ર ચતુરનીજ નડે છે, પણ આજે એ માછલું જળમાં ઠીક આવી ગયું છે! આનંદની લહેરમાં તેમને અત્યારે તો ભાન પણ નથી

કે તેમની ઉપર કેવું કાળચક્ર ભમે છે, ને ઘડી પછી તેમની કેવી હાલત થશે, ને તેમનો આનંદ બધો અવળો નીકળી જશે !"

કપટ ખુબ છાપરે ચહડી ગયો. સુંદરી કાન્તા સંગે કુલીનને આનંદમાં મહાલતો સાંભળી તેનાં અતઃકરણમાં અદેખાઇની સગડી સળગી ઉઠી. આજે તેના પીતાના મરણને દશ દીવસ થયા હતા, અને જાહેરમાં તેનો શોક બતાવવાને તેર દીવસ સુધી તેનાથી ઘરમાંથી બહાર નીકળાય તેમ નહોતું, પણ કાસમને મુખે ઉપલી ખબર સાંભળતાં તેનું હઇયું હાથ રહ્યું નહી, અને તે છાતી ઠોકતો બોલી ઉઠયો—" કંઈ નહીં, એ બાયલા કુલીનને તેની આ હીંમત ભરી મૂર્ખાઇનો સ્વાદ હું બરોબર ચખાડું છું ! ચાલો, આપણે સીપાઇઓ લઇ જઈ તેમને કેદ પકડી લઈએ."

"નહીં, નહીં ! એમ કરવાથી આપણું ધાર્યું કામ પાર પડશે નહીં ! એથી તેઓ આપણા કબજામાં આવશે, પણ કંઇ કુંવરીનું મન તમો તરફ વળશે નહી, તેમજ મહારાજાનો ઇતબાર અને સ્નેહ પણ કાંઇ તમોપર વધશે નહીં ! એક દાવેજ બે સોગઠીઓ સાથે મારવી જોઇએ !"

"ત્યારે કેમ કરવું ?" કપટે પૂછ્યું.

"અત્યારેજ તમે મહારાજા પાસે જઈ આ બીના જણાવો, અને નજરે બતાવવાને તેમને સાથે લઇ આવો એટલે કુલીન અને ચતુરને કેદ કરી મહારાજ પોતેજ ગરદન મારવાનો હુકમ ફરમાવશે, તેમજ પોતાની કુંવરીની બેવકુફીથી તેણીના ઉપર પણ તેમનો ગુસ્સો ઉતરશે, જે સાથે તમારાપર મહારાજાનો અનહદ ઈતબાર બેસી જશે. આમ થયું એટલે પછી તમારી મુરાદ પાર પાડવામાં નજીવી સરખી મુશ્કેલીઓજ માત્ર રહેશે, જે તો આપણે આસાનીથી દૂર કરી દઇશું !" કાસમે સલાહ આપી.

"ઘણીજ ઉમદા સલાહ !" કપટ બોલી ઉઠયો—" બસ, એમજ કરીએ !" સરખો પોશાક પહેરવાની પણ દરકાર ન કરતાં હાથમાં જે આવ્યું તે પહેરીને કપટ દોડતો રાજમહેલમાં ગયો, ને તેના આવવાની ખબર ચોપદાર રાજાને પહોંચાડે તે પહેલાં તો તે રાજાની હજુરમાં દોડી ગયો. આવી રીતે તેને એકાએક આવેલો જોઈ રાજાએ અજાયબીસહ પૂછ્યું—" કપટ, તારા પીતાની ક્રીયા હજી પૂર્ણ થઈ નથી છતાં આ સમયે તને આવી હાલતમાં અત્રે આવેલ જોઇ અમને અજાયબી લાગે છે !"

"મહારાજ !" રાજાનું બોલવું પૂર્ણ થાય તે પહેલાં કપટ નમન કરીને ઉતાવળે વચમાં બોલ્યો—"આપજ મારા પીતા છો ! આપ દયાળુનુંજ અન્ન ખાઇ જીવું છું, છતાં જ્યારે આપની કીર્ત્તિને કલંક લાગવાનો સમય આવે તે હું ઘરમાં શોક પાળતો બેસી જોયા કરૂં તો પછી આ દેહ ધારણ કર્યાનું સાર્થક શું ? માહારાણાજી આ દાસની પછી ફરજ શું ?"

"કપટ તું શું વદે છે ? અમારી કીર્ત્તિને કલંક લગાડવાની હીંમત કરનાર કોણ પાપી છે ?" રાજાએ ગુસ્સામાં પૂછયું.

"એક નાદાન !" કપટે દબાયલે અવાજે જવાબ આપ્યો.

"હાથે કરીને મોતના મુખમાં પડનાર એવો કોણ છે તે સત્વર બતાવ !" રાજાનો ગુસ્સો વધી જતાં તે ગાજી ઉઠયો.

"કુલીનકુમાર !" કપટે ભાર દઇને જણાવ્યું.

"હીચકારો કુલીન ? અમારી કીર્ત્તિને કલંક લગાડવાની તેણે કેવી રીતે હીંમત કીધી છે ? કયાં છે કુલીન ?" રાજાએ પૂછયું.

"કહેતાં જીભ ઉપડતી નથી પણ લાચાર ! આપ નામદારની આજ્ઞાનુસાર સેવકને કહ્યા વગર પણ ચાલતું નથી ! અરેરે ! આપને એ ખબર સંભળાવતાં પહેલાં મારી જીભ કેમ કપાઈ જતી નથી !" કપટે આંખમાં આંસુ આણી ગળગળે અવાજે જણાવ્યું "કૃપાનાથ, એ કુલીન હમણાં કુંવરીબાના બાગમાં છે !" આ સાંભળતાં રાજાના ગુસ્સાનો પાર રહ્યો નહીં. તેની આંખોમાંથી જાણે આગના ભભુકાઓ નીકળી રહ્યા, ને આખું શરીર કંપી ઉઠયું. આસનેથી જોરથી ઉઠી કમરે લટકતી તલવારની મૂઠપર હાથ નાંખતાં તે મોટી ગર્જના કરી બોલી ઉઠયો—"સીપાઇઓ સહીત જઈને બાગને ઘેરી લ્યો ! અમે પોતે બાગમાં જઈ એ પાપીને પકડી એની નાદાનીનાં યોગ્ય ફળ ચખાડીશું !" આટલું કહી રાજા ત્યાંથી પાસેના ઓરડામાં ચાલ્યો ગયો, ને કપટ પણ આજ્ઞા મૂજબ અમલ કરવાને ઉતાવળે ત્યાંથી વીદાય થયો. વાંચનાર ! આપણાં નિર્દોષ પ્રેમીઓ ઉપર આ કેવી અણધારી આફત! તેઓ હજી બાગમાંજ બેઠાં છે ! અહાહા ! કેવો આનંદી દેખાવ! એક બાજુએ કુલીન પોતાના એક પગપર કાન્તાને બેસાડી તેણી સંગે સ્નેહથી વાત કરે છે, ત્યારે બીજી તરફ ચતુર ચકોરી સંગે પ્રેમગોષ્ટીમાં ગુંથ ચલી છે, અને ચપળા આ બન્ને પ્રેમી જોડાંઓ

તરફ જોતી એક બાજુએ મુંગી મુંગી બેઠી છે! અરેરે! તેમને પ્રેમના ઘેનમાંથી જાગૃત કરી થોડા સમયમાં તેમન પર આવી પડનારા આફતનાં વાદળાંને દૂર કરવાને તૈયાર રહેવાને સુચવનાર કોણ છે? આપણ તો ઈચ્છીશું કે, ઇશ્વર તેમનું રક્ષણ કરો! પણ ઇશ્વર કંઈ પોતે પધારીને માનવીને સહાય કરે છે? નહીજ! જો જગતમાં એમજ ચાલતું હોય તો મનુષ્ય એકબીજાની દરકારજ રાખે નહીં! આથીજ એ મહાન પીતાએ જોકે કુદરતની ચાવી પોતાના હાથમાંજ રાખી છે છતાં સંસારમાં થતાં દરેક કાર્ય માટે અમુક નિમિત્ત ઉત્પન્ન કરવાનું ડહાપણ વાપર્યું છે, અને તેમાંજ એ નિયંતાની ગહનગતી સમાયલી છે! આથી આપણાં પ્રેમી જોડાંઓ માટે આપણે લેશ પણ ચીંતા કરવાની જરૂર નથી. જગત્પાલક સર્વેશ્વરને સઘળાની ચીંતા છે, માટે આપણે તો બાગમાં એક બાજુએ ઉભા રહી કેવો રંગ બદલાય છે તે જોઇએ. તેઓ બેઠાં હતાં ત્યાં બાગની ઝાડીવાળા ભાગમાંથી એકાએક એક ખવીસ સરખો પુરૂષ નાચતો કુદતો તેમની સમક્ષ જઇ ઉભો. તેનું આખું શરીર કાળું મેશ સરખું હતું. લાલ આંખો વીકાળ હતી. તેના હાથમાં લાલ રંગનો એક જાડો મજબૂત સોટો હતો. ફકત લંગોટ શીવાય તેના આખા શરીર ઉપર બીજું કશું ઢાંકણ હતું નહીં. ટુંકમાં તેનું સ્વરૂપ ડરામણું હતું. બારાદરીની વચમાં ઉભા રહી પહેલાં તો તે ખવીસે પોતાનું મ્હોં પહોળું કરી ચતુર તરફ દાંતીયાં કરીને જોયું, ને પછી મ્હોટેથી ગર્જના કરી તે બોલી ઉઠયો--“ થઈ રાજાને તમ તણી જાણ, સુણો ગુરૂજી ચતુર સુજાણ!” બસ, આટલું બોલી તે જે માર્ગે આવ્યો હતો તે માર્ગે પાછો અદૃશ્ય થઈ ગયો, પણ જતાં જતાં એક બાજુએ બેઠેલી ચપળાનો ટાંટીઓ ધરી તેને થોડેક સુધી ઘસડતો ગયો. આ બનાવે સઘળાને અજાયબીમાં ગરકાવ કરી દીધા. કાન્તા તથા ચકોરી તો આ ભુતને જોઈને ડરીજ ગઈ, ને ચપળા તો એક મોટી ચીસ પાડી ઉઠી, પણ ચતુર તરતજ ચેતી ગયો. એકાએક ઉઠીને કુલીનનો હાથ ખેંચતાં તેણે ઉતાવળે કહ્યુ —“ કુમાર, ઉઠો, જલદી અત્રેથી ચાલો! હવે અહીં બેસી રહેવાનો હાલ સમય નથી!” આમ કહી કાન્તા પ્રત્યે જણાવ્યું-“ રાજકુમારી, અમે આટલા જલદી જઈએ છીએ તે માટે તમે દુઃખી થશો નહી, અને જ્યાં સુધી તમારા પીતાજી અહીં આવે ત્યાં સુધી આપ સઘળાં અહીંજ બેસી રહેજો!”

"પણ આટલી ઉતાવળ કરવાનું કંઇ કારણ? આ ખવીસ કોણ હતો?" કાન્તાએ પૂછ્યું.

"એ સઘળો ખુલાસો કરવાને હાલ સમય નથી! થોડી વારમાં તમને જણાશે, અને બાકીની હકીકત હું ફરી આવીશ ત્યારે જણાવીશ!" ચતુરે જવાબ આપ્યો, ને જતાં જતાં ચકોરી તરફ ફરી કહ્યું—"જુઓ મેં કહ્યું છે તે ધ્યાનમાં રાખજો, ને કાન્તાકુંવરીને દીલગીર થવા દેશો નહીં!" આટલું કહી કુમારનો હાથ પકડી બંને જણ ત્યાંથી ઉતાવળે ચાલી ગયા, અને જેવી રીતે બાગમાં આવ્યા હતા તેવી રીતે બહાર નીકળી ગયા. તેમના આમ એકાએક જવાથી કાન્તાને બહુ દુઃખ ઉપજ્યું. તેણીની આંખોમાં ઝળઝળીઆં ભરાઇ આવ્યાં, અને તેણીએ ચકોરીને પૂછ્યું--"સખી, આ શું થઈ ગયું? કંઇ સમજાતું નથી! પેલા ભુતડાને જોઇને અમારા તો હોશજ ઉડી ગયા! હજી એનું ડરામણું સ્વરૂપ અમારી નજર આગળ તરે છે ને છાતી ધડકે છે!"

"કંઇ સમજી શકાતું નથી!" ચકોરીએ ગંભીર અવાજે જણાવ્યું--"પણ હા, એટલું તો મને ભાસે છે કે, આ સમયે કુલીનસીંહના અત્રે પધારવાની ખબર મહારાજાને પહોંચી ગઈ છે, અને તેઓ અવશ્ય અત્રે પધારતા હશે!"

"પણ એ પીટયા ખવીસ સાથે મારે કોણ જાણે કયુ વેર હશે તે મારાં હાડકાં ભાગી ગયો!" ચપળા બોલી. ચપળાનો બબડાટ સાંભળીને ચકોરી અને કાન્તાને હસવું આવ્યું, અને એ શો ગજબ બની ગયો તેની અજાયબીમાં તેઓ થોડો સમય વાત ચીત કરતી બેઠી હતી, એટલામાં બાગની ચારે તરફ ઘણા માણસો ભેગા થઇ ગયા હોય તેમ ઘોંઘાટ થતો સંભળાયો, તે સાંભળી ચકોરી બોલી—"રંગ બદલાઈ ગયો હોય એમ લાગે છે! આપણા બાગની આસપાસ સીપાઇઓ ઘેરો નાંખી ઉભા હોય એમ જણાય છે." હજી તેણીનું બોલવું પુરં-ન થયું, એટલામાં સામેથી મસાલનો ઉજાસ દેખાયો અને રાજા રામસીંહ તેમની તરફ આવતા જણાયા. રાજા સમીપ આવતાંજ તેઓ ઉઠીને ઉભી થઈ, અને કાન્તાએ આગળ વધીને પોતાના પીતાને નમન રતાં પૂછ્યું--"પીતાજી, આ સમયે એકાએક આપને પધારવાનું

કંઇ કારણ ?” આટલું કહી તે નીચું જોઇ ઉભી રહી. કપટના જણાવ્યા મૂજબ કુલીનને ત્યાં ન જોતાં રાજાનો ગુસ્સો તદ્દન બદલાઇ ગયો, અને પુત્રી તરફની સ્નેહની ઉર્મી ઉછળી આવતાં તેણીને પોતાના હૃદય સાથે દાબી રાજાએ જવાબ આપ્યો—“કંઈ નહી વ્હાલી ! તમને જોવાની ઇચ્છા થતાં આ તરફ સહજ આવ્યા! હવે તમે અત્રે શા માટે બેઠાં છો ? સીધારો મહેલમાં ! શીતળ વાયુની સરદીમાં તમારી આરોગ્યતાને નુકશાન થશે !” આમ કહી રાજા પોતાના મહેલમાં ચાલ્યો ગયો. કાન્તા પણ પોતાની સખીઓ સહીત રાજાની પાછળ પોતાના મહેલમાં વીદાય થઇ. પોતાની પુત્રીની નિર્દોષતા જોઇ તેણીનાપર વગર ખાત્રી કરવે ગુસ્સે થવા માટે રાજાને પોતાના મનમાં બહુ માઠું લાગ્યું, અને તેણીનાપર ઉપજેલો ગુસ્સો કપટપર ઉતર્યો. તે પોતાના મનમાં વીચારવા લાગ્યો--“ અહાહા ! કેવી ભોળી નિર્દોષ પુત્રી ! એ બીચારી ઉપર નાહકનું જુઠું કલંક લગાડવાને એ લુચ્ચાને કોણ જાણે શા માટે સુઝયું હશે ! પાપીને તેમ કરતાં લેશ પણ ડર લાગ્યો નહીં ! અહાહા ! જો કુંવરીના જાણવામાં એ બીના આવે તો તેણીને કેટલું દુઃખ ઉપજે ! બસ, એવા અધમનું મુખ પણ જોવું જોઇએ નહીં ! એવા નીચ નીમકહરામને તો યોગ્ય શાસન કરવું જોઈએ કે ફરી આવી બેવકુફાઇ કરવાનું મન ન થાય !” આમ વીચારી દ્વાર તરફ નજર કરી એક ચોપદારને બોલાવી કપટને સત્વર પોતાની હજુર હાજર કરવાની આજ્ઞા કરી, જે સાંભળતાં ચોપદાર નમન કરી પાછલે પગેજ ત્યાંથી ચાલ્યો ગયો, અને રાજા તેના આવવાની રાહ જોતો બેઠો.

પ્રકરણ ૯ મું.

હાથનાં કીધાં હઈએ વાગ્યાં.

રાજા રામસીંહની આજ્ઞા મૂજબ કપટે સીપાઇઓથી કાન્તાના બાગને ઘેરી લીધો હતો. બાગમાંથી કોઈ પણ નહાસી જવા ન પામે તે માટે તે સીપાઇઓને ખુલ્લે હથીઆરે હોંશીઆરીમાં ઉભા રહેવાની સુચના કરતો બાગની આસપાસ ઉત્સાહથી ફરતો હતો. કાસમ પણ આ સમયે તેની સાથેજ હતો.

"કેમ કપટરાય, હવે તમારી ઉમ્મેદ પાર પાડતાં કંઇ મુશ્કેલી નડશે કે?" કાસમે મલકાઇને જણાવ્યું—"જુઓ, ચતુર અને કુલીન કેવી આસાનીથી આપણા પંજામાં સપડાઇ ગયા! જો તમારા વીચાર પ્રમાણે મહારાજાને આ ખબર કર્યા વગર આપણે આવ્યા હોત તો આવું પરીણામ કદીપણ આપણે જોવા પામત કે? આ તો કાલે સવારેજ મહારાજા તમારી આ સેવાની પીછાન તરીકે તમને દીવાનપદ સોંપી દેશે! પછી તમારૂં કામ પાર! પણ વચન આપ્યું છે તે સત્તા મળતાં ભૂલી ન જતા—"

"કાસમ, તારા મુખમાં એ શબ્દો શોભે?" કપટ ફુલાયો.

"પણ બીરાદર મહમદ માટે હું તમને અત્યારથીજ ચેતવી મૂકુ છું કે, કુલીન અને ચતુરને શીક્ષા કરવાને મહારાજા સમક્ષ ઉભા કરવામાં આવે તે વખતે મહારાજાને કહી મહમદને તેમણે કયાં કેદ કીધો છે તે જાણી લેજો!" કાસમે કહ્યું.

"અરે, તેઓ નહી જણાવે તો તેમને ખાસડે ખાસડે મારીને મનાવીશું!" કપટ બોલ્યો—"તેમને શીક્ષા કરવાનું કામ મહારાજા મને સોંપે તો ઠીક! હાશ્યાસ! તેમ થાય તો આટલા દીવસનું મ્હારૂં વેર વાળી મનની હોંસ પૂરી કરૂં." એટલામાં તેમની પાસે ચોપદારે આવી કહ્યું "કપટરાયજી, આપને મહારાજાજી સત્વર મહેલમાં બોલાવે છે!"

"જાઓ ચોર પકડાયા હશે, એટલે તેમને માટે બંદોબસ્ત કરવાનેજ મહારાજા બોલાવતા હશે!" કાસમ બોલી ઉઠયો.

"ચોર પકડાયા?" કપટે ચોપદારને આતુરતાસહ પૂછ્યું.

"ચોર કેવા વળી? મહારાજાની હજુરમાં તો કોઈ નથી!" ચોપદારે અજાયબી બતાવી.

"ત્યારે મહારાજા હજી બાગમાં પધાર્યા નથી?" કપટે પૂછ્યું

"એમજ હશે! તમને પણ બાગમાં સાથે લઈ જવાની મહારાજાની ઇચ્છા હશે! જાઓ, વીલંબ ન કરો! હું અત્રે સીપાઇઓનો બંદોબસ્ત રાખું છું!" કાસમે ઉતાવળે કહ્યું.

"મહારાજા તો કુંવરીબા સહીત બાગમાંથી હમણાંજ મહેલમાં પધાર્યા પણ તેમની સાથે કોઇ ચોર તો નથી!" ચોપદારે જણાવ્યું.

"ચોર નથી પકડાયા?" કપટે ગભરાઇને પૂછ્યું.

"નહીં! મહારાજા મહેલમાં પધાર્યા ત્યારે હું દોઢીપરજ હતો! કુંવરીબા અને તેમની બે સખીઓ શીવાય તેમની સાથે બીજું કોઈજ નહોતું!" ચોપદારે જવાબ આપ્યો.

"હાલમાં મહારાજા પાસે કોણ છે અને તેઓ શું કરે છે?" કપટનો ગભરાટ વધવા માંડયો.

"મહારાજા પાસે બીજું કોઇ નથી, અને તેઓ ગુસ્સામાં બેઠા છે!" ચોપદારે જણાવ્યું. આથી કપટની હાલત કેવી થઇ હશે, તે અટકળવી સહેલ છે. તેના હોંસ ઉડી ગયા. તે થરથર ધ્રુજવા લાગ્યો. મહારાજા શા માટે પોતાને બોલાવતા હશે અને કોના-પર ગુસ્સે થયા હશે, તેના અનેક વીચારે તેને મહા મુંઝવણમાં નાંખ્યો. મૂઢની માફક થોડી વાર ઉભો રહી તેણે કાસમની સલાહ લેવા પોતાની પાછળ નજર કરી તો તેને ત્યાં દીઠો નહીં. કાસમ તો ચોપદારની વાતચીત સાંભળીને ચેતી જઈ લાગ જોઇ પહેલાંથીજ ત્યાંથી સટકી ગયો હતો. હવે કપટ તદ્દન હીંમત હારી ગયો હતો, પણ મહારાજની આજ્ઞાને તાબે થયા વીના છૂટકોજ નહોતો. કંપતો કંપતો તે ચોપદારની સાથે રાજમહેલમાં ગયો, ને રાજાને અનહદ ગુસ્સામાં બેઠેલ જોઈ એક પણ શબ્દ બોલ્યા વીના નમન કરી એક બાજુએ નીચું મસ્તક કરી ઉભો રહ્યો. કપટને જોતાંજ રાજાનો ગુસ્સો ઉભરી નીકળ્યો. મોટી ગર્જના કરી તે બોલી ઉઠયો—"કેમ નીચ કપટ! અમારી ભોળી નિર્દોષ કુંવરીને આમ ખોટી રીતે બદ-નામ કરીને અમારી કીર્ત્તિને કલંક લગાડવાની તેં હીંમત કરી નહીં? હરામખોર, લુચ્ચા પાજી! તેં કેમ કહ્યું કે બાગમાં કુલીન છે? તે કેમ જાણ્યું? કયાં છે બતાવ સત્વર નહીતો તારી જીભ કાપી લઈશ!" રાજાની આંખો ગુસ્સાથી બહુજ લાલચોળ થઇ રહી હતી, અને હોઠ કંપી રહ્યા હતા. કપટનો આ સાંભળીને તદન જીવ ઉડીજ ગયો. તેનું આખું શરીર પવનના સપાટામાં જેમ ઘાસનું તણખલું હાલે તેમ કંપવા લાગ્યું. તેની જીભજ ટુંકી પડી ગઈ, અને તેને લાગ્યુ કે પોતાનું મોત સમીપ આવી પહોંચ્યું છે. તેણે અચકાતાં અચકાતાં જવાબ આપ્યો—"મહારાજ, આ દાસને કાસમ આ બાગપર પહોરો ભરતો હતો તેણે ખબર આપી હતી!"

"ઠીક! જ્યારે કાસમ બાગના દ્વારપર પહોરો ભરતો હતો ત્યારે તેણે કુલીનને અંદર દાખલ શા માટે થવા દીધો?" રાજાએ ગુસ્સામાંજ પૂછ્યું.

"શીરછત્ર, તેઓ તો બાગની દીવાલ ઓળંગીને અંદર આવ્યા હતા!" કપટે ગભરાટમાં જવાબ આપ્યો.

"ખરૂં, પણ કાસમે જ્યારે તેમને અંદર જોયા ત્યારે તેમને કેદ શા માટે ન કર્યા? તેમને જોઇને તે ખબર તને આપવાને શા માટે આવ્યો? લુચ્ચા, તું તારા પીતાના શોકમાં હોવાથી ઘરમાંથી બહાર નીકળી શકે તેમ નથી તે કાસમ જાણતો હોવા છતાં તને એ ખબર આપવાને આવેજ નહીં! એમજ હતું તો કાસમ મહેલમાં અમને આવીને ખબર પહોંચાડત! નીચ પાપી, એક ગુન્હો કરીને તે છૂપાવવા માટે અસત્ય બોલી બીજો ગુન્હો કરે છે!"

"હુ અસત્ય નથી બોલતો મહારાજ! મને કાસમેજ એ ખબર આપી હતી!" કપટે હાથ જોડીને ગભરાતાં ગભરાતાં કહ્યું.

"હમણાં તેની ખાતરી કરીએ છીએ!" રાજાએ જુસ્સામાં કહ્યું ને તરતજ ચોપદારને બોલાવી કાસમને પોતાની સમક્ષ હાજર કરવાની આજ્ઞા કરી. થોડી વારમાં ચોપદારે કાસમને હાજર કીધો. રાજાનો ગુસ્સો હજી શાંત પડયો નહોતો. તેણે કાસમને પૂછ્યું—"કેમ, કુલીન બાગમાં આવ્યો છે, એવી કપટને તે કેમ ખબર પહોચાડી?" રાજાનું ઉગ્ર સ્વરૂપ જોતાં કાસમના પણ ધાસ્તીથી હોંશ ઉડી ગયા. તેને પોતાનું મોત સમીપ આવેલું લાગ્યું, અને ગભરાટથી દબાયલે અવાજે તેણે હાથ જોડીને જણાવ્યું—"ખુદાવીંદ, મેં તેમને મારી આંખોએ બાગમાં જોયા હતા!"

"આંખોએ જોયા હતા તો ક્યાં છે?" રાજાએ વધુ ગુસ્સે થઇને પૂછ્યું.

"કોઇ રસ્તે તેઓ નહાસી ગયા હશે!" કાસમે અચકતાં અચકાતાં જણાવ્યું.

"ત્યારે તમો સઘળા પહેરેગીરો શું કામ બજાવતા હતા? તમને બાગની રખેવાળીપર રાખ્યા છે તે કામ આવી રીતે બજાવો છો કે?"

"હું કપટરાયને ખબર કરવા ગયો એટલામાં તેઓ નહાસી ગયા હશે." કાસમે પોતાનો બચાવ કીધો.

"પણ એ ખબર કપટને પહોંચાડવાની શી જરૂર હતી? બાગની રખેવાળીપર તમને રાખ્યા છતાં બાગમાં જયારે કુલીન આવ્યો હતો ત્યારે તેને એકદમ કેદ કરી અમારી સમક્ષ હાજ

ર કરવાની જરૂર હતી કે તેને બાગમાંજ રહેવા દઈ તે ખબર કપટને પહોંચાડવની તમારી ફરજ હતી?" રાજાએ મોટે અવાજે પૂછ્યું—"લુચ્ચાઓ, તમારૂં પાપ અમે જાણી ગયા છીએ! અમારી કીર્તિને કલંક લગાડવાનો તમો નીમકહરામો ધંધો લઇ બેઠા છો, પણ તેનો સ્વાદ તમે બરોબર ચાખશો!" આટલું જણાવી ચોપદારને બોલાવી આજ્ઞા કરી—"દરોગાને આજ્ઞા કર કે આ બંને નીમકહરામ પાજી કુતરાઓને બસો ફટકાઓ મારી છોડી મૂકવા!" આવી આજ્ઞા ફરમાવી કપટ તરફ કરડી નજરે જોઈ રાજાએ જણાવ્યું—"કપટ, તારા પીતાને સ્થાને તને દીવાનપદ સોંપવાની અમારી ઇચ્છા હતી, પણ તે પદને કેટલો લાયક છે તે આજે પૂરવાર થઇ ચુક્યુ છે! જુઓ હરામખોરો, યાદ રાખજો! ફરીથી કદી આવી નીમકહરામી કરવાની હીંમત કરશો તો તમને હાથીના પગ તળે ચંપાવીને મારી નંખાવવામાં આવશે!" એટલામાં ચોપદાર દરોગાને તેડી આવ્યો. તેના હાથમાં એક લાંબો કોરડો હતો, જેનાથી રાજાની આજ્ઞા મળતાંજ પહેલાં કપટની પીઠપર ફટકા પડવા માંડયા. માર સહી ન શકવાથી કપટે બૂમરાણ કરી મૂકી જેથી આખો રાજમહેલ ગાજી ઉઠયો. કપટ પછી કાસમની પણ તેવીજ અવસ્થા થઇ. બંનેની શીક્ષા પૂરી થતાં રાજાએ ગુસ્સામાંજ તેમને કહ્યું—"જાઓ પાપીઓ, તમારૂં કાળું કરો! ફરીથી એવું કામ કરવાની હીંમત કરતાં પહેલાં તમારી જીંદગીની હયાતીનો વીચાર કરજો!" આ પછી રાજાની આજ્ઞાથી ચોપદાર તેમને મહેલની બહાર લઈ ગયો. સુજી આવેલા વાંસામાં ઉઠેલી બળત્રાની અસહ્ય વેદનામાં પીડાતા કપટ અને કાસમ ઘેર આવ્યા, એટલે હવે તેઓ બંને વચ્ચે સળગી, ને શીક્ષા ખમવા માટે તેઓ એક બીજાને દોષ આપવા લાગ્યા. "આજે તારે લીધે મારી સઘળી આબરૂ ધૂળ મળી ગઇ!" કપટે ગુસ્સામાં કાસમને કહ્યું—"અરે, કાલે પ્રભાતે તો મને દીવાનપદ મળનાર હતું, તે મનની હોંસ મનમાં રહી ગઇ, ને નફામાં માર ખાધી જેની વેદના તો હુંજ જાણું છું! તારી મહોકાણમાં મારો બધો વાંસો સુજી આવ્યો છે, ને ચામડી ફાટી અંદરથી લોહી વહે છે!"

"વાહ! આ તો ચોર કોટવાલને દંડે તેમ થયું!" કાસમે ખીજવાઈને જણાવ્યું—"તમારે લીધે મારે આટલો બધો

માર ખાવો પડયો! જહાનમમાં જાય કાન્તાકુંવરી ને કુલીન! મને શું એટલી બધી ગરજ પડી હતી કે કુંવરીના બાગમાં જઈ ચકોરીની મોજડીઓનો માર ખાત! મને એ બધાનું મન થતું હશે કેમ? એ બધું સહન તમારે માટે નહીં તો બીજા કોને માટે કર્યું?"–"મારે માટે નહીં પણ પઈસા માટે! વજીર બનવું હતું તે માટે સઘળી મહેનત કરતો હતો, સમજ્યો!" કપટે વધુ ગુસ્સે થઇને જણાવ્યું–"કંઇ મને કાન્તાકુંવરી મફતમાં મેળવી આપવા માટે તમે આટલી મહેનત કરતા નહોતા! મારા સ્વાર્થ સાથે તારો સ્વાર્થ પણ સાંધવાનો હતોજ તો!"

"ઠીક છે ત્યારે હવે આજથી આપણે સલામ અલેકુમ! કપટરાય, તમારૂં ઇનામ તમનેજ મુબારક! હવે તમારા પઇસાથી બીજા કોઇ પાસે તમારૂં કામ કરાવજો! એક દોસ્ત તરીકે અમે તમારે માટે આટલી બધી ઝહેમત ઉઠાવી તેનો આજ નતીજો હવે આપો છો, તો કદાચ તમારા હાથમાં સત્તા આવી હોત તો અમને ગરદનજ મરાવી નાંખ્યા હોત! ખુદાની એટલી પણ રહેમ થઈ કે, આટલામાંજ તમારી પરીક્ષા કરી લેવાની તક મળી! ઠીક ચાલો, માફ કરજો મહેરબાન તમને તકલીફ પડી તે માટે! હવે તમે જાણો ને તમારૂં કામ જાણો! અમારી હોંસ તો તમે આ જજ પૂરી કરી નાંખી!" આમ કહી કાસમ જવાને ઉઠયો. હવે કપટને ધાસ્તી લાગી કે, તેની મદદ વગર કાન્તા મેળવી શકાય તેમ ન હોવાથી તે હાથમાં નહી રહે તો પોતાની મનની હોંશ મનમાંજ રહી જશે. આથી તેણે તદન શાંત પડી જઇ કાસમનો હાથ પકડી તેને જતો અટકાવી હસીને કહ્યુ "અરે દોસ્ત, જરા મશ્કરી કરી એટલામાં આટલો બધો ગુસ્સો લાગ્યો! બેસ, બેસ!"

"એક તો વાંસાપર પડેલા મારથી વેદના બળે છે તેમાં વળી તમે આગમાં ઘી હોમતા હોય તેમ બોલે બોલથી હઇયામાં હોળી સળગાવો છો, અને હજી એ તમારી મશ્કરી કેમ? મારૂં નાક કાપી લેવામાં તો કંઇ મણા રાખી નથી! જવાદો મને! નાદાનકી દોસ્તી ઓર જીકો જંજાળ! તમો સરખા નાદાન દોસ્ત કરતાં દાનો દુશ્મન ભલો! બેકદર માણસ પાસે બેસવાથી લાભને બદલે હાનીજ થાય છે!" કાસમે ગુસ્સામાં જણાવ્યું.

"અહોહો! બહુ માન આવી ગયું કંઈ! મારા ભાઇ, જરા મશ્કરી કરી તેમાં આટલો ગુસ્સો! ઠીક ભાઈ, ત્યારે આ-

બધી મારી કસુર ! આ સઘળું મારે લીધેજ થયું તે પણ કબૂલ !" કપટ તદ્દન લટી ગયો. કાસમ પણ માની ગયો, ને પાછો બેઠો. કપટે તેને મનાવવા વધુ છાપરે ચઢાવવા માંડયો—"તારા સરખો મીત્ર ભરોસો આપીને પછી આમ નીરાશ કરે એ શોભે કે ! મારી મુરાદ પાર પાડવાની આશાનો આધાર તું .આમ રીસાઈને મને છોડી જાય તો પછી મારી કેવી હાલત થાય !" કાસમ હવે તદ્દન નરમ થઇ કપટનું કહેવું સાંભળતો હતો. કપટના કાલાવાલા હજી ચાલુજ હતા—"આજે પણ ખુબ થઇ હોં યાર ! આપણે આટલી બધી શીક્ષા ખમી તોપણ કુલીન હાથમાંથી છટકી ગયો, પણ આજનું વેર ગમે તેમ વાળવુંજ જોઈએ !" કાસમ હવે ખુબ છાપરે ચહડી ગયો, ને બોલી ઉઠયો —"હવે તો કુલીન દરરોજ કાન્તાના બાગમાં બેધડક આવશે, એમાં કંઈ શક નથી કેમકે, હું અગાઉથી કહેતો આવ્યો છું તેમ ખરે એ માટેજ તેણે આપણી સરહદપર પડાવ નાંખ્યો છે, પરંતુ હવે તેને ફરી જોતાં મહારાજાને ખબર પહોંચાડવાની હીંમત ચાલતી નથી કેમકે, ખબર આપવા જઇએ એટલામાં એ નહાસી જાય તો હવે તો જરૂર માર્યા જઇએ !" માટે હવે તો એવી કોઇ યુક્તી શોધી કહાડવી જોઈએ કે આપણી જીંદગી પણ કોઇ રીતે જોખમમાં ન આવે અને મહારાજા પોતાની આંખોએ કુલીનને બાગમાં જોય ! પણ કંઇ વીચાર સુઝતો નથી !" કાસમ વીચારમાં પડયો અને તે થોડી વાર સુધી મુંગો રહી બોલ્યો—"અરે હા ! એક ઉપાય છે—"

"શું છે ભાઈ ?" કપટે આતુરતાથી પૂછયું.

"વીજયગઢના રાજા બલદેવસીંહની દરબારમાં શાંતીનાથ પંડીત નામનો એક ઘણોજ પ્રવીણ જોશી છે, અને તે રમલ નાંખીને આપણે ગમે તે પૂછીએ તે ઘણીજ ઝડપથી કહી શકે છે ! અમુક માણસ આ સમયે કયાં છે, શું કરે છે અને તેને કેવી રીતે પકડી શકાશે ? એ સઘળું પોતાની ગણત્રીને આધારે તે બતાવી શકે છે ! માટે જો એ અહીં આવી આપણને મદદ કરે તો તમારી મુરાદ પાડ પાડતાં વારજ લાગે નહી !" કાસમે જણાવ્યું.

"પણ તેને આપણા હાથમાં કેવી રીતે લઈ શકાય ?"

"મહારાજા બલદેવસીંહને મળીનેજ તો !" કાસમે જણાવ્યું.

"પણ તે માટે વીજયગઢ જવું જોઈએ! અને ત્યાં જાય કોણ? મહુમદ હોત તો તમો બેમાંથી એકને ત્યાં મોકલત!"

"છટ, છટ! એમાં હું કે મહુમદથી કંઇ વળે તેમ નથી! એ તમારૂં કામ છે! મહારાજા બલદેવસીંહને તમો કહેશો તેની વાત જુદીજ છે! તમે માંગણી કરશો તો રાજાને મંજુર રાખ્યા વગર ચાલશેજ નહી! વળી વીજયગઢ કંઇ અહીથી બહુ દૂર નથી! પચ્ચીશેક કોસનો માર્ગ છે, તે આપણે એક દીનમાં પહોંચી જઇશું! તમે ચાલો, જુઓ, માર્ગમાં આપણે ત્યાં જઇને શું કરવું, તે સઘળું હું તમને સમજાવીશ!" આખરે એજ ઠરાવ પર આવતાં કપટે કાસમના કહેવા મૂજબ કેટલુંક રોકડ નાણું તથા રાજા બલદેવસીંહને ભેટ ધરવા માટે કેટલુક કીમતી ઝવેરાત પોતાની સાથે લીધું અને ઝડપી ચાલના બે અશ્વો તૈયાર કરાવી તેજ સમયે તેઓ વીજયગઢ તરફ રવાને થયા. ઘરમાં કપટ પોતાના નોકરો વગેરે સઘળાઓને કહેતો ગયો કે, જો મહારાજાને ત્યાંથી કોઇ પોતાને તેડવા આવે તો કહેવું કે "પોતે બહુ બીમાર હોવાથી બીછાનેથી ઉઠી શકે તેમ નથી."

પ્રકરણ ૧૦ મું.

ચતુરની ચાલાકીનો બીજો નમુનો.

કાન્તાના બાગમાંથી બહાર નીકળીને કુલીન અને ચતુર મધ્યરાત્રી થતાં સુધીમાં પોતાના તંબુમાં પહોંચી ગયા. કુમારે પોતાનો પોશાક ઉતાર્યો પણ ચતુરે ન ઉતારવાથી કુલીને કહ્યું—"ભાઇ, હવે પોશાક ઉતારી થાક દૂર કર! અમે પણ હવે નીંદ્રા લઇએ છીએ! રાત્રી ઘણી વીતી ગઇ છે!"

"કુમાર તમે સુખેથી પહોડો! હું તો શેરગઢ જાઉ છુ".

"અત્યારે શેરગઢ શા માટે જવું છે?"

"રાજમહેલમાં અત્યારે શો રંગ ચાલે છે તે જાણવા! રાજા રામસીંહને આપણી ખબર કપટે અથવા તેના કોઈ જાસુસે પહોંચાડી તેનું પરીણામ શું આવ્યું તે અત્યારેજ જવાથી જણાશે!" આમ કહી ચતુર કુમારની રજા લઇ પાછો શેરગઢ તરફ રવાને

થયો. માર્ગમાં તેણે પોતાની અઇયારીની ઝોળીમાંથી જોઈતી વસ્તુઓ કહાડી એક સ્થળે બેસી મહમદનું સ્વરૂપ ધારણ કર્યું ને પાધરો કપટને ઘેર ગયો. આ સમયે કપટ તો વીજયગઢ તરફ વીદાય થઈ ગયો હતો એટલે ઘરમાં રહેલા નોકરોએ એકાએક મહમદને આવેલ જોતાં પૂછ્યું–"મહમદખાં, તમે કયાંથી આવ્યા?"

"અરે હું તો જહાનમમાં ગયો હતો ત્યાંથી સહેલ કરીને પાછો આવ્યો છું, પણ કપટરાય કયાં છે?" આપણા વેષ ધારી મહમદે ઉતાવળે પૂછ્યું. નોકરોએ કપટ ઉપર વીતેલી હકીકત જણાવી અને છેવટે ઉમેર્યું કે "થોડી વાર પહેલાંજ કાસમ અને કપટરાય વીજયગઢ ગયા છે!"

"ત્યારે તો મારે પણ જવુંજ જોઈએ! હવે હું મારે ઘેર ન જતાં તેમની પાછળજ જાઉં છું! તેઓ ઘોડાપર ગયા હશે માટે મારે વાસ્તે પણ જલદી એક ઘોડો મંગાવો!" આપણા મહમદે ફરમાવ્યું. તરતજ વડા નોકરે પોતાના હાથ તળેના એક સીપાઇને ઘોડો લાવવાને ફરમાવ્યું, જે મૂજબ થોડી વારમાં ઘોડો આવતાં તેપર સ્વાર થઈ આપણો મહમદ ત્યાંથી વીદાય થયો ને પાછો ડેરે આવ્યો. આ વખતે કુલીનને હજી નીંદ્રા આવી ન હોવાથી ઘોડાની ખરીનો અવાજ સાંભળતાં તંબુની બહાર આવી ચતુરને પાછો આવેલ જોઇ તેણે પૂછ્યું—"ભાઇ એટલામાં પાછો વળી આવ્યો કંઇ? ત્યાંના શા ખબર છે? વળી આ અશ્વ કોનો?" ચતુરે સઘળી હકીકત કુલીનને કહી. બાકીની રાત આરામ લઈ પ્રભાતે ભોજન કરીને ચતુરે ફરી શેરગઢ જવાની તૈયારી કરી એટલે કુલીને હસીને પૂછ્યું–"રાતે તો કપટનો અશ્વ લાવ્યો, હવે આજે શું કરવું છે?"

"કુમાર, આજ કેવો રંગ જમાવું છું તે પાછો આવીશ ત્યારે જાણશો! આજે બનશે તો કપટનું કાળજ કહાડી નાખું છું!" ચતુરે કહ્યું ને શેરગઢ તરફ રવાને થયો. આ સમયે માર્ગમાં તેણે બીજુંજ સ્વરૂપ ધારણ કર્યું. ઉઘાડે માથે થઈ હાથ ને માથાપર ધુળ ચોળતો ગાંડા ઘેલા સરખો રડતો કકળતો તે રાજા રામસીંહની દરબારમાં ગયો. તેનું વીચીત્ર સ્વરૂપ તથા રીતભાત જોઇને દરબારમાં સઘળાઓને અજાયબી લાગી, અને રાજાએ તે કોણ છે અને શું કહેવા માંગે છે? તે જાણવા

માટે તેને પૂછવાની એક કારભારીને આજ્ઞા કરી, જે મૂજબ પૂછવામાં આવતાં ચતુર રાજા સામે હાથ જોડી રડતો રડતો બોલી ઉઠયો—"ફરીઆદ, ફરી આદ! મહારાજા આપ ન્યાયીના રાજમાં આવું અંધેર ચાલે છે! મારા સરખા ગરીબને લુંટી લેવામાં આવે છે! બચાવો મહારાજ, બચાવો!" એમ કહી ચતુર પાછો મ્હોટેથી છાતી અને માથું કુટી રડવા લાગ્યો. તેનો દયાજનક દેખાવ જોઈ રાજાના અંતઃકરણમાં દયા તેમ વિસ્મયતા ઉપજી અને તેને પૂછયું- "તને કોને લુંટી લીધો છે? ને શું અંધેર ચાલે છે તે સઘળું સ્પષ્ટ જણાવ!"

"મહારાજા, હું આપના વજીર પુત્ર કપટરાયનો નોકર છું. મારૂં નામ રામલાલ છે. ગઇ રાતે આપે એમને શીક્ષા કરી તેથી આપણું નીમક હરામ કરીને તે વીજયગઢના રાજા બલદેવસીંહ પાસે ગયો છે. અરે મહારાજ, મેં તેને બહુ વાર્યો, ને ઘણો સમજાવ્યો કે, આપ મહારાજનું લુંણ ખાઈને આમ કરવું ઠીક નહી. આથી મારાપર ગુસ્સે થઇ મને ખુબ માર્યો." આમ કહી જાણે પોતાનો વાંસો બતાવતો હોય તેવું ડોળ ઘાલી જણાવ્યું —"જુઓ મહારાજ, ખાત્રી કરવી હોય તો મારો વાંસો! અરે, મારાં હાડકાં ભાંગી નાખ્યાં છેરેએએએ! ને એટલાથીજ મને જવા ન દેતાં આટલા વરષની ચાકરી કરી મેં જે નાણું ભેગું કીધું હતું તે તમામ લુંટી લીધું છે! હાય હાય! હવે મારી પાસે એક કોડી પણ રહી નથી! હવે હું શું ખાઈશ ને મારે ઘેર કેવી રીતે પહોંચીશ?! અરેરે! બાયડી છોકરાં જાણશે કે, બાપ રજવાડામાં ત્રણ વરષ ચાકરી કરીને મોટો ગાંસડો બાંધી આવ્યા હશે તેમને હું શું બતાવીશ! મહારાજ બચાવો! ગરીબ માર્યો જાઉં છું! એ નીમકહરામ કપટ તો આપની સામે ચઢાઇ લાવવાને રાજા બલદેવસીંહને ઉશ્કેરવા ગયો છે!" આમ ચતુર જેમ મનમાં આવ્યું તેમ બૂમો પાડવા લાગ્યો. તેની હકીકતથી રાજાને બહુ ગુસ્સો ચહડયો, અને તરતજ તેણે કપટને દરબારમાં હાજર કરવાની આજ્ઞા કરી. થોડી વારમાં ચોપદારે આવીને ખબર કરી કે કપટરાય બીમાર છે, અને બીછાનામાંથી ઉઠવા સરખી પણ શકિત ન હોવાથી આવી શકે તેમ નથી!"

"જુઠું મહારાજ, હળાહળ જુઠું! એ ચોપદાર પણ એની સાથે મળી ગયો છે!" આપણો રામલાલ મ્હોટેથી બૂમ પાડી

ઉઠયો—"મહારાજ, આપની નોકરીમાંના તમામ મુસલમાનો એને મળી ગયા છે ! જુઠું કહેતો હોઉં તો ફરીથી ચોકસ તપાસ કરાવો પછી જણાશે !" તરતજ રાજાએ પોતાના એક કારભારીને આજ્ઞા કરી –"કુંદનરાય, તમે જઇને તપાસ કરી આવો !" કુંદનરાય પણ જઈને થોડી વારમાં પાછો આવ્યો અને તેણે જણાવ્યું "મહારાજ, કપટ ઘરમાં તો નથીજ, પણ તે કયાં ગયો છે તે તેના શેવકો પૂછતાં છતાં પણ જણાવતાજ નથી !" હવે રાજાની ખાત્રી થઇ કે, કપટ નકી રામલાલના કહેવા મૂજબ વીજયગઢજ ગયો છે, પણ તે બાબતની વધુ ખાત્રી કરવા તેને ત્યાંના કોઈ નોકરને પકડી આણવાની આજ્ઞા કરી. તરતજ બે સીપાઇઓએ જઈ એક કમનસીબ દરવાનને પકડી દરબારમાં હાજર કીધો, એટલે રાજાની આજ્ઞાથી કુંદનરાય કારભારીએ તેને પૂછયું "જો મહારાજની હજુરમાં સત્ય હોય તે જણાવજે નહીં તો ભારી શીક્ષાને પાત્ર થઇશ ! બોલ કપટ કયાં ગયો છે ?" આ ધમકીની કંઇ દરકાર ન કરતાં પેલા દરવાને ખરો જવાબ ન આપતાં બીમારીનુંજ કારણ જણાવ્યું, એટલે આપણા રામલાલની જીભ વશ રહી નહીં, અને તે બોલી ઉઠયો–"મહારાજ, જેવો શેઠ તેવો વાણોતર ! કપટનો નોકર કપટ સરખોજ લુચ્ચો હોય માટે એ તો થોડો કુંદીપાક જમશે ત્યારેજ ખરૂં માનશે !" રાજાએ ગુસ્સે થઇ તરતજ તેને મારવાની આજ્ઞા કરી, પણ હજી તેને મારવાને ચોપદાર પોતાનો ડંકો ઉંગામે છે તે પહેલાં તો તે માની ગયો, ને હાથ જોડી ધાસ્તીમાં બૂમ પાડી ઉઠયો–"મહારાજ, મને ન મારશો ! ખરેખરૂં કહું છું !"

"જોયું મહારાજ, હવે કેવો ઠેકાણે આવ્યો ! એ બધા એવાજ લાગના છે ! એ સઘળા લુચ્ચાના સરદારોને ઘાંચીની ઘાણીમાં પીલી પીલીને મારવા જોઇએ !" આપણા રામલાલજીએ દાંત કચકચાવી જણાવ્યું. મારને ધાકે દરવાને કપટના વીજયગઢ જવાનું કબૂલ કરી દીધું. હવે રાજાના ગુસ્સાની હદ રહી નહીં, અને ક્રોધાવેશમાં તે ગાજી ઉઠયો–"કપટના ઘરમાંના તમામ માણસોને ઘરમાંથી બહાર કહાડી આજ્ઞા કરો કે, જો તેમની જીંદગી બચાવવી હોય તો તેમણે એક દીનમાં રાજયની

બહાર ચાલ્યા જવું. એ સમય પછી તેઓમાંથી કોઇ પણ આપણી હદમાં નજરે પડે તેને ગરદન મારવો ! કપટના ઘરબાર લુંટી લઈ તેની તમામ મીલકત જપ્ત કરો, અને તેમાંથી જેટલું ધન એકલો રામલાલ ઉપાડી શકે તેટલું તેને આપી બાકીનું રાજના ખજાનામાં જમા કરવું !" રાજાની આજ્ઞા સાંભળતાંજ આપણો રામલાલ અત્યંત આનંદમાં આવી નાચવા કુદવા મંડી ગયો ને રાજાને હજ્જારો આશીર્વાદ આપવા લાગ્યો. કારભારી કુંદન રાજાની આજ્ઞા અમલમાં મૂકવા કપટને ઘેર ગયો તે પેહેલાં તો રામલાલ ત્યાં જઇ પહોંચ્યો ને કારભારી પ્રત્યે બોલ્યો "ચાલો પહેલાં મને મહોરો આપો કે હું તો લઇને ન્યાયી મહારાજાને આશીર્વાદ આપતો મારે ઘેર જઈ કુટુંબ કબીલાને મળું ! જલદી કરો મહેરબાન ! મુજ ગરીબને નકામો ખોટી કરી હેરાન શું કરો છો !"

"કેવો વીચીત્ર માણસ છે !" કુંદન કંટાળીને બોલ્યો—"તને તો તારી પોતાનીજ પડી છે ! ઉભો રહે જરા ! બીજું કામ બજાવી લઉં પછી તારી હોંશ પણ પૂરી કરૂં છું ! એટલી બધી ઉતાવળ શી આવી છે ?" આપણા રામલાલની ધીરજ કંઇ રહી શકે તેમ હતી ? કુંદનનું કહેવું કંઈ તે માની જાય તેમ હતું ! બસ, તેણે તો બૂમરાણ મચાવી મૂકી—"ફરીયાદ, ફરીયાદ ! મહારાજ આ આપનો કારભારી મને મોહોરો નથી આપતો ! મને મારી નાંખ્યોરેએએએ !" આમ બૂમો પાડતો તે રાજદરબાર તરફ ચાલ્યો, એટલે કુંદને તેને પાછો બોલાવી સમજાવવા માંડયો—"અરે ભલા માણસ, એટલામાં મહારાજ પાસે ફરીયાદ કરવા શું જાય છે ! લે તનેજ પહેલાંથી પતાવું છું ! બહુ વીચીત્ર માણસ છે તું તો !"

"હુઅઅઅ ! હવે કેવા ઠેકાણે આવ્યા !" રામલાલ બોલી ઉઠયો—"બૂમો પાડી મહારાજને ફરયાદ કરવા હું જાત નહીં તો મારૂ બધું ધન ખાઇ જવાનો વીચાર હતો નહીં !"

"ઠીક તું જેમ કહે તેમ ! લે તારૂં ધન !" કુંદને હસીને કહ્યું, ને તેની સામે હજાર મોહોરનો ઢગલો કરાવ્યો.

"મહારાજાએ શી આજ્ઞા ફરમાવી છે તે કંઈ યાદ છે કે ? અરે એટલી મોહોરો તો મારા એક ખીસામાં સમાઈ જશે ! પછી હું ઉપાડીને શું લઈ જઇશ !" રામલાલે જણાવ્યું—"કેમ

હજી દાનત બગડેલીજ છે ? જાઉં મહારાજાને ફરીયાદ કરવા ! આ તો દાતારી દાન કરે ને દળનારીના પેટમાં દુઃખે ! ”

“ લે તારાથી ઉપડે એટલું ધન લઈ જા ! ” કુંદને કહ્યું અને આપણા ર મલાલને કપટના ખજાના પાસે ઉભો રાખી જણાવ્યું— “ આમાંથી તારાથી જેટલું ઉપડે તેટલું ઉપાડ ! જોઉં કેટલુંક ઉપાડી શકે છે ! ” તરતજ આપણા રામલાલજીએ પોતાની થેલીમાં, ઝોળીમાં, ખીસામાં, માથાપર અને છેલે મ્હોમાં જ્યાં સમાયું ત્યાં ભરીને દસ હજાર મોહોરો ઉપાડી પોતાનો રસ્તો લીધો. આ જોઈ સઘળાઓને અજાયબી લાગી અને હસીને કહેવા લાગ્યા— “ આને માણસ કોણ કહે ? ! આતો રાક્ષસ છે રાક્ષસ ! ” રાજાની આજ્ઞા મૂજબ કપટનાં ઘરબાર અને ધન દોલત લુંટીને જપ્ત કરવામાં આવ્યાં અને તેનાં કુટુંબનાં સઘળાં સ્ત્રીપુરૂષો અને નોકર ચાકર રડતાં કકળતાં વીજયગઢ તરફ રવાને થયાં. રામલાલના વેષમાં ચતુર તો મોહોરો લઇને કુલીનસીંહ પાસે ગયો, અને પોતાની સાથેના વજન સહીત તેની સામે બેસી ગયો જેથી મોહોરોનો ખણખણાટ થતાં કુલીને પૂછ્યું—“ આજ તો શરીરમાંથી બહુ અવાજ નીકળે છે ? કપટને ત્યાંથી કેટલાક હાથ માર્યા છે ? ! ”

“ કુમાર, આજ તો બેવડો લાભ થયો છે ! એક તો આ મોહોરોનો લાભ ! ” એમ કહેતાં તેણે પોતાની પાસેની મોહોરો ખાલી કરીને મ્હોટો ઢગલો કર્યો ને જણાવ્યું—“ આ સાથે શેરગઢમાંથી તો કપટનો કાંકરો દૂર કરી દીધો છે ! રાજાએ તેન ઘરબાર જપ્ત કીધાં છે, અને હવે જો કપટ શેરગઢમાં આવે તો એક ઘડી પણ જીવવા પામે તેમ નથી ! ” આટલું કહી ચતુરે સઘળી હકીકત કહી, જેથી કુમારને અજાયબી લાગી અને તે સાથે બેહદ હસવું આવ્યું. “ કુમાર, આટલી બધી તમારી સેવા બજાવી તેને માટે હવે શું ઈનામ આપો છો ? આ પાપીનું ધન કંઈ મને એમને એમ પચે તેમ નથી, માટે તમારી તરફથી એમાં કંઈ ઉમેરો કે એ પણ પવીત્ર થઇ જાય ! ” ચતુરે હસીને કહ્યુ “ અને તે આ મોહોરોથી કીંમતમાં ઓછું હોવું ન જોઇએ કેમકે, તમે તો એના કરતાં મ્હોટા ગણાઓ ! ”

“ પણ અને એટલી બધી મોહોરો ક્યાંથી લાવવી ? ”

"અત્યારેજ શું જરૂર છે? કબૂલ કરો એટલે થયું!" કુમાર હસ્યો અને પોતાની આંગળીમાંથી અમુલ્ય હીરાની વીંટી ઉતારી ચતુરની આંગળીએ પહેરાવતાં બોલ્યો—"ભાઈ, આ નજીવી મુદ્રીકા પૂરતી છે?!"

"ઈશ્વર તમારી મુરાદ પૂર્ણ કરો!" ચતુર આનંદસહ બોલ્યો—"કુમાર, હવે તમે નગરમાં પધારો કેમકે, મારે હવે વીજયગઢ જવાની જરૂર છે. ત્યાં પાપી શા પ્રપંચ લડાવે છે તે તો જોઇએ!" મધ્યાન્હકાળનો સમય વીત્યા બાદ કુલીને પોતાનો પડાવ ઉઠાવવાની આજ્ઞા કરી, અને સાંજ પડતાં તેઓ કીર્ત્તિપુર જઇ પહોંચ્યા. આ તરફ કપટનાં ઘરબાર રાજાએ જપ્ત કરી લીધાની ખબર આખા શેરગઢમાં પ્રસરી રહી. રાજમહેલમાં મહારાણી રત્નવતી અને કાન્તા તથા ચકોરી, ચપળા વગેરે સર્વે એ વાત જાણી અત્યંત આનંદ પામ્યાં. રાજા રાજમહેલમાં પધારતાં રાણીએ આનંદસહ કપટ વિષેની હકીકત રાજાને પૂછી એટલે રાજાએ તિરસ્કારસહ જણાવ્યું—"એ જબરો લુચ્ચો હતો! પાપીએ વીના કારણે આપણી લાડકી કુંવરી ઉપર કલંક લગાડયું!" આ તક જોઈ રાણીએ કુલીનની વાત છેડી. "પ્રાણનાથ!" રાણીએ ગંભીર અવાજે જણાવ્યું—"કુલીનકુમારને આપણે ત્યાં આવતો આપે શા વીચારે બંધ કીધો? મહારાજ, કાન્તાનો જન્મ થયો નહોતો ત્યારથી કુલીન આપણે મહેલે આવતો જતો હતો, અને દીવસોના દીવસો રહી જતો હતો! કુંવરીનો જન્મ થતાં તેઓ બંને સાથે રમતાં હતાં તેથી તેમની વચ્ચે સ્નેહ બંધાઇ ગયો! એ શીવાય રાજા જગતસીંહ અને આપ જુદા છો અને શેરગઢ અને કીર્ત્તિપુર જુદાં રજવાડાં છે, એમ કોઈને લાગતું નહોતું. વળી રાજા જગતસીંહ આપનું વચન કદી ફેરવતા નહીં! કુંવરીના વીવાહ તો કુલીનકુમાર સંગેજ કરીશું એમ આપે પણ વારંવાર ઇચ્છા દર્શાવી હતી! તેમની વચ્ચે બંધાયલા આવા દ્રઢ પ્રેમમાં ભંગ કરવા માટે પાપી કપટે આપને ભંભેરીને બંને રાજ્ય વચ્ચેનો સંબંધ તોડી નંખાવ્યો! નાથ, અમારા આ કહેવા ઉપર આપ વીચાર કરશો તો આપને સઘળું જણાશે!"

"દેવી, તમારૂં કહેવું સત્ય છે!" રાજાએ ગંભીર અવાજે જણાવ્યું—"અમારી મતી કેમ ગુમ થઈ ગઈ હતી તે અમે પોતે

સમજી શકતા નથી ! કુલીનકુમાર માટે અમારા અંતઃકરણમાં જે સ્નેહભાવ હતો તે શામાટે દૂર થઇ ગયો હશે ! ઓફ ! પાપી કપટે તો ગજબ કરી નાંખ્યો હતો ! હરામખોર ગયો ત્યારે સઘળું જણાયું ! ”

“ પાપી હજી શાંત પડયો નથી ! સાંભળવા મૂજબ એ વીજયગઢ ગયો છે ! ” રાણીએ જણાવ્યું–“ ભુંડો પોતાની ભુંડાઇનો ભાવ ભજવ્યા વગર કદી રહેશે નહીં ! તે અવશ્ય રાજા બલદેવસીંહને ઉશ્કેરશે ! ” ”

“ અરે, તેની કંઈ દરકાર નહી ! જોઇ લઇશું ! ઈશ્વર સરજનહાર સર્વશક્તિમાન રક્ષક છે ! ” રાજાએ ભાર દઇને જણાવ્યું. થોડી વાર વાતચીત કરી રાણી કુંવરીના મહેલમાં ગઇ, અને રાજા ભવિષ્યના વીચારમાં ગુંથાઈ આસને બેઠો. દીવાનપદપર હવે કોને નીમવો તેની તેને હવે ચીંતા લાગી. ભવિષ્યમાં આવનાર કટોકટીના સમયમાં દીર્ઘદ્રષ્ટિથી બંદોબસ્ત રાખે એવા કોઈ લાયકને નીમવાનો ઠરાવ કીધો, અને તે માટે ઉંડા વીચારમાં પડયો. આખરે રાજાએ પોતાના નાયબવજીર ધવલરાયને દીવાન પદે નીમવાનો નિશ્ચય કર્યો. ધવલરાય પણ તે પદને દરેક રીતે લાયકજ હતો. તે સત્યવાદી, ન્યાયી, દયાળુ અને ભલો હતો, તેમજ રાજકાજમાં પણ દરેક વાતે પ્રવીણ હતો. પોતાના ઠરાવ મૂજબ શુભ મુહુર્ત જોઇ રાજાએ ધવલરાયને દીવાનપદે મુકરર કર્યો જેથી આખી પ્રજામાં સંતોષ અને આનંદ પ્રસરી રહ્યો.

પ્રકરણ ૧૧ મું.

ચંડાળ ચોકડી અને પાંચમા પંડીતજી.

મધ્યાન્હકાળનો સમય હતો. સૂર્યનો ઉગ્ર તાપ પ્રાણી માત્રને અસહ્ય થઇ પડયો હતો, જેથી સર્વ કોઈએ પોતપોતાના આરામસ્થાનમાં આશરો લીધો હતો. માર્ગમાં નિર્જનતા છવાઈ ગઈ હતી. આ સમયે વીજયગઢની પાદરે આવેલા એક વિશાળ તળાવપર કપટ અને કાસમ એક ઘટાદાર આમલીના વૃક્ષ તળે આસાએશ લેવાને બેઠા હતા. તેમના અશ્વ તેમની સામેના ઝાડના

થડ સાથે બાંધેલા ઉભા ઘાસ ચરતા હતા. કાસમ અને કપટ તરતનાજ ભોજન કરી વાતો કરતા બેઠા હતા. "આપણે નગરમાં ક્યારે જઈશું?" કપટે કાસમને પુછ્યું.

"દીવસ નમતે જઈશું એટલે આપણે દરબારને વખતે પહોંચી જઇશું કે રાજાની મુલાકાત થતાં વીલંબ નહી લાગે." કાસમે કહ્યું.

"ઠીક! યાર, કુલીન અને ચતુરને પકડી ઠાર કરવાને મારૂં મન બહુ તલપી રહ્યું છે." કપટ ગુસ્સાસહ બોલ્યો.

"બધું થશે! જુઓ તો ખરા! રાજા બલદેવસીંહના અઇઆરો અને શાંતીનાથ જોશીજીની મદદ મળી એટલે આપણે જે કાંઇ ધારીશું તે કરી શકીશું! પછી તમને કાન્તાકુંવરી મળી એમ સમજીજ રાખવું!" કાસમે ગંભીરતા સહ જણાવ્યું.

"આપણાથી બની શકે તો આખું કીર્ત્તિપુર રાજ્ય પાયમાલ કરી નાંખવું!" કપટ હવાઇ કીલ્લા બાંધવા લાગ્યો.

"રાજા બલદેવસીંહની મદદ મળી એટલે બધું બની શકશે! કીર્ત્તિપુર અને આપણા શેરગઢના રાજ્યો સાથે મળી જાય તો પણ રાજા બલદેવસીંહની બહાદુરી અને લશ્કરી જોર આગળ તેઓ તણખલા સમાન છે! એક વાર તમે રાજા બલદેવસીંહને મળી આપણા પક્ષમાં લ્યો પછી જુઓ કે કેવો રંગ જામે છે!" કાસમ બોલ્યો. આમ મનમાં અનેક હવાઈ કીલ્લાઓ બાંધવામાં કાળ ગુમાવી પહોર નમતાં તેઓ ઘોડેસ્વાર થઇ નગરમાં દાખલ થયા અને રાજદરબારમાં જઈ પહોંચ્યા. આ સમયે રાજા બલદેવસીંહ પોતાના રાજકાજમાંથી પરવારીને દીવાન સંગે પ્રજાની સ્થીતિ સંબંધી વાતચીત કરતો બેઠો હતો, એટલામાં કપટે દરબારમાં હાજર થઇ રજવાડી રીવાજ મૂજબ નમન કરી પોતાની પાસેનું ઝવાહીર ભેટ ધર્યું. રાજા પણ કપટને સારી પેઠે ઓળખતો હોવાથી તેને આસને બેસાડી શેરગઢની તથા તેના પીતાના મરણ સંબંધી ખબર અંતર પૂછી, જે સઘળાના ઘટતા જવાબ આપ્યા પછી રાજાએ તેના આવવાનું કારણ પૂછતાં કપટે જણાવ્યું— "મહારાજ, ખાસ કારણને લીધેજ આપની હજુરમાં આવવાની જરૂર પડી છે, પણ જે હકીકત હું આપને જણાવવા અત્રે આવ્યો છું તે તદ્દન ખાનગી અને ઘણીજ અગત્યની છે, તેથી આશા છે

કે આપના આ શેવકની આપ ન્યાયી આ અરજ માન્ય રાખી એકાન્તમાં આપની મુલાકાત લેવાનો લાભ આપશો." કપટની અરજ રાજાએ ઘણી ખુશીથી મંજુર રાખી, અને તે એવી તે શું ખાનગી અને અગત્યની હકીકત જણાવવા માગે છે તે જાણવાની આતુરતા ઉપજતાં રાજાએ તરતજ દરબાર બરખાસ્ત કરી, અને થોડી વાર પછી કપટને પોતાના મહેલમાં તેડી આવવાની પોતાના દીવાનને આજ્ઞા કરી પોતે મહેલમાં પધાર્યા. આજ્ઞા મૂજબ દીવાન કપટને રાજાની હજુરમાં તેડી ગયો, જ્યાં રાજાએ તેને પોતાની હકીકત જણાવવાની આજ્ઞા કરવાથી કપટે પોતાના આ વવાનું કારણ જણાવ્યું. તેણે રાજા રામસીંહનું બહુજ ભુંડુ બોલી બલદેવસીંહને ઉશ્કેરવા જણાવ્યું—" મહારાજ, શેરગઢની પ્રજાનું દુઃખ મટાડવાને આપે ઈચ્છા કરવાની આ તક બહુ સારી છે, અને આપની એ ઇચ્છા હાલમાં પાર પડતાં બહુ મુશ્કેલી નડે તેમ નથી કેમકે, રાજા રામસીંહનું લશ્કર હાલમાં તદ્દન અવ્યવસ્થિત થઇ ગયું છે. આ સાથે વળી લશ્કરમાં ઘણો ભાગ મુસલમાન સીપાઇઓજ છે, તેઓ સઘળા તો મારા હાથમાંજ છે, એટલે આપના લશ્કરે શેરગઢની સરહદપર પડાવ નાંખ્યો કે તરતજ રાજા રામસીંહ સહજમાં આપને શરણે આવી રક્ષણ માંગશે! વળી રાજા રામસીંહની કુંવરી કાન્તાના રૂપ ગુણનું વર્ણન હું આપને શું કહું ?! સૌંદર્યમાં તેણીની જોડી આખી દુનીયામાં મળવી મુશ્કેલ છે. કીર્તિપુરના રાજા જગતસીંહનો કુંવર કુલીન તેણી સંગે પરણવા તલપી રહ્યો છે, પણ કાગડાની કોટે રત્નની માળા કદી શોભે ? દુનીયામાં આપ સરખા રત્ન નથી શું ? મહારાજ, આપે એ રમણીરત્ન બાયલા કુલીનના હાથમાં જવા દેવું જોઇએ નહીં !" આ મૂજબ રાજા બલદેવસીંહને ઘણું સમજાવી કપટે તેને ખુબ છાપરે ચઢાવ્યો, અને શેરગઢ ઉપર એકદમ ચઢાઇ કરવાને પોતાની સાથેજ તેનું લશ્કર મોકલવાની અરજ કરી. કાન્તાનાં સ્વરૂપના વખાણ સાંભળીને તેણીને મેળવવાની રાજા બલદેવસીંહને પણ બહુ જીજ્ઞાસા ઉત્પન્ન થઈ, પણ તે પાર પાડવા માટે શેરગઢ ઉપર ચઢાઇ કરવાને એકદમ લશ્કર મોકલવાની કપટની સુચના વીચાર કરતાં તેને પસંદ પડી નહી, તેથી તેણે કપટને કહ્યું—" હમણાં શેરગઢપર ચઢાઇ મોકલવાની

અમને કંઇ અગત્ય જણાતી નથી કેમકે, બીજે રસ્તે અમે ધારેલી ઇચ્છા પાર પાડી શકીએ તેમ છે! બસ, પહેલાં તો અમારા અઈયારોને અમે એ કામ સોંપીશું, પછી વખત આવશે ત્યારે જોઈ લઇશું! અમારી દરબારમાં છ અઈયારો છે તેમાંથી ચાર અઇયારો અને પાંચમાં જોશી શાંતીનાથ પંડીતને અમે તમારી સાથે મોકલીશું, અને જો પછી જરૂર પડશે તો અમે પણ પાછળથી લશ્કર સહીત આવી પહોંચીશું."

"મારી સાથે કયા અઇયારોને મોકલવાની આપની ઈચ્છા છે?" કપટે આનંદમાં આવી પૂછ્યું.

"ચમનરાય અને ઘસીટાસીંહને અમારી પાસે રાખીશુ અને ભૈરવનાથ, બદ્રીનાથ, વીરકાળ, તેમજ નારાયણસીંહને તમારી સાથે મોકલીશું!" રાજાએ જવાબ આપ્યો, અને ચોપદારને બોલાવી ઉપલા ચાર અઇયારો અને પંડીતજીને પોતાની હજુરમાં મોકલવાની આજ્ઞા કરી. થોડી વારમાં ચારે અઇયારો પંડીતજી સહીત આવી પહોંચ્યા. રાજાએ તેમને કપટ સાથે શેરગઢ જવાની આજ્ઞા કરી અને ત્યાં એમણે શું કામ બજાવવું છે તે વિષે પૂરતી સમજણ આપી કેટલીક સુચનાઓ કરી છેવટે કહ્યું—"એ શીવાય બીજી કશી બાબતમાં તમને મુંઝવણ પડે તો કપટરાય ખુલાસો કરશે! પણ તમોએ કેટલું કામ બજાવ્યું છે તેના સમાચાર અમને વરંવાર જણાવજો." આમ તેઓ ત્યાં વાતચીત કરતા બેઠા હતા, એટલામાં ચોપદારે આવી નમન કરી અરજ કરી—"મહારાજ દોઢીપર કેટલાક સ્ત્રીપુરૂષો આવી આપને અરજ કરવાને ઉભા છે. તેઓ કપટરાયનાં સગા સંબધી તરીકે પોતાને ઓળખાવે છે, અને એમ જણાવે છે કે, કપટરાય આપ શીરછત્ર પાસે આવ્યા તેની ખબર રાજા રામસીંહને પડતાં તેમણે કપટરાયનાં ઘરબાર લુંટી લઇ તેઓ સઘળાંને પોતાના રાજ્યમાંથી હાંકી કહાડયાં તેથી તેઓ આપની સાહ્યતા મેળવવાને અરજ કરવા આવ્યાં છે!" આ સાંભળતાંજ કપટના હોશ ઉડી ગયા, અને આતુર ચહેરે તેણે રાજા તરફ જોયું. કંઇક ગુસ્સા સહીત રાજાએ તેમને અંદર મોકલવાની ચોપદારને આજ્ઞા ફરમાવી. અંદર આવ્યા પછી રાજાના પૂછવાથી તેમણે સઘળી હકીકત દયામણે અવાજે કહી સંભળાવી. કપટ અને કાસમ સંગે ત્યાં મહ-

મહદને ન જોતાં જે બુઢા શેવકે તેને અશ્વ આપી વીજયગઢ તરફ રવાને કીધો હતો તેણે કપટને પૂછ્યું "શેઠજી, મહમદ આપને મળ્યો હશે ?"

"ક્યાં છે મહમદ વળી ? અહીં તો તે આવ્યો નથી !" કાસમ બોલ્યો.

"અત્રે નથી આવ્યો ત્યારે એ ક્યાં ગયો હશે ? આપ જે રાત્રે અત્રે આવવાને વીદાય થયા તેજ રાતે થોડી વાર પછી તે મહેલે આવ્યો હતો એટલે અમે તેને આપની હકીકત જણાવી આપ તરફ રવાને કીધો, અને તે પણ આપ તરફ જવાનું કહી નેજ નીકળ્યો હતો !" બુઢા નોકરે જણાવ્યું. આથી સઘળો ભેદ તરત ખુલ્લો થઇ ગયો, ને કાસમ બોલી ઉઠયો--"બસ, બસ, મહમદ કોણ હતો તે જાણવું મુશ્કેલ નથી ! તે ચતુરજ હોવો જોઇએ ! આપણા અત્રે આવવાની ખબર પણ તેણેજ રાજા રામસીંહને આપી હશે, અને તમામ ફીસાદ તેણેજ મચાવ્યો છે !" આ સાંભળી કપટના સઘળા શેવકો દીંગમૂઢ સરખા ઉભા રહી ગયા. કપટની આંખમાં ઝળઝળીઆં આવી ગયાં, ને તે હાથ જોડી રાજાને કંઈ અરજ કરવા જતો હતો એટલામાં તેની હાલત પામી જઈ તેને ધીરજ આપવા રાજાએ કહ્યું "કપટરાય, તમે લેશ પણ ચીંતા કરશો નહીં ! હજી શું વહી ગયું છે ? રાજા રામસીંહ તમને આમ લુંટી લઈને શું સુખે બેસી શકશે ? તમે અમારી સાહ્યતા માગવા આવ્યા છો, એટલે તે અમારે આપવી જ જોઇએ ! બસ, તમને થયલા ગેરઇનસાફનું વૈર અમે રામસીંહ ઉપર લઇશું ! તમારા કુટુંબ માટે સર્વ પ્રકારનો યોગ્ય બદોબસ્ત કરીશુ !" કપટને આથી ધીરજ વળી. રાજા બલદેવસીંહે તરતજ કપટનાં કુટુંબ માટે ઘર તૈયાર કરવાની આજ્ઞા કરી. થોડા દીવસ વીજયગઢમાંજ ગાળી કપટ રાજાની આજ્ઞા લઈ ચાર અઇયારો તથા જોશી શાંતીનાથ અને કાસમ સહીત શેરગઢ રવાને થયો. રાજાના અઇયારોએ જાતજાતનાં પોશાક તથા અઈયારી માટેની દરેક વસ્તુઓ તેમજ હથીઆરો પોતાની સાથે લીધાં હતાં. પંડીતજીએ પણ પોતાનાં પાનાંપુસ્તક તેમજ તે પણ થોડી ઘણી અઈયારી જાણતો હોવાથી કેટલીક તેને લગતી અગત્યની વસ્તુઓ સાથે લીધી હતી. શેરગઢ સાથે કીર્ત્તિપુર

પણ જવાનો તેમણે વીચાર કીધો હતો, પણ હવે આપણે પણ તેમની સંગે મુસાફરીએ નીકળી જોઈએ છીએ કે તેઓ ક્યાં જાય છે અને શું કરે છે ? પણ તે પહેલાં શેરગઢ અને કીર્ત્તિપુરના મુલકો વિષે વાંચનારને અગાઉથીજ થોડીક માહીતી આપવાની જરૂર છે. શેરગઢ અને કીર્ત્તિપુરના મુલકોમાં ઘણો ભાગ પહાડી પ્રદેશ હતો. ધીચ ઝાડીવાળાં જંગલો પણ ઘણાં હતાં. ચંદ્રપ્રભા અને કર્મનાસા નદીઓ આ પહાડી મુલકમાં વહેતી હતી. પહાડોમાં કુદરતને હાથે બનેલી મ્હોટી મ્હોટી ખાઈઓ અને ગુફાઓ વગેરે ઘણાં રમણીક સ્થાનો હતાં. વર્ષા રૂતુમાં તો આ પ્રદેશની સુંદરતા કંઈ ઓરજ શોભી નીકળતી હતી. કાચ સરખા નિર્મળ જળના સુંદર ઝરાઓ ઠેકાણે ઠેકાણે વહી રહેતા હતા. વીજયગઢથી કપટ સાથે નીકળેલા અઇયારો નગરમાં ન જતાં શેરગઢની પાસેના આવા એક આનંદી જંગલમાં પડાવ નાંખી રહ્યા હતા. અહીંથી તેઓએ એવો ઠરાવ કીધો કે, સઘળાઓએ સાથે ન જતાં જુદે જુદે વેષે નગરમાં જવું, અને અઈયારી ચલાલવી, પણ જયારે જરૂર પડે ત્યારે તેજ જંગલમાં આવીને સીટી વજાડવી જે સાંભળીને સઘળાઓએ ભેગા મળવું, પણ એ અઇયારોમાં સઉથી વધારે ચાલાક અને હુશીયાર અઇયાર બદ્રીનાથને લાંબા વીચાર કરતાં એ માર્ગ પસંદ પડયો નહીં, અને તેણે કહ્યું “ ભાઇઓ, એટલી બધી ઉતાવળ કરવા પહેલાં જરા દુશ્મનોનો પણ કંઈ વીચાર કરો ! આપણને કેવા માણસો સાથે કામ લેવાનું છે, તેનો જરા ખ્યાલ કરો ! એક તો આપણે તેમને ઓળખતાજ નથી, ત્યારે ધારો કે, હમણાં આપણે અજાણતાં કોઈ દુશ્મનના હાથમાંજ સપડાઈ ગયા તો પછી શું કરવું ? માટે પહેલાં તો આપણે જુદે જુદે વેષે નગરમાં જઇ રાજ્યદરબાર અને રાજમહેલમાંના તમામ માણસો ને દાસીઓ અને છેક રાણી વગેરેને સારી રીતે ઓળખવાં જોઇએ, તેમની રીતભાત અને નામ વગેરે પણ જાણી લેવા જોઈએ ! ” બદ્રીનાથની આ સલાહ સઘળાને પસંદ પડી અને કપટ જાણે પોતાની મનકામના પારજ પડી ગઈ હોય તેમ ઉત્સાહ સહ બોલી ઉઠયો “ એ સઘળું જાણવાની તમને બહુ મુશ્કેલી નડશે નહી. ઘણીખરી બાબતો તો કાસમ તમને અત્યારથીજ જણાવી દેશે ! ” કાસમે તેમને શેરગઢની દરબાર અને રાજ્યમહેલમાંના તમામ માણસોનાં નામો અને સાથે પોતાનાથી

જેટલી બની તેટલી તેમના રૂપરંગ અને રીતભાત વગેરેની પણ ઓળખાણ આપી. આમ બનતી માહીતી મેળવ્યા બાદ અઈયારોએ હવે પોતાનું કામ ચાલુ કર્યું. જુદાં જુદાં સ્વરૂપ ધારણ કરી શેરગઢ જઇ રાજ્યમહેલનો રંગ જોવાને તેમાં પ્રવેશ કીધો, અને તેમાંના સઘળા સ્થાનો વગેરે જોઇ આવ્યા, પણ ચકોરીની ચાલાકી આગળ તેમને પોતાની ચાલાકી અજમાવવાની તક મળી નહીં. આમ થોડા દીવસો માહીતગારી મેળવવાને ગાળ્યા પછી તેમણે પોતાની અઇયારીની જાળ ત્યાં પાથરવા માંડી.

પ્રકરણ ૧૨ મું.

નવી બાજીની રચના.

કીર્તિપુરના કીલ્લાની બહાર ચંદ્રપ્રભા નદીના કીનારાપર કુલીનકુમાર ચતુર અને બીજા કેટલાક માણસો સહીત સંધ્યાકાળની શોભા નીહાળતો બેઠો હતો. એક તરફથી વહેતી ચંદ્રપ્રભા નદી સામી બાજુએથી વહી રહેલી કર્મનાસા નદી સાથે કીલ્લાની નીચે મળી જઇ વધુ જોરથી પ્રવાહ વહેતો હતો. જે સ્થાને કુલીન અને ચતુર બેઠા હતા ત્યાં નદીનો પટ બહુ પહોળો નહોતો. સામી બાજુના કીનારાપર આંબા, આમલી, આશોપાલવ વગેરે જાત જાતનાં મ્હોટાં ઝાડોનું ઘાડું જંગલ હતું, જેમાં અસંખ્ય મોરનાં ટોળાં કલ્લોલ કરી રહ્યાં હતાં. પોતાની પ્રીયાને પૂકારવાને મયુરના સાદ સાથે ઝાડોપર કુદી રહેલા વાંદરાઓનો કલરવ મળી જવાથી તે સ્થાન ગાજી રહી અપૂર્વ આનંદી બની રહ્યું હતું, પરંતુ કાન્તાના વીરહની વેદનાએ પીડાતા કુલીનના હૃદયને આથી લેશ પણ શાન્તી વળવાને બદલે તેનાં દુઃખમાં વધારો થતો. તેની મુખમુદ્રા ઉપર ઉદાસી છવાઇ ગઇ હતી. મોરના અવાજથી તેનું અંતઃકરણ જાણે તીરોથી ભેદાઇ જતું હતું. વાંદરાઓના કલવરનો અવાજ વજ્રના કારી ઘા સરખો પીડાકારી લાગતો હતો. ધીમે ધીમે વહેતો શીતળ સંધ્યાવાયુ તેના શરીરને ગરમ લાગતો હતો. ચતુર તેને અનેક પ્રકારે સમજાવતો હતો તેથી જાણે તેનાં હૃદયના જખમ ઉપર મીઠું રેડાતું હતું. નદી તરફ દ્રષ્ટિ માંડી ઉંડા નીસાસા નાંખતો તે મુંગો મુંગો

બેઠો હતો. એટલામાં તેમનાથી થોડેક દૂર નદી કીનારાપર એક સાધુ હાથમાં ખંજરી લઈ મ્હોટે અવાજે ગાતો સંભળાયો. તેના અવાજે ચતુરનું ધ્યાન ખેંચ્યું અને પાછળ ફરી જોતાં તેની સાધુ પર નજર પડી. આ સાધુએ ભગવા રંગની કફની પહેરી હતી. તેને કપાળે સફેદ ચંદનનું મ્હોટું રામાનંદી તીલક હતું. તેના ભજનના કેટલાક શબ્દો ચતુરને કાને પડવાથી તેની જીજ્ઞાસા ઉશ્કેરાઇ અને તે એક ચીત્તે સાંભળવા લાગ્યો, એટલે ભજનના નીચલા શબ્દો સાંભળ્યાઃ--

બેફીકરા થઇ શું બેઠા છો ? થાઓ જલદી તઇયાર,
વીજય જઈ લાવ્યો કપટ ચતુર ચાર અઇયાર,
સાથે વળી પંડીતજી રમલમાં બહુ હુશીઆર,
ચેતો, જાગો કંઇ કરો ભવિષ્યનો વીચાર.

આટલા શબ્દો સાંભળતાંજ ચતુરે ફરીથી સાધુ તરફ નજર કરી. આ સમયે તે સાધુની નજર પણ તેમની તરફજ હતી. પોતાની તરફ ચતુરની નજર જોઈ તે સાધુ પોતાના દાંત બતાવતો ત્યાંથી ચાલ્યો ગયો. કાન્તાનાં રટણમાં ગુંથાયલા કુમારને આ સઘળાનું કંઈ પણ ભાન નહોતું. તેની નજર તો નદીના વહેતાં પાણી ઉપર ઠરી રહી હતી. સાધુ નજર આગળથી દૂર થતાંજ ચતુરે કુમાર તરફ ફરી જોયું અને તેને મૂઢ સરખો બેઠેલ જોઇ ઢંઢોળી કહ્યું--"કુમાર, કુમાર!" પણ કુલીને તે ન સાંભળ્યા થી તેણે તેનો હાથ પકડી ખેંચ્યો, જેથી કુલીન પોતાના વીચારમાંથી ચમકી જાગૃત થયો અને પૂછ્યું "કેમ?" ચતુરે તેનાં ચીત્તની સ્થીતિ જાણી જઇ તે સ્થળે વધુ વાર બેસવાનું યોગ્ય ન વીચારી કહ્યું "ચાલો કુમાર, મહેલમાં જઇયે!" કુલીન સાવધ થઈ ઉભો થયો, અને તેઓ બંને કુલીનને મહેલે આવ્યા. અત્રે તેઓ એકલાજ હતા. આસને બેસતાં ચતુરે કહ્યું "કુમાર, સાવધ થઈ ચીત્ત સ્થીર કરો! તમને એક અગત્યની બીના કહેવીછે!"

"અમારૂં ચીત્ત સ્થીરજ છે! કહો!" કુલીને કહ્યું.

"કપટ રાજા બલદેવસીંહ પાસે મદદ મેળવવાને વીજય ગઢ ગયો તે તમે જાણો છો ખરૂં!!" ચતુરે કહ્યું—"અને તેના પરીણામમાં રાજા બલદેવસીંહે તેને મદદ આપી, પોતાના ચાર અઈયારો અને પાંચમાં શાંતીનાથ જોશીજીને કપટ સાથેજ શેરગઢ

મોકલ્યા છે. જોશી રમલ નાંખવામાં બહુ પ્રવીણ છે કાસમ તો પહેલાંથીજ તેમની સાથે છે, એટલે દુશ્મનોની સંખ્યા હવે મ્હોટી થઇ છે, એટલે તેઓ કંઇ ઓછું તોફાન નહી મચાવે, માટે હવે આપણે સાવધ રહેવું જોઈએ કેમકે, મારી પૂરતી ખાત્રી છે કે તેઓમાંથી કોઇ પણ આપણા નગરમાં આવી જરૂર તમને ફસાવવાની તજવીજ કરશે માટે તમે સાવચેત રહેજો, ને મારા શીવાય બીજા કોઇની સાથે કદી પણ કોઇ સ્થળે જતાજ નહી. તેમજ કોઈ કંઈ પણ આપે તે કદી ખાશો નહી કે એકાદ ફુલ આપે તો તે સુંઘશો પણ નહી ! જુઓ, મારૂં સ્વરૂપ ધારણ કરીને પણ તેઓ કદાચ આવે તો તેમાં કંઇ અજાયબ થવા જેવું નથી, પણ તે તમારે કેવી રીતે જાણવું તે માટે જુઓ, આ મારી જમણી આંખમાં નીચેના ભાગમાં એક તલ છે જેની કોઇને ખબર નથી. હવેથી દીવસમાં જેટલી વાર હું તમારી પાસે આવીશ તેટલી વાર એ તલને છૂપી રીતે બતાવી હું તમને મારી ઓળખાણ આપીશ અને જ્યારે તેમ હું ન બતાવું ત્યારે જાણવું કે તે આવનાર મારૂં સ્વરૂપ ધારણ કરનાર કોઈ અઇઆર છે !" આ શીવાય બીજી કેટલીક વાતો કહી ચતુરે કુમારને પૂરતી રીતે સવધ કર્યા પછી છેવટે કહ્યું—"હવે હું રજા લઉં છું કેમકે, દુશ્મનોની હીલચાલપર બારીક નજર રાખવા આજે શેરગઢ જવાની જરૂર છે, માટે મહારાજ અથવા પીતાજી મારે માટે પૂછે તો તમને જે યોગ્ય લાગે તે જણાવજો. તમે હવે ચીંતા કરશો નહી!" આટલું કહી તે જવાને ઉઠયો. જતાં જતાં ફરી તેણે કુમારને કહ્યું—"જુઓ મેં કહ્યું છે તે સઘળું યાદ રાખજો ને સાવધ રહેજો નહી તો દુશ્મનોના હાથમાં સહજમાં ફસી પડશો !" પછી ચતુર પોતાને ઘેર ગયો અને ભોજન વીગેરે કરી થોડીક રાત્રી આરામ લઈ પ્રહર રાત્રી રહેતાં અઇયારીની થેલી સજ કરી શેરગઢ તરફ રવાને થયો. આ તરફ ચકોરી પણ દુશ્મનોની હીલચાલ તપાસવાને રાત્રીએ મરદના વેષમાં નીકળી હતી. મધ્ય રાત્રી સુધી નગરચર્ચા નીહાળી ચંદ્રપ્રકાશ ખીલી નીકળતાં તેણીની કીર્ત્તિપુર જઇ ચતુરને મળવાની ઈચ્છા થઇ અને તે વીચારે તેણી નગર બહાર ચાલી. આ બાજુ ચતુર શેરગઢ તરફ આવતે હતો એટલે માર્ગમાં બંનેનો મીલાપ થઇ ગયો. ચતુર

પોતાના અસલ સ્વરૂપમાં હતો એટલે ચકોરીએ તેને તરતજ ઓળખી કહાડ્યો, પણ ચતુર પોતાને ઓળખી નહી શકે તેટલા માટે તેની સામે જઈ તેણીએ પોતાના અસલ અવાજે પૂછ્યું- "કેમ, કઈ તરફ સીધારો છો ચતુરસીંહજી?"

"અહોહો! ચકોરી તમે છો! આ વેષે આ સમયે આ તરફ ક્યાં સવારી ઉપડી?" ચતુરે તેણીને ઓળખી કહાડતાં જણાવ્યું "હું તમો તરફજ આવતો હતો."

"હું પણ તમને મળવાનેજ આવતી હતી. રાત્રીએ દુશ્મનોની હીલચાલ તપાસવા નીકળી હતી એટલામાં વીચાર થયો કે, આજ ઘણા દીવસથી તમારો મીલાપ થયો નહોતો તે તમને મળું તો ખરી, એટલે નીકળી પડી હતી!" ચકોરીએ જણાવ્યું.

"ચાલો, ઠીક મળી ગયા, નહીતો તમને મળવા માટે મહા મહેનત કરવી પડત કેમકે, તમને ઘણી અગત્યની હકીકત કહેવી હતી. આવો રસ્તાથી એક બાજુએ બેસી આપણે વાતચીત કરીએ." ચતુરે જણાવ્યું, અને તેઓ રસ્તાની બાજુએ વડના એક વૃક્ષની આસપાસ બાંધેલા પથ્થરના ચોતરાપર બેઠાં, એટલે ચકોરીએ પૂછ્યું—"બોલો, હવે શું કહેવું છે?"

"કપટ વીજયગઢ ગયો છે, ત્યાંથી રાજા બલદેવસીંહે તેને મદદમાટે પોતાના ચાર અઇયાર અને પાંચમાં શાંતીનાથ જોશીને આપી આ તરફ મોકલ્યો છે."

"ત્યારે તો દુશ્મનોનું જોર બહુ વધી ગયું!"

"અને તેમની સામે ટક્કર લેનાર તો આપણ બનેજ છીએ, એટલે હવે આપણે ઘણીજ ચાલાકી વાપરવી જોઈશે. વળી તેઓ શેરગઢમાં આવી પહોંચ્યા છે, અને છૂપે વેષે દરબાર અને મહેલના રંગ તપાસે છે, માટે હવે તો આપણે બહુજ સાવચેત રહેવાની જરૂર છે કેમકે, તેઓ મહારાજ રામસીંહને પણ પકડી જાય તો કંઇ અજબ થવા સરખું નથી!" ચતુરે ભાર દઈને જણાવ્યું—"કાન્તાકુંવરીને તો હવે ક્ષણ વાર પણ વ્હીલાં મૂકવાં નહીં કેમકે, તેમને માટે તો રાજા બલદેવસીંહે તેમને ખાસ મોકલ્યા છે, અને તે સઘળાથી તમને સાવચેત કરવાનેજ હું આ સમયે તમો તરફ આવતો હતો. દુશ્મનો સામે કેવી રીતે કામ લેવું તેનો પણ માર્ગમાં આવતાં મેં વીચાર કરી રાખ્યો છે, અને

તેમ કરીશું તોજ અ પણે દુશ્મનોને સહેજથી જેર કરી શકીશું ! જુઓ પહેલાં તો હું તમારા નવા દીવાનજી ધવલરાયને કેદ પકડું છું."

"ધવલરાયને શા માટે કેદ કરવા છે ? શું તે પણ કપટને મળી ગયા છે !" ચકોરીએ અજાયબીસહ પૂછ્યુ.

"ના, તેમ કંઇ નથી, પણ ધવલરાયને કેદ કરવાની મારી બીજીજ મતલબ છે !" ચતુરે જવાબ આપ્યો. "ધવલરાયને કેદ કરી હું તેનું સ્વરૂપ ધારણ કરી દીવાનનું કામ બજાવીશ, એટલે આપણી ધારણા પાર પાડી શકાશે !"

"ઠીક ! તમારી યુક્તિ હું સમજી !" ચકોરી બોલી ઉઠી.

"અને તમે પણ મેહેલમાં ઘણી હોશીયારીથી રહેજો તેમજ મને રોજ દીવસમાં એક વાર મળજો. હું દીવાન બનીશ એટલે પછી મને મળતાં તમને કંઇ મુશ્કેલી નડશે નહીં ! તમારે તો તમારા અસલ વેષમાંજ મારે એટલે ધવલરાયને મહેલેજ મળવાને આવવું, કેમકે તેના ઘરમાં પણ હું તેની માફકજ રહીશ !"

"ત્યારે હવે તો તમે દીવાનજી થશો એટલે પછી અમારી સામેએ શા માટે જોશો ? ! પછી તો મુજ સરખી દાસીને તમારી મુલાકાતે આવતાં પહેલાં દરવાન પાસે આપની આજ્ઞા મંગાવવી પડશે, અને તે પછી પણ આપની ઇચ્છામાં આવશે તો આપ હજુરમાં બોલાવશો નહી તો દ્વારપરથીજ ધક્કો મારી કહડાવી મૂકશો ! વાહ દીવાનજી વાહ !" ચકોરીએ મશ્કરી કરી "અરે, પછી તો આપ મ્હોટા દીવાનજીની હજુરમાં આવીને સો સો સલામ ભરવી પડશે ત્યારે આપ અમ તરફ જરા આડી નજરે જોશો ! આ ગરીબ દાસીપર કરડી નજર કરીને સીપાઇઓ પાસેં બંધાવી કેદી બનાવશો નહી હોં દીવાનજી !"

"અમે તો તમને બંધાવીશું ત્યારે પણ હાલ તો તમે અમને કેદી બનાવ્યા છે ! કોઇ પરદેશીને આમ ફસાવીએ એ કર્યાની રીતી ?" ચતુરે મંદ હાસ્ય સહીત જણાવ્યું. આનો છૂપો ભાવાર્થ ચાલાક ચકોરી સમજી ગઈ, અને પોતાનાં હૃદય પર હાથ મૂકી શરમાઇને તેણી નીચું જોઇ મૂંગી ઉભી રહી. ચતુર તેનાં અંતરની સ્થીતિ જાણી ગયો. તેનાં અંતઃકરણમાંનો દબાઇ રહેલો પ્રેમ ઉછાળા મારવા લાગ્યો, પણ પ્રેમની લાગણીને માર્ગ આપવાનો સમય હજી દૂર ધારી તેણે પોતાની લાગણી હા મહેનતે દબાવી અને વાત ફેરવી નાંખી. "ત્યારે હવે

તમને જે કંઇ મેં કહ્યું છે તે ધ્યાનમાં છે ને ?" ચતુરે કહ્યું "કોઇ વાતમાં ગફલતી ન ખાઇ જાઓ તે સંભાળજો, નહી તો તે દહાડે કાસમને કેદ કરવામાં જેટલી હુશીઆરી વાપરી હતી, તેટલી રાખજો કે પછી દુશ્મનને ફત્તેહ મળતાં કંઇ વારજ ન લાગે!"

"એક વાર એવી ભૂલ થઇ, પણ કંઇ ફરીથી તેમ થાય !" ચકોરીએ શરમાઈને જવાબ આપ્યો "અને કદાચ તેમ કરતાં કંઈ ગફલતી થઈ પણ જાય, કેમકે અમો અબળાનું તે શું ગજું ? તો હવે તો તમે દીવાનજી બનશો એટલે પાસેજ છો, તેથી તમારી સલાહ લેતાં શું વાર લાગવાની છે !" આમ કેટલીક વાતચીત કરી તેઓ ઉઠયાં, ને શેરગઢ તરફ રવાને થયાં. માર્ગમાં પણ ચતુરે તેણીને બીજી કેટલીક વધુ સુચનાઓ કરી. થોડેક ગયા પછી તેઓ છૂટાં પડયાં. ચકોરી રાજમહેલ તરફ વીદાય થઈ અને ચતુર પોતાની અઇયારી અજમાવવામાં રોકાયો.

પ્રકરણ ૧૩ મું.

રંગ બદલાયો.

આખા દીવસના રાજકાજમાંથી પરવારી દીવાન ધવલરાય પોતાનાં ઘરની આગલી બારાદરીમાં પોતાના મીત્રો સહીત હાસ્ય વીનોદ કરતો બેઠો હતો. બાગમાંના સુગંધી ફુલો સાથે અથડાઇ આવતો વાયુ સુવાસ આપી રહ્યો હતો. બાગમાં કોઇ નોકર ચાકર ફરતો જણાતો નહોતો. ગાદી તકીયાની બેઠકપર દીવાનજી આડે પડખે બેઠો હતો, તેથી પોતાનો પોશાક ઉતારી પાસેની એક ચોકી ઉપર મૂકયો હતો, અને ઉઘાડે શરીરે હવા ખાતો બેઠો હતો, એટલામાં એક અત્તારીએ આવી પગથીઓપર ઉભા રહી દીવાનજીને નમીને સલામ કરી હાથ જોડી કહ્યું "જનાબ હું લખનઉનો રહીસ છું ને અત્તર અને સુગંધી તેલ વેચવાનો ધંધો કરૂં છું. આપ સરખા અમીરનું મ્હોટું નામ સાંભળીને આપ મહેરબાનને લાયકના ઉંચા અત્તર લઈ આવ્યો છું !" આમ કહેતાં તે દીવાનજીની બેઠકની સામે પગથીઓ ચહડીને બેસી ગયો અને પોતાની પેટી છોડી તેમાંથી અત્તરની શીશી કહાડી ફાયા બનાવી દીવાન અને તેના મીત્રોને આપતો ગયો. તે અત્તારીનો પહેરવેશ

અને તેની બોલવા ચાલવાની છટાએ તેનુ અત્તર જોવાની દીવાનના મીત્રોને જીજ્ઞાસા પણ થઇ જેથી તેઓ અત્તરના ફાયા લઇ સુંઘવા લાગ્યા. દીવાન ધવલરાય પણ ઘણો દયાળુ હોવા સાથે અત્તરનો શોખીન હતો એટલે પોતાની પાસે આશાએ આવેલાને નીરાશ ન કરવા તે પણ ફાયો લઇ અત્તર કેવું છે તે તપાસવા લાગ્યો, એટલે અત્તારીએ હાથ જોડી ફરી કહ્યું " દેખીએ મહારાજ, કયસા ઉમદા અત્તર હય ! આપ સરીખે અમીરોકે લાયક હય યા નહી ! યહ ઓરસલીકા અત્તર હય ! દેખો અભી યહ દુસરા ઉસ્સેભી ઉમદા બતાતાહું !" એમ કહી તેણે પોતાની પેટીમાંથી એક બીજી શીશી કહાડી તેમાંથી ફાયા બનાવી તેમના હાથમાં આપતાં કહ્યું "દેખો યહ કયસા લહેજતદાર ગુલાબ હય ! આપકી તબીયતકે લાયકકી ઇસમે કયા બડી મીઠાસ હય !" આ ગુલાબના અત્તરના ફાયા સુંઘતાં થોડી વારમાં દીવાન ધવલરાય અને તેના ચારે મીત્રો બેહોશ થઇ ઢળી પડયા. તરતજ આપણા અત્તારીએ પોતાની પેટી બાંધી લઇ ખભે ચહડાવી દીધી, અને તેમને તેવીજ હાલતમાં ત્યાં રહેવા દઇ ફક્ત દીવાનની ગાંસડી બાંધી અને તેમાં ત્યાં પડેલો તેનો પોશાક બાંધી દઇ પોતાને મ્હોડે એક પીછોડી વીંટાળી ગાંસડી માથે ઉપાડી ત્યાંથી ચાલ્યો. આ સમયે સૂર્યાસ્ત થઈ ગયેલો હોવાથી સંધ્યાકાળ પછીનો અંધકાર છવાયલો હોવાથી આપણાં અત્તારીના માથાપરના ગાંસડાથી તેને ધોબી ધારી કોઇએ કંઇ પૂછપરછ કરી નહી, અને તેણે કીર્ત્તિપુરનો રસ્તો લીધો. વાંચનાર, આગલા પ્રકરણમાં ચતુર અને ચકોરીની વાતચીત ફરીથી યાદ કરતાં સહજમાં જાણશો કે, ધવલરાયને બેહોશ કરી કીર્ત્તિપુર તરફ ઉપાડી જનાર અત્તારીના વેષમાં આપણો ચતુરજ હતો. શેરગઢની બહાર નીકળ્યા પછી ચતુર ઉતાવળે ચાલતો પેલા પહાડી કેદખાના સમીપ પહોંચ્યો, અને સીંહની જીભ ખેંચીને ગુફાનું દ્વાર ઉઘાડી અંદર દાખલ થઇ ઝરાના કીનારાપર બેહોશ દીવાનની ગાંસડી ઉતારી છોડી અને ધવલરાયનો પોશાક તથા તેની આંગળીમાંથી સીક્કાની વીંટી લઇ તેને શુદ્ધિમાં આણવા વીનાજ તે તરત બહાર આવ્યો, ને પાછો શેરગઢ તરફ ચાલ્યો. માર્ગમાં તેણે ધવલરાયનું સ્વરૂપ ધારણ કરી લીધું, અને પાધરો તેને ઘેર ગયો. આ તરફ ધવલ-

રાયનો ભોજન કરવાનો સમય થવાથી તેને બોલાવવાને એક દાસી તે બારાદરામાં આવી, પણ તેને ત્યાં ન જોતાં તથા તેના મીત્રોને બેહોશ થઈ પડેલા જોતાંજ તે ઘણી અજાયબ થઇ મ્હોટેથી બૂમો પાડવા લાગી. તેણીની બૂમરાણ સાંભળી નોકર ચાકરો અને સીપાઇઓ ત્યાં દોડી આવ્યા, અને ઉપલો બનાવ જોઇ સઘળા અજાયબ થઈ ગયા ને એ શું થઇ ગયું તેની વીમાસણમાં પડયા. ગભરાટમાં પડી તેમણે બાગના ખુણેખુણામાં દીવાનની શોધ ચલાવી પણ તેમને કયાંથી પણ ભાળ મળી નહી. આમ શોધ કરતાં રાત ત્રણ પહોર વીતી ગઇ, ત્યારે દીવાનના મીત્રો શુદ્ધિમાં આવ્યા. તેઓ પણ પોતાની હાલત જોઇ અજાયબ થયા. તેમની આવી હાલત કેવી રીતે થઈ અને દીવાનજી કયાં ગયા તે વિષે તેમને પૂછવામાં આવતાં તેઓમાંથી એકે જણાવ્યું—“દીવાનજી કયાં ગયા તે અમે શું જાણીએ? અમે તો દીવાનજી સંગે સંધ્યાકાળે વાતચીત કરતા બેઠા હતા એટલામાં લખનોરનો એક અત્તારી આવ્યો તેણે પોતાનું અત્તર ખરીદવાની અરજ કરી અને જાતજાતનાં અત્તરો અમને બતાવ્યાં જેની સુગંધી લેતાં અમે બેહોશ થઇ ગયા. પછી દીવાનજી કયાં ગયા તે અમે શું કહી શકીએ!”

“ભાઈઓ, મેં તો આજથી પાણી મૂકયું કે હવેથી કોઈદહાડો મ્હોટા માણસ સાથે મીત્રાચારી રાખવીજ નહીં! એથી જીવને કેટલો જોખમ છે, તે આજેજ જાણ્યું.” બીજા મીત્રે પોતાનો કાન મરડયો. આમ તેઓ વાતો કરતા હતા, જેમ કરતાં ઘણી ખરી રાત્રી પસાર થઈ ગઇ, એટલામાં સામેથી આપણા દીવાન બવલરાય બહાદુરની સવારી પધારતી જણાઇ. દીવાનજી કહો કે આપણા બહાદુર ચતુરસીંહજીને હાંકતા હાંકતા રજવાડી ચાલે આવતા જોઇ સઘળા તેની સામે ગયા, એટલામાં દીવાનજી પણ બારાદરીમાં આવી પહોંચ્યા, એટલે આતુરતાથી સઘળાઓ તેમને ઘેરીને ઉભા ને તે કયાં ગયા હતા તે વિષે સાથે મળી પૂછવા લાગ્યા. “પણ પેલો હરામખોર અત્તારી કયાં ગયો? અમે સઘળા હમણાં સુધી બેહોશ પડયા હતા!” એક મીત્ર ગુસ્સામાં બોલી ઉઠયો.

“અરે એ અત્તારી બતારી કોઈ નહી પણ એક જબરો ચોર હતો!” સઘળાઓને શાંત પાડવા નેકનામદાર દીવાનજી ગંભીર અવાજે હાંકતા હાંકતાં બોલ્યા.

"હેં! ચોર હતો? ક્યાં ગયો એ લુચ્ચો!" સઘળાઓ ગુસ્સામાં ગાજી ઉઠયા.

"મેં તો તેને તરત ઓળખી કહાડયો!" દીવાનજીએ ખાર દઈને જણાવ્યું—"અને તેથી તેનું અત્તર સુંઘ્યું નહીં, નહીતો તમારી માફક હું પણ બેહોશ થઇ પડયો હોત!—"

"ત્યારે આપે અમને શા માટે ચેતાવ્યા નહી?" એક મીત્ર વચમાં બોલી ઉઠયો.

"અમને જરા ઈશારતથી સાવધ કરી દીધા હોત તો એ હરામખોરને પકડીને એની બરાબર ખબર લીધી હોત!" બીજો મીત્ર ગાજી ઉઠયો.

"ભાઇઓ તેટલો પણ સમય તો મળવો જોઈતો હતો?" આપણા દીવાનજીએ તેમને શાંત પાડતાં જણાવ્યું "તેને ઓળખતાંજ હું તેને પકડવા જતો હતો એટલામાં તો તમે બેહોશ થઇ પડયા અને તેણે પણ નહાસવા માંડયું. આ સમયે મને પણ એટલો બધો ગુસ્સો ઉપજ્યો કે, કોઇને કંઇ ચેતવ્યા વગરજ હું પણ તેની પાછળ પકડવાને દોડયો, પણ એ હરામખોર હાથમાંથી છટકી ગયો!" સઘળાઓની અનયબી શાંત પાડી અને મીત્રોને પોતપોતાને ઘેર વીદાય કરી આપણું દીવાનજી બારાદરીમાં તકીએ અડેલી થાક ખાતા બેઠા હતા, એટલામાં દાસીએ આવીને અરજ કરી "મહારાજ, હવે આપ ભોજન કરવાને પધારો કેમકે, હજી સુધી સઘળાઓએ ભોજન કીધું નથી."

"હવે પ્રભાત થવા આવી છે, એટલે ભોજન શું કરવું? સઘળાઓએ રોકાવાની જરૂર નથી!" આપણા દીવાનજીએ જણાવ્યુ અને પાસેના ઓરડામાં એક પલંગપર આરામ લેવાને સુતા. સવારે રોજના નીયમ મુજબ પોશાક સજી તથા અંદર પોતાની અઈયારીની થેલી લઇ નેકનામદાર ચતુરસીંહજી દીવાન દરબારમાં સીધાર્યા. દરબારમાં પહોંચતા ચતુર ધવલરાયની રીતભાતથી જાણીતો હોવાથી તે મૂજબજ દીવાનની ખુરસીએ જઈ બેઠો અને પોતાને લાયકનું કામકાજ કરવામાં રોકાયો. થોડી વારમાં રાજા રામસીંહ પણ દરબારમાં પધાર્યા. દરબારનું કામકાજ સમાપ્ત થતાં તક જોઇ દીવાનજીએ ધીરે રહીને રાજાને અરજ કરી "મહારાજાધીરાજ, શેવકને પકે પાયે ખબર મળી છે કે, વીજયગઢના

રાજા બલદેવસીંહે કપટને મદદ આપી છે, અને પોતાના પાંચ અઈઆરોને તેની સાથે આપીને આપ મહારાજા તરફ નીમકહરામી કરવાને અત્રે મોકલ્યો છે, અને વળી સાથે પાછળથી પોતે લશ્કર સહીત આપણા નગરપર ચઢી આવવાની પણ કબૂલાત આપી છે. આ સમય અનહદ સાવધાની રાખવાનો છે કેમકે, આજકાલ આપ મહારાજની દરબારમાં એક પણ અઈઆર નથી. કાસમ અને મહમદ હતા તેઓ કપટ સાથે મળી ગયા છે. દુશ્મનના અઇઆરો છૂપે વેષે હાલમાં નગરમાં ફરે છે, એટલે તો અવશ્ય કંઇ પણ તોફાન મચાવશેજ ! આ સાથે વળી આપણી સેનામાંના ઘણા સીપાઈઓ ઉપર પણ મને ભરોસો નથી કેમકે, મારા સાંભળવા મુજબ મુસલમાન સીપાઇઓને કપટે ફોડયા છે !"

"દીવાનજી, આજ કેટલાક દીવસો થયા મુસલમાન સીપાઇઓની હીલચાલમાં અમને પણ ફરક પડેલો જણાય છે, અને તે માટે આપણે વગર વીલંબે યોગ્ય બંદોબસ્ત કરવાની જરૂર છે!" રાજાએ ગંભીર અવાજે જણાવ્યું. આમ રાજા અને દીવાન ધીમે ધીમે ખાનગીમાં વાતચીત કરતા હતા એટલામાં દીવાનની નજર દૂર ઉભેલા એક ચોપદાર પર પડી. થોડી વાર સુધી દીવાને તેની તરફ તાકીને જોયું. પેલો ચોપદાર પણ હવે ચમકી ગયો, એટલામાં રાજા સાથે એકાએક વાત કરતા અટકી જઇ દીવાને બૂમ પાડી કહ્યું—"પેલા ચોપદારને પકડો !" આજ્ઞા થતાંજ ત્યાં ઉભેલા સીપાઈઓ તે ચોપદાર તરફ ધસ્યા, પરંતુ તે પણ ચેતી ગયેલો હોવાથી તરતજ દરબારમાંથી ભાગ્યો અને જો કે તેની પાછળ ઘણા માણસો દોડયા પણ તે પકડાયો નહીં. આપણા દીવાનજી ચતુરસીંહ જો તે ચોપદારને પકડવા જાત તો અવશ્ય પકડી આવત પણ તેને તો અહી ધવલરાય દીવાનનો વેષ ભજવવાનો હોવાથી સઘળાં કામ અને છેવટે ઉઠવું બેસવું એ સઘળું ધવલરાયની માફકજ કરવાનું હોવાથી તે પોતાને આસને થી ઉઠ્યો પણ નહી. પેલો ચોપદાર વેષમાં આવેલો અઈયાર તો નાસી ગયો અને તેને પકડવા ગયેલાં માણસો શોધીને થાક્યા પણ ક્યાંથી હાથ ન લાગવાથી નીરાશ થઇ દરબારમાં પાછા ફર્યા અને રાજાને સઘળી હકીકત જણાવી.

"મહારાજ, મેં આપને હમણાંજ અરજ કરી તે આપ શીરછત્રે હવે નજરે જોયું હશે! જે બાબતની મેં ધાસ્તી બતાવી તેજ ખરી ઠરી કે નહી?" દીવાનજીએ જણાવ્યું. આ બનાવથી રાજા રામસીંહના મનમાં પણ દુશ્મનો માટે ઉચ્ચાટ ઉપજ્યો, તેથી તરતજ દરબાર બરખાસ્ત કરી દીવાન સાથે મહેલમાં મસલત કરવાને સીધાર્યો. મસલત કરવાના એકાંત દીવાનખાનામાં આવી પહોંચતાં રાજાએ આસને બેસતાં ગંભીર અવાજે પૂછ્યું "કેમ હવે આપણે શો ઉપાય કરીશું? પાપી કપટે તો એક મ્હોટા દુશ્મનને આપણી સામે ઉશ્કેરી મૂકયો છે!"

"પણ મહારાજ, એ ચીંતા હાલ કરવાની નથી! રાજા બલદેવસીંહ આપણાપર ચઢાઈ લાવશે ત્યારે આપણે જોઇ લઇશું!" દીવાનજીએ જણાવ્યું—"હાલમાં તો આપણે તેના અઈયારોથી સાવધ રહેવાનું છે! મહારાજને મેં જણાવ્યું તેમ આપણી દરબારમાંના કાસમ અને મહમદ બંને અઇયારો તો કપટનેજ મળી ગયા છે, અને અઇયાર સામે અઇયારજ ટક્કર લઇ શકે છે, માટે હાલને સમયે તો કોઇ નીમકહલાલ અઈયારને આપણી દરબારમાં રાખવાની જરૂર છે!"

"સઘળાઓ સામે ટક્કર લઈ શકે એવો સઘળી કળામાં પ્રવીણ હોય એવો અઇયાર આપણને હાલ તરતજ મળી આવે એ બનવું મુશ્કેલજ છે!" રાજા ઉંડા વીચારમાં પડયો.

"હા, એવો આપણે લાયકનો અઇયાર મળવો મુશ્કેલજ છે!" દીવાને ગંભીર અવાજે કહ્યું, ને જાણે કંઈ યાદ કરતો હોય તેમ ઉંડા વીચારમાં થોડી વાર સુધી મુંગો રહીને પછી જાણે યાદ આવ્યું હોય તેમ બોલી ઉઠયો—"અરે હા! મહારાજ, રાજા જગતસીંહના દીવાનનો પુત્ર ચતુરસીંહ છે, તે અઇયારીમાં ઘણો ચાલાક, હુશીયાર અને હીંમતવાન છે. રાજા બલદેવસીંહના પાંચને બદલે પચ્ચીસ અઈયારોને પણ તે એકલો પૂરો પડી શકે તેમ છે!" આમ આપણા દીવાનજી ચતુરે પોતાનાં થોડાંક વખાણ કરીને જાણે સઘળો ભય દૂર થઈ ગયો હોય તેમ સહેજ મ્હોં મલકાવીને જણાવ્યું "મહારાજ, જો આપની ઇચ્છા હોય અને આપ ચતુરને મદદ માટે માંગણી કરશો તો રાજા જગતસીંહ આપની માગણીનો અનાદર કરશે નહીં કેમકે, તેમનો આપના ઉપર અનહદ સ્નેહભાવ છે."

"દીવાનજી, તેવો સ્નેહભાવ હાલ નથી!" રાજાએ દીલગીરીસહ જણાવ્યું "અને એ સંબંધ આપણેજ મૂર્ખાઇથી તોડયો છે! એ ભૂલ હવે યાદ આવી પસ્તાવો થાય છે!"

"મહારાજ, રાજા જગતસીંહ માટે આપના મનમાં એવો ખ્યાલ આવે એ સ્વાભાવિક છે કેમકે, એક વાર પાપીઓના ભૂલાવામાં આવી જઇ આપે કુલીનકુમારને આપને મહેલે આવતો જતો બંધ કીધો, તોપણ તેથી રાજા જગતસીંહનાં મનમાં આપને માટે ખરાબ વીચાર ઉત્પન્ન થયો હોય એમ બનવું મુશ્કેલ છે કેમકે, એમની ઉદાર વૃત્તિ જગજાહેર છે! મને મળેલા સમાચાર મૂજબ રાજા જગતસીંહજી આપ શીરછત્ર તરફ પહેલાં જેવોજ સ્નેહભાવ હજી ધરાવે છે!"

"ખરેખર! રાજા જગતસીંહ અને કુમાર કુલીનસીંહ ઉદાર વૃત્તિના શુરવીર છે, એમાં કંઈ શક નથી! કુલીનકુમાર બહાદુર તેમજ રાજ્યનીતિજ્ઞ છે, અને લડાઈના મેદાનમાં દુશ્મનોના દસ હજારના દળ સામે થોડાક સીપાઇઓ સહીત લડીને ફત્તેહ મેળવવાને સમર્થ છે. ચતુરસીંહની ચાલાકી માટે પણ કંઈ શંકા આણવા સરખું નથી. પણ અફસોસ, તેમની સંગેનો સંબંધ પાપીઓના ભમાવ્યાની અમે તોડી નાંખેલ હોવાથી તેમની પાસે મદદ માગવા જવું એ યોગ્ય લાગતું નથી!"

"મહારાજ, એમાં કંઇ પણ અયોગ્ય નથી!" કુલીન અને રાજા જગતસીંહ તરફ રાજા રામસીંહના અંતકરણની લાગણી ખેંચાયાથી ચતુરે વધુ આશા આપવા જણાવ્યું.

"ત્યારે દીવાનજી, તમેજ મહારાજા જગતસીંહજીની દરબારમાં જઈ તેમને સમજાવીને ચતુરસીંહને આપણી દરબાર માટે લઇ આવો! તમારા શીવાય બીજા કોઈથી એ કામ બજાવી શકાય તેમ નથી, તેમ બીજા કોઇને સોંપી શકાય તેમ પણ નથી!" રાજાએ જણાવ્યું. પોતાની મુરાદ ઘણે અંશે પાર પડતી જોઇ ચતુર મનમાં બહુ મલકાયો, અને હાથ જોડીને બોલ્યો—"શેવક આપની આજ્ઞા ઉઠાવવાને તૈયાર છે, અને એ કામ ગમે તે પ્રકારે આ દાસ બજાવી આપ મહારાજની ચીંતા ટુંક સમયમાં દૂર કરવામાં કંઇ પણ બાકી રાખશે નહી! પણ મહારાજ, આપના તરફથી એક પત્ર મહારાજા જગતસીંહપર લખી આપો!" રા

જાએ ચતુરના કહેવા મૂજબ પત્ર લખી પોતાની મોહોર કરી આપ્યો, ને જણાવ્યું "દીવાનજી, તમે આજેજ કીર્ત્તિપુર જાઓ! સાથે લઇ જવાને પચાસ ઘોડેસ્વારની ગોઠવણ કરજો!"

"મહારાજ, કોઈની જરૂર નથી, હું એકલો જઈશ તો આપણી ધારણા સહેલાઇથી પાર પાડી શકાશે!" ચતુરે ગંભીર અવાજે જણાવ્યું. બીજી કેટલીક વાતચીત કરી આપણા દીવાન રાજાની આજ્ઞા લઇ પોતાને ઘેર સીધાર્યા, ને કીર્ત્તિપુર જવાની તૈયારી કરવા લાગ્યા, એટલામાં ચકોરી પણ તેને મળવાને આવી. દીવાનજીના ખાનગી મસલત કરવાના ઓરડામાં જઈ ચતુરે તેણીને સઘળી હકીકતથી વાકેફ કરી અને રાજાએ આપેલો પત્ર પણ બતાવ્યો. આથી ચકોરીને ઘણોજ આનંદ થયો, અને તે બોલી ઉઠી "બસ હવે કામ પાર! વાહરે મારા દીવાનજી સરદાર!"

"પણ ધવલરાયને કેવી રીતે સમજાવવા?" ચતુરે પૂછ્યું.

"દીવાનજી માટે લેશ પણ ચીંતા કરશો નહીં! આપણી સાથે તે મ્હોટી ખુશીથી મળી જશે!" ચકોરીએ જણાવ્યું. કેટલીક વાતચીત કરી આ ખુશ ખબર કાન્તાકુંવરીને આપવા ચકોરી મહેલે પાછી ફરી, અને ચતુર ઘોડેસ્વાર થઇ કીર્ત્તિપુર તરફ રવાને થયો. માર્ગમાં તેણે પોતાનું અસલ સ્વરૂપ ધાર્યું.

પ્રકરણ ૧૪ મું.

ચતુરનું શેરગઢમાં સન્માન.

કાન્તાના વીરહની વેદના અસહ્ય થઈ પડવાથી ઝુરાતો કુલીન પોતાના મહેલની અગાસીમાં બીછાવેલા એક ગાલીચાપર પડેલા તકીઆને અઢેલીને બેઠો હતો. સંધ્યાકાળનો મધુર વાયુ બાગમાંના પુષ્પ વૃક્ષો સાથે અથડાઈ શીતળતા સાથે સુગંધ પ્રસરાવી રહ્યો હતો, પણ કુમારપર તેની ઉલટીજ અસર થતી હતી. કુમારની હાલત આ સમયે કેવી હતી તેનો આબેહુબ ચીતાર વાંચનારને અમે શું આપીએ! પ્રેમની પરિસીમાં જેઓ પીછાનતા હશે અને પોતાનાં હૃદયની દેવી પ્રેમીનિની વીરહવેદનાનો જેને અનુભવ હશે તેઓજ કુમારની આ સમયની હાલત સમજશે.

અટકળો રાકરો. કુલીન આકાશ તરફ એક ટસે જોતો બેઠો હતો. વારંવાર તે ઉંડા નિઃશ્વાસ નાંખતો હતો, એટલામાં દરવાને આવી નમન કરી કહ્યું "કુમારજી, શેરગઢથી આવેલ ચકોરી આપને મળવાની ઈચ્છાથી દ્વારપર ઉભી છે. તેણીને માટે શી આજ્ઞા છે?" ચકોરીનું નામ સાંભળતાં કુલીન પોતાના વીચારમાંથી જાગી ઉઠયો, અને દરવાન તરફ ફરી આજ્ઞા કરી–"તેને સત્વર અમારી સમક્ષ હાજર કર." આજ્ઞા મૂજબ થોડી વારમાં દરવાન ચકોરીને કુમારની હજુરમાં હાજર કરી ત્યાંથી ચાલ્યો ગયો. કુલીને તેણીને પોતાની પાસે બેસાડીને આતુરતાસહ પૂછ્યું–"કાન્તાકુંવરી તરફના શા સમાચાર છે?"

"સમાચાર બીજા શા હોય વળી?" ચકોરીએ છણકો કરીને જવાબ આપ્યો "રાત્રી દીવસ કુંવરીબા આપના નામનુંજ રટણ કરે છે! કુમારજી, આપના વીરહે કુંવરીબાને ગાંડા બનાવી મૂકયાં છે, અને મારી સંગે આપને કહેવરાવ્યું છે કે, એક વાર ભોળી બાળાનું ચીત્ત ચોરી લઇ પાછળથી આમ દગો દઇ ખબર સરખી પણ લેતા નથી, એવા કઠણ હૈયાના કેમ થઈ ગયા છો? ખરૂં છે, પુરૂષો કઠણ હૈયાના છે, એવું કહેવાય છે તેમાં કશું ખોટું નથી. અમારા કોમળ અંતઃકરણનાં કુંવરીબાની હાલતનું શું વર્ણન કરૂં? ચાતકની માફક આપની રાહ જોઇને થાકયાં, પણ આપ તરફના કશા સમાચાર ન મળવાથી થાકીને આખરે એમણે મને આજે આપની પાસે મોકલી!"

"ચતુર તમારી પાસે આવ્યો નથી?" કુમારે પૂછ્યું.

"અરે, કોઈએ નથી આવ્યું! કોઇ તરફથી સમાચાર મળ્યા હોત તો મને અહીં સુધી મોકલવાની જરૂર પણ શું હતી?" ચકોરીએ જવાબ આપ્યો, અને પોતાના પાલવ તળે સંતાડેલી પુષ્પની એક માળા કુમારને આપતાં કહ્યું—"લ્યો આ માળા કુંવરીબાએ ખાસ આપને માટે પોતાને હાથે ગુંથીને મોકલાવી છે! એ પુષ્પોની સુગંધ કેવી સરસ છે!" પોતાની પ્રિયતમાના ખાસ હાથે બનાવેલી માળા જોતાં કયા પ્રેમીને આનંદ ઉપજ્યા વગર રહે! કુમારે ઉત્સાહસહ માળા હાથમાં લઈ અન હદ સ્નેહથી હૃદય સાથે ચાંપી. "જે વેલાના પુષ્પોની આ માળા બનાવવામાં આવી છે તે વેલને કુંવરીબા પોતેજ પાણી પીવરાવે

છે! આખા બાગમાં આ પુષ્પ સરખા સુગંધીદાર પુષ્પની બીજી એક પણ વેલ નથી!" ચકોરી ગંભીરતા ધારણા કરી બોલી.

"વહાલીના સકોમળ હાથે ગુંથાયલી આ માળામાંના પુષ્પો કેટલાં ભાગ્યશાળી હશે! અહાહા! જે હસ્તનો સ્પર્શ કરવાને અમે અહોરાત્રી તલપીએ છીએ તે હસ્તનો સ્પર્શ કરી આવેલાં આ પુષ્પોની સુગંધીની શી સીમા!" કુલીન પ્રેમમાં લીન થઈ બોલી ઉઠયો, અને તે માળાની સુગંધ લેવા તેણે હાથ ઉંચક્યો. હજી તો તે માળા નાક આગળ ધરવા જાય છે એટલામાં દ્વાર આગળથી મ્હોટેથી અવાજ આવ્યો—"ખબરદાર! એ માળા સુંધતા નહીં!" કુમારનો હાથ નાક આગળ જતો અટકી ગયો, અને અવાજ ઓળખતાં તેણે સામે નજર કરી તો ચતુર આવતો જણાયો. વાંચનારને જણાવવાની જરૂર નથી કે ધવલરાયને વેષે રાજા રામસીંહની આજ્ઞાથી રાજા જગતસીંહ પારેથી ચતુરની મદદ મેળવવા નીકળેલો ચતુર કીર્તિપુર આવી પહોંચતાં રાત્રી પડી જવાથી પહેલાં કુમારને મળવા આવ્યો હતો, પણ દ્વાર સુધી પહોંચતાં કુમારને ચકોરી સંગે વાતચીત કરતો બેઠેલ જોઇ તે તરતજ ચેતી ગયો કે, ચકોરીનું સ્વરૂપ ધારણ કરીને કપટનો કોઇ અઈયાર કુમારને ફસાવવા આવેલ છે. આથી તે શું કરે છે તે તપાસવા ચતુર દરવાજા આગળજ છૂપાઇ રહી તેમની વાતચીત સાંભળતો હતો, એટલામાં કુમારને ચકોરીએ સુંઘવા આપેલી માળામાં તેને ફસાવવાને કંઇ બેહોશીની દવા ભેળવી હશે, એમ ધારીને વખત ન ખોતાં તે જાહેર થયો હતો. ગુસ્સાભેર ચતુરને ઓરડામાં દોડતો આવતો જોઇ કુલીને ચમકીને માળા ન સુંઘતાં અજાયબી સહ પૂછયું—"કેમ શું છે વળી?"

"જતી વખતે તમને હું આટલી બધી ચેતવણી આપી ગયો હતો તે ભૂલી ગયા? કુમાર, એટલો તો વીચાર કરવો હતો કે, આટલા દીવસમાં ચકોરી કોઇ દીવસ પણ અહીં આવી હતી તે આજે તમારી પાસે આવે? આ ચકોરી છે કે અઇયાર છે તેની કંઈ તપાસ કરી! બસ, એક સ્ત્રીની મીઠી મીઠી વાતો સાંભળી અંજાઈ ગયા!" ચતુર બોલ્યો. આ સાંભળી કુમાર ચમકીને ચકોરી તરફ જોવા લાગ્યો. ચકોરી પણ પોતાને ફસાઈ ગયેલ જાણી પોતાની કમરે છૂપાવેલ ખંજર કહાડી ચતુર તરફ ધસી.

કુમાર હવે ચેતી ગયો કે, ચકોરીના વેષમાં પોતાની પાસે આવનાર એક અઈયારજ છે, એટલે ચતુર તરફ તેને ખંજર ઉગામતો જોતાં પાછળથી કુદકો મારીને એક હાથે તેણે તેનો હાથ પકડી લઈ બીજો હાથ તેની કમરમાં વીંટાળી તેને જોરથી જમીનપર નાંખી દીધો અને તેની છાતીપર ચઢી બેસી જોરથી તેના ગળચી દબાવી. "હાં, હાં કુમાર! બળ વાપરવાની જરૂર નથી! ગુસ્સો સમાવો! એ તો અઇયારોનુંજ કામ છે! ઉઠો, એને મારા તાબામાં સોંપો!" ચતુરે કુમારનો હાથ પકડી તેને અટકાવતાં કહ્યું. કુલીને તરતજ તે અઇયારના હાથ પગ બાંધી. તેની છાતીપરથી ઉઠી જઇ તેને ચતુરને સોંપી દીધો. ચતુરે તરતજ પોતાની ગેલીમાંથી બેહોશીની ભુરકી કહાડી જોર જુલમથી તેના નાકમાં ફુંકી દીધી જેની અસરથી તે તત્કાળ બેહોશ થઈ પડયો, એટલે તેઓ વાતચીત કરતા બેઠા. કુલીને શેરગઢના અને કાન્તાના સમાચાર પૂછવાથી ચતુરે સઘળી હકીકત સવીસ્તર કહી અને રાજા રામસીંહે રાજા જગતસીંહ ઉપર લખી આપેલ પત્ર પણ બતાવ્યો, જે સઘળાંથી કુમારના આનંદનો પાર રહ્યો નહીં, અને તે અનહદ સ્નેહથી ચતુરને ભેટી બોલી ઉઠયો—"ભાઇ, હવે જે કામ બજાવવાનું છે, તે સત્વર પૂર્ણ કરો!" આમ વાતચીત કરતાં આખી રાત ગુજરી ગઇ. પ્રભાત થવાને થોડો સમય બાકી હતો ત્યારે ચતુરે કહ્યું "હવે આ અઈયારને ઠેકાણે પહોંચાડવો જોઇએ! દરબારનો સમય થતાં પહેલાં હું પાછો આવી પહોંચીશ!" આમ કહી બેહોશ અઇયારની ગાંસડી બાંધી, ઉંચકીને પેલી પહાડી ગુફા તરફ વીદાય થયો. ગુફામાં ઝરાના કીનારાપર તેણે પોતાની ગાંસડી મૂકી, ત્યાં રાખેલ કેદીઓની હાલત તપાસવા આગળ ચાલ્યો. મહમદ કીનારાપર એક બાજુએ સુતો હતો, અને દીવાન ધવલરાય તેથી થોડેક દૂર એક ઝાડ તળે નીચું મસ્તક કરી ઉંડા વીચારમાં બેઠો હતો. ચતુરના પગલાંનો અવાજ સાંભળી તેણે ઉંચી નજર કરી અને તેને જોતાં ઉભા થઇ હસીને પૂછયું-"કેમ ચતુરસીંહજી મને શા માટે કેદ કર્યો છે? ભાઈ મારી તે એવી શી ભૂલ થઈ?"

"દીવાનજી, તેવું હોત તો આપને આમ છુટા ફરવા દેત કે પેલા કેદીની માફક પગમાં બેડીઓ નાંખી હોત!" ચતુરે હસીને ધવલરાયનો હાથ પકડતાં જવાબ આપ્યો—"આપની

સાથે આટલી બધી છુટ લઈ આપને આ હેરાનગતી આપવાનું કારણ માત્ર એટલુંજ હતું કે તેમ કરીને અમારૂં કેટલુંક કામ પાર પાડવાનું હતું, જે આપ સારી પેઠે જાણો છો, માટે મને ક્ષમા કરશો ! અત્યારે હવે આપ છુટા છો, ઈચ્છામાં આવે ત્યાં જઈ શકો તેમ છો, અને આપનો આ દાસ આપની સેવા બજાવવાને હાજર છે ! દીવાનજી, આપના સરખા ભલા અને ન્યાયી શેરગઢમાંથી વીરલાજ મળી આવશે, અને અમારૂં કામ પણ આપની મદદથીજ પાર પડી શકે તેમ છે, જે આપ તરફથી મળવાની અમને પૂર્ણ આશા છે !"

"ચતુરસીંહ, તમે પોતેજ જાણો છો કે, હું કુમાર કુલીન સીંહજીનો સુભેચ્છક મીત્ર છું, એટલે તમો સરખા સ્નેહીઓની સેવા બજાવવાને સદા તત્પર છું !" ધવલરાયે જણાવ્યું—"અને તેથીજ મને સમજાતુ નહોતું કે તમારા સરખા એક મીત્રે મનેજ આમ કેદ શા માટે કીધો હશે ! અરે, પહેલાં તો હું આ રમણીક સ્થાનમાં જીવતોજ આવ્યો કે મૃત્યુ પામ્યા પછી આવ્યો તે હું ધારી શકયો નહીં, પણ જ્યારે મહમદને અહીં જોયો ત્યારે જ જાણ્યું કે એ તમારાજ કારસ્તાન છે !" આટલું કહી ધવલરાયે હસીને પુછ્યું—"વારૂ, મને કેદ કરીને તમે કેવી રીતે કામ પાર પાડયું, અને હવે મારે તમારે માટે શું કરવું ?" ચતુરે સઘળી હકીકત જણાવીને પોતાની પાસેનો રાજા રામસીંહનો પત્ર આપ્યો, અને તે સાથે તેના પોશાકની ગાંસડી છોડીને આપતાં કહ્યું "હવે આપનો આ પોશાક આપ ધારણ કરો ! એનો મેં ઉપયોગ કર્યો તે માટે આપનુ અપમાન કરેલું માનશો નહી !"

"છટ, છટ ! એ શું બોલ્યા ? મારૂં સ્વરૂપ ધારણ કરી દરબારમાં ખુલ્લે દહાડે રહી મારૂં સર્વ કામ કાજ કોઈના પણ જાણ્યામાં ન આવે એટલી બધી ચાલાકીથી બજાવી તેમજ મહારાજા સરખા સકળગુણ શીરોમણી સંગે લાંબો વખત સુધી રહી આટલું બધું કામ પાર પાડવા માટે તમે જે ચાલાકી અને હીંમત બતાવી છે, તે માટે તમને જેટલો ધન્યવાદ આપું તેટલો થોડો છે ! તમો સરખા બહાદુરની મીત્રતાનો મને લાભ મળ્યો તે માટે હું મને પોતાને મ્હોટો ભાગ્યશાળી માનું છું !" ધવલ-

રાયે પોતાના અંતઃકરણની લાગણી જણાવી—"ચતુરસીંહ, મારા પોશાકનો તમે ઉપયોગ કીધો તે માટે હું મને અપમાન થયલું માનું, એવો તમને ખ્યાલ કેમ આવ્યો? પોશાક તો શું પણ મારી આ દેહ પણ તમારૂં ગમે તે કામ બજાવવાના ઉપયોગમાં લેવાનો તમને અને કુલીનકુમારને દરેક પ્રકારે હક છે!" આ સાંભળી ચતુરને ઘણોજ આનંદ થયો અને કહ્યું "હવે આપ મહારાજા રામસીંહનો પત્ર લઈ મહારાજા જગતસીંહજીની દરબારમાં જઈ તેમની પાસેથી મારી માગણી કરો, એટલે હું આપની સાથે શેરગઢ આવીશ, કેમકે વીજયગઢથી રાજા બલદેવસીંહે મોકલાવેલા અઇયારો હું શેરગઢ આવીશ તો પછી કંઇ તોફાન મચાવી શકશે નહી, અને આપના આશીર્વાદથી હું તેમને કેદ પકડી મહારાજા રામસીંહજીના ચરણમાં હાજર કરીશ."

"આ સાંભળી મને અત્યનંદ થાય છે!" ધવલરાય બોલી ઉઠયો—"મહારાજા જગતસીંહજીને મારી સંગે તમને શેરગઢ મોકલવાને હું અવશ્ય આગ્રહ કરીશ! ખરેખર, તમો સરખા બહાદુરની હાલમાં અમારે ત્યાં અનહદ જરૂર છે!" આમ કહેતાં તેણે પોતાનો પોશાક પહેરવા માંડયો.

"વળી આ બે બીજી વાતો પણ આપ ધ્યાનમાં રાખજો!" ચતુરે જણાવ્યું—"એક તો એ કે શેરગઢની દરબારી નોકરીમાં જેટલા મુસલમાનો હોય તેઓ સઘળાને જેમ બને તેમ નોકરીપરથી બરતરફ કરજો અને સૈન્યમાં પણ તેમને બદલે હીંદુઓને રાખજો. જુઓ એ બીના આપના સ્વરૂપમાં મેં મહારાજા રામસીંહને જણાવી છે, માટે આપ તે ધ્યાનમાં રાખજો અને મારી આપને બીજી અરજ એ છે કે, કુમાર કુલીનસીંહ માટે મહારાજાના મનમાં પાછો ઉંચો વીચાર ઠસી જઇ તેઓ કુમારને મદદ માટે શેરગઢ બોલાવે તેની પણ તજવીજ કરશો."

"એ માટે તમારે મને કંઇ કહેવાની જરૂર નથી! કુલીનસીંહ માટે હું મારાથી બનશે એટલું કરવાને તૈયાર છું, અને આજે ફરીથી પ્રતીજ્ઞા લઇને કહું છું કે કુલીનસીંહની સેવા તમોએ કહી છે તેના કરતાં પણ અધીક બજાવીશ!" ધવલરાયે જણાવ્યું. પછી ચતુરે પોતાની સાથે આણેલ પેલા અઈયારની ગાંસડી છોડી અને તેના પગમાં એક બેડી પહેરાવી તેની કમરમાંથી ખંજર

તેમજ અઈઆરીની થેલી કહાડી લઇ તેને શુદ્ધિમાં આણ્યો, અને તેનો રંગેલો ચહેરો ધોઇ નાંખ્યો તો ભૈરવનાથ ઓળખાઇ ગયો. ચતુર પણ અઇયાર હોવાને લીધે વીજયગઢના સઘળા અઇઆરોને સારી પેઠે ઓળખતો હતો, તેમજ તેઓ પણ ચતુરને જાણતા હતા, એટલે ચતુરે ટકોરમાં ભૈરવનાથને કહ્યું— "અહો ભૈરવનાજી, ખુબ ચાલાકી કરી હો! મારા મહેરબાન, જાણતા નહોતા કે કોની સામે અઇઆરી કરો છો! કંઇ નહીં! ખરેખર, તમારી ચાલાકીનો તમને યોગ્ય બદલો મળવોજ જોઇએ, અને તેટલા માટેજ આ નંદભુવનની મોજમઝાહનું સુખ ભોગવવાને તમે દરેક રીતે લાયક છો! મારો મઝાહ! જુઓ પેલા તમારા મીત્ર મહમદખાંનજી! બીચારાને અહીં એકલા ગમતું નહોતું તેથી તમને તેડી લાવવાને મને વારંવાર ફરમાવતા હતા, એટલે તે મારે બજાવવુંજ પડયું. બંને મીત્રો મળ્યા છો એટલે ગમત ઠીક પડશે હો!" આ ટકોરથી ભૈરવનાથને મનમાં તો બહુજ ગુસ્સો ઉપજ્યો, પણ પોતે દુશ્મનના પંજામાં સપડાયલો હોવાથી તેમજ હથીઆરહીન થઇ ગયેલ હોવાથી નીચું મસ્તક કરી મુંગો ઉભો રહ્યો. પછી ચતુર ધવલરાય સહીત ગુફાની બહાર આવ્યો. દરવાજા પાસે આવતાં તેણે ધવલરાયને સવીનય કહ્યું— "આપને થોડા સમય માટે બેહોશ કરવાની શેવકને આજ્ઞા આપશો! ગુફાની બહાર પહોંચી દ્વાર બંધ કરીને આપને ફરી શુદ્ધિમાં લાવીશ."

"મ્હોટી ખુશીથી! મને કશી હરકત નથી!" ધવલરાયે હસીને જવાબ આપ્યો—"તમારા આ તલેસમાતી ભોંયરામાં આવવા જવાનો માર્ગ જાણવાની મને લેશ પણ ઈચ્છા નથી, તેમજ તે જાણવાથી મને ફાયદો પણ શું થનાર છે! એ તો તમારૂંજ કામ છે!" તરતજ ચતુર ધવલરાયને બેહોશ કરી ભોંયરાની બહાર લાવ્યો, અને દ્વાર બંધ કીધા પછી તેને શુદ્ધિમાં આણી તેઓ બંને કીર્ત્તિપુરતરફ વીદાય થયા. તેઓ એક બીજાથી જુદા પડીને નગરમાં દાખલ થયા અને ચતુરના કેહેવા મૂજબ દીવાન ધવલરાય એકલોજ રાજા જગતસીંહની દરબારમાં ગયો. રાજાએ તેનું યોગ્ય સન્માન કીધું અને શેરગઢની તથા રાજા રામસીંહની ખબરઅંતર પૂછી, જેનો યોગ્ય જવાબ આપ્યા પછી

ધવલરાયે પોતાની પાસેનો પત્ર રાજા જગતસીંહને આપ્યો. રાજાની આજ્ઞાથી દીવાને તે વાંચી સંભળાવ્યો, જેથી અનહદ આનંદ પામી ધવલરાય તરફ ફરી રાજાએ કહ્યું " અને તેમજ અમારૂં રાજ્ય મહારાજ રામસીંહજીનું છે, માટે એમનો અમારા ઉપર દરેક રીતે હક છે, એમની ઇચ્છામાં આવે તેવો અમારા રાજ્યનો તેઓ ઉપયોગ કરી શકે તેમ છે, અને અમારી દરબારમાંથી ગમે તે માણસની સેવાની એમને જરૂર હોય તેને અમે મ્હોટી ખુશીથી મોકલવાને તૈયાર છીએ. ચતુરસીંહને મહારાજની સેવામાં મોકલીશું !" આટલું કહી પોતાના દીવાન તરફ ફરી દીવાન ધવલરાયની યોગ્ય પરોણાગત કરવાની આજ્ઞા કરી, જે પછી જરૂરના કામકાજ બજાવી દરબાર બરખાસ્ત કરી. દીવાન ધવલરાયની પરોણગત ત્રણ દીવસ સુધી ઘણી સારી રીતે કરવામાં આવી અને ચોથે દીવસે કેટલુંક ઝવેરાત તથા યોગ્ય પોશાક ભેટ આપી ચતુરને કેટલીક અગત્યની સુચનાઓ કરી તેમને ઠાઠ માઠથી રાજાએ વીદાય કર્યા. સંધ્યાકાળ થતાં તેઓ શેરગઢ પહોંચી જઇ રાજા રામસીંહની દબારમાં ગયા, જેથી રાજાને પણ ઘણોજ આનંદ થયો. ધવલરાયે રાજા જગતસીંહનો પત્ર રાજાને આપ્યો, અને તેના ઘણા વખાણ કીધા. રાજાએ ચતુરને રહેવા માટે લાયક મકાનનો બંદોબસ્ત કરવાની ધવલરાયનેજ આજ્ઞા કરી. દરબાર બરખાસ્ત થતાં દીવાન ચતુરને પોતાની સાથે લઇ વીદાય થયો, અને પોતાના મહેલમાંજ તેને ઉતારો આપ્યો, તેમજ તેની તેહેનાતમાં કેટલાક હીંદુ નોકરો અને સીપાઇઓને રાખ્યા. તે દીવસથી ચતુર દીવાન સાથેજ રાજ દરબારમાં જવા લાગ્યો.

પ્રકરણ ૧૫ મું.

હાથમાં આવેલ શીકાર છટકી ગયો.

રાત્રીનો સમય હતો. વરષાદની રૂતુ હોવાથી આકાશ વાદળથી ઘેરાયલું હોવાથી સર્વત્ર અંધકાર છવાઇ રહ્યો હતો. આ સમયે શેરગઢની પાસેના જંગલમાં રાજા બલદેવસીંહનો અઇયાર ભૈરવનાથ ચાલ્યો આવતો હતો. તેને જંગલમાં તે સમયે જોઈ

વાંચનારને અજાયબી ઉત્પન્ન થશે કે, આગલા પ્રકરણમાં જોયું તેમ ચતુરે તેને પોતાની છૂપી પહાડી ગુફામાં કેદ કીધો હતો, જે ઉઘાડવાની તેમજ બંધ કરવાની ચાવી ચતુરના જણાવ્યા મૂજબ તે પોતે અને વીજય શીવાય બીજું કોઇ જાણતું નહોતું. આમ છતાં ભૈરવનાથ તે ગુફામાંથી કેવી રીતે બહાર નીકળવા પામ્યો હશે? કંઈ નહીં, ચાલો આપણે તેની હીલચાલ તપાસીશું તો કંઇ ભેદ ખુલ્લો થશે. થોડેક ચાલ્યા પછી એક ઉંચા ટેકરાપર ઉભો રહી ભૈરવનાથે મ્હોટા અવાજે સીટી વજાડી, અને પછી થોડી વાર ત્યાં ઉભો રહેતાં રાજા બલદેવસીંહના ત્રણે અઇયારો શાંતીનાથ પંડીતજીસહ આવી પહોંચ્યા. ભૈરવનાથને જોતાંજ બદ્રીનાથે પૂછ્યું—"કેમ કીર્ત્તિપુર જઇ શું કરી આવ્યા?"

"ભાઈઓ, ત્યાં પેલો ચતુર કેવો વાઘ જેવો બેઠો છે! તેની ચાલાકી અને હોંશીયારી આગળ મારી તો એકે યુક્તિ પાર પડી નહીં, માટે તમો ભાઇઓમાંથી એક જણ મારી સાથે ચાલો તો બે જણ મળીને કંઈ કરી શકીએ!" ભૈરવનાથે મંદ અવાજે જવાબ આપ્યો.

"ત્યારે હું ભૈરવનાથ સાથે જઇશ!" વીરકાળ બોલ્યો.

"હા, હા! એ બરોબર, તમે બંને ત્યાં જશો તો આપણું કામ સહેલાઈથી પાર પાડી શકાશે!" નારાયણસીંહે ઉમેર્યું.

"ત્યારે ચાલો આપણે અત્યારે તો રાજા રામસીંહના મહેલમાં જઇ આપણી યુક્તિ અજમાવીએ!" બદ્રીનાથે સુચવ્યું.

"હા ચાલો, પણ હું સવારનો ભુખ્યો છું, માટે મને કંઈ ખાવાનું આપો કેમકે, અત્યારે મને ભુખ બહુ લાગી છે." ભૈરવનાથે જણાવ્યું.

"પણ આપણી પાસે જે કંઈ ખાવાનું છે તેમાં તો બેહોશીની દવા મેળવેલી છે!" વીરકાળ બોલી ઉઠયો.

"શેરગઢમાં જઈને બજારમાં કંદોઇની દુકાન ઉઘાડી હોય તો લઈ આવીએ ત્યારે!" બદ્રીનાથે સુચવ્યું.

"હા, હા! જાઓ ભાઈઓ, કંઈ ફક્કડ મીષ્ટાન લઇ આવો તો આપણે બધા સાથેજ ખાઇએ!" જોશીજીએ ઉમેર્યું.

"ચાલો આપણે બે જણ જઇને લઇ આવીએ!" ભૈરવનાથ જવાને ઉઠયો.

"બે જણ જઈને શું કરશો? એકજ જાઓ!" બદ્રીનાગે કહ્યું.

"ચાલો હું સાથે જાઉં છું! હમણા પાછા આવીશું!" વીરકાળ બોલી ઉઠયો, અને તેઓ બંને જણા ત્યાંથી વીદાય થયા. નગર થોડે દૂર રહેતાં માર્ગમાં વીરકાળે ભૈરવનાથને કહ્યું –"ભાઈ આપણા અસલ સ્વરૂપે નગરમાં જવા કરતાં સ્વરૂપ બદલીને જઇએ તો સારૂં કેમકે, ગઇ કાલથી ચતુર અત્રે આવેલ છે, અને તે આપણ સઘળાઓને સારી પેઠે ઓળખે છે, એટલે કદાચ તે મળી જાય તો ભેદ ખુલી જશે!"

"અરે, એટલી બધી ભાંજગડ કરવાની કંઇ જરૂર નથી! અત્યારે રાતના સમયે આપણને કોણ જોવા આવનાર છે?" ભૈરવનાથે બેદરકારીસહ જણાવ્યું. આ જવાબ સાંભળતાં ભૈરવનાથ માટે વીરકાળના મનમાં શક ઉત્પન્ન થયો, પરંતુ રાત્રી અંધારી હોવાને લીધે તેનું મુખ જોઇ ન શકવાથી તે ઓળખી શક્યો નહીં, તોપણ તરતજ ત્યાં ઉભા રહી તેણે મ્હોંએથી સીટી વગાડી, પણ તેઓ ઘણે દૂર નીકળી આવેલ હોવાથી તેમના સાથીઓને તે સંભળાઇ નહીં. તરતજ ભૈરવનાથે તેની સમીપ જઈ તેને ગળચીમાંથી પકડયો, પણ વીરકાળે પણ ચેતી જઇને પોતાની કમરેથી કટાર કહાડી, અને તેઓ બંને વચ્ચે ઝપાઝપી ચાલી. તેમની આ હાથોહાથની લડાઇનો ટુંક સમયમાં અંત આવી ગયો કેમકે, ભૈરવનાથે તેને પકડીને જોરથી જમીનપર પછાડયો અને તેની છાતીપર ચહડી બેસી પોતાના હાથમાંની બેહોશીની ભુકી તેને સુંઘાડી દીધી, જેની અસરથી બેભાન થતાં જ તેની ગાંસડી બાંધીને તે નગરમાં ચાલ્યો. નગરમાં ધવલરાય દીવાનના મહેલના દરવાજાપર ગાંસડી ઉતારી તેણે ત્યાં પહોરો ભરતા એક સીપાઈ પાસે થોડુંક પાણી મંગાવી પોતાનું મુખ ધોઇ નાંખ્યું તો આપણા નેકનામદાર ચતુરસીંહ દીપી નીકળ્યા. વાંચનાર, રાજા રામસીંહને ત્યાં આવ્યા પછી દુશ્મનોના કયા અધચારો કપટ સાથે આવ્યા છે તે જાણવાની ઇચ્છાથી ચતુર આજે તપાસ કરવાને નીકળ્યો હતો, અને કોઇ હાથ લાગે તો તેને ફસાવવાનેજ તેણે ભૈરવનાથનું સ્વરૂપ ધારણ કીધું હતુ કેમકે, ભૈરવનાથ તો પોતાના પંજામાં કેદ પડેલા હોવાથી તેની

અઈયારીનો ભરમ ખુલ્લી જવાની લેશ પણ ધારતી નહોતી, અને આપણે જોયું તેમ દુશ્મનોની આંખમાં ધુળ નાંખી તેઓમાંથી એક જણને તેણે પકડયો. પોતાનું અસલ સ્વરૂપ ધારણ કરી ચતુર ધવલરાયના મહેલમાં દાખલ થયો, અને એક કોટડીમાં વીરકાળને બંધ કરી તેના ઉપર સખ્ત દેખરેખ રાખવાની સીપાઈઓને આજ્ઞા કરી તેણે તેની બાજુના ઓરડામાંજ એક પલંગ સજાવી બાકીની રાત નીંદ્રા લીધી. આ તરફ જંગલમાં નારાયણ સીંહ, બદ્રીનાથ અને જોશીજી તો ખાવાનું લઇને તેમના આવવાની રાહ જોતાજ રહ્યા. ઘણી વારે તેઓને એવો વહેમ ગયો કે બંને જણ કદાચ કેદ પકડાઈ ગયા હશે પણ રાત્રીને સમયે તેઓ તેમની કયાં શોધ કરી શકે તેમ હતું ? રાતની રાત તો તેમણે જંગલમાંજ પસાર કરી અને સવાર પડતાં તેઓ જુદા જુદા રૂપ ધારણ કરી નગરમાં તપાસ કરવાને ગયા. પહેલાં તેઓ રાજ દરબાર તરફ ચાલ્યા તો માર્ગમાં ચતુરને પણ રાજદરબાર તરફ જતો જોયો. તેની પાછળ પંદરેક સીપાઇઓ વીરકાળને પણ કેદીની હાલતમાં પકડીને લઇ જતા હતા, જે જોઇ તેઓ પણ સીપાઇઓના ટોળા સાથે દરબારમાંજ ગયા. દરબારમાં જઇ ચતુર રાજાને નમન કરી પોતાને આસને બેઠો અને વીરકાળને રાજા સમક્ષ ઉભો કર્યો. તેને જોતાં રાજાએ પૂછ્યું—"ચતુરસીંહજી આ કેદીને શા માટે લાવ્યા છો ? એ કોણ છે ?"

"મહારાજ, વીજયગઢથી આવેલા પાંચ અઈયારોમાંના એકને શેવક કેદ પકડી લાવ્યો છે. હવે એને માટે શી આજ્ઞા છે ?" ચતુરે નમીને જવાબ આપ્યો. રાજાએ કેદી તરફ કંઇક આનંદ તેમજ ગુસ્સાની ભેળાયલી નજરે જોયું, અને તેનું નામ પૂછવાની દીવાનને આજ્ઞા કરી. દીવાને પૂછતાં કેદીએ બેદરકારીથી જવાબ આપ્યો "મારૂં નામ અઈયારદત્ત છે !" તેની બેવકુફાઇથી રાજાને હાસ્ય સાથે ગુસ્સો ઉપજયો, અને તેણે આજ્ઞા કરી—"બસ, એ હરામખોરને વધુ પૂછવાની કંઈ જરૂર નથી ! કારાગૃહમાં લઇ જઈ એને કેદ કરો, અને સખત ચોકી પહેરો રાખો !" આજ્ઞા થતાંજ સીપાઇઓએ તેના હાથ પગમાં બેડીઓ પહેરાવી દીધી, અને તેને કેદખાના તરફ લઈ ગયા. દુશ્મનોમાંથી એક જણને કેદ પકડવા માટે રાજાએ ખુશ થઇ ચતુરને એક મોતીની માળા ભેટ આપી, જેનો તેણે નમીને સ્વીકાર કીધો.

દરબારમાં છૂપે વેષે સંતાઈને નારાયણસીંહ, બદ્રીનાથ અને જોશી શાંતીનાથ સઘળો તમાસો એક બાજુએ ઉભા રહી જોતા હતા, તેઓ જ્યારે વીરકાળને કેદખાનાની સજા રાજાએ ફરમાવી અને સીપાંઇઓ તેને પકડીને બહાર નીકળ્યા, ત્યારે તેમની પાછળ ગયા, અને પરસ્પરમાં મસલત કરી તેમણે એક ચાલાકી વાપરી. એક ઉજ્જડ સ્થાનમાં જઈ બદ્રીનાથે ચતુરનું સ્વરૂપ ધારણ કરી લીધું, અને નારાયણસીંહ તેમજ જોશીજીએ સીપાઇ બની જઈ તેઓ ત્રણ જણ વીરકાળને પકડી જતા સીપાઈઓ પાછળ ગયા. સીપાઇઓ હજી વીરકાળને લઈને કેદખાનાના દરવાજા સુધી પહોંચ્યા નહોતા એટલામાં આપણા વેષધારી ચતુરે તેમને રોકીને દમામથી ફરમાવ્યું—"સબુર, સબુર! આ લુચ્ચા અઈયાર માટે મહારાજાએ બીજી આજ્ઞા ફરમાવી છે, કેમકે કેદખાનામાંથી એના સાથીઓ ગમે તે યુકિત કરીને એને નહસાડી જશે, તેથી એ હરામખોરને તો મારા કબજામાં રાખવાની મહારાજાએ આજ્ઞા કરી છે." ચતુરની ગમે તે આજ્ઞા ઉઠાવવાનો રાજા તરફથી હુકમ મળી ચુકેલો હોવાથી સીપાઈઓએ કંઈ પણ આનાકાની વગર કેદીને તેમને હવાલે કરી દીધો, અને તે ખબર રાજાને આપવા તેઓ દરબારમાં પાછા ફર્યા. આ તરફ વેષધારી ચતુર કેદી અને તેની સાથેના સીપાંઇઓ જંગલ તરફ રવંદા માપી ગયા. હવે સીપાઈઓ દરબારમાં આવ્યા તો ત્યાં પણ ચતુરને વળી દીવાન ધવલરાયની બાજુમાં બેઠેલ જોઇ તેઓ દીંગમૂઢ બની ગયા, અને રાજાને નમીને બહાવરા બની ઉભા રહી ગયા. તેમની આ હાલત જોઈ ચતુરને કંઇ શક ગયો અને તેથી તેણે તેમને પૂછ્યું—"કેમ અઈયારને કેદ કરી આવ્યા?"

"મહારાજાજીએ આપને કેદી હવાલે કરવાની આજ્ઞા કરી છે એમ ફરમાવી આપજ તેને લઇ ગયા તે!" સીપાઈઓએ ધાસ્તીથી ધ્રુજતાં જવાબ આપ્યો. ચતુર આ સાંભળી ચમકી ગયો. રાજા તેમજ તમામ દરબારીઓને પણ અજાયબી લાગી, અને રાજા ગુસ્સામાં બોલી ઉઠયો—"ચતુરસીંહ તો અત્રેથી બહાર ગયાજ નથી, અને તમે જણાવો છો કે એ તમારા કબજામાંથી કેદીને લઈ ગયા, એ શું? હરામખોરો સત્ય બોલજો, નહીંતો સઘળાઓને હાથીના પગ તળે ચંપાવીને મારી નંખાવીશું! તમે પણ દુશ્મનો સંગે મળી ગયા હો એમજ લાગે છે.! સત્વર બતા

વો ક્યાં છે કેદી ?" રાજાના ગુસ્સાના વચનો સાંભળી સીપાઇઓના જીવ ઉડી ગયાં, ને તેઓ ધાસ્તામાં કંઇ પણ જવાબ આપી શક્યા નહીં. તેમનાં મ્હોડાંજ સીવાઇ ગયાં ને તેઓ પાષાણના પુતળાવત સ્થીર થઈ ગયા. ચતુર સઘળો ભેદ પામી ગયો, અને રાજાનો ગુસ્સો જોઇ નાહકમાં નિર્દોષ સીપાઇઓ માર્યા જશે, એમ ધારી તેણે હાથ જોડી રાજાને અરજ કરી—"મહારાજ, એ સીપાઇઓ તદન નિર્દોષ છે ! દુશ્મનના અઈયારોની ચાલાકીનુંજ એ પરીણામ છે ! તેઓ મારૂં સ્વરૂપ ધારણ કરીને કેદીને એમના હાથમાંથી છોડવી ગયા હશે ! અઇયારોની ચાલાકીની કંઇ સીમાજ નથી ! તેઓ મ્હોટા મ્હોટા કાબેલ અને ચાલાક માણુસોને પણ ગફલતીમાં નાંખી ઠગી જાય છે તો આ બીચારા મૂર્ખ સીપાઈઓને ઠગી જાય તેમાં શી નવાઇ ?" ચતુરના સમજાવવાથી રાજાનો ગુસ્સો શાંત પડયો, પણ કેદીના નહાસી જવા માટે તેને બહુ દીલગીરી ઉપજી.

પ્રકરણ ૧૬ મું.

શેરને માથે સવાશેર !

બદ્રીનાથ, વીરકાળ, વગેરે અઇયારો અને પંડીતજી નહાસીને જાંગલમાં જઈ એક ઝાડ નીચે બેઠા, અને વીરકાળ કેવી રીતે પકડાઈ ગયો તે પૂછતાં તેને મોહોડેથી સઘળી હકીકત સાંભળી રહ્યા પછી બદ્રીનાથ બોલ્યો—"ચતુરે જબરી ચાલાકી વાપરી ! આપણુ સઘળાઓની આંખોમાં તે ધુળ નાંખી ગયો ! આ ઉપરથી માલમ આવી થાય છે કે, ભૈરવનાથને પણ ચતુરેજ પકડીને કોઇ સ્થળે છૂપાવી રાખ્યો છે !"

"પણ આપણે તેની ક્યાં શોધ કરીએ ? કંઇ ભાળ મળે તો તેને છોડવવાની તજવીજ કરીએ !" નારાયણસીંહે કહ્યું.

"તે જાણુવામાં શી મ્હોટી મુશ્કેલી છે ! આપણા પંડીતજી ક્યાં કાચા છે !" વીરકાળ બોલ્યો.

"હા પંડીતજી, જરા રમલ નાંખીને ગણત્રી કરી જુઓ કે, ભૈરવનાથ ક્યાં છે ?" બદ્રીનાથે કહ્યું. તરતજ જોશીજીએ પોતાનાં

પાના પુસ્તકની પોટલી છોડી અને તેમાંથી રમલ કહાડી તે ફેંકી તે પરથી કંઈ ગણત્રી કરીને પછી ગંભીર અવાજે જણાવ્યું—"ખરે-ખર.! ભૈરવનાથ અને તે સાથે મહમદ બંનેને ચતુરે એકજ ઠેકાણે કેદ કરેલા છે ! અહીંથી ઉત્તર તરફ બે કોસપર એક પહાડી ગુફા છે, તેમાં આપણા સાથીઓ બંધીવાન પડેલા છે !"

"બસ, ત્યારે ચાલો આપણે તે ગુફા શોધી કહાડી તેમને છોડવીએ !" વીરકાળ બોલી ઉઠયો " પંડીતજી આપણને માર્ગ પણ બતાવશે ! " તરતજ સઘળાઓ ઉઠીને ગુફા તરફ ચાલ્યા. પંડીતજી વારંવાર રમલ ફેંકી તેમને માર્ગ બતાવતો ગયો, અને તેઓ પેલી પહાડી ગુફા સુધી જઇ પહોંચ્યા, જેમાં દાખલ થઈ તેને બીજે નાકે બહાર આવ્યા. સામે પહાડમાં પેલો સીંહના મુખવાળો દરવાજો જોઇ તે ઉઘાડવાની તેમણે બહુ મહેનત કરી પણ કોઇ પણ પ્રકારે તે ઉઘાડી શકયા નહી. જોશીજીએ પણ તે ઉઘાડવાની છૂપી ચાવી શોધી કહાડવાને રમલ નાંખી બહુ બહુ ગણત્રી કરી પણ તેની અક્કલે પણ કંઇ કામ કર્યું નહીં, અને તેણે જણાવ્યું " ભાઇઓ, મારી ગણત્રીપરથી તો આ દરવાજો એક તલેસમ સાથે જોડાયલો હોય એમ લાગે છે, અને તલેસમની બાબતમાં રમલ નીરૂપયોગી છે, માટે એ દ્વાર ઉઘાડવાની કોઈ બીજીજ યુક્તિ શોધી કહાડવી જોઇએ. પંડીતજીની શક્તિ પણ આમ ત્યાં ચાલી ન શકવાથી તેઓ લાચાર થઇ પાછા ગુફાની બહાર આવ્યા, અને પરસ્પરમાં ચોક્કસ સંકેત કરી અઈયારી અજ-માવવા એક બીજાથી છૂટા પડી ગયા. વાંચનાર, તેમનાથી છૂટા પડીને આપણે ચતુર શું કરે છે તે જોઇએ. એક દીવસ બપોર પછી તે દુશ્મન અઈયારોની હીલચાલ તપાસવાને ફરવા નીકળ્યો અને ફરતાં ફરતાં શેરગઢની બહાર ઘણે દૂર સુધી ચાલ્યો ગયો તો એક ગંભીર વડના ઝાડને ઓથે કુલીનને ઉદાસ ચીત્તે બેઠેલ જોયો. તેની સવારીનો ઘોડો થોડેક દૂર બીજા એક ઝાડના થડ સાથે બાંધેલો ઉભો ઉભો ચરતો હતો. સામે એક મુવેલું હરણ પડયું હતું, જેની એક બાજુ આગળ દેવતા સળગતો હતો. કુમારની છેક સમીપ જતાં કેળના એક પાંદડા ઉપર થોડાક માંસના તુકડા પડેલા જણાયા. તરતજ ચતુર પાછળથી બોલ્યો—"કેમ કુમાર, શા વીચારમાં બેઠા છો ? ખાઓ ! હાથ કેમ

રહી ગયો !" પાછળ ફરીને જોતાં ચતુરને જોઇ કુમારે સસ્નેહ જણાવ્યું "ભાઇ, શેરગઢ ગયો તે પાછા કંઇ સમાચારજ નહીં !"

"કુમાર શેરગઢમાં હું આપનીજ સેવા બજાવતો હતો !" ચતુરે હસીને જવાબ આપ્યો, અને તેની પાસે બેસી ગયો.

"કેમ વહાલી કાન્તાની શી ખબર છે? તેમને મળ્યો હતો ?" કુલીને આતુરતાથી પૂછ્યું.

"કુમાર, તમો પાસેથી ગયા પછી કુંવરીની મુલાકાત થઇજ નથી, કેમકે હું દુશ્મનોની હીલચાલ તપાસવામાં રોકાઇ ગયો હતો ! એમાં વળી એક અઈયારને પકડ્યો હતો તે પણ છટકી ગયો ! બીજાઓની તો કંઇ દરકાર નથી, પણ વીજયગઢથી બદ્રીનાથ પણ તેમની સાથે આવેલ છે, તે ઘણો ચાલાક છે. મને એનીજ કંઇક ધાસ્તી લાગે છે, પણ જોઈ લઈશું ! કંઇ ચીંતા નહી ! પણ એ તો કહો કે તમે અહીં ક્યાંથી આવી ચ્હડ્યા ? તમારી સાથે કોઇ સીપાઇ કેમ નથી ?" ચતુરે પૂછ્યું.

"થોડાક સીપાઈઓ સહીત અમે આજે સવારે શીકારે નીકળ્યા હતા. જંગલમાં બે પ્રહર સુધી શીકારની શોધમાં ફર્યા પણ એકે શીકાર હાથ લાગ્યો નહી, એટલામાં આ હરણ નજરે પડ્યો, એટલે અમે તેની પાછળ અશ્વને છોડ્યો. તેની પાછળ જતાં સાથેના સીપાઇઓ રહી ગયા, અને અમે એકલા અહીં નીકળી આવ્યા. થોડી વાર પેહેલાંજ આખરે શીકાર કરી અમે અહીં થાક ખાવા બેઠા છઈએ. ભાઈ, આ વખતે અમને ક્ષુધા પણ બહુ લાગવાથી એ હરણનું માંસ સેકીને ખાવાનો વીચાર હતો એટલામાં તું આવી ચ્હડ્યો એ પણ ઠીક થયું ! હવે તું સેકીને તૈયાર કર કે આપણે સાથેજ અહાર કરીએ. ભાઇ, હવે જલદી કરજે ! કેમકે આખા દીવસમાં જરા પણ ખોરાક લીધો નથી !" કુલીને કહ્યું. ચતુરે થોડી વારમાં માંસ સેકીને તૈયાર કર્યું અને વહેતા ઝરાને કીનારે જઇ તેઓ બેઠા. "કેમ સ્વાદીષ્ટ થયું છે કે નહી ?" ચતુરે ખાતાંખાતાં કુમારને પૂછ્યું.

"એમાં મસાલો કોણે લગાડ્યો છે, એટલે પછી સ્વાદીષ્ટ બને તેમાં શું નવાઇ ? એ અમારૂં માન તું ખાટી જવા ધારે છે કેમ ?" કુલીન હસ્યો.

"પણ કુમાર, તમે મસાલો કહાડી નાંખીને કેમ ખાઓ છો ?" ચતુરે પૂછ્યું.

"અમને મોળું માંસ બહુ સ્વાદીષ્ટ લાગે છે !" કુલીને જવાબ આપ્યો, અને બે ત્રણ કટકા ખાઈ તેણે ઉઠીને ઝરામાં હાથ ધોઇ નાંખ્યાં, એટલે ચતુરે પૂછ્યું "કેમ એટલામાં ધરાઈ ગયા શું ?"

"ભાઇ, પ્રભાતના ભુખ્યા હતા એટલે શું ખવાય ?"

"તમો સરખા મ્હોટા માણસના પેટ તો મ્હોટાઇથીજ ભરેલા હોય એટલે તમે ઝાઝું ખાઓ નહી તો ! પણ આપણે કંઇ તમારી માફક ઉઠી જવાના નથી ! કેવું સ્વાદીષ્ટ બન્યું છે !" ચતુરે હસીને જણાવ્યું અને ખુબ ધરાઇને માંસ અડાવ્યું. અહાર કરી રહ્યા પછી તેણે કહ્યું "કુમાર, હવે સંધ્યાકાળ થયો છે માટે તમે મહેલે સીધારો અને હું પણ શેરગઢ જાઉં છું !"

"નગર સુધી અમારી સાથે તો ચાલ પછી શેરગઢ પાછો ફરજે ! બે જણ સાથે હઇશું તો માર્ગ જણાશે નહી !" કુમારે પોતાના અશ્વપર બેસતાં આગ્રહ કીધો.

"નહી કુમાર, જરાં મારૂં માથું કોણ જાણે શાથી ફરવા લાગ્યુ છે, માટે મને શેરગઢ જવા દો !" ચતુરે જણાવ્યું.

"જ્યારે માંસ ખુબ દાબી દાબીને ખાધું ત્યારે કંઈ વીચાર કીધો હતો !" કુલીને હસીને કહ્યુ—"હવે તો નગર સુધી ચાલવાથી ખાધેલું પણ પાચન થઇ જશે !"

"ઠીક ચાલો !" ચતુરે કહ્યું, અને તેઓ કીર્ત્તિપુર તરફ ચાલ્યા. હજી તેઓ બહુ દૂર ગયા નહી એટલામાં ચતુરને ચક્કર આવ્યા અને તે બેહોશ થઈ પડયો. કુમારે તરતજ પોતાનો અશ્વ ઉભો રાખી નીચે ઉતરીને ચતુરના હાથ પગ મજબૂત બાંધી પોતાની પાસેના કપડામાં તેની ગાંસડી બાંધી તે ઘોડાની પીઠપર નાંખી હવે કીર્ત્તિપુર તરફ ન જતાં શેરગઢ તરફ અશ્વ ફેરવ્યો. થોડેક દૂર જંગલમાં પહોંચતાં તેણે મ્હોટેથી સીટી વગાડી, જેથી થોડી વારમાં નારાયણસીંહ, વીરકાળ અને જેશીજી તેમજ કપટ વગેરે ત્યાં આવી પહોંચ્યા. કુમારને અશ્વશપર ગાંસડી બાંધેલી જોઈ વીરકાળ બોલી ઉઠયો—"વાહ બદ્રીનાથ ! તમે એક મહાભારત કામ બજાવી આવ્યા ! આપણા સઉથી વધુ બળવાન દુશ્મનનો ભય હવે દૂર થયો !"

"બસ, ચતુર પકડાયો છે, એટલે હવે આપણી મુરાદ પાર પડતાં શું મુશ્કેલી નડનાર છે !" કાસમ બોલી ઉઠયો. કપટના

આનંદનો તો કંઇ પારજ ન રહ્યો. થોડી વાર વાતચીત કર્યં પછી બદ્રીનાથે નારાયણસીંહને કહ્યું-"જે ઘોડારમાંથી આ અશ્વ તમે ચોરી આવ્યા છો તેની પાસે પાછો એને ફરતો મૂકી આવો એટલે અશ્વશાળાના રક્ષક તેને પોતાની મેળે બાંધી લેશે !" તરતજ નારાયણસીંહ અશ્વપર સ્વાર થઈ ત્યાંથી રવાને થયો.

"હવે આપણા આ શીકારની શી વ્યવસ્થા કરવી ? મારા વીચાર મુજબ તો એને વીજયગઢમાં કેદ કરી આવીએ, કે પછી કોઈને એનો પત્તો પણ ન લાગે !" બદ્રીનાથે જણાવ્યું. સઘળાઓને એ સલાહ યોગ્ય લાગી, અને સઘળા અઇયારોને કેટલીક સુચનાઓ કરી બદ્રીનાથ ચતુરની ગાંસડી ખભે ઉંચકી વીજયગઢ તરફ રવાને થયો.

પ્રકરણ ૧૭ મું.

રંભાની રસિકતા.

રાજા રામસીંહની દરબારમાં ચતુર દરરોજ જતો હોવાથી બે ત્રણ દીવસ સુધી તેને દરબારમાં ન જોવાથી રાજાએ એક દીવસ દીવાન ધવલરાયને પૂછ્યું—"દીવાનજી, આજ બે ત્રણ દીન થયા ચતુરસીંહ દરબારમાં દેખાતા નથી તે તમને કંઈ જણાવીને કોઇ સ્થાને ગયા છે શું ?"

"નહીં કૃપાનાથ ! શેવકને પણ મળ્યા નથી, પણ આજે તેમના મહેલમાં તપાસ કરીશ !" દીવાને જવાબ આપ્યો, અને દરબાર બરખાસ્ત થતાં તે ચતુરને ઉતારે ખબર કહાડવા ગયો, ત્યાં તેને ન જોવાથી તેની નોકરીમાં સોંપવામાં આવેલા પહેરેગીરોને પૂછતાં તેમણે જણાવ્યું કે "આજ ચાર દીવસ થયાં તે અત્રેથી ગયા છે, તે પાછા ફર્યા નથી !" ધવલરાય આથી બહુ વીમાસણમાં પડી ગયો, અને પોતાને મેહેલે આવી હવે શું કરવું તેના વીચારમાં પડયો. ચતુરની ભાળ નહી મળે તો પોતાના ઉપર મોટું કલંક આવશે, એમ વીચારી ગમે તે ઉપાયે તેની ભાળ મેળવવા તેણે આસપાસના શહેરો અને બીજા ભાગોમાં તેની શોધ કરવાને ઘણા માણસો મોકલ્યા. આ સાથે કીર્ત્તિપુરમાં પણ તપાસ કરાવવાને તેણે પોતાની તરફથી ત્યાંના દીવાન અને ચતુ-

રના પીતા જયસીંહ ઉપર એક પત્ર લખી એક સવાર રવાના કીધો, અને જવાબ લઇને સત્વર પાછા ફરવાની તેને આજ્ઞા કરી. સવાર પત્ર લઈને સાંજના કીર્ત્તિપુર પહોંચી ગયો, અને જયસીંહને ઘેર જઈ તેણે ધવલરાયનો પત્ર આપ્યો, જે વાંચી તેમાંથી ચતુર ગુમ થવાના સમાચાર જાણી તેની ખાત્રી થઈ કે, તે અવશ્ય કોઇ અઇયારના હાથમાં સપડાઇ ગયો હશે. ધવલરાયના પૂછાવ્યા મુજબ ચતુર કીર્ત્તિપુરમાં નથી, એવો જવાબ લખીને સવારને શેઃગઢ વીદાય કરી તેણે તરતજ પોતાના કેટલાક જાસુસોને બોલાવી ચતુરની શોધ કરવાને જુદે જુદે ઠેકાણે મોકલી દીધા. બીજે દીવસે જયસીંહે દરબારમાં જઇને રાજા જગતસીંહને ધવલરાયના પત્ર વિષેની હકીકત જણાવી, જે સાંભળી રાજાને અજાયબી લાગી, અને તેણે પૂછ્યું—" ચતુર ત્યારે કયાં ગયો હશે? દુશ્મન અઇયારોના પંજામાં તો તે કદાચ સપડાઇ ગયો નહીં હોય ?"

" મહારાજ, ઘણું કરીને એમજ હશે !" જયસીંહે જણાવ્યું " તપાસ માટે કાલે રાત્રીએજ મેં આપણા જાસુસોને મોકલ્યા છે એટલે બેચાર દીવસમાં કંઈપણ ભાળ મળશેજ !" રાજાની જમણી બાજુએ બેઠેલો કુલીનકુમાર આ સઘળી વાતચીત સાંભળી ઉઠીને રાજાને નમન કરી બોલ્યો -" પીતાજી અમને આજ્ઞા હોય તો અમે ચતુરસીંહની શોધ કરવા સીધારીએ ?"

" કુમાર, આપની હીંમત અને શુરવીરતા માટે કંઇ શક આણુવા સરખું નથી, પરંતુ ચતુર સરખો ચલાક અઈયાર અઇયારોના હાથમાં સપડાઇ ગયો છે, તેની શોધમાં જવાની આપને કંઇ જરૂર નથી !" જયસીંહે કુમાર તરફ ફરી કહ્યું "આપ એટલું તો જાણો છો કે, જ્યારે કોઇ અઇયારને બીજો કોઇ અઇયાર કેદ પકડે છે, તો તે ફકત તેને કેદ કરી રાખે છે, પણ તે કદી તેના પ્રાણ લેનાર નથી. આથી જો ચતુર તેમના હાથમાં પકડાઇ ગયોજ હશે તોપણ તે ફકત કેદી હશે, એટલે કોઇ પણ પ્રકારે છૂટો થઇ આવશે કેમકે, અઈયારીમાં તેના સરખો ચાલાક બીજો કોઈ મળવો મુશ્કેલ છે ! ગમે તેવો હુશીયાર હશે તોપણ તે થાપ ખાઇ જશે. શોધમાં જાસુસો મોકલ્યા છે એટલે, પાંચ દસ દીવસ રાહ જોઇએ છીએ ! જોઈએ શું થાય છે ? એ અરસામાં જો ચતુર નહી આવે તો પછી આપણે યોગ્ય લાગશે તેમ

પગલાં લઇશું ! હાલમાં વીના કારણે હોહા કરી મૂકવામાં કંઇ લાભ નથી, કેમકે તેથી દુશ્મનો આપણને ગભરાટમાં પડેલા જાણી વધુ હીંમતવાન બની જશે. હાલ તો જાણે કંઇ જાણતા નથી તેમ આપણે છૂપી રીતે કામ લેવાનો સમય છે ! કુમાર, આપને મીત્રતાને લીધે ચતુરની એટલી બધી ચીંતા લાગે, એ સ્વાભાવિક છે !” આ પછી રાજાનું મન દરબારી કામકાજમાં પરોવાતાં તે વાત બંધ પડી, પરંતુ રાજા જગતસીંહ તેમજ કુલીનનાં અંતઃકરણમાંથી ચતુર ગુમ થવાની દીલગીરી દૂર થઈ નહીં. આ તરફ શેરગઢમાં રાજા રામસીંહે બીજે દીને પણ ચતુરને દરબારમાં ન જોતાં ધવલરાયને પૂછ્યું “ દીવાનજી, ચતુરસીંહની ભાળ મળી ? ”

“મહારાજ, અત્રે તો કંઈ ભાળ મળી નથી, પરંતુ કીર્ત્તિપુર ખાતે મેં કાસદને પત્ર લઇ ખબર કહાડવાને મોકલ્યો છે તે પણ જે સમય જાય છે તેમાં આવવો જોઈએ, એટલે જો ત્યાં ગયા હશે તો જણાશે. ” દીવાને જવાબ આપ્યો; એટલામાં કીર્ત્તિપુર ગયલો કાસદ પત્રનો જવાબ લઈ પાછો આવી પહોંચ્યો છે, એવી ખબર દરવાને આપતાં તરતજ રાજાની આજ્ઞાથી કાસદને દરબારમાં બોલાવી દીવાને પત્ર લઇ વાંચ્યો, એટલે રાજાએ આતુરતાથી પૂછ્યું “ કેમ શા સમાચાર છે ? ”

“ મહારાજ, કીર્ત્તિપુરમાં પણ ચતુરસીંહ નથી! ” પત્ર વાંચી રહ્યા પછી દીવાને નીરાશાસહ જવાબ આપ્યો “ પત્રનો જવાબ ચતુરસીંહના પીતા દીવાન જયસીંહેજ લખી મોકલ્યો છે. હવે તો તપાસ કરવાને ગયલા જાસુસો શી ખબર લાવે છે તે જોઈએ ! ” ચતુરનાં ગુમ થવાથી રાજા રામસીંહને ઘણો ખેદ ઉપજ્યો, અને દરબાર બરખાસ્ત કરી તે મેહલમાં ગયો. તેને ઉદાસ થવાનું કારણ માહારાણીએ જાણવા માંગતા તેણે ચતુર ગુમ થવાની હકીકત જણાવી, જે સાંભળી રાણીએ ભય સહીત જણાવ્યું “ ત્યારે હવે દુશ્મનો વધુ જોરમાં આવશે ! ”

“ અરે, તેમની તો કંઇ ધાસ્તી નથી, પણ રાજા જગતસીંહને અમે શો જવાબ આપીશું ! ” રાજા દીલગીરી ભરે અવાજે બોલ્યો. રાણી પણ બહુ ખેદ પામી. આ સમયે ત્યાં ઉભેલી ચકોરી પણ ચતુરની હકીકત સાંભળી ઉદાસ બની ત્યાંથી ચાલી જઈ કાન્તા કુંવરીને મહેલે ગઇ. તેણીને ઉદાસ જોઇ કાન્તાએ તેનું કારણ

પૂછ્યું, પણ ચતુરની હકીકત કહેતાં તેણીનું હૈયું ભરાઈ આવતુ હતું, જેથી તેણી બોલી શકતી નહોતી. આથી કાન્તાએ તેણીને પૂછવાનો આગ્રહ ચાલુજ રાખ્યો, પણ ચકોરીનો કંઠ રૂંધાઇ જવાથી તે કંઇ જવાબ આપી શકી નહીં. બસ, તેણીની આંખો-માંથી આંસુની ધારા વહેતી હતી. આખરે કાન્તાએ ગભરાટ તેમજ અજાયબીસહ પૂછ્યું, "સખી, આમ રૂદન શું કરે છે? કંઈ મુખેથી કહીશ તો ખુલાસો થશે! આટલી બધી દુઃખી થવાનુ કારણ શું છે?"

"કુંવરીબા, અત્યારે હું રાજમાતાને મહેલે હતી, ત્યાં મહા રાજાને મુખે સાંભળ્યું કે, ચતુરસીંહ રાજા બલદેવસીંહના અઇયારોના પંજામાં કેદ પકડાઇ ગયા છે!" ચકોરીએ ગળગળે અવાજે કહ્યું.

"હેં!" કાન્તા ગભરાટમાં બોલી ઉઠી. ચકોરી મ્હોટેથી રડી પડી. તેણીનું હૃદય કાન્તાએ પારખી કહાડ્યું. ચતુરને માટે તેણીનાં અંતઃકરણમાં પ્રેમાંકુર ફુટ્યા છે, એ જાણી જતાં ચતુરના કેદ પકડાવા માટે તેમજ તેથી પોતાની માનીતી સખીને ઉપજેલા દુઃખ માટે કુમારીને ઘણો ખેદ ઉપજ્યો, અને તેણીને ધીરજ આપવા કહ્યું—"સખી, આમ વીલાપ કરવે શું વળવાનું છે? એથી કંઇ ચતુરસીંહ છુટી આવશે? પીતાજીએ અવશ્ય ઘટતી તજવીજ કરી હશે! અને અમે પણ પીતાજીને તે માટે વીનવીશું!" તેમની દીલગીરી ભરી વાતચીત સાંભળતી બેઠેલી ચપળા પણ હૃદય ભરાઈ આવવાથી રૂદન કરવા લાગી, અને તેણીએ હીંમતથી કાન્તાને અરજ કરી—"કુંવરીબા, મને આજ્ઞા આપો તો હુ ચતુરસીંહની શોધમાં જાઉં!"

"હજી એટલુ તારૂં ગજું નથી!" કાન્તાએ કહ્યુ.

"ગજું શા માટે નથી? અઇયારીમાં હું પણ હવે પ્રવીણ થઇ નથી શું?" ચપળા બોલી ઉઠી "કુંવરીબા, મને એક વાર આજ્ઞા આપો પછી જુઓ કે હું દુશ્મનોની આંખો કેવી ચાલાકીથી આંજીને ચતુરસીંહને છોડાવી લાવું છું!"

"હજી એટલી બધી હીંમત કરવાને વાર છે ગાંડી!" ચકોરીએ સ્નેહભરે અવાજે કહ્યુ—"ચતુરસીંહ સરખા ચાલાક ને જેમણે ફસાવ્યા તેવાઓની સાથે કામ લેવું છે તે જાણે છે કે? પણ કુંવરીબા, જો મને આજ્ઞા આપો તો હું જાઉં!"

"સખી, એમાં મારી આજ્ઞા લેવાની શી જરૂર છે? ચતુરસીંહને તું છોડવી આવીશ તેથી તો એ તારા ઉપકાર તળે દબાશે, એટલે પછી તારી મનકામના પૂર્ણ થશે!" કાન્તાએ જણાવ્યું.

"હું અ અ અ! હવે ભેદ જણાયો! તેથીજ મને ના પાડી પોતે જવાને તૈયાર થયાં છો કેમ?" ચપળાએ તાણો માર્યો.

"ત્યારે સખી, તું આજેજ જવાની તૈયારી કરજે!" કાન્તાએ આગ્રહથી કહ્યું.

"તે તો ખરૂં પણ પછી દુશ્મનના અઇઆરો અત્રે આવેલા છે તેમનું કેમ? અહીં તમારી સંભાળ કોને સોંપી જાઉં?" ચકોરી વીમાસણમાં પડી.

"તે હું કેવી વાઘ જેવી બેઠી છું!" ચપળા હીંમતથી બોલી ઉઠી—"એટલી બી મારામાં હોંશીયારી નથી શું?"

"ઠીક છે ત્યારે તું સાવધ રહેજે!" ચકોરીએ જણાવ્યું—"જો કંઇ ગફલતી કરી અને કુંવરીબાપર કંઇ સંકટ આવ્યું તો એમ સમજજે કે પછી—"

"તેની લેશ પણ ચીંતા કરવીજ નહી! જો જો તો ખરાં કે, હું કેવી ચાલાકીથી કામ ચલાવું છું!" ચપળાએ હીંમતથી કહ્યું. આ પછી ચપળાને કેટલીક અગત્યની સુચનાઓ કરી ચકોરી પોતાની મુસાફરીનો સરંજામ તૈયાર કરવામાં ગુંથાઇ. દુશ્મનના પંજામાં સપડાયલા ચતુરને ચાલાક અઈયારોને થાપ આપીને છોડવવાને હીંમત કરનાર ચકોરી સરખી એક યુવતી તૈયાર થાય, એ ઉપરથી વાંચનાર અટકળી શકશે કે, તેણી કંઇ સાધારણ યુવતી નહોતી. ખુબસુરતી તેમજ સકોમળતા સાથે તેનું શરીર બળવાન પણ હતું, અને બે ચાર પુરૂષો સાથે સમય આવતાં લડીને તેમને કેદ પકડી લેવાનું તો તે સહજ સમજતી હતી. શસ્ત્ર વિદ્યામાં તે પ્રવીણ હતી, અને સાથે અઇયારીમાં પણ તેવીજ ચાલાક હતી. ગાયનકળામાં પણ તેણીએ પૂરતી માહીતગીરી મેળવી હતી. ટુંકમાં દરેક હુન્નર કળા તેણી જાણતી હતી. તેણીના શરીરનો સ્વેત રંગ અને અવયવોની કોમળતા જોઇ તેપર એક ફુલ મારતાં પણ આપણો જીવ ચાલે નહીં, જેથી પોતાનું ખરૂં સૌંદર્ય છૂપાવવા જ્યારે પણ તેણી રાજ મહેલની બહાર જતી ત્યારે જાણી જોઈને પોતાનું સ્વરૂપ કદરૂપું બનાવી દેતી અથવા વેષ બદલીને જતી હતી. સંધ્યાકાળનો સમય થઇ જવાથી રાત્રીદેવીની

મુસાફરી ચાલુ થઇ ચુકી હતી, અને પોતાની પ્રીય રજની સંગે રમવાને ચંદ્ર પણ પુર હાસ્યસહ દોડતો આવતો હતો. આ સમયે પોતાના હૃદયના માની લીધેલા પ્રીયતમ ચતુરની શોધમાં ચકોરી પોતાંનાં ખરાં સ્વરૂમાં જંગલમાં ચાલી જતી હતી. તેણીએ કસેલી કમરમાં એક આબદાર ખંજરની રત્નજડીત મૂઠનો ઝળકાટ પ્રકાશી રહ્યો હતો. ચતુરના રટણમાં તેણી એવી બેભાન હાલતમાં હતી કે પોતાના શરીરનું પણ તેણીને ભાન નહોતું. પોતે શા કામ માટે રાજમહેલથી બહાર નીકળી છે, કઇ તરફ જાય છે, માર્ગ કયાં છે, માર્ગમાં સામે ખડક છે યા ઉંડી ખાઇ કે નદી નાળું છે, તે તેણી જાણતી નહોતી. બસ, ફકત તેણી જંગલમાં ભાન રહીત ચાલીજ જતી હતી. આંખોમાંથી સરતાં આંસુએ આખો પાલવ ભીંજાઈ ગયો હતો. ટેકરાઓ સાથે ઠોકર ખાતાં ચાલ્યા જવાથી તેણીના નાજુક પગની આંગળીઓમાંથી લોહી વહેતું હતું તેનું પણ તેણીને ભાન નહોતું. ચાલતાં ચાલતાં માર્ગમાં સામે એક ઝરો આવ્યો, જેનું ભાન ન રહેતાં તે તેમાં પડી ગઈ, જેમાં એક પથ્થર સાથે અથડાતાં તેણીનું કપાળ ફુટી ગયું ને લોહી નીકળ્યું, તથા સઘળાં વસ્ત્ર ભીંજાઇ ગયાં. હવે તેણીને યાદ આવ્યું કે, પોતે ચતુરને શોધીને છોડવવા જાય છે. તે મ્હોટેથી બોલી ઉઠી " અરેરે વહાલા! મેં આપને તદન વીસારીજ મૂકયા! આપને છોડવવાની મને લેશ પણ ચીંતા ન રહી તેનીજ મને ઈશ્વરે આ શીક્ષા કરી!" હવે તેણી સાવધ થઈ, પોતાના શરીરનું તેણીને ભાન આવ્યું, ને ઝરાની બહાર નીકળી પોતાનાં ભીંજયલા વસ્ત્ર નીચવી નાંખ્યા, તેમજ કપાળમાંથી નીકળતાં લોહી ઉપર પાટો બાંધ્યો. પોતે કયે રસ્તે જાય છે તે તપાસતા તેણીએ જાણ્યું કે પોતે માર્ગ ભૂલવાથી આડે રસ્તે નીકળી ગઈ એક ભયાનક જંગલમાં આવી ફસી છે. આ વીચાર આવતાં પહેલાં તો તેણી ડરીજ ગઇ, પરંતુ થોડી વારે હીંમત ધરી ત્યાંથી પાછી ફરી. હવે ચતુરને કયાં શોધવો તે માટે તેણીના મનમાં અનેક વીચારો એક પછી એક પસાર થવા લાગ્યા. "ચતુર રાજા બલદેવસીંહના અઈયારોના હાથમાંજ સપડાયો છે, એમાં તો કાંઇ શક નથી, અને તેથી ઘણું કરીને તેઓ તેને વીજયગઢ લઈ ગયા હશે, એટલે પહેલાં ત્યાંજ શોધ કરવી જોઇએ, અને જો ત્યાંથી

ભાળ નહી મળે તોજ બીજે સ્થળે શોધ કરીશ." આમ ઠરાવ કરી ઝરા આગળથી પાછી ફરી તે વીજયગઢનો માર્ગ શોધવા લાગી. અનહદ વીટંબણા સહેવા પછી મધ્ય રાત વીતવા પછી રસ્તો હાથ લાગતાં પહાડની કઢણમાં તેણી વીજયગઢ તરફ ચાલી. પ્રભાત થતાં માર્ગમાંજ તેણે એક સીપાઈનું સ્વરૂપ ધારણ કરી લીધું, અને વીજયગઢ પહોંચવાની આતુરતામાં કંઈ અહાર કરવા માટે પણ માર્ગમાં ન થોભતાં ભુખ તરસ વેઠી તેણી સાંજ પડતાં સુધીમાં વીજયગઢ પંહોંચી ગઈ. ચતુરની ભાળ ન મળે ત્યાં સુધી કંઇ પણ અહાર કરવો નહીં, એવો પોતાના મન સાથે તેણીએ ઠરાવ કરેલ હોવાથી તેણીએ શોધ ચાલુ રાખી. એકાએક તેણીને એક યુક્તિ સુઝતાં તેણીએ વીરકાળનું સ્વરૂપ ધારણ કરી લીધું, અને ઘસીટાસીંહને ઘેર ગઇ. વાંચનારને યાદ હશે કે, ઘસીટાસીંહ અને ચમનરાય એ બે અઇયારોને રાજા બલદેવસીંહે વીજયગઢમાંજ રાખ્યા હતા, એટલે ઘસીટાસીંહ તો આપણા વીરકાળને જોતાંજ શેરગઢના સમાચાર પૂછવા લાગ્યો. "કેમ આજે વળી કોને પકડી લાવ્યા છો ?"

"કોઈને નહીં, પણ એટલી ખબર કહાડવા આવ્યો છું કે, કાસમ અહીં આવ્યો છે કે નહીં, કેમકે છેલ્લા બે દીવસ થયા તે ક્યાંક ગુમ થઈ ગયો છે." વીરકાળે જણાવ્યું.

"અહીં તો એ આવ્યો નથી." ઘસીટાસીંહે જવાબ આપ્યો.

"ત્યારે એને કોણે પકડયો હશે ? શેરગઢમાં તો હવે કોઇ અઇયાર રહ્યો નથી !" વીરકાળે અજાયબી બતાવી.

"ખરેખર ! ફકત ચતુરનું નામ પ્રખ્યાત હતું તે તો બીચારો આ સમયે કીલ્લામાં કેદ પડયો છે !" ઘસીટાસીંહે ભાર દઇને કહ્યું "પણ કાસમ કંઇ કાચો નથી ! કદાચ કોઇ સ્થળે રોકાઇ ગયો હશે !" બીજી કેટલીક વાતચીત કરીને ઘસીટાસીંહને ત્યાંથી મગન થતી ચકોરી વીદાય થઇ. હવે તેણીની અરધી ચીંતા દૂર થઈ કેમકે, ચતુર ત્યાં છે, એટલી પણ ભાળ મળવાથી તેણીને હીંમત આવી કે હવે તો કોઇ યુક્તિથી તેને છોડવી શકાશે. તેણી નગર બહાર ગંગા નદીને કીનારે જઇ થાક ખાતી શી યુક્તિ કરવી તે વીચાર કરતી બેઠી. પોતાની ઝોળીમાંથી થોડોક મેવો કહાડી ખાઇને નીશ્ચિંત થઈ તેણીએ હવે એક ગાનારી કંચનીનો વેષ ધારણ કીધો. જો કે તેણી ખુબસુરતીમાં કંઇ ઓછી

નહોતી તથાપી પોતાને કોઇ ઓળખી ન કહાડે તેટલા માટે તેણી ને પોતાના સ્વરૂપમાં થોડોક ફેરફાર કરવાની જરૂર પડી. સઘળો વેષ પૂર્ણ રીતે સજીને તૈયાર થતાં તેણી નદી કીનારે ચાલતી રાજા બલદેવસીંહના મહેલના પાછલા ભાગ આગળ પહોંચી, અને એક સ્વચ્છ સ્થાન જોઈ બેસીને પોતાની થેલીમાંથી એક વાંસળી કહાડી તેણીએ મધુર અવાજે એક ગાયન ગાવું શરૂ કર્યું. એક વાર ગાઈ રહ્યા પછી તેણીએ તેજ ગાયન પોતાની વાંસળીમાં વજાડવા માંડયું. આ સમયે મધ્ય રાત્રી વીતી ગઈ હતી, છતાં રાજા બલ દેવસીંહ પોતાની રાણી સંગે હાસ્યવિનોદ કરતો રાજ્ય મહેલની પાછળની અગાસીમાં આનંદમાં બેઠો હતો, એટલામાં ચકોરીના ગાયનનો અવાજ તેમને સંભળાયો. તરતજ તેઓ વાત કરતાં અટકી જઈ એક ચી-તે ગાયન સાંભળવા લાગ્યાં. ગાયન પુરૂ થતાં થોડી વારમાં વાંસળીનો અવાજ સંભળાયો. તેમાંથી નીકળતાં સ્પષ્ટ બોલો અને તેની મધુરતાએ રાજાનું મન હરી લીધુ, અને તેણે ઉઠીને નદી કીનારા તરફ નજર કરી, પણ કંઇ બરોબર ન દેખાયાથી એક દાસીને બોલાવી એ વાંસળી વગાડનારને મહેલની નીચે લઇ આવવાનું પહેરાપરના સીપાઈને ફરમાવવાની આજ્ઞા કરી. આજ્ઞા મૂજબ ગયલો સીપાઇ નદી કીનારે એક નવયૌવનમાં ખીલી રહેલી સુંદરીને સ્વસ્થપણે બેસીને ગાતી જોઈ દંગ થઇ ગયો. રાજાએ કરેલી આજ્ઞા ભૂલી જઇ તે મૂઢ સરખો ચકોરી તરફ જોતો કેટલીક વાર સુધી ઉભો રહેવા પછી ચકોરીની સામે જઇ સીપાઇએ ડરતાં ડરતાં તેણીને હાથ જોડીને કહ્યું "અહો વનદેવી, આપને મહારાજાએ પોતાના મહેલની સમીપ બોલાવ્યાં છે કેમકે, આપનું ગાયન સાંભળવાને તેઓ અનહદ આતુર છે." આ સાંભળી કંઇ પણ આનાકાની વગર ચકોરી ઉઠીને તેની સાથે મહેલના નીચેના ભાગ આગળ ગઇ, અને ફરી ગાવા લાગી, જેથી રાજાનું મન અનહદ આકર્ષાયું, અને તેણીને પોતાના દીવાનખાનામાં બેસાડવાની તથા ત્યાં દીપક વગેરેની રેશની કરવાની આજ્ઞા કરી. તેણીના અવાજે રાણીનું પણ મન મોહ પામી ગયું હતું, તેથી તેણીએ રાજાને સસ્નેહ કહ્યું—"પ્રાણ નાથ, અવાજની મીઠાશ ઉપરથી તે કોઇ સ્ત્રી હોય એમ લાગે છે, માટે તેણીને મહેલમાં બોલાવવામાં કશી હરકત નથી."

"દેવી, અધીર ન થાઓ! પહેલાં તે કોણ છે તે અમે નીરખીએ, પછી તે અત્રે આણવાને લાયક હશે તો તમારી જીજ્ઞાસા પણ તૃપ્ત કરીશું!" રાજાએ જણાવ્યું. રાજાની આજ્ઞા મુજબ દીવાનખાનામાં સઘળી તૈયારીઓ થઇ ગઇ, અને ચકોરીને ત્યાં બેસાડતાંજ રાજા પણ આવીને બીરાજ્યો, એટલે ચકોરીએ નમીને સલામ કરી. તેણીનું સ્વરૂપ તથા પહેરવેશ તેમજ શણગાર જોઇ રાજા છક થઇ ગયો. તેણીએ કાળા રંગની કસબી કીનારવાળી મદરાસી સાડી દક્ષિણી રીતીએ પહેરેલ હોવાથી માથાનો અંબોડો છૂટો દીસતો હતો, જેમાં સોનાનું નકસીદાર ફુલ ગુથેલું હતું. નાકમાં પેહેરેલી નથનું મ્હોટું મોતી જાણે તેણીના હોઠ સંગે ગેલ કરતું હતું. પગમાંના ઝાંઝરનો મીઠો ઝણકાર મનમોહક હતો. ટુંકમાં ચકોરીને જોતાંજ રાજાના તો જાણે હોંશજ ઉડી ગયા હોય તેમ પુતળાની માફક તેણી તરફ તે જોઇજ રહ્યો. રાજાએ આનંદમાં આવી તેણીને પોતાની વધુ સમીપ બેસવાની આજ્ઞા કરતાં ચકોરી લટકતી ચાલે હસ્તે મુખારવિંદે સમીપ જઈ સલામ કરીને બેઠી. તેણીના કટાક્ષમાં રાજા અંજાઈ ગયો, અને તેણે ધીમેથી પૂછ્યું—"તમે કોણ છો અને કયાં રહો છો? તમો સરખી સુંદરી આવા મધ્યરાત્રીના સમયે એકલી નદી કીનારે ફરવા આવે એ અજાયબી સરખું છે! તમારૂં મધુર નામ પણ જણાવશો?"

"મહારાજ, હું ગ્વાલીયરની રહીશ છું!" ચકોરીએ હસીને જવાબ આપ્યો. "પટલાપા કથકની રંભા નામની હું પુત્રી છું! મારો પીતા એક પ્રખ્યાત ગવૈયો છે, અને સંગીતમાં તેણેજ મને તાલીમ આપી છે. એક પુરૂષ સંગે સ્નેહ બંધાતા તે મારો વહાલો મારી સંગે રીસાઈને ચાલ્યો જવાથી તેની શોધમાં ભટકું છું! તે પણ એક હોંશીયાર ગવૈયો હોવાથી ખાસ કરીને રાજદરબારોમાંજ શોધ કરૂં છું કેમકે, કોઈ દરબારમાંથી ભાળ મળી આવે તો તેમાં કાંઇ નવાઇ સરખું નથી. આ સમયે એ વહાલાની યાદ આવતાં મન ઉદાસ થતાં વીસરાવવાને ગંગા માતાના ચર્ણ સમીપ બેસી ભજન ગાતી હતી, એટલામાં આપ મહારાજાએ દાસીને યાદ કરવાથી સેવામાં હાજર થઈ છું!"

"તમારા કંઠમાં અનહદ મીઠાસ છે!" રાજા બોલ્યો—"હવે અત્રે સ્વસ્થ બેસી વળી કંઇ ગાઓ, અને અમારી જીજ્ઞાસા તૃપ્ત કરો."

"આ ગરીબ દાસીને આપની હજુરમાં બોલાવી છેક આપના ચર્ણ સમીપ બેસાડી મહારાજે અનહદ માન આપ્યું છે, અને દાસીનો મુજરો સાંભળવાની આપની ઈચ્છા છે તો કૃપા કરી આપની દરબારના સાજંદારોને પણ બોલાવશો કેમકે, સાજની જમાવટ થશે તો આપને પણ પૂર્ણ આનંદ મળશે." રંભારૂપ ચકોરીએ લેહેકાથી જણાવ્યું. રાજા ખુશ ખુશ થઈ ગયો, અને તેણે પોતાની દરબારમાંના તબલચી અને સારંગીવાળાઓને હાજર કરવાની ચોપદારને આજ્ઞા કરી. સાજનદારો પણ રાજમહેલના દીવાનખાનામાં આવતાં ચંદ્રમુખી રંભાને જોતાં તેમની સ્થીતિ બદલાઈ ગઇ. તેમની ઉંઘ ઉડી ગઈ અને રાજાની આજ્ઞા થતાં તેઓ પોતાના સાજ મેળવવા મંડી ગયા. રંભા સરખી રૂપવતીના મુખમાંથી કેવા મીઠાસ ભર્યા સુર અને આલાપ નીકળશે તે સાંભળવાની આતુરતામાં તેમણે ઝપટથી પોતાના સાજ તૈયાર કર્યા, એટલે ચકોરીએ ગાવા માંડયું. ઉમદા સંગીત સાથે વાજીંત્રોના સુરનું મીલન થતાં અવર્ણનિય રસરંગ ઝામ્યો. ચકોરીની ગાયન કળા તથા હાવભાવે રાજાને લુબ્ધ બનાવી દીધો, અને સાજનદારો પણ છક થઇ ગયા, અને પોતાના તમામ હુન્નરનો તેમને આજે ઉપયોગ કરવો પડયો. જો કે આ મીજલસ કવખતની હતી, તોપણ ચકોરીનું ગાનું સાંભળવાને ઘણા માણસો ભેગા થઇ ગયા હતા. ચકોરીએ બે એક ચીજ દરબારીની ગાઇ એટલામાં પ્રભાતનો સમય થયો જેથી ભેરવીની એક ચીજ ગાઇ તેણીએ ગાવું બંધ કર્યું, અને રાજાને અરજ કરી—"મહારાજ, હવે પ્રભાતનો સમય થયો છે, અને દાસી પણ બહુ લાંબો પંથ કાપીને આવેલી હોવાથી થાકી ગઈ છે, માટે આજ્ઞા હોય તો વીદાય થાઉ !" ગાયનરસમાં લીન થઇ ગયેલ રાજાને ચકોરીના વચનો રૂચીકર લાગ્યાં નહીં, અને પ્રભાતનો સમય થયો હતો તેનું તેને ત્યારેજ ભાન થયું. તેણે પોતાના કંઠમાંથી અમુલ્ય મોતીની એક માળા ઉતારી ચકોરીને બક્ષીસ આપી અને કહ્યું—"હજી તમારાં સંગીતથી અમારી જીજ્ઞાસા તૃપ્ત થઇ નથી, તેથી થોડા દીવસ અમારી દરબારમાંજ રહો તો સારૂં!"

"મહારાજની આ દાસીપર એટલી બધી મહેરબાની છે તો મને રહેવામાં પણ કંઈ હરકત નથી." ચકોરીએ હસીને જવાબ

આવ્યો. રાજાએ તરતજ રંભાને ઉતારો આપવા માટેનો બંદોબસ્ત કરવાની આજ્ઞા કરી અને ફરી રાતે પોતાના મહેલમાં મીજલસ કરવાની ગોઠવણ કરી. આજ્ઞા મૂજબ એક સુંદર મહેલમાં રંભાને ઉતારો આપવામાં આવ્યો, અને તેની સેવામાં નોકરો રાખવામાં આવ્યા. ગોઠવણ મૂજબ રાતે રાજમહેલમાં મીજલસ ભરાઈ. મ્હોટા મ્હોટા આસામીઓ પણ રાજાના આમંત્રણથી આવ્યા હતા. રંભા પણ સુંદર શૃંગાર સજી મીજલસની વચમાં બેઠી હતી. મીજલસમાં બેઠેલ સઘળાઓની નજર રંભા તરફ હતી, અને સઘળાઓ પરસ્પરમાં તેણીના સૌંદર્યના વખાણ કરતા હતા. મીજલસ પૂર્ણ ભરાતાં રંભાએ ગાયન શરૂ કર્યું જે સાંભળી સઘળા પુતળાવત સ્થીર થઇ ગયાં. એક ચીજ ગાઈ રહ્યા પછી રંભાએ હાથ જોડી રાજાને કહ્યું—"મહારાજ, દાસીએ એક વખત કીર્ત્તિપુરના રાજા જગતસીંહની દરબારમાં મુજરો કર્યો હતો તે વખતે જે રસ ઝામ્યો હતો તેવો ફરી કદી અનુભવ્યો નથી. ત્યાંના દીવાન જયસીંહના પુત્ર ચતુરસીંહે મારી સાથે ત્યાં બીન વજાડયું હતું ! ખરેખર, એ મીજલસની મઝાહ તો જીવીત પર્યંત મારાથી નહીંજ વીસરાય ! ચતુરસીંહની બીન વજાડવાની કુશળતાએ મને બહાવરી બનાવી મૂકી છે, અને તેથી તેના હાથનું બીન સાંભળવા ચાર દીવસ પહેલાંજ હું ફરી કીર્ત્તિપુર ગઇ હતી તો ત્યાંથી એવા સમાચાર મળ્યા કે તે તો કોણ જાણે ક્યાં ગુમ થઇ ગયા છે, એટલે નીરાશ થવાથી ત્યાં ન રોકાતાં હું માર્ગે પડી અને આપની સેવામાં આવી પહોંચી !" આટલુ કહી રંભા બોલતી અટકી ગઇ. તેણીના સંગીતે રાજાને તો ઘેલોજ બનાવી દીધો હતો, એટલે તેણીને પ્રસન્ન કરવા તે ઉત્સાહસહ બોલી ઉઠયો—"અરે, એ ચતુર તો હાલમાં અમારે ત્યાં કેદી છે !"

"ત્યારે મહારાજ, તેને અત્રે બોલાવી તેના હાથનું બીન સાંભળો ! જુઓ પછી આપને આ દાસીના સંગીતની ખરી ખૂબી જણાશે અને ખરી મઝાહ આવશે." રંભાએ આતુરતા સહ કહ્યું.

"પરંતુ મુશ્કેલી તો એ છે કે ચતુરને અમે મૂક્ત કરી શકીયે તેમ નથી, અને તે કેદીની હાલતમાં બીન વજાડવાને કબૂલ થાય, એ પણ અસંભવિત છે." રાજાએ વીમાસણમાં પડી કહ્યું.

"નહી મહારાજ, ચતુરસીંહ દાસીનું નામ સાંભળતાંજ કબૂલ કરશે!" રંભાએ જણાવ્યું "પરંતુ હું કહું તેવી રીતે એમને અત્રે તેડાવશો તો એ મારી સંગે બીન વજાડશે, નહી તો એ એવા હઠીલા છે કે, પછી આપણે ગમે તેટલું માથું ફોડીશું તોપણ માનનાર નથી! એક તો તેમને તેડવા માટે ફક્ત વીશ વર્ષની વય સુધીના કોઇ બ્રાહ્મણને મોકલજો, અને અત્રે લાવતી વખતે તેમની સંગે બીજા કોઈ સીપાઈ કે નોકરને રાખશો નહી. હા, જો તેમના નહાસી જવાની આપને ધાસ્તિ લાગતી હોય તો પગમાં બેડી રાખવામાં કંઇ હરકત નથી, અને એક ઉમદા બીન પણ મંગાવો!"

"અહોહો! એટલુંજ નહી!" રાજાએ હસીને જણાવ્યું, ને આસપાસ નજર કરતાં ચેતરામ નામે વીશેક વર્ષની ઉમ્મરના એક બ્રાહ્મણ જુવાનને જોતાં ચતુરને કેદખાનામાંથી લઈ આવવાની આજ્ઞા કરી તેમજ તેને લાવવામાં પહોરેગીરો તરફથી હરકત કરવામાં ન આવે તે માટે દારોગા ઉપર પણ તેવી મતલબનો હુકમ મોકલાવ્યો. તરતજ ચેતરામ બ્રાહ્મણ ચતુરને કેદખાનામાંથી લેવા ગયો, અને રાજાની આજ્ઞા મુજબ દારોગાએ પણ ચતુરના પગમાં એક બેડી નાંખીને તેની સાથે રવાને કીધો. ચતુર તરતજ મનમાં સમજી ગયો કે, પોતાનો કોઈ મીત્ર અવશ્ય આવી પહોંચ્યો હશે, અને તેથીજ આવી રીતે પોતાને રાજ્યમહેલમાં તેડાવ્યા હશે. ચેતરામ સહીત મહેલમાં ભરાયલી મીજલસમાં આવતાં તો તેણે કંઇ અજબ ઠાઠમાઠ અને રંગ જોયો. મધ્યમાં બેઠેલી એક રૂપવતી યુવતી તરફ સઘળાઓ એક ટસે જોઇ રહ્યા હતા. મીજલસની વચમાં ચતુરને ઉભેલ જોતાંજ રંભા હસીને બોલી—"પધારો ચતુરસીંહજી, રંભા આપની કયારની રાહ જોતી બેઠી છે. વારૂં કીર્તિપુરમાં આપના હાથનું બીન સાંભળ્યું હતુ તે કેમ વીસરી જવાય!" આમ કહેતાં તેણીએ ચતુર તરફ જોઈ બે ત્રણવાર જમણી આંખના અણસારા કર્યા. ચતુરે તરતજ ચકોરીને ઓળખી અને વેષ બરોબર ભજવવા તે તેણીને જોતાં જાણે ઉત્સાહમાં આવી ગયો હોય તેમ બોલી ઉઠયો—"રંભા, તું આવી! અહાહા! અંતની ઘડીએ આ હાલતમાં પણ હું કેવો ભાગ્યશાળી! બસ, આ સમયે આ દેહમાંથી જીવને હરી લેવા માટે

યમરાજા પોતે પણ મારી સમક્ષ ખડા રહ્યા હોય તોપણ તારી સંગે એક વાર બીન વજાડી હું આનંદે મરીશ ! અહાહા ! તારા સરખી ગાનારીનો હવે ફરી મીલાપ કયારે થનાર છે ! ” ચતુર અને રંભાની વાતચીતથી રાજાને અજાયબી સાથે ચતુરના હાથનું બીન અને સાથે રંભાનું ગાયન સાંભળવાની એટલી બધી ઉત્કંઠા થઇ કે તેણે ઉતાવળે એક સરસ બીન મંગાવ્યું, જે મળતાં ચતુરે એક તરફ બેસી વજાડવું શરૂ કર્યું એટલે રંભાએ પણ આલાપ લઈ ગાયન સલકાર્યું. બસ, આ મીલનથી જામેલા અપૂર્વ રસરંગમાં તમામ મીજલસ એટલી બધી લીન થઇ ગઇ કે સઘળાની દૃષ્ટિ સ્થિર થઇ ગઇ, અને રંભા શીવાય બીજા કશાનું કોઇને ભાનજ રહ્યું નહી, એટલામાં એક ચીજ સમાપ્ત થતાં ચતુરે પોતાના હાથમાંનુ બીન વજાડવું બંધ કરી જમીનપર મૂકી દીધું, અને રભા ગાતી રહી ગઈ. મીજલસમાં છેક ટોંચપર ચહડેલો રસ એકદમ અધર લોપ થઇ ગયો, અને સઘળા જાણે ગાઢ નીંદ્રામાંથી ઝબકી ઉઠયા હોય તેમ અજાયબીમાં આસપાસ જોવા લાગ્યા. ગાયન બંધ કરી તેમને બેઠેલા જોઇ રાજાએ કહ્યું– “ બીજી ચીજ ચલાવો ! ”

“બસ એક દીવસમાં હું એકજ ગત વજાડું છું, માટે બીજી તો આવતી કાલે સાંભળાવીશ ! ” ચતુરે જવાબ આપ્યો.

“મહારાજ ! ” રંભા બોલી ઉઠી “ ચતુરસીંહમાં એજ મ્હોટી ખોડ છે. રાજા જગતસીંહના એ શેવક છતાં તેમનું એ કહેવું માન્યું નહોતું અને એકજ ચીજ વજાડીને બીન બંધ કર્યું હતું, પણ શી ચીંતા છે ! દાસીપર કૃપા હશે તો કાલે સંભળાવીશું ! ” ચતુરના જવાબથી રાજાને અનહદ અજાયબી ઉપજી, અને એમ લાગ્યું કે ચતુર સરખો ચાલાક બીન વજાડનાર પોતાની દરબારમાં હોત તો ઘણું સારૂં હતું. રંભાએ પણ પછી પોતાનું ગાયન બંધ કર્યું, અને મીજલસમાં બેઠેલા સઘળાઓ રસની ટોંચ પર ચઢીને એકાએક નીચે ગબડી પડી નીરાશામાં ગરકાવ થઇ ગયા. રાજા બલદેવસીંહે પણ દીલગીરીસહ મીજલસ બરખાસ્ત કરી, અને પેલા ચેતરામ બ્રાહ્મણની સાથે ચતુરને પાછો કેદખાનામાં લઇ જવામાં આવ્યો. હવે તો ચતુરના હાથના બીન સાથે રંભાનું ગાયન સાંભળવાનું રાજાને ઘેલાપણું લાગ્યું, એ

બીજે દીને રાતે પણ ફરી મીજલસ કરવામાં આવી. પેલાજ ચેતરામને મોકલાવીને ચતુરને તેડાવવામાં આવ્યો, અને તે દીને પણ એક ચીજ વગાડીને ચતુરે બીન બંધ કીધું. રાજાની જીજ્ઞાસા હજી તૃપ્ત થઈ નહોતી એટલે બીજે દીને પોતાના બાગમાં એક મોટા મંડપ બંધાવી તેમાં જાહેર મીજલસ કરવાની આજ્ઞા કરી. બીજે દીને મીજલસનો વખત થવા પહેલાંજ તે માટે ઉભા કરવામાં આવેલા શમીયાનામાં લોકોની મેદની મળવા લાગી. આ તરફ મીજલસમાં જવાના સમયની એક કલાક પહેલાં રંભાએ લાગ જોઇને ચેતરામનું સ્વરૂપ ધારણ કરી લીધું, અને તે રૂપે કેદખાનામાં જઇ ચતુરને પોતાને હવાલે કરવાનું પહોરેગીરોને જણાવ્યું. ચતુરને લેવા માટે દરરોજ એકલોજ ચેતરામ આવતો હોવાથી દારોગાએ તેને દરરોજ માફક ચેતરામ રૂપી આપણી ચકોરીને સોંપી દીધો, એટલે તેણી ત્યાંથી વિદાય થઇ. થોડે દૂર ગયા પછી એક એકાંત સ્થાનમાં જઇ ચતુરની બેડી તેણીએ ભાંગી નાંખી અને પોતાનું ખરૂં સ્વરૂપ ધારણ કરી તેઓએ જંગલનો માર્ગ લીધો. વીજયગઢની સીમા બહાર નીકળી જઈ તેઓ જંગલમાં નિર્ભય સ્થાને પહોંચતાં ચતુરે ચકોરીની ચાલાકીના વખાણ કરવા માંડયા અને પોતાને છોડવવા માટે તેણીએ ઉઠાવેલી ઝહેમત માટે તેણીનો ઉપકાર માન્યો, એટલે ચકોરીએ કહ્યું—"આપ મને આમ શરમાવો નહીં! આપ મારા જેટલા વખાણ કરો છો તેટલી હું ચાલાક નથી અને આપની પ્રશંસાને લેશ પણ પાત્ર નથી. આપને કેદખાનામાંથી મૂકત કરવાની મને તો કંઈ ગરજ નહોતી, પરંતુ કાન્તાબાના સ્નેહને માટેજ મારે આ વેષ ભજવવો પડયો."

"ખરૂં છે! તમને તે મારી શી ગરજ હોય!" ચતુર ટકોરમાં બોલ્યો "ગરજવાન તો હું હતો, તેથીજ તમારા સાજનદાર તરીકે બેસી જે કામ મારા બાપદાદાએ નહોતું કર્યું તે આજે કરવાનો સમય આવ્યો તે ગરજ વીના?" આ સાંભળી ચકોરી હસી પડી અને બોલી—"બસ બસ! હવે ક્ષમા કરો! હવે વધુ મેહેણાં ન મારો!"

"એમ તે માફ કેમ કરાશે? બદલો લીધા વગર હું છોડનાર નથી તો!" ચતુરે ભાર દઈને કહ્યું.

"મારી પાસે એવું તે શું છે જે બદલામાં તમે લેશો?" ચકોરીએ નીચી નજરે પૂછ્યું.

"ચકોરી, મધુરાક્ષી! તમારી પાસે જે કંઈ છે તેજ મને પૂરતું છે!" ચતુરે સ્નેહ ભર્યા મીઠા અવાજે કહ્યું.

"હવે એવી મશ્કરી જવાદો!" વાત ઉડાવવા ચકોરી બોલી ઉઠી–"વારૂં, અહીંથી આપણે એમને એમ ચાલ્યા જઇશું કે રાજા બલદેવસીંહને આપણા હાથની મઝાહ પણ કંઈ ચખાડીશું?"

"મારી પણ એવી ઈચ્છા તો છે કે રાજાને યાદગીરીમાં કંઇ ચાલાકી બતાવી તો જવી જોઈએ!" ચતુરે જવાબ આપ્યો. થોડો સમય વીચાર કર્યા બાદ તેમણે એક યુકિત શોધી કહાડી ને અમલમાં મૂકવાને તેઓ જંગલમાં અદ્રશ્ય થઇ ગયાં.

પ્રકરણ ૧૮ મું.

દુધ વેચનારી ગોવાલણ.

હવે રાજા બલદેવસીંહની મીજલસમાં કેવો રંગ ચાલે છે તે આપણે જોઈએ. મીજલસ શહેરના સંભાવિત ગ્રહસ્થોથી પૂર્ણ ભરાઇ ગઇ હતી. રાજા બલદેવસીંહ પણ પોતાને આસને આવી બીરાજ્યો હતો, ને સઘળાઓ રંભાના આવવાની એક ટસે રાહ જોતા બેઠા હતા, પણ બહુ સમય વીતી જવાથી તેણીને તેડી લાવવા માટે રાજાએ ચોપદારને આજ્ઞા કરી, અને સાથે ચતુરને લઇ આવવા ચેતરામને મોકલ્યો. રંભાને તેડવા ગયેલા ચોપદારે થોડી વારમાં પાછા ફરી રાજાને જણાવ્યું–"મહારાજ, રંભા તો ઉતારે નથી!" આ સાંભળતાંજ રાજા તેમજ મીજલસમાં બેઠેલા સઘળાઓનાં હોંસજ ઉડી ગયા, એટલામાં વળી ચેતરામે આવી ચતુર કેદખાનામાં નથી, એ ખબર કહી. રંભાના ગુમ થવાથી રાજાને લાગેલી દીલગીરીની આગમાં ઉપલી ખબરે ઘી હોમ્યું. એક ચાલાક ગાનારી સઘળાઓની આંખો આંજી ચાલી ગઈ તે માટે મીજલસમાં બેઠેલા સઘળાઓને અનહદ અજાયબી લાગી. ઘસીટાસીંહ અને ચમનરાય અઇયાર પણ બેઠા હતા તેઓની તરફ રાજાએ નજર કરી, એટલે ઘસીટાસીંહે ઉઠીને હાથ જોડી કહ્યું–"મહારાજ, રંભા વેષે આવી ચતુરને છોડવી જનાર ખચીત કોઈ અઇયારજ હોવો જોઈયે."

"ખરૂં છે તેણે તો એવી ચાલાકી વાપરી છે કે તે માટે તેને ઈનામ આપવું ઘટે છે. સઘળા ચાલાક બહાદુરોએ ભર મીજલસમાં તેનું ગાનું સાંભળ્યું, છતાં સઘળાઓની ચાલાકીપર શું આગ લાગી ગઇ હતી કે, કોઈ તેને ઓળખી શકયાજ નહીં! તમે સઘળા મ્હોટા હુશીઆર અઇયાર હોવાનું ડોળ ઘાલો છો, તે શરમાવું જોઈએ!" રાજા ગુસ્સે થઈ બોલી ઉઠયો, અને રંભા સરખી રમણી ચિત્ત ચોરીને ચાલી જવાથી ઉપજેલી દીલગીરી, તેમજ ચતુર નહાસી જવાથી ઉપજેલા ગુસ્સા સહીત ઉઠીને તે મહેલમાં ચાલ્યો ગયો. મીજલસમાં બેઠેલા સઘળાઓ પણ નીરાશ થઇ પોતપોતાને ઘેર ગયા, અને આખા શહેરમાં તે રાત્રીના બનાવની ચર્ચા ચાલી રહી. મેહેલમાં જવા પછી પણ રાજાને ચેન ન પડવાથી તેણે પચ્ચીસ સીપાઇઓને રંભા અને ચતુરની શોધમાં મોકલાવ્યા. બીજે દીને પણ રાજાનો ગુસ્સો શાંત પડયો નહોતો. ઉદાસ ચિત્તે તે દરબારમાં આસને બીરાજ્યો હતો, એટલામાં ચોપદારે નમન કરી જણાવ્યું "મહારાજ, રંભા અઇયાર નહીં પણ એક સ્ત્રીજ હતી અને ચેતરામનું સ્વરૂપ ધારણ કરી તેજ ચતુરને નહસાડી ગઇ છે."

"આ ખબર તેં કેમ જાણી?" રાજાએ આતુરતાથી પૂછ્યું.

"મહારાજ, આજ્ઞાનુસાર કાલ રાત્રીએજ હું પણ તેમની શોધમાં ગયો હતો, અને શોધતાં શોધતાં આજે મેં તેમને અત્રેથી ત્રણ કોશ દૂર જંગલમાં જોયાં!" ચોપદારે ગંભીર અવાજે જણાવ્યું. આ સાંભળી રાજાએ તેમને પકડી લાવવાને સો ઘોડેસ્વારોને સત્વર રવાને કરવાની દીવાનને આજ્ઞા કરી, એટલે ફરી ચોપદારે હાથ જોડી કહ્યું "શીરછત્ર, એમ તો તેઓ પકડી શકાશે નહીં. ઘોડેસ્વારોને જોતાંજ તેઓ નહાસી જઇ જંગલમાં છૂપાઈ જશે. જો આપના અઈયારો મારી સાથે આવે તો દૂરથી હું તેમને બતાવું, એટલે પછી તેઓ કંઈ ચાલાકીથી તેમને ફસાવી લે તો તેઓ આપણા પંજામાં સપડાઇ જશે!" રાજાને એ વાત પસંદ આવી, અને ચમનરાય અને ઘસીટાસીંહ ત્યાં બેઠા હતા તેમને તે ચોપદાર સાથે જવાની આજ્ઞા આપી. ઘસીટાસીંહ અને ચમનરાયને પણ રાજાએ કહેલાં વચનોથી ઘણું માઠું લાગ્યું હતું, તેથી આ તક હાથ આવતાં ચતુર અને રંભાને પોતાની ચાલાકીથી

પકડી આણી પોતાની કીર્ત્તિને લાગેલું કલંક દૂર કરવાની ઉમેદમાં તેઓ પણ ચોપદારની સાથે જવાને તૈયાર થઇ ગયા. તરતજ પોતાની અઇયારીની થેલી લઈ તેઓ ચોપદાર સાથે રવાને થયા. ચોપદારે જે સ્થળે ચતુર અને ચકોરી હોવાની રાજાને નીશાની આપી હતી તે સ્થળે તેમને લઈ જઈ ઉભા રાખ્યા અને કહ્યું–" જુઓ આ સથળે તેમને વાતો કરતાં બેઠેલા જોઈ તરતજ હું મહારાજને એ ખુશ ખબર આપવા દોડી આવ્યો હતો."

" પણ હવે તેમને ક્યાં શોધીશું ?" ઘસીટાસીંહે ચોપદારને પૂછ્યું.

" ચાલો, આમતેમ શોધ કરીએ, આટલામાંજ હશે ! અત્રેથી બહુ દૂર ગયા નહીં હોય !" ચોપદારે જણાવ્યું, અને તેઓ આસપાસ શોધવા લાગ્યા, એટલામાં સામેથી એક ગોવાલણ માથાપર દુધનું માટલું લઈને લટકતી ચાલે ચાલતી આવતી દેખાઇ. તેણીને જોતાં ચોપદારે પોતાની પાસે બોલાવીને પૂછ્યું " એ બાઇ, એક પુરૂષ અને સ્ત્રીને તેં જોયાં છે કે ?"

" હા ! એ પેલા જંગલમાં મારૂં ઝુંપડું છે, જયાં મારી ધણી ગાયો ભેંસો છે ત્યાં તેમનેજ મેં ત્રણ શેર દુધ વેચ્યું ને બાકીનું રહ્યું તે શેહેરમાં વેચવા જાઉં છું." ગોવાલણે કહ્યું. આ સાંભળી ખુશાલીમાં આવી જઈ ચોપદારે પોતાના ખીસામાંથી થોડાક પૈસા કહાડી તેણીને બક્ષીસ તરીકે આપવા માંડયા, જેનો સ્વીકાર ન કરતાં તેણીએ જણાવ્યું " હરામનું ધન લેવામાં મ્હોટું પાપ છે, એટલે તમારૂં નાણું અમ ગરીબને ન જોઇએ. તમે તો એટલા પૈસાના બદલામાં મારૂં દુધ વેચાતું લો, તો વળી મને શહેરમાં વેચવા જવાનો ધકો બચે !"

" ઠીક છે લાવ ત્યારે તારૂં દુધ !" ચોપદારે જણાવ્યું. ગોવાલણે પોતાનું માટલું જમીનપર મૂક્યું, અને પોતાની પાસેના પ્યાલામાં દુધ રેડીને આપવા લાગી, એટલે ચોપદારે બંને અઇયારોને કહ્યું–"આવો ભાઇઓ, તમે પણ થોડુંક પીઓ !"

" નહીં, નહીં ! અમારે નથી પીવું ! કોણ જાણે કેવું દુધ હશે ?" ચમનરાયે કહ્યું.

" કેવું દુધ હશે વળી ? તમારા શહેરમાં પાણીવાળું દુધ વેચાય છે તેવું નથી ! આ તો કપાસનું દુધ છે ! તમે પીધું

પીધું ! નસીબમાં હોય ત્યારે પીઓને ! પાણીજ પીવાનું તમારા નસીબમાં લખ્યું હોય તે આવું દુધ ક્યાંથી પીઓ !" ગોવાલણે જાણે ગુસ્સો ઉપજ્યો હોય તેમ છણકો કરીને કહ્યું.

"કંઇ નહીં બાઈ જવાદો ! એમની મરજી !" ચોપદારે તેણીને શાંત પાડવા કહ્યું "ભાઇઓ, જેવી તમારી મરજી, બાકી બંદા તો દુધ પીશે !" આમ કહી તેણે દુધ પીવા માંડયું. ઘણું દુધ પીધા પછી તેણે વળી અઇયારોને કહ્યું "અહાહા ! કેવું મઝાનું દુધ છે ! ભાઈઓ, શું એની મીઠાશની લહેજત કહું ? ખરેખર, ઘી જેવું દુધ છે હો ! શહેરમાં તો આપણે રોજ પીય છીએ તે દુધ આ દુધ આગળ તો પાણી બરોબર છે ! જરા પીઓ તો તમને એની મીઠાશ જણાશે !" આમ તેણે તેમને બહુ સમજાવ્યા એટલે પહેલાં ઘસીટાસીંહનું મન પીગળ્યું અને તેણે થોડું દુધ ચાખી જોયું, એટલે ચોપદારે તેને પૂછ્યું-"કેમ ભાઈ, દુધ કેવું ?"

"ખરેખર ! આ દુધમાં તો મીઠાસ કંઈ ઓરજ છે ! ભાઇ ચમનરાય ! લ્યો તમે પણ !" ઘસીટાસીંહે કહ્યું, અને તેઓ બન્ને જણાએ પણ પેટ ભરીને દુધ પીધું. ખલાસ થતાં દુધવાળી તો પોતાના પૈસા લઇ ત્યાંથી પોતાને માર્ગે પડી, અને તેઓ ત્રણે જણ ચતુરની શોધમાં નીકળ્યા. તેઓ થોડેક દૂર ગયા નહી એટલે ચોપદાર ઉભો રહી જઈને બોલ્યો "ભાઈઓ, સબર કરો, ઉભા રહો ! કોણ જાણે શું થયું ! મને ચક્કર કેમ આવે છે ! ભાઈ મારી પાસે આવો, ને મારો હાથ પકડો ! અરે, મને ઝાલો, ઝાલો ! ઓ હું પડયો, પડયો, પડયો !" ચોપદારની આ ગભરામણ જોતાં ઘસીટાંસીંહ અને ચમનરાય ચમકી ગયા અને તેમને પણ તેવી અસર થઇ હોય તેમ લાગ્યું "ઓ ભાઇ, મને પણ આંખે અંધારા આવે છે !" ચમનરાય બોલી ઉઠયો.

"મારી પણ તેવીજ હાલત થઇ છે, ભાઈ!" ઘસીટાસીંહ ગભરાટમાં બોલી ઉઠયો.

"અરે હું મુવો ! દગો, દગો !" ચોપદાર બૂમ પાડી ઉઠયો, અને બેભાન થઇ જમીનપર ઢળી પડયો. ઘસીટાસીંહ અને ચમનરાયની પણ સ્થીતિ ઘણી ખરી તેવીજ થઇ ગઇ હતી,

અને તેઓ એક બીજાનો હાથ પકડવાની તજવીજ કરતા હતા એટલામાં ચોપદારની માફકજ બેહોશ થઇ જમીન ઉપર પડયા. પેલી દુધ વેચનારી ગોવાલણ હજી કંઇ તેમનાથી બહુ દૂર ગઈ નહોતી, એટલે ચોપદારની બૂમ સાંભળતાં તેણે પાછળ ફરી જોયું અને ત્રણે જણને જમીનપર પડતાં જોઈ તરતજ દોડતી પાછી ફરી અને પોતાની કમ્મરે લટકતી થેલીમાંથી લખલખો કહાડી પહેલાં ચોપદારને સુંઘાડી તેને શુદ્ધિમાં આણ્યો.

"વાહ જબરાં ગોવાલણ હો ! " શુદ્ધિમાં આવતાં ચોપદારે તેણીને કહ્યુ.

" ચતુરસીંહ, એ સઘળી આપનીજ ચલાકી કે નહીં ? " દુધવાળી ગોવાલણ અને ખુલ્લું કહીએ તો ચકોરીએ હસીને કહ્યુ–" તમે ચોપદાર બની તેમને અહીં તેડી લાવ્યા ન હોત તો કંઇ આપણા પંજામાં સપડાત ! " આમ વાતચીત કરતાં તેમણે પોતાનું અસલ સ્વરૂપ ધારણ કરી લીધું, અને બેહોશ પડેલા ધસીટાસીંહ અને ચમનરાયની ગાંસડીઓ બાંધી, એક ગાંસડી ચકોરી અને બીજી ચતુરે ઉપાડી તેઓ શેરગઢ વીદાય થયાં.

પ્રકરણ ૧૯ મું.

ચપળાની જાળમાં પકડાયલો શીકાર.

ચતુરને છોડવવાને જ્યારે ચકોરી વીજયગઢ ગઈ ત્યારે ચપળાએ પોતાના મનમાં ધાર્યું કે, દુશ્મનના અઇયારો તો ઘણા છે, અને પોતે એકલી હોવાથી કંઇ આફત આવી ન પડે, તેમજ અઈયારો ની ચાલાકી ન ચાલે અને તેમનો ભય ન રહે જેથી રાતે નીરાંતે આરામ લઇ શકાય, તે માટે એક યુક્તિ કરી. કેટલીક વસ્તુઓ મેળવી તેણીએ એક ભુકી તૈયાર કરી, અને રાજ્યમહેલમાં જ્યારે સંઘ-જાઓ નીંદ્રાવશ થઈ ગયા, અને કાન્તા પણ નીંદ્રાવશ થઇ ત્યારે તે ભુકીને પાણી સાથે મેળવીને તેણે શયનગૃહના દરવાજા આગળ બે વાર જેટલી જગ્યામાં છાંટી દીધી, અને પછી નીશ્ચિંત થઇને કુમારીના પલંગની નીચે જઇને સુઈ ગઈ. આ ભુકીનો

ગુણ એવો હતો કે પાણી સાથે મેળવીને જે જગ્યાએ લગાડવામાં આવી હોય ત્યાં સુકાઈ જવા પછી પણ જો કોઇ માણસનો પગ પડે તો ફટાકડા સરખો મ્હોટો અવાજ થાય. આખી રાત્રી તો ચપળાએ નીરાંતે ઉંઘ કહાડી અને કોઈ પણ માણસ તે ઓરડામાં આવ્યુ નહીં. પ્રભાત થતાં તેણીએ ભુકીનું પાણી છાંટયું હતું તેટલી જમીન ધોઈને લુહી નાંખી. વળી બીજે દીને તેણે બીજી યુક્તિ વાપરી. માટીની તેણીએ માણસની એક ખોપરી બનાવી અને તેને રંગીને બરોબર કાન્તા સરખું સ્વરૂપ બનાવ્યું અને જે શય્યાપર કુંવરી સુતી હતી તેના તકીયાપર તે ટેકવીને ધડને બદલે થોડાં કપડાં ગોઠવી દઈ તેનાપર એક સફેદ ચાદર ઓહોરાડી દીધી, પરંતુ મુખ ખુલ્લું રાખી તે ઓરડામાં દીપકની રોશની ખૂબ કરી. આ સાથે તે પલંગની ચારે બાજુની જમીન ઉપર પેલી ભુકી પાણીમાં મેળવીને છાંટી દીધી. આ રીતે કાન્તા પણ તેણીની યુક્તિ સમજી જવાથી બીજા ઓરડામાં સુતી, એટલે તે ઓરડાના દરવાજા આગળની જમીન ઉપર પણ ચપળાએ ભુકી મેળવેલું પાણી છાંટી દીધું, અને પછી પોતે બાજુના ઓરડામાં સુતી. મધ્યરાંત્રી વીત્યા બાદ જે ઓરડામાં પલંગપર ખોપરી મૂકી હતી તેમાંથી ફટાકા સરખો અવાજ આવ્યો, જે સાંભળતાંજ ચપળા તરતજ ઉઠી અને દોડીને ઝડપથી તેણીએ બહારથી તે ઓરડાનો દરવાજો બંધ કરી દીધો અને પછી મદદને માટે પહોરેગીરોને બોલાવવાને બૂમરાણ મચાવી મૂક્યું. શોર થતાં કાન્તા તથા તમામ દાસીઓ વગેરે જાગીને ત્યાં દોડી આવ્યાં, અને એક દાસીએ દોડી જઇ રાજાને ખબર કરી કે, " કુવરીના શયનવાસમાં કોઈ ચોર ભરાયો છે." આ સાંભળી એકદમ ગુસ્સામાં આવી રાજા પોતે ઉઘાડી તલવારે કુંવરીના મહેલમાં આવ્યો, અને મહેલના દરવાજા પર પહેરો ભરતા સીપાઇઓમાંથી દસ જણને બોલાવ્યા. સીપાઈઓ આવતાંજ તે ઓરડાનો દરવાજો ઉઘાડવામાં આવ્યો તો અંદર નારાયણસીંહ અને વીરકાળ એ બન્ને અઘયારો ભરાયલા હતા. તેમને જોતાંજ સઘળા સીપાઈઓ પકડવાને ઓરડામાં ખુલ્લે હથીઆરે ધસી ગયા. પોતાનો બચાવ કરવાને તે બન્ને અઘયારો પણ પોતાના જંજર સહીત તૈયારજ થઈ રહ્યા હતા, એટલે ત્યાંજ ઝપાઝપી ઝામી, અને ચાર

પાંચ સીપાઇઓ જખમી થવા પછી આખરે તેમને પકડવામાં આવ્યા, ને મજબૂત બેડીઓ પહેરાવી સખ્ત પહોરા તળે રાતની રાત કેદખાનામાં રાખવાની આજ્ઞા કરી. પછી તેમને કેવી રીતે ઓરડામાં પૂરવામાં આવ્યા તે વિષે રાજાએ પૂછપરછ કરવા માંડી. ચપળાએ સઘળી હકીકત કહી સંભળાવી. ચપળાની ચાંલાકી જોઈ રાજા તેના ઉપર ઘણો ખુશી થયો, અને પોતાની આંગળીએ પહેરેલી અમુલ્ય હીરાની વીંટી તેણીને ઇનામ આપી. પછી આસપાસ નજર કરતા ચકોરીને ન જોવાથી રાજાએ પૂછ્યું—"ચકોરી કેમ દ્રષ્ટિએ નથી પડતી? આટલો શોર થવા છતાં તે હજી જાગૃત થઈ નથી?"

"નહી મહારાજ, બે ત્રણ દીવસ થવા તે આરોગ્ય નથી!" ચપળાએ જવાબ આપ્યો.

"કુંવરી, હવે તમે નીંદ્રા લ્યો! ગભરાશો નહીં! સાવધ રહેવાને અમે પહોરેગીરોને સખત આજ્ઞા કરીએ છીએ!" રાજાએ ત્યાં ઉભેલી કાન્તાને સ્નેહથી મસ્તકપર હાથ ફેરવતાં કહ્યું, અને ચપળા તરફ જોઇ કહ્યું—"કુંવરીને હીંમત આપજે!" પછી પહોરેગીરોને આજ્ઞા કરી રાજા પોતાના શયનગૃહમાં સીધાર્યો, અને કાન્તા પણ પાછી પોતાની શય્યાપર બાકીની રાત્રી આરામ લેવાને પડી. સવારમાં દરબારમાં રાજાએ રાતે પકડેલા બને અઇયારોને પકડી મંગાવ્યા, અને તેમને ગુસ્સામાં પૂછ્યું "હરામખોરો, તમારૂં શું નામ છે? તમે કોણ છો?"

"અમે બે હાથ, બે પગ અને આપના સરખુંજ નાક, મુખ ધરાવનારા માણસ છઈએ. મારૂં નામ વીકાળસીંહ છે!" વીરકાળે તોછડાઈથી જવાબ આપ્યો. આથી રાજાનો પી-તો ઉછળી આવ્યો અને તેણે ફરી પૂછ્યું—"રાજકુંવરીના મહેલમાં તમો શા માટે દાખલ થયા હતા?"

"અમારી મુરાદ પાર પાડવા!" નારાયણસીંહે બેદરકારીથી જવાબ આપ્યો.

"હરામખોરો, અમારા પ્રશ્નનો ખરો જવાબ આપો! હાથે કરીને મોતના મુખમાં શા માટે પડો છો!" રાજા તપી ગયો.

"અમારી મરજી!" વીરકાળ અહંકારસહ બોલ્યો.

"તમારી મરજીનું તમને યોગ્ય ફળ મળશે!" રાજાએ હોઠ પીસીને કહ્યું, અને સીપાઇઓને આજ્ઞા કરી "આ હરામ

ખોર પાજીઓને સખ્ત પહેરા તળે કારાગૃહમાં નાંખો !" તરતજ તેમને કેદખાનામાં લઇ જઇ ભારે બેડીઓ પહેરાવી પૂરવામાં આવ્યા. હજી રાજાના મનમાંથી તેમના અહંકારનાં વચનો વીસરાયાં નહોતાં. "દીવાનજી" રાજાએ ધવલરાય તરફ નજર કરી ગંભીર અવાજે કહ્યું "દુશ્મનોના અઇયારો હવે પછી શું કરશે તેની તેમજ આપણા પંજામાં સપડાયલા અઇયારોને કંઈ ચાલાકી વાપરીને છોડવી ન જાય તે માટે હવે એ બાબતમાં આપણે શો બંદોબસ્ત કરવો ?"

"મહારાજ આપણે ગમે તેટલો બંદોબસ્ત કરીએ છતાં અઇયારોની ચાલાકી તે સર્વની અસર નિર્માલ્ય બનાવી નાંખે છે. એક ચતુરસીંહની આપણને હીંમત હતી, તેમનો પણ હજી પત્તો લાગતો નથી !" ધવલરાયે જણાવ્યું.

"ચતુરસીંહ દુશ્મનોના પંજામાં સપડાઇ ગયા હશે માટે થોડા દીવસ તેની વધુ રાહ જોઈએ ! એટલામાં જો આવ્યા તો ઠીક છે, પરંતુ દીવાનજી, હવે તમે લશ્કરનો બંદોબસ્ત કરી રાખજો કેમકે, રાજા બલદેવસીંહ હવે આપણાપર ચઢાઇ લાવે, એ અસંભવિત નથી !" રાજાએ ગંભીર અવાજે જણાવ્યું.

"મેં સઘળો બંદોબસ્ત કરી રાખ્યો છે !" ધવલરાયે જવાબ આપ્યો "પરંતુ એક વાત આપને પૂછવાની છે, જે એકાંતમાં સલાહ કરીશું!" બીજું અગત્યનું દરબારી કામકાજ બજાવી દરબાર બરખાસ્ત થતાં રાજા દીવાન સહીત મહેલમાં સીધાર્યા અને એકાંતમાં બેસતાં રાજાના પૂછવાથી ધવલરાયે જણાવ્યું "શીરછત્ર, શીવકે પણ આપને અગાઉ કહ્યું હતું, તેમજ ચતુરસીંહે અને કુલીનસીંહ તેમજ રાજા જગતસીંહે મને ખાસ જણાવ્યું હતું કે, આપણી સેનામાંના તમામ મુસલમાન સીપાઇઓ કપટનાજ મળતીયા છે, માટે જેમ બને તેમ તેમને લશ્કરમાંથી ઓછા કરવા જોઈએ. તપાસ કરતાં મને પણ એ બીના સત્ય લાગે છે, માટે એ બાબતમાં આપ ફરમાવો તે મૂજબ અમલ કરવામાં આવે !"

"ખરૂં છે !" રાજાએ ગંભીર અવાજે કહ્યું–"મુસલમાનોની બેદીલી અમારા જોવામાં પણ આવેલ હોવાથી એ બાબત અમેજ તમને કહેનાર હતા. હવેથી ધીમે ધીમે મુસલમાનોને નોકરીપરથી દૂર કરજો !" બીજી કેટલીક મસલત કીધા પછી રાજાની આજ્ઞા લઇ ધવલરાય પોતાને મહેલે વીદાય થયો.

પ્રકરણ ૨૦ મું.

વાત વધી.

રાજા બલદેવસીંહ ચોપદાર સાથે ઘસીટાસીંહ અને ચમનરાયને ચતુરને પકડાવા માટે રવાને કરીને દરબાર બરખાસ્ત કરી મહેલમાં વીદાય થયો, પરંતુ રંભાના સ્વરૂપે તેનું મન એટલુ બધું હરી લીધુ હતું કે, તેણીના એકાએક જતા રહેવાથી તેના અંતઃકરણમાં જાગેલી વીયોગની જ્વાળા શાંત કરવા તેણે ઘણાં ફાંફા માર્યાં પરંતુ રંભાની છબી તેના મનમાંથી ખસી નહીં. તે દીને તેણે પોતાની રાણી સાથે પણ હાસ્યવિનોદ કીધો નહીં. તેને ઉદાસ જોઇ રાણીએ પૂછ્યું "નાથ, આપનું મુખાર્વિંદ આજ આમ નીસ્તેજ કેમ થઈ રહ્યું છે !"

"સહજ ! રાત્રીના જાગ્રણને લીધે તમને એમ લાગે છે !"

"વારૂં નાથ ! પેલી ગાનારીને મહેલમાં બોલાવી અમને તેનું ગાનું સંભળાવવાનું આપે કબૂલ કર્યું હતું તે ક્યારે બોલાવશો ?" રાણીએ સસ્નેહ પૂછ્યું.

"હાય ! એ અમો સઘળાને મૂર્ખ બનાવી આંખો આંજીને ચાલી ગઈ !" રાજાએ નીરાશાભરે અવાજે કહ્યું.

"નાથ આપ શું કહો છો તે સમજી શકાતું નથી !" રાણીએ અજાયબ થઈ પુછ્યું.

"અત્યારે અમારૂં ચીત્ત સ્થિર નથી એટલે કંઇ વધુ કહી શકીશું નહી !" રાજાએ ઉદાસ ચીત્તે જણાવ્યું, અને રાણીને વધુ પૂછવાનો સમય મળે તે પહેલાં ત્યાંથી ઉઠી પોતાના ખાનગી વીચારગૃહમાં સંચર્યો, અને ત્યાં પડેલા સુખાસને બેઠો. એકાંત પડતાં ફરી રંભા યાદ આવી, અને તે કોણ હશે ? તે સંબંધી અનેક વીચારો તેના મનમાંથી પસાર થવા માંડયા. આખરે રાજાની આટલી તો ખાતરી થઈ કે તે કોઇ સ્ત્રીજ હતી, પરંતુ ચતુરને તે શામાટે છોડવી ગઈ હશે ! એ શંકા મનમાં ઉપજતાં તે બબડયો "અરેરે ! રભા ! રંભા ! મધુરાક્ષી ! તારા કહેવા મુજબ શું તું ચતુર ઉપર ખરેખર મોહીજ પડી હતી ! રમણી,

અમારા હૃદયમાં કારી જખમ કરી શામાટે ચાલી ગઇ! મોહીની, શું અમારી આવી દુઃખક અવસ્થા કરવા માટેંજ તું આવી હતી? હાય હવે શું કરૂં! રમણી, રંભા તને અમે કયાં શોધીએ?" રંભાના વીયોંગમાં ઝુરાતા રાજાએ તેજ ઓરડામાં આખી રાત જાગૃત હાલતમાં પસાર કરી. પ્રભાતે અસ્વથ ચીત્તે દરબારમાં જઇ ચતુરને પકડવા ગયલા ઘસીટાસીંહ અને ચમનરાય અઈયારો આવ્યાં છે કે નહીં તેની રાજાએ પ્રથમ પૂછગાછ કરી તો જણાયું કે, તેઓ હજી આવેલ નથી. આથી તેમને માટે વળી રાજાને ચીંતા ઉપજી. રંભાની યાદમાં દરબારના કામકાજમાં તેનું ચીત્ત ચોંટતું નહોતું. પ્રજાની ફરીયાદો સાંભળતાં પણ તેની સમક્ષ રંભાનું સ્વરૂપ ખડુંજ હતું. એટલામાં બદ્રીનાથ, કાસમ અને શાંતીનાથ જોશીજી અને કપટને દરબારમાં એક બાજુએ બેઠેલા જોયા. તેમનાપર રાજાની નજર પડતાં તેમણે ઉઠીને રાજાને નમન કર્યું. તેમની મુખમુદ્રાઓ પણ નિસ્તેજ જોઈ રાજાની ઉદાસીમાં વધારો થયો, પણ દરબારમાં તેણે તેમને કંઇ પૂછપરછ કરી નહીં, પણ દરબાર બરખાસ્ત કરી તેમને મહેલે બોલાવ્યા. મહેલમાં ખાનગી વીચારગૃહમાં બેસતાં રાજાએ આતુરતાથી તેમને પૂછયું "કેમ, તમો સઘળાઓએ શેરગઢમાં શું કર્યું?"

"શીરછત્ર! કામ તો એ બન્યું કે ભૈરવનાથને તો ચતુરે કેદ કીધો અને વીરકાળ અને નારાયણસીંહ કાન્તાકુંવરીના રાજમહેલમાં અમે ગયા હતા ત્યાં ચપળા નામની એક દાસીએ ચાલાકીથી તેમને પકડી લીધા. ફકત શેવક ત્યાંથી છટકી આવ્યો! રાજા રામસીંહના માણસોમાંથી અમે ચતુરને પકડયો હતો, જેને તો આપની હજુરમાં મોકલી આપ્યો છે!" બદ્રીનાથે મંદ અવાજે જવાબ આપ્યો.

"ચતુરને પણ એક સ્ત્રી આવી અત્રેથી છોડાવી ગઇ છે! એ લુચ્ચીએ ખરેખર બહુ લુચ્ચાઇ વાપરી છે, અને તે માટે તેને સખત શીક્ષા કરવી જોઈએ!" રાજાએ ગુસ્સામાં જણાવ્યું.

"હેં! ચતુર પણ નાહાસી ગયો!" કપટ બોલી ઉઠયો.

"શીરછત્ર, તે સ્ત્રી નહી પણ કોઈ અઈયાર હશે!" કાસમે કહ્યું.

"નહી તે હતી તો સ્ત્રીજ, પરંતુ કોણ હતી અને કયાંથી આવી હતી તે જણાયું નહી!" રાજાએ ભાર દઈને કહ્યું.

"મહારાજ, ધસીટાસીંહ અને ચમનરાય અત્રે દરબારમાં હતા તે છતાં તે સ્ત્રી ચતુરને કેવી રીતે છોડવી ગઇ?" બદ્રીનાથે પૂછ્યું.

"અરે સઘળાની અક્કલ તેના સ્વરૂપ આગળ ગુમ થઈ ગઈ હતી. તેણીના હાવભાવે સઘળાઓને અંધ બનાવી દીધા હતા!" રાજાએ ગુસ્સામાં જણાવ્યું-"તેણીની ચાલાકીએ ચાલાક અઇયારો પકડી શકયા નહી!"

"ધસીટાસીંહ અને ચમનરાય આજે દરબારમાં નહોતા તે મહારાજાએ તેમને શું ચતુરને પકડવા માટે મોકલ્યા છે?" શાન્તીનાથ જોશીજીએ પૂછ્યું.

"હા! પરંતુ રંભા તો ચતુરને નહસાડી જવા સાથે તેમને પણ સાથે ઘસડતી ગઇ છે, એમ જણાય છે કેમકે તેઓ પણ હજી સુધી પાછા ફર્યા નથી! કપટરાયને મદદ કરવામાં અમને એ ફાયદો થયો!" રાજાએ ઉદાસીસહ કહ્યું.

"તેમને કયાં મોકલ્યા છે?" બદ્રીનાથે પૂછ્યું.

"એક ચોપદારે આવી ખબર કરી કે, ચતુર અને રંભાને પાસેના જંગલમાં તેણે દીઠા હતા એટલે તે ચોપદાર સાથે તેમને રવાને કીધા છે!" રાજાએ જણાવ્યું.

"ત્યારે નકી તેઓ પણ ફસાયા હશે! ચોપદારના વેષમાં આવનાર પણ કોઇ અઇયારજ હશે!" બદ્રીનાથે કહ્યું.

"અહાહા! રંભા કોણ હશે વારૂં! ખરેખર! સંગીતકળામાં તેણીની પ્રવીણતાએ અમો સઘળાનાં મન જીતી લીધા હતાં, અને તેમ કરી સઘળાની આંખોમાં ધૂળ નાંખી તે ચતુરને છોડાવી ગઇ! અહાહા! શું તેણીનું મનોહર સ્વરૂપ! તેણીની છબી હજી અમારી દ્રષ્ટિ આગળથી ખસતી નથી! એ રસિલી રંભા કોણ હશે તેની તમે ભાળ કહાડો!" રાજા બોલ્યો.

"જહાંપનાહ! એ રંભા તો કાન્તાકુંવરીની માનીતી અને ખાસ સખી ચકોરી હશે! તેણીના શીવાય બીજા કોઈની આટલી બધી હીંમત ચાલેજ નહીં!" કાસમે ભાર દઇને કહ્યું.

"હા, હા, મહારાજ! એ ચકોરીજ હોવી જોઇએ, કેમકે તેણીને રાજમહેલમાં મેં અનેક વાર ગાયન ગાતાં સાંભળી છે, અને તેણીનો કંઠ ઘણોજ મધુર છે!" કપટે ઉમેર્યું.

"ત્યારે શું એ ચકોરી રાજા રામસીંહની કુંવરી કાન્તાથી પણ વધુ રૂપવંતી છે?" રાજાએ પૂછ્યું.

"છટ, છટ! મહારાજ કાન્તાકુંવરીની લાવણ્યતા આગળ તો દુનીયાની તમામ રમણીઓ પાણી ભરે છે!" કપટ બોલી ઉઠયો.

"પરંતુ ખુદાવીંદ, કાન્તાકુંવરીથી ઉતરતી ખુબસુરત નાજની જો દુનીયામાં શોધવા નીકળીએ તો તે ચકોરીજ છે, અને તે ચતુરને છોડવી ગઇ તેનું કારણ પણ એજ કે તેમની વચ્ચે સ્નેહ બંધાયો છે, જે શેવકે ખુદ તેમની એકાંત વાતચીતપરથી જાણ્યું છે!" કાસમે જણાવ્યું.

"ખરેખર! તે સ્નેહ તેણીએ અમારી મીજલસમાં પણ કબૂલ કર્યો હતો!" રાજા બોલી ઉઠયો.

"મહારાજ, એ ચકોરી પણ અઇયારીમાં ઘણી પ્રવીણ છે અને ચાલાક અઇયારોને પણ તે સહજમાં ફસાવી નાંખે છે!" કપટે ભાર દઇને કહ્યું.

"ગમે તેમ હો, પરંતુ જ્યાંસુધી કાન્તાકુંવરી અને ચકોરી અમને પ્રાપ્ત નહીં થાય ત્યાંસુધી અમારૂં ચીત્ત સ્થિર થનાર નથી! ગમે તે ઉપાયે અમે મેળવીશું!" રાજા દ્રઢ અવાજે બોલ્યો.

"તેમને પ્રાપ્ત કરવામાં મહારાજાજીને શું મુશ્કેલી નડનાર છે? રાજા રામસીંહ સરખા એક નબળા રાજાના હાથમાંથી તેમને મેળવતાં શી વાર છે!" કપટે કહ્યું "મહારાજ, આપ શેરગઢપર સૈન્ય લઇ ચઢાઇ કરો એટલે રાજા રામસીંહને આપને શરણે આવવુંજ પડશે અને આપ શીરછત્રની દરેક માંગણી કબૂલ કરવાની તેને ફરજ પડશે! અગર એ સેવા બજાવવાને મહારાજ સેના સહીત શેવકને રવાને કરશે, તો ટુંક મુદતમાં બજાવશે!"

"કપટરાય, તમારી સલાહ મૂજબ રાજા રામસીંહપર એકદમ ચઢાઇ કરવાની કશી જરૂર નથી! એવું સાહસ કરવામાં લાભ નથી! જ્યાંસુધી કળે કામ નીકળતું હોય ત્યાંસુધી બળ વાપરવાની આપણને શી જરૂર છે!" જોશી શાંતીનાથે પોતાનો વીચાર જણાવ્યો, અને હાથ જોડીને રાજાને કહ્યું "મહારાજ, આપ પ્રથમ રાજા રામસીંહ ઉપર એ બાબતનો એક પત્ર લખો, અને તેનો શો જવાબ મળે છે તે જુઓ પછી ઘટતા પગલાં લઇશું!" એ સલાહ રાજાને ગળે પણ ઉતરી, અને તેણે કહ્યું "બસ! એજ

યોગ્ય માર્ગે છે! રાજા રામસીંહ ઉપર આજેજ એક પત્ર રવાને કરીએ છીએ."

"શીરછત્ર, રાજા રામસીંહને હાલમાં અનહદ અહંકાર ભરાયો છે, એટલે શેવકની તો પૂરતી ખાત્રીજ છે કે તે આપના પત્રનો અનાદરજ કરશે. એ મદાંધ રાજા નક્કી આપ મહારાજનું અપમાન કરશે, માટે એકદમ ચઢાઇ લઈ જવી યોગ્ય છે!" કપટે રાજાને ઉશ્કેરવાની તજવીજ કરી.

"રાજા રામસીંહ અમારા પત્રનો અનાદર કરીને અમારૂં અપમાન કરી શું સુખે શેરગઢની રાજ્યગાદી ભોગવી શકશે? એક ચાંચડને ચોળતાં કેટલી વાર! દીપકપર ઉડતું પતંગીયું કેટલી વાર જીવી શકે છે! જોતજોતામાં શેરગઢની ગાદી પાયમાલ કરી નાંખીશું!" રાજા ગુસ્સામાં બોલી ઉઠયો. કપટ ચુપજ થઈ ગયો, અને રાજાની આજ્ઞાથી તરતજ દીવાન ત્યાં હાજર થયો, એટલે રાજાએ રાજા રામસીંહ ઉપર પત્ર લખવાની આજ્ઞા કરી, જે મુજબ દીવાને તરતજ પત્ર લખી રાજ્યનો સીકકો કરી કોની સાથે તે રવાને કરવો તે પૂછતાં રાજાએ બદ્રીનાથને તે પત્ર લઇ જવાની આજ્ઞા કરી, એટલે બદ્રીનાથ શેરગઢ વીદાય થયો.

પ્રકરણ ૨૧ મું.

સ્નેહમાં વધારો.

એક દીવસ રાજા રામસીંહ દરબારમાં પોતાના દીવાન સગે ચતુર સંબંધી વાતચીત કરતો હતો, એટલામાં ચતુર માથાપર મ્હોટા પોટલા સહીત દરબારમાં આવી પહોંચ્યો. આવતાંજ તેણે પોતાના માથાપરનું પોટલું દરબારની વચમાં મુકીને રાજાને નમન કર્યું. ચતુરને જોતાંજ રાજા તેમજ દીવાનના આનંદનો પાર રહ્યો નહીં. અને રાજાએ પૂછયું "ચતુરસીંહ, આટલા દીવસ કયાં હતા? આ પોટલું શેનું લાવ્યા છો?"

"ખરેખર! ચતુરસીંહ, તમારે માટે તો અમો સઘળાના જીવ ઉડી ગયા હતા! કીર્ત્તિપુરમાં પણ અમે તમારી શોધ કરાવી

હતી, પણ ત્યાં તમે ન હોવાથી અત્રેના સમચાર સાંભળી દીવાન જયસીંહજી પણ ચીંતાતુર બની ગયા છે!" ધવલરાયે કહ્યું.

"મહારાજ, શેવક દુશ્મનોના પંજામાં સપડાઈ ગયો હતો, પણ આપના આશીર્વાદે આજ છટકી આવ્યો છું, અને સાથે વીજયગઢથી રાજા બલદેવસીંહની દરબારમાંના બે અઈયારોને પણ ધસડતો આવ્યો છું!" ચતુરે જવાબ આપ્યો. આ સાંભળતાં રાજાના આનંદનો પાર રહ્યો નહીં, અને તે ઉત્સાહમાં બોલી ઉઠયો–" અત્રે પણ મહેલમાં ચપળાએ બે અઇયારોને પકડયા છે. તેમને કેદખાનામાં રાખ્યા છે!" પછી રાજાની આજ્ઞાથી એક સીપાઇએ તે અઈયારોની ગાંસડી છોડી એટલે ચતુરે તેમને શુદ્ધિમાં આણ્યા, અને તેમને પણ વીરકાળ અને નારાયણસીંહ પાસે કેદખાનામાં પૂરવામાં આવ્યા. બીજી કેટલીક વાતચીત કર્યા પછી ચતુરે રાજાને કહ્યું "મહારાજ, મારા પકડાઇ જવાના સમાચાર જાણીને કીર્ત્તિપુરમાં સઘળાઓ ચીંતાતુર બની ગયા હશે, માટે જો આજ્ઞા આપો તો તેમને મળી આવું ?"

"અવશ્ય તમારે જવુંજ જોઇએ, પરંતુ ત્યાંથી સત્વર પાછા ફરવાની કબૂલાત આપીને જાઓ!' રાજાએ હસીને કહ્યું, અને દીવાન તરફ ફરીને જણાવ્યું "દીવાનજી, તમે પણ અમારા તરફથી રસાલા સહીત ચતુરસીંહ સાથે કીર્ત્તિપુર જાઓ, અને મહારાજ જગતસીહજીને અમારી તરફથી ભેટ અર્પણ કરી ચતુરસીંહ સાથે પાછા ફરજો." રસાલો તૈયાર કરવાની આજ્ઞા થઈ અને ધવલરાય અને ચતુર ઠાઠમાઠથી કીર્ત્તિપુર તરફ રવાના થયા. આ તરફ ચકોરીને પાછી ફરેલ જોઇ કાન્તાના આનંદનો પાર રહ્યો નહીં, અને તે તેણીને આનંદથી ભેટી ખબર અંતર પૂછવા લાગી. ચકોરીએ સઘળી હકીકત કહી સંભળાવી, એટલામાં ચપળા ત્યાં આવી પહોંચી અને તે પણ ચકોરીને જોઈ રાજી થઇ. ચકોરીની હકીકત પૂરી થતાં કાન્તાએ હસીને કહ્યું "સખી, તું એકલીજ મનમાં મલકાતી નહીં કે તુંજ દુશ્મનોના અઇયારોને પકડી આવી છે! અત્રે તારી આ ચેલીએ પણ બે અઈયારોને પકડયા છે!" આમ કહી કાન્તાએ સઘળી હકીકત કહી જે સાંભળી ચકોરી હરખાઈ જઇ ચપળાને વહાલથી ભેટી પડી અને શાબાસી આપી.

ચતુર અને ધવલરાય પ્રભાતે દરબારને સમયેજ કીર્ત્તિપુર પહોંચી જવાથી તેઓ દરબારમાંજ ગયા. આ સમયે રાજા જગતસીંહ પ્રજાની ફરીયાદો સાંભળવામાં રોકાયો હતો. કુલીનકુમાર પણ પીતાની પાસે આસને બેસીને સઘળું જોતો હતો. ચતુરને જોતાંજ કુમારને જાણે તેની સર્વ મનકામના પૂર્ણ થઇ હોય એટલો બધો આનંદ થયો. દરબારમાં જઇ ધવલરાયે રાજા જગતસીંહને નમન કર્યું અને ચતુરે શાષ્ટાંગ પ્રણામ કરી પોતાના પીતાને વંદન કર્યું, અને પછી કુલીનકુમારના બોલાવવાથી તેની પાસે જઇ બેઠો. ધવલરાયે રાજા રામસીંહનો પત્ર અને ભેટ તેમજ કુલીનકુમાર માટે એક ઉમદા પોશાક થાળાઓમાં ભરીને રાજા સમક્ષ મૂકાવ્યા જે જોઇ રાજાએ હાસ્ય વદને ધવલરાયને કહ્યુ–"મહારાજ રામસીંહજીનો અમપર અનહદ સ્નેહભાવ છે, પરંતુ આ સઘળી ખટપટ કરવાનું કંઈ કારણ નહોતું." રાજા રામસીંહનો પત્ર વાંચી કુશળ સમાચાર જાણ્યા બાદ રાજાએ ચતુરને કેદ પકડાયાની હકીકત પૂછી, જેના જવાબમાં ચતુરે પોતે કેવી રીતે દુશ્મનના હાથમાં ફસાઈ ગયો હતો તેનો ખરો હેવાલ તેમજ કેવી રીતે છૂટયો તેનું બનાવટી વર્ણન કહ્યું, અને ચકોરીએ પોતાને છોડવ્યાની વાત છૂપાવી અને છેવટે જણાવ્યું "મહારાજ, આપના આશીર્વાદથી વીજયગઢથી આવતી વખતે રાજા બલદેવસીંહના બે અઇયારોને પણ દાસ પકડતો આવ્યો છે !" આ હકીકત સાંભળી રાજાને ઘણો આનંદ ઉપજ્યો અને તેણે ચતુરને શાબાસી આપવા સાથે પોતાની તરફથી એક સુંદર પોશાક ભેટ આપ્યો. કેટલીક વાર સુધી દરબારમાં બેઠા પછી ચતુર રાજાની આજ્ઞાથી પોતાની માતાને મળવાને ગયો કેમકે, તેના ગુમ થયાની ખબર જાણીને તે પણ ચીંતાતુર બની રહી હતી. ધવલરાયની પરોણાગત કરવાની રાજાએ દીવાન જયસીંહને આજ્ઞા કરીને દરબાર બરખાસત કરવામાં આવી. ચતુર પોતાની માતા વગેરે સ્નેહીઓને મળી ભેટીને કુમારને મળવાને તેને મહેલે ગયો. કુમારે ચતુરને સ્નેહથી ભેટીને બેસાડયો. વાતચીત કરતાં કુમારે હસીને પૂછ્યું "ભાઇ તારા કેદ પકડાયાની હકીકત તો તેં દરબારમાં જણાવી, પરંતુ તું કેવી રીતે છૂટયો તે ખરી બીના છૂપાવી, એ અમે જાણી ગયા, માટે

હવે સત્ય કહે, તને કોણે છોડવ્યો ?" ચતુરે ચકોરીની મદદથી પોતે કેવી રીતે છૂટયો તે સઘળી હકીકત કહી, જે સાંભળી કુમાર હરખ્યો. "ત્યારે તારૂં તો કામ પાર ! ખરૂં છે ભાઈ, પહેલાં હાથ પોતાનાં મુખ તરફ વળે, એ સ્વાભાવિક છે ! અમારી ઇચ્છા તો પાર પડરી ત્યારે પણ પોતાનું કામ તો સાંધી આવ્યો ! "

"કુમાર, તમારી ઇચ્છા પાર પડવામાં હવે શું બાકી રહ્યુ છે ? આજે દરબારમાં પોશાક જોઇને તો મનમાં મલકાતા હતા, અને હજી મારે મ્હોડેથી નેકા પડાવવા માંગો છો નહી ! " ચતુરે ટકોર કરી. કુમાર હસી પડયો, અને બંને મીત્રો આનંદે વાતચીત કરવા લાગ્યા. ચતુર કેટલાક દીવસ સુધી કીર્ત્તિપુરમાં સુખાનંદમાં રહ્યો. કેટલાક દીવસો વીત્યા બાદ ધવલરાયે રાજા જગતસીંહ પાસે વીદાયગીરી માંગી અને ચતુરને પણ પોતાની સાથે શેરગઢ મોકલવાની અરજ કરી, જે રાજાએ માન્ય રાખી. ચતુર અને ધવલરાય તેજ દીને સાંજે દરબારને વખતે શેરગઢ જઇ પહોંચ્યા. ચતુરને પાછો આવેલ જોઇ રાજા રામસીંહને ઘણો આનંદ થયો, એટલામાં વીજયગઢના રાજા બલદેવસીંહનો પત્ર લઇ બદ્રીનાથ દરબારમાં આવી પહોંચ્યો, અને રાજાને આશીર્વાદ આપી તેણે પત્ર રાજા સમક્ષ મૂકયો, જે વાંચવાની રાજાએ દીવાન ધવલરાયને આજ્ઞા કરી. પત્ર વાંચતા ધવલરાયનો ચહેરો ગુસ્સાથી લાલચોળ થઇ રહ્યો. રાજા અને ચતુર ધવલરાયની મુખ મુદ્રાપર થયલો એ ફેરફાર જોઇ ચેતી ગયા કે તેમાં કંઇ ગેરવ્યાજબી મતલબ સમાયલી હોવી જોઇએ. પત્ર વાંચી રહેવા બાદ ધવલરાયે રાજાને કહ્યુ "મહારાજ, આ પત્ર એકાંતમાં સાંભળવા લાયક છે !" તરતજ બદ્રીનાથને ઉતારો આપવાનો બંદોબસ્ત કરવાની કારભારીને આજ્ઞા કરી અને દરબાર બરખાસ્ત કરી ચતુર તેમજ ધવલરાય સહીત રાજા મહેલમાં ગયો. એકાંત બાગમાં બેઠા પછી રાજાએ રાજા બલદેવસીંહનો પત્ર વાંચવાની દીવાનને આજ્ઞા કરી, એટલે ધવલરાયે જણાવ્યું "શીરછત્ર, આપજ વાંચો ! એમાં લખેલ શબ્દો સેવકના મુખમાંથી નીકળી શકે તેમ નથી !" રાજાએ પત્ર લઈ વાંચી જોયો, અને તેથી તેને એટલો બધો ક્રોધ ઉપજયો કે તેણે તે પત્ર ફાડી નાંખ્યો. અને કહ્યું–" બસ બદ્રીનાથ ને આ પત્રના જવાબમાં જણાવો કે તેણે અત્રેથી મુંગા ચાલ્યા જવું. આવતી કાલ સુધી જો તે અમારા રાજ્યની હદમાં જણાશે

તો તેની જીંદગી જોખમમાં આવી પડશે!" આટલું કહી રાજા ઉંડા વીચારમાં આવી પડયો, અને થોડી વાર સુધી ત્યાં ચુપકીદી ફેલાઈ રહી. આખરે રાજા જુસ્સાથી બોલ્યો–" કપટ વીજયચંદ ગયો ત્યારથીજ અમે ધારી બેઠા હતા કે તે પાપી પોતાનાથી બનશે તેટલી ઉશ્કેરણી કર્યા વગર રહેનાર નથી, અને તેમજ થયું છે! કંઈ ચીંતા નહી! અમારી હયાતીમાં તો પાપી પોતાની ધારણામાં કદી ફાવશેજ નહીં. દીવાનજી, હવે તમે પણ સાવધાનીથી સઘળો બંદોબસ્ત કરી રાખજો!"

"મહારાજ!" ચતુરે હાથ જોડીને ગંભીરાઇ સહ જણાવ્યું "રાજા બલદેવસીંહે આપણા નગરમાં પોતાના અઇયારોને મોકલ્યા તે વખતથીજ તેની ધારણા આપણે જાણી ગયા હતા, હવે તો સર્વ ખુલ્લું જણાય છે, અને તે અત્રે ચઢી આવશે, એમાં કશો શક રહ્યો નથી કેમકે, તેના અઇયારોને આપણે ફાવવા દીધા નથી, માટે આપણે પણ સેનાનો બંદોબસ્ત કરી સઘળી રીતે તૈયાર થઇ રહેવું જોઈએ કેમકે રાજા બલદેવસીંહ સરખો બળવાન સામે છે!"

"રાજા બલદેવસીંહની સેનામાં ત્રીશ હજાર સીપાઇઓ છે. અને અમારૂં લશ્કર દસ હજાર સીપાઈઓનું છે, તેથી શું અમે ડરી જઈશું?" રાજા જુસ્સામાં બોલી ઉઠયો.

"શીરછત્ર, આપની દસ હજારની સેના સાથે પાંચ હજાર સીપાઇઓ અમારા મહારાજાના છે, તે પણ આપનાજ છે અને એટલી સેના બલદેવસીંહના એ મેંઢાના ટોળાને મારી હઠાવવાને પૂરતી છે!" ચતુરે જણાવ્યું.

"ત્યારે હવે સેના માટે આપણે કીર્ત્તિપુર મહારાજા જગતસીંહને પણ લખી મોકલવું જોઇએ!" ધવલરાયે કહ્યું.

"હા, મહારાજ દીવાનજીને એક પત્ર આપી મારી સંગે મોકલો તો ત્યાંની તમામ સેના અને તો આપની ઇચ્છા હોય તો કુમાર કુલીનસીંહને પણ સાથે તેડતા આવીએ, જેમને તમામ સેનાની સરદારી સોંપીશું તો પછી દુશ્મનો આપણા ઉપર કેમ ફાવી જશે તે જોઈશું!" ચતુરે ભાર દઈને કહ્યું.

"શીરછત્ર, ચતુરસીંહનો એ વીચાર મને પણ પસંદ પડે છે!" ધવલરાયે જણાવ્યું.

"એ સઘળું ખરૂં, પરંતુ કુમાર કુલીનસીંહને લડાઇમાં સરદારી સોંપવાને અમારૂં મન કબૂલ કરતું નથી! લડવામાં કુમાર ગમે તેવા બહાદુર અને હુશીઆર છે છતાં જેવા રાજા જગતસીંહજીના તે કુમાર છે તેવાજ અમારા પણ છે! સુખની શય્યામાં પહોઢનાર એ સકોમળ જુવાનને લડાઇને મોખરે દુશ્મનો સામે જવાને અમે કહીજ કેમ શકીયે? અને રાજા જગતસીંહજી પણ અમારી એ માંગણી કબૂલ કેમ રાખે?"

"મહારાજ, આપ મનમાં એવો ખ્યાલ કદી આણશોજ નહી!" આમ કહી ચતુરે કેટલોક ખુલાસો કીધો, જેને ધવલરાયે પણ ટેકો આપવાથી રાજા માન્યો, અને તેણે કુલીનકુમારને મોકલવા રાખી તેમજ રાજા બલદેવસીંહના પત્રની હકીકત જણાવનારો પત્ર આપી દીવાન ધવલરાયનેજ કીર્તિપુર મોકલ્યો, અને ત્યાં વધુ ન રોકાતાં બીજે દીનેજ પાછા ફરવાની તેને સુચના કરી. ધવલરાય કીર્તિપુર પહોંચતાં તેને સંધ્યાકાળ થવાથી દરબારનો સમય વીતી ગયેલ હોવાથી તે દીવાન જયસીંહને ઘેર ગયો. જયસીંહે તેનો આદરસત્કાર કરી પોતાને ત્યાં ઉતારો આપ્યો અને ખબર અંતર પૂછતાં આમ એકાએક નીકળી આવવાનું કારણ પૂછવાથી ધવલરાયે સઘળી હકીકત કહી જે સાંભળતાંજ જયસીંહ ગુસ્સે થઇ બોલી ઉઠયો-- "આજકાલ બલદેવસીંહની મતી બદલાઇ ગઈ છે, અને તેને બહુ અહંકાર આવી ગયો છે, પણ કંઇ ચીંતા નહી! હવે આપણા હાથનો તેને પૂરતો અનુભવ આપીશું!" રાત્રીએ જયસીંહ ધવલરાયને રાજા જગતસીંહની મુલાકાત કરવાને રાજમહેલમાં લઈ ગયો. આ વખતે કુમાર કુલીન પણ ત્યાં બેઠો હતો. ધવલરાયને જોઇ રાજાએ તેને સન્માનસહ બેસાડી શેરગઢના સમાચાર પૂછયા, જેના જવાબમાં ધવલરાયે પોતાની પાસેનો પત્ર રાજાને આપતાં તેણે પોતેજ તે વાંચી જોયો, એટલે તેને એટલો બધો ગુસ્સો ઉપજ્યો કે તે કંઇ બોલી શકયો નહી. તે પત્ર તેણે કુલીનકુમારને વાંચવા આપ્યો. કુમારે વાંચી જોતાં તેની પણ તેવીજ હાલત થઇ. ક્રોધને લીધે તેની આંખોમાંથી જાણે આગના ભભુકા નીકળવા લાગ્યા. ઉંડા વીચારમાં પડી થોડી વાર સુધી ચુપ રહી તેણે હાથ જોડી પોતાના પીતાને વીનંતી કરી-"પીતાજી, લડાઈ

માં જવાની અમને ઘણી હોંસ છે, અને એજ અમારો ધર્મ છે! આવી સરસ તક ક્યારે મળનાર છે! અમારૂં બાહુબળ અમે ક્યાં બતાવીશું! પીતાજી, એટલા માટે અમને આજ્ઞા આપો તો આપણી સેના સહીત જઈને રાજા બલદેવસીંહ શેરગઢપર ચઢી આવે તે પહેલાંજ તેને કેદ કરી આપના ચર્ણમાં આણીએ!"

"કુમાર, તમારી હોંસ પૂર્ણ કરો!" રાજા ઉત્સાહ સહ બોલ્યો "પણ એટલી બધી ઉતાવળ કરવાની જરૂર નથી! તમે હમણાં શેરગઢ સીધારો! પીતા, પુત્ર, ભાઈ, સગાં સહોદર સર્વ કરતાં ક્ષત્રીઓને લડાઈ વધુ પ્રીય હોય છે, એટલે અમે પણ તમને આજ્ઞા કરીએ છીએ કે આપણી તમામ સેના સહીત તમે રાજા રામસીંહજીની મદદે જાઓ, અને રણભૂમીમાં તમારી વીરતા બતાવી દુનીયામાં નામના કરો, અને કુળને દીપાવો!" આટલું કહી દીવાન જયસીંહ તરફ ફરી તેને કહ્યું "દીવાનજી, સેનામાં ઢંઢેરો ફેરવો કે આજની રાતમાં તમામ સેનાએ પ્રભાતમાં કુમાર સાથે શેરગઢ કુચ કરી જવાને તૈયાર થઈ રહેવું!" ધવલરાયે તે રાત્રી જયસીંહને ત્યાંજ પસાર કરી. કુમાર પણ પ્રભાતે શેરગઢ જવાને માટે તૈયારી કરવા પોતાને મહલે ગયો. કાન્તાકુંવરીને નીરખવાની અને લડાઈમાં નામના કરવાના ઉત્સાહમાં રાત્રી ક્યાં પસાર થઇ તેનું પણ કુમારને ભાન રહ્યું નહીં.

પ્રકરણ ૨૨ મું.

લડાઇની તઇયારી—કુલીન ઠગાયો.

પ્રભાત થતાં પહેલાંજ કુમાર સ્નાન સંધ્યા કરી પોશાક પહેરી હથીયાર સજીને પોતાની માતાની રજા લેવાને રાજમહેલમાં ગયો. રાણીને રાજાએ રાત્રીએજ સઘળી હકીકત જણાવેલી હોવાથી કુલીનને સજ થઈ આવેલ જોઇ માતાના દીલમાં અનહદ આનંદ ઉપજ્યો. કુમારે માતાને નમન કરીને જવાની આજ્ઞા માંગી, એટલે રાણીએ આંખમાં આંસુ સહીત કુમારને અત્યંત સ્નેહથી છાતી સાથે ચાંપીને તેની પીઠે હાથ ફેરવી આશીર્વાદ

આપી કહ્યું " પુત્ર, સીધારો, વીરપુરૂષોમાં અમર નામના કરો ! ક્ષત્રીકુળનું નામ જાળવી રાખીને રણભૂમી વીજયના ડંકાથી ગજાવો ! રણસંગ્રામમાં માતા પીતા, સુખ આરામ, વગેરે કશામાં ચીત્ત ન રાખવું, એજ શુરવીર પુરૂષોનો ધર્મ છે, તેમ તમે પણ વર્તજો ! પ્રભુ તમને સહાય થાઓ ! કુમાર, અત્યારસુધી તમે પુષ્પની શય્યામાં રમ્યા છો, અને હવે રણભૂમીમાં રમજો ! તમે સીંહણના બાળ છો, અને તેનુંજ દુધ પીધું છે તો દુશ્મનો સામે સામે ધાએ લડજો ! રણભૂમીમાં પીઠ બતાવશો નહી ! " માતાએ કુમારને વીજયમાળ પહેરાવી અને કેટલીક વધુ શીખામણ આપી વીદાય કીધો. રાજમહેલની બહાર આવતાં દીવાન ધવલરાયને ઘોડેસ્વાર થઇ જવાને સજ થયેલ જોઈ કુમાર પણ પોતાને માટે તૈયાર રાખવામાં આવેલા અશ્વપર સવાર થયો, અને રાજાની આજ્ઞા મળતાં તેઓ શેરગઢ તરફ વીદાય થયા, તેમની પાછળ તમામ સૈના પણ મહાસાગરના ઉછળતા તરંગોની માફક કુચ કરતી ગઇ. શેરગઢ થોડે દૂર રહેતાં કુમારે પોતાની સેનાનો પડાવ નાંખી ધવલરાયને કહ્યું " દીવાનજી, અમારો એવો વીચાર છે કે અત્રેજ અમારી સેનાનો મુકામ કરીએ, અને તેની યોગ્ય વ્યવસ્થા કરીને પછી આપણે નગરમાં જઇએ ! "

" ત્યારે હું પહેલાંથી જઈને આપના પધારવાના સમાચાર મહારાજને નીવેદન કરૂં છું ! " ધવલરાએ જણાવ્યું, અને કુમારની સંમતીથી નગરમાં જઈ તેણે કુમારના આવવાના સમાચાર રાજાને કહ્યા, એ સઘળી હકીકત જાણી રાજાને અત્યંત આનંદ થયો અને તેણે કહ્યું " કુલીનસીંહની સેનાએ પડાવ નાંખ્યો છે, એ સ્થાન યોગ્ય છે, માટે તમે આપણા સઘળા સરદારો સહીત જઇને કુમારને માન સહીત નગરમાં તેડી આવો !" આજ્ઞા મૂજબ ધવલરાય કેટલાક સરદારો સહીત વીદાય થયો. કુલીનના આવી પહોંચવાની ખબર ચતુરને પડતાં તે ઉતાવળે તેને મુકામે ગયો. ચતુરને જોતાં તેને આનંદથી ભેટી કુમારે કાન્તાનાં ખબર પૂછયાં, જેના જવાબમાં ચતુરે જણાવ્યું—" કુમાર, સઘળા શુભ સમાચાર છે ! હવે તમારી મુરાદ ઘણી ખરી તો પાર પડી ચુકી છે ! " બીજી કેટલીક વાતચીત કર્યા પછી ચતુર લશ્કરની ગોઠવણ કરવામાં રોકાયો, એટલામાં દીવાન ધવલરાય પણ સરદારો સહીત આવી પહોંચ્યો, એટલે કુમાર તરતજ નગ

રમાં જવા માટે સજ્જ થયો, અને પોતાની સાથે ચુંટી કહાડેલા એક સો સ્વારો લઇ ઘોડેસવાર થઇ ધવલરાય સાથે વીદાય થયો. રાજા રામસીંહને મદદ કરવાને કુમાર કુલીન સેના સહીત આવી પહોંચ્યો છે, અને તે નગરમાં પધારે છે, એવી ખબર પવનના વેગે આખા નગરમાં ફેલાઈ જવાથી કુમારની સ્વારી જોવાને નગરમાં દરેક સ્ત્રીપુરૂષ, આબાળ વૃદ્ધ પોતપોતાના ઘરની અટારીઓમાં બેસી ગયાં હતાં, અને આવવાના માર્ગમાં પણ લોકોની ઘણી ભીડ થઇ રહી હતી. સઘળાઓ સ્વારી આવવાની આતુરતાથી રાહ જોતા ઉત્તર દીશા તરફ જોઇ રહ્યા હતા. રાજા રામસીંહે પણ મહેલમાં જઇ રાણીને સર્વ સમાચાર નીવેદન કર્યા, જેથી તેણીનાં હઈયામાં આનંદના ઉભરા ઉછળવા લાગ્યા, અને તેણી પણ કાન્તાકુંવરી અને સઘળી દાસીઓ સહીત કુલીનની સ્વારી જોવાને મહેલની ઉંચી અટારીમાં બેઠી, રાજા પોતે પણ અગાસીમાં આસન મૂકાવી બેઠો. થોડી વારમાં ઉત્તર દીશા તરફ ધુળ ઉડતી જણાઈ, અને થોડા સ્વારો આવતા જણાયા. જરા વધુ સમય જતાં સઘળું સ્પષ્ટ જણાયું. સઘળા સ્વારોએ પોલાદનાં બખતર પહેર્યાં હતાં, જેના ઉપર અસ્ત થતા સૂરજના કીરણનો પ્રકાશ પડવાથી તેમાંથી અજબ ચળકાટ નીકળતો હતો. સઘળાઓના હાથમાં ઝુંડાવાળા ભાલાઓ હતા, અને ખભાપર ઢાલ તથા કમ્મરે તલવાર સહીત સ્ફુરતીથી તેઓ અશ્વારૂઢ થઈ ધીમી ચાલે આવતા હતા, તેની શોભા કંઈ ઓરજ દીસતી હતી. સઘળાના મુખ ઉપર યુવાની સાથે ઉમંગનો પ્રકાશ ઝળકતો હતો. સઉથી આગળ રત્નજડીત પળાણવાળા નાચતી ચાલે ચાલતા સુંદર ઘોડા ઉપર કુલીનકુમાર અમુલ્ય વસ્ત્રાભુષણ સજી બીરાજ્યો હતો. ઢાલ, તલવાર તથા તીરકમાન વગેરે અસ્ત્રો તેણે ધારણ કર્યાં હતાં. શુરવીરતા અને હીંમતની છાપ તેની રકતવર્ણી મુખમુદ્રાપર સાફ પ્રકાશી રહી હતી, જે મીત્રના મનમાં સ્નેહભાવ અને દુશ્મનોના દીલમાં ધાસ્તિ ઉપજાવે તેવી હતી. નગરમાં પ્રવેશ કરતાંજ કુમારને જોતાં સઘળાઓની આંખો જાણે અંજાઇ ગઇ. આટલા બધા ઠાઠમાઠ સાથે ઘણે દીવસે કુલીનને જોતાં મહારાણીનાં હઈયામાં અનહદ સ્નેહભાવ ઉપજ્યો અને તેણીનાં મુખમાંથી એટલા શબ્દો નીકળી ગયા કે "કાન્તાકુંવરી માટે લાયક પતી તો કુલીનકુમારજ છે!

બસ, કાન્તાને કુમાર સંગેજ પરણાવીશું !" આમ રાણીએ મનમાં અગત્યારથીજ દ્રઢ ઠરાવ કીધો. એક બારીમાં કાન્તા પણ ચકોરી સહીત સ્વારી જોવાને બેઠી હતી. મહારાણીને મોઢેથી ઉપલાં વચનો સાંભળી ચકોરીએ કુંવરી તરફ આડી નજરે જોઇ તેણીનો હાથ દબાવ્યો, એટલે તેણીએ શરમાઇને મ્હોં મલકાવ્યું. તરતજ હઈયું કુલીનકુમારમાં વધુ ભરાયું, એટલામાં સ્વારી પાસે આવતાં તેણીનું હઈયું કુમારને જોતાં ઉછળવા લાગ્યું. આ સમયે તેણીને એમજ થયું કે સામે જઇને માર્ગમાંજ કુમારને સ્નેહથી આલીંગન કરૂં, પરંતુ તેણીએ મહા મહેનતે જેમ તેમ પોતાનાં અંતઃકરણનો ઉભરો દબાવ્યો. આ તરફ રાજાના હઇયામાં કુલીનને જોતાંજ પુત્ર વાત્સલ્ય ઉછળી આવ્યું, અને કુલીનના આવવાની રાહ ન જોતાં આનંદાવેશમાં તેજ કીલ્લાના દ્વાર સુધી તેને સામો લેવા ગયો. રાજાને જોતાંજ કુલીને અશ્વપરથી ઉતરી નમન કર્યું, એટલે રાજાએ તેને ઉઠાડીને સ્નેહથી પોતાની છાતી સાથે ચાંપ્યો, અને તેનો હાથ પકડી મહેલમાં તેડી આવ્યો. તેમને આવતાં જોઈ રાણી ઉત્સાહસહ સામે ગઇ, એટલે કુલીને તેણીને પણ નમન કર્યું. રાણીની આંખોમાં સ્નેહ અને હરખનાં આંસુ ભરાઈ આવ્યાં, અને તેણે આશીર્વાદ આપી કુલીનને પોતાની પાસે એક આસને બેસાડયો. રાજા પણ એક આસને બીરાજ્યો, જેની ડાબી તથા જમણી બાજુએ રાણી અને કુલીન બેઠાં, અને આસપાસ સુંદર આભુષણ સજીને દાસીઓ હાથ જોડી ઉભી રહી. આ સમયે કુમાર નીચી નજરે જાણે કાંઇ શોધતો હોય તેમ ચારે તરફ જોતો હતો. વાંચનાર, કુલીન શું શોધતો હતો ? કુલીનનાં સ્વચ્છ અંતઃકરણમાં આપણને સ્પષ્ટ દેખાય છે ! તે પોતાની હૃદયદેવી કાન્તાને જોવાની આતુરતામાં આસપાસ નજર ફેરવતો હતો. કુંવરી કાન્તા પણ એક દ્વારની ઓથે ઉભી રહી આડી નજરે પોતાના પ્રીયતમને જોઇ રહી હતી. આ સમયે કુમારને મળીને તેની સાથે આનંદે સ્નેહની મીઠી વાતો કરવાને કાન્તાનું હૃદય ઉછાળા મારી રહ્યું હતું, પણ પોતાનાં માતાપીતાની મર્યાદાએ તેણીને લાચાર બનાવી હતી. થોડી વાર સુધી મહેલમાં રાણી સંગે આનંદ વાતચીત કર્યા પછી રાજા કુલીન સહીત પોતાના દીવાનખાનામાં આવ્યો, અને પોતાના વીશ્રામગૃહની પાસેનાજ ઓર-

ડામાં કુલીનને ઉતારો આપ્યો. રાજાની આજ્ઞા લઇ કુલીન સ્વસ્થ થવાને પોતાના ઓરડામાં ગયો, એટલામાં ચતુર પણ ત્યાં આવી પહોંચ્યો. મહેલમાં કાન્તાને ન જોવાથી અધીરો કુલીન નીરાશ થઇ ગયો હતો, તેને ધીરજ આપી રાત્રીએ ચતુર પોતાને ઉતારે ગયો, અને કુમાર નીંદ્રા લેવાને શય્યાપર સુતો, પરંતુ તેને નીંદ્રા આવી નહી. કાન્તાની કેવી રીતે મુલાકાત લેવી, એ વીચારમાં રાત્રીનો ઘણોખરો ભાગ પસાર થઈ ગયો, તેનું પણ તેને ભાન રહ્યું નહી, અને છેક એક પ્રહર રાત્રી બાકી રહી ત્યારે તેની આંખ મળી. સવાર થતાં ચતુર પાછો કુમાર પાસે આવ્યો, અને સ્નાન સંધ્યા વગેરે નિત્ય કર્મથી પરવારી કુમાર પોશાક સજી તેની સાથેજ રાજા રામસીંહની દરબારમાં ગયો. રાજાએ પોતાના સીંહાસનની પાસેજ એક જડાઉ સીંહાસનપર કુલીનને બેસાડયો. દરબારનું કામ આટોપ્યા પછી રાજાએ દીવાનને આજ્ઞા કરી–" દીવાનજી, કુલીનસીંહની સેનાને આપણી તરફથી સઘળી ખોરાકી આજ-ીજ પહોંચાડવાનો બંદોબસ્ત કરજો !" આ સાંભળી કુલીને હસીને રાજાને કહ્યું " મહારાજ, સેના સાથે સર્વ સામગ્રી આણેલ છે, માટે હાલ કંઇ જરૂર નથી !"

" તમારામાં એ જુદાઈનો ભાવ વળી કયારથી આવ્યો? આ મારૂં રાજય કોનું છે ?" રાજાએ હસી ને આગ્રહ સહીત જણાવ્યું " સેના સાથે સામગ્રી છે તો શું થઇ ગયું ! જરૂર પડશે ત્યારે તે પણ ઉપયોગમાં આવશે." કુલીને શરમાઈને કંઇ જવાબ આપ્યો નહીં, અને ધવલરાયે સઘળો બંદોબસ્ત કરવાની કુંદનરાય કારભારીને આજ્ઞા કરી.

" મહારાજ, મને મળેલી ખબર મુજબ દુશ્મનની તૈયારી મ્હોટા પાયાપર ચાલુ થઇ છે, માટે આપણે પણ સેનાની તૈયારી કરવી જોઇએ." ચતુરે કહ્યુ.

" કુલીનસીંહ પધાર્યા છે, એટલે હવે અમારે એ બાબત શા માટે ચીંતા કરવી જોઇએ ?" રાજાએ જણાવ્યું, અને કુલીન તરફ ફરી કહ્યુ " કુલીનસીંહ, હવે અમારી તમામ સેના પણ અમે તમારા તાબામાં સોંપીએ છીએ, માટે તમને યોગ્ય લાગે તેવી ગોઠવણ કરો."

"આપ મહારાજની આજ્ઞા છોરૂ મસ્તક્પર ચઢાવે છે!" કુલીને માનસહ જણાવ્યું "આપની સેનાની હાલત જાણ્યા પહેલાં તેની અમે વ્યવસ્થા કરી શકીએ તેમ નથી, પરંતુ દુશ્મનોની હીલચાલ સામે તૈયાર રહેવાને હાલમાં અમારી સેનાનો બંદોબસ્ત કરી મૂકીશું! મહારાજાના લશ્કરની આવતી કાલે કવાયદ જોઈને પછી યોગ્ય લાગશે તેવી ગોઠવણ કરીશું!" કુલીનની દીર્ઘદ્રષ્ટિ જોઇ રાજાને પણ મનમાં ઘણો આનંદ થયો, અને અંતઃકરણમાં તેની તરફ વધુ સ્નેહ ભાવ ઉપજ્યો. કુલીને પોતાની સેનાની શું ગોઠવણ કરવી તે માટે થોડી વાર સુધી વીચાર કરીને પછી ચતુરને કહ્યુ "ચતુરસીંહ, તમે જઇને આપણી સેનાને ત્રણ ભાગમાં વહેંચી નાંખી બબ્બે હજાર સીપાઈઓને વીજયગઢની બંને બાજુએ દુશ્મનના આવવાના માર્ગ ા મુખટાપર રાખો, અને બાકીના સીપાઈઓને દસ ભાગમાં વહેંચી નાંખી દરેક ટુકડીને પાંચ પાંચ કોસને અંતરે જંગલમાં આમ તેમ રહેવાની અજ્ઞા કરો, તેમજ દુશ્મનોની હીલચાલપર બારીક નજર રાખવા જાસુસોને પણ રવાના કરો." ચતુર આજ્ઞા મૂજબ વ્યવસ્થા કરવાને તરતજ વીદાય થયો. આ બંદોબસ્ત કરવામાં કુલીનની ચાલાકી જોઇને રાજા તો છક થઈ ગયો, અને ઉત્સાહમાં આવી તેણે દીવાનને આજ્ઞા કરતાં કહ્યુ "દીવાનજી, આપણી સેનામાં ઢંઢેરો ફેરવી ખબર કરો કે કાલે કવાયદ છે માટે દરેક સૈનીકે સજ થઈ મેદાનમાં હાજર થવું." ધવલરાયે તે મૂજબનો હુકમ સેનાપતીપર મોકલી આપ્યો, એટલામાં રાજા રામસીંહના જાસુસોએ દરબારમાં આવી નમન કરીને જણાવ્યું "મહારાજ, આજ્ઞાનુસાર શેવકો દુશ્મનોની હીલચાલ તપાસવા વીજયગઢ ગયા હતા, અને રાજા બલદેવસીંહ પોતાની ત્રીસ હજાર સીપાઇઓની સેના સહીત આપણા નગરપર ચઢી આવે છે, એ ખબર મળતાં આપ શીરછત્રને તે નીવેદન કરવાને આવ્યા છીએ. મહારાજ બે ત્રણ દીવસમાં દુશ્મનનું લશ્કર ઘણું સમીપ આવી પહોંચશે." આ ખબર સાંભળતા રાજાએ કુલીન તરફ આતુરતાથી જોયું. કુમાર તેનાં મનનો ભાવ જાણી જતાં બોલ્યો "કંઇ ચીંતા નહીં! આપણે કંઈ નીંદ્રાવશ પડયા નથી. દુશ્મનની સામે થવાને પૂરતા જાગ્રૃત છઇએ. જાસુસોને ફરી દુશ્મનની હીલચાલ

તપાસવા રવાને કરો." કુલીનની સલાહ મુજબ રાજાએ જાસુસોને વીદાય કીધા. ઠરાવ મૂજબ બીજે દીને રાજા રામસીંહ કુમાર સહીત હાથીપર સ્વાર થઇને લશ્કરની કવાયદ જોવાને પધાર્યો. દીવાન ધવલરાયે જોકે સેનામાંથી જેમ બને તેમ મુસલમાન સીપાઈઓની સંખ્યા ઘટાડી નાંખી હતી, તોપણ આ સમયે હજી એક હજાર મુસલમાન સીપાઈઓ રહ્યા હતા. સામટી રીતે જોતાં લશ્કરની કવાયદ જોઈને કુમાર પ્રસન્ન થયો, પરંતુ મુસલમાનોની રીતભાત જોઇ તેમની નીમકહલાલી વિષે તેના મનમાં શંકા ઉત્પન્ન થઈ, અને તે કંઈક કચવાયો હોય તેવો જણાયો. તેની મુખમુદ્રાના ભાવપરથી રાજા તરત સમજી ગયો, એટલે તેણે કુમારને ધીમેથી પૂછ્યું "કુમાર, તમારી ઇચ્છા હોય તો એ નીમકહરામોને આજેજ નોકરીએથી બરતરફ કરીએ?"

"નહીં નહી! એમ કરવાથી આપણનેજ ગેરલાભ છે!", ઉંડો વીચાર કરીને કુમારે જવાબ આપ્યો "આપણે આજે એમને રજા આપીશું તો તેઓ સઘળા દુશ્મનને મળી જઈ આપણી સામેજ આવશે, અને આપણા સઘળા છૂપા ભેદોથી જાણીતા હોવાથી દુશ્મનોને તે બતાવશે!"

"ત્યારે એમની બાબતમાં શો માર્ગ લઇશું?" રાજાએ કુલીનને આતુરતાની પૂછ્યું.

"અગાઉથીજ દુશ્મનની સેનાને આગળ વધતી અટકાવવા માટે એ મુસલમાન પલટણને મોકલવી જોઇએ, અને તેઓ કોઇ પ્રકારની નીમકહરામી અથવા સેવા બજાવવામાં ગફલતી ન કરે તે માટે અમારી થોડીક સેના અને તોપખાનું તેમની પાછળ રાખીએ, એટલે કદાચ જો તેઓ નીમકહરામી કરે અથવા નહાસવાનો વીચાર કરે, તો પાછળથી તોપનો મારો ચલાવીને તેઓ સઘળાનો નાશ કરવામાં આવશે, એવા ભયથી એક વખત તો ખુબ લડશે, કેમકે તોપના મારાથી એમને એમ મરવા કરતાં લડીને મરવાનું તેમને ઠીક લાગશે." આ વીચાર ધવલરાય અને રાજાને ઘણોજ વાજબી લાગ્યો, અને કુમારની કાર્યદક્ષતા માટે તે મનમાં આનંદ પામ્યો. કવાયદ જોઇને પાછા ફરતાં કુલીને શીકારે જવાની પોતાની ઈચ્છા જણાવી, અને રાજાની આજ્ઞા લઈ ઘોડેસ્વાર થઇ શીકાર કરવાને જંગલમાં ગયો, જેની સાથે રાજા

ની આજ્ઞાથી સ્વારો પણ ગયા, અને રાજા મહેલે પાછો ફર્યો.

જંગલમાં જઇ કુલીને બે સાબરનો શીકાર કર્યો, અને કોઇ મ્હોટા શીકારની શોધમાં ફરવા લાગ્યો, એટલામાં સામેથી ચતુર આવી પહોંચ્યો, તેને જોતાં કુમારે પૂછ્યું "કેમ ભાઈ, સેનાનો સઘળો બંદોબસ્ત કીધો ?"

"અરે, આજને આજ કંઇ થઇ જાય છે ? કુમાર, તમે તો મહારાજ છો ! આવતી કાલે તમામ બંદોબસ્ત થઇ જશે !" ચતુરે હસીને જણાવ્યું "આ સમય એવો વીચાર થયો કે જે ગુફામાં મહમદ અને ભૈરવનાથને કેદ કીધા છે ત્યાં જરા ફરીને તપાસ કરી આવું, અને તે તરફજ જતો હતો, એટલામાં તમે મળી ગયા ! તમારી પણ ઇચ્છા હોય તો ચાલો !"

"ચાલો, જરા સહેલ કરી આવીશું ! અને શીકાર પણ શોધીશું !" કુમારે જવાબ આપ્યો, અને પહાડી ગુફા તરફ પોતાનો ઘોડો ફેરવ્યો, અને પોતાની સાથેના સ્વારોને નગરમાં પાછા ફરવાની આજ્ઞા કરી. ચતુર અને કુલીન ત્યાંથી જંગલમાં ચાલ્યા. પહાડી ગુફા સમીપ જઇ પહોંચતાં કુમાર અને ચતુર તેમાં દાખલ થયા, અને તે વટાવી પેલા સીંહના મુખવાળા દરવાજા સમીપ આવી પહોંચ્યા. તરતજ કુમાર ઘોડા પરથી ઉતરી પડયો, એટલે ચતુરે ઘોડાને ત્યાં એક વૃક્ષ નીચે બાંધ્યો, અને કુમાર પાસે આવી હસીને કહ્યું "વારૂં, કુમાર, હવે તમે આ દ્વાર ઉઘાડી શકો છો કે નહી ?"

"શા માટે નહી ?" કુમારે હસીને જવાબ આપ્યો, અને દરવાજા સમીપ જઈને સીંહના મુખમાંથી તરતજ જીભ ખેંચી કહાડી દરવાજો ઉઘાડયો.

"ત્યારે તમે હજી ભૂલ્યા નથી હો ં !" ચતુર હસીને બોલ્યો. પછી બંને જણ અંદર દાખલ થયા. ફરતા ફરતા તેઓ ઝરાના કીનારા આગળ આવી પહોંચ્યા. ત્યાં એક તરફ એક ઝાડ નીચે મહમદ અને ભૈરવનાથ વાતચીત કરતા બેઠા હતા. કુમારને જોતાંજ તેઓ ઉભા થયા, અને નમન કર્યું, ને મહમદે કહ્યું "જહાંપનાહ, હવે તો અમ ગરીબોની કસુર ક્ષમા કરવી જોઈએ !"

"જોઇશું !" કુમારે જણાવ્યું, અને ચતુર સહીત ત્યાંથી ચાલ્યો ગયો. તે રમણીક સ્થાનમાં તેઓ ઘણી વાર સુધી ફર્યા, અને ફળ ફળાદી ખાઈ ખુબ સહેલ કીધા પછી ચતુરે કહ્યુ "કુમાર, ચાલો હવે આપણે નગર તરફ જઈએ કેમકે, બહુ સમય થઇ ગયો છે." કુમાર પણ જવાને તૈયાર થયો, અને તેઓ બહાર આવ્યા. દરવાજાની બહાર નીકળ્યા પછી ચતુરે કહ્યું "કુમાર, દ્વાર ફરી તમેજ બંધ કરો જોઉં ?"

"ભલે અમેજ બંધ કરીએ છીએ !" આમ કહેતાં કુમારે સીંહની જેમ પાછી અંદર હડસેલી દઇ દરવાજો બંધ કરી દીધો, અને તેઓ ઘોડેસ્વાર થઈ શેરગઢ તરફ વળ્યા. શેરગઢથી થોડેક દૂર રહેતાં ચતુર બોલ્યો "કુમાર, હવે તમે નગરમાં સીધાવો ! હું લશ્કરની તપાસ કરીને થોડી વારમાં આવું છું !"

"બહુ સારૂં !" એમ કહી કુમાર નગર તરફ વળ્યો, એટલે ચતુર બીજી તરફ જંગલમાં ચાલ્યો ગયો. કુમાર રાજમહેલમાં આવી પોતાના ઓરડામાં વીચાર કરતો બેઠો. રાત્રીના નવેક વાગ્યાને સુમારે ચતુર ત્યાં આવ્યો એટલે કુમારે તેને પૂછ્યું "કેમ કેવી ખબર છે ?"

"તમારી આજ્ઞા મૂજબ સર્વ ગોઠવણ પૂર્ણ થઈ છે !" ચતુરે કહ્યું "કુમાર, આજ તો તમારી પાસેથી પ્રભાતે ગયો ત્યારથી એક ઘડીભરની પણ ફુરસદ નથી, એટલે તમારી પાસે આખા દીનમાં આવી શક્યો નહીં ! ખરેખર, આજ તો હું બહુ થાકી ગયો છું." આ સાંભળી કુમાર મ્હોટેથી હસી પડયો, અને બોલી ઉઠયો "ચતુર, તું શું બોલે છે ? બે પ્રહર સુધી તો સંધ્યાકાળે આપણે સાથે હતા છતાં તું કહે છે કે આપણો મીલાપ થયો નહી, એ શું ?" ચતુર ચમકયો, અને તેણે અજાયબી સહીત પૂછ્યુ "કુમાર, તમે શું કહો છો ?"

"હજી, શું કહુ છું ? વાહ !" કહીને હસીને પૂછ્યું "મહમદ અને ભૈરવ બંનેને કેદ કીધા છે, એ પહાડી ગુફામાં આપણે સાથે ફરી આવ્યા તે ભૂલી ગયો ?" હવે ચતુરના ચહેરાનો રંગ એકાએક બદલાઈ ગયો, અને તે અજાયબીમાં એક ટસે કુમાર તરફ જોઈ રહ્યો. ચતુરની આ હાલત જોઇ કુમારને પણ અજાયબી લાગી. થોડી વાર ચુપ રહી ચતુરે ધીમેથી કુમારને પૂછ્યું

"વારૂં કુમાર, તમે જણાવો છો કે આપણે ગુફામાં સાથે ફરી આવ્યા ત્યારે કહો જોઊં, હું તમને કયાં મળ્યો હતો, અને કેટલી વાર સુધી તમારી સાથે રહ્યો હતો, તેમજ કયારે છૂટો પડયો હતો ?" કુમારે સઘળી હકીકત સવીસ્તર કહી સંભળાવી, એટલે ચતુર નીરાશ થઈ બોલી ઉઠયો "કુમાર, તમે સઘળી મહેનતપર પાણી ફેરવી દીધું ! બસ, કેદીઓ નહાસી ગયા ! અરે, મહમદ અને ભૈરવનાથ છૂટા થયા તેની તો કંઇ ચીંતા નથી પરંતુ ગુફાના દ્વારનો છૂપો ભેદ દુશ્મનોએ જાણ્યો એ દીલગીરી ભરેલું છે."

"શું કહે છે તે સમજાતું નથી !" કુલીન વીમાસણમાં પડયો.

"એમજ સમજી શકતા હોત તો આવી થાપ કેમ ખાત ! હજી ન સમજયા તો જુઓ હવે સમજાવું છું કે બલદેવસીંહના અઈયારોએ મારૂં સ્વરૂપ ધારણ કરીને તમને ગફલતીમાં નાંખી ગુફાના દરવાજાનો ભેદ જાણી લીધો."

"ત્યારે ખરેખર, તું નહોતો હેં ભાઇ ?" કુલીને અધીરાઈથી પૂછયું "ત્યારે કોણ હતો ?"

"હું ધારૂં છું કે તે કામ બદ્રીનાથનુંજ હોવું જોઇએ !" ચતુરે વીચાર કરીને જણાવ્યું "બીજાની એટલી બધી હીંમત ચાલેજ નહીં ! શાંતીનાથ જોશીએ રમલના ઇલમથી તેને તે સ્થાનની નીશાની આપી હશે. બદ્રીનાથ શીવાય બીજા કોઈ અઇયારથી એટલી બધી ચલાકી વાપરી શકાય તેમ નથી, કેમકે સઘળા અઇયારોને હું સારી પેઠે ઓળખું છું." કુમાર સ્તબ્ધ થઇ ગયો, અને પોતાની થયલી ભૂલ માટે મનમાં પસ્તાવા લાગ્યો. તેને ઉદાસ થયલો જોઈ ચતુરે ધીરજ આપવા કહ્યું "કુમાર, જે થનાર હતું તે બન્યું ! જો કે કેદીઓ તો જરૂર નહાસી ગયા હશે તો પણ હું આ સમયેજ ત્યાં જઈને દરવાજાની બીજી ચાવીનો બંદોબસ્ત કરૂં છું કેમકે, એ દરવાજો બંધ કરવાની બીજી પણ યુક્તિ છે, જે વધુ મજબૂત છે, પણ તે ઉઘાડવામાં અને બંધ કરવામાં બહુ વખત અને મહેનત પડે છે તેથી તેનો ઉપયોગ કરતો નહોતો, પણ હવે તે રીતેજ દરવાજો બંધ કરવો પડશે."

"તે યુક્તિ અમને કયારે બતાવીશ ?" કુમારે હસીને પૂછયું.

"હવે તમને બતાવું ? કરેલી મહેનતપર પાણી ફેરવવા માટે કે ?" ચતુર બોલ્યો "હવે જયારે વીજયગઢ જીતીને કબજે કરી

ત્યારેજ તમને બતાવીશ." પછી ચતુર પહાડી ગુફા તરફ રવાને થયો, અને પ્રભાત થતાં પહેલા તો શેરગઢ પાછો ફર્યો. પ્રભાત ના તે પાછો કુમારને મળવાને ગયો એટલે કુલીને આતુરતાથી પૂછ્યું "કેમ ભાઇ, ગુફાના શા સમાચાર છે?"

"બસ, કેદીઓ તો નહાસી ગયા છે, પણ હવે દ્વાર બરોબર બંધ કરી આવ્યો છું!" ચતુરે જવાબ આપ્યો. દરબારનો સમય થતાં કુમાર અને ચતુર સજ થઇને દરબારમાં ગયા, અને રાજાને નમન કરી પોતપોતાને આસને બેઠા, એટલામાં જાસુસોએ આવી ખબર આપી કે, રાજા બલદેવસીંહનું લશ્કર ઘણું આગળ વધી આવ્યું છે, અને શેરગઢથી ફક્ત દસ કોસને છેટે આવેલા સ્થાનમાં પડાવ નાંખી પડયું છે. આ સાંભળતાં રાજાએ કુમારની શી ઈચ્છા છે તે જાણવા તેની તરફ જોયું, એટલે કુમારે જણાવ્યું "મહારાજ, દુશ્મનોને આગળ વધતા અટકાવવાને મુસલમાન સીપાઈઓની પલટણને હવે મોકલવાની જરૂર છે!" રાજાએ તે મૂજબ મુસલમાન લશ્કર રવાને કરવાની દીવાનને આજ્ઞા કરી, એટલે કુમારે ચતુરને પોતાની પાસે બોલાવી કહ્યું "એ પલટણની પાછળ આપણા તોપખાનાને પણ મોકલો!" આટલું કહી ધીમેથી તેના કાનમાં જણાવ્યું "અને તેમને સમજાવી રાખજે કે જો એ પલટણના માણસોની નીમકહરામી જણાય અથવા તેઓ દુશ્મનોથી ડરીને પાછા હઠવાના ચીન્હ જણાય તો કોઈને પણ જીવતો નહાસવા દેવો નહી!" ચતુર આજ્ઞા મૂજબ બંદોબસ્ત કરવા દીવાન ધવલરાય સાથે વીદાય થયો, અને દરબાર બરખાસ્ત કરી રાજા કુમાર સહીત મહેલે પધાર્યો. કાન્તાકુંવરીને મળવાને આજે પણ કુમારે ઘણા ફાંફા માર્યા, પણ તેણીને તે જોઇ શકયો નહી. કાન્તાએ તો પોતાના વહાલાને સંતાઈને નીરખી પોતાનું મન તૃપ્ત કર્યું હતું.

પ્રકરણ ૨૩ મું.

કાન્તા અને ચકોરીનાં ખુન!

સંધ્યાકાળનો સમય વીતી જઇ રાત્રીદેવીની મુસાફરી શરૂ થઈ ચુકી હતી. કૃષ્ણપક્ષના દીવસો હોવાથી નભમંડળમાં હજી

ચંદ્રનો પ્રકાશ જણાતો નહોતો, તોપણ નક્ષત્રો અને તારાઓ રાત્રીને પ્રફુલ્લીત કરવાને પોતાનાથી બનતો પ્રયાસ કરી રહ્યા હતા. રાજા રામસીંહ કુલીનકુમાર સંગે મહેલની અટારીમાં બેસી લડાઇ સંબંધી વાતચીત કરતો હતો. થોડી વારમાં દીવાન ધવલરાય અને ચતુર પણ ત્યાં આવી પહોંચ્યાં, જેમને રાજાએ પૂછ્યું, "કેમ સર્વ બંદોબસ્ત થયો ?"

"હા મહારાજ !" ચતુરે નમન કરીને જવાબ આપ્યો. પછી તેઓ લડાઇ સંબંધી વાતચીત અને સલાહ કરતા બેઠા, જેમ કરતાં અર્ધ રાત્રી વીતી ગઈ, તેનું પણ તેમને ભાન રહ્યું નહી. હજી તેઓ વીચાર કરતા બેઠા હતા એટલામાં એકાએક કેટલાક ચોપદારો હાંફતા હાંફતા દોડી આવ્યા, ને ગભરાયલે અવાજે બોલી ઉઠયા "મહારાજ, કુંવરીબાના મહેલના પાછલા ભાગમાંથી થોડાક માણસો ઉતરીને નહાસી ગયા, જેમને દુશ્મન જાણીને પહોરેગીરોએ તેમનાપર તીરોનો મારો ચલાવ્યો, પરંતુ જખમી થવા છતાં પણ તેઓ સઘળા નહાસી ગયા છે." આ ખબર સાંભળી સઘળા અજાયબ થઇ એક બીજા સામે એક ટસે જોઈ રહ્યા. થોડી વારમાં મહેલ તરફથી કોઈનાં રૂદનનો અવાજ સંભળાયો, એટલે સઘળાઓનું લક્ષ તે તરફ ખેંચાયું. દરેક ક્ષણ જતાં રૂદનનો અવાજ મ્હોટેથી સંભળાવા લાગ્યો, અને આખા રાજમહેલમાં કોલાહલ મચી રહ્યો. આ સઘળું શું છે, તેની તપાસ કરવાને રાજા ચોપદારને આજ્ઞા કરે, એટલામાં કેટલીક દાસીઓ રડતી કકળતી અને કપાળ અને છાતી કુટતી દોડતી ત્યાં આવી અને અચકાતાં અચકાતાં જણાવ્યું કે "કાન્તાકુંવરી અને ચકોરીનાં ખુન કરી તેમનાં મસ્તક લઇ કોઇ નહાસી ગયા છે !" રાજા, કુમાર અને દીવાનના અંતઃકરણમાં આ ભયંકર ખબર તીર સમાન પીડાકારી થઈ પડી. એક મ્હોટી હાય નાંખી રાજા બેહોશ થઇ ધરણીપર ઢળી પડયો. કુલીનની હાલત પણ તેવીજ થઈ. દીવાન ધવલરાયની આંખોમાંથી આંસુની ધારાજ વહી રહી હતી, અને ચતુર તો જાણે પાષાણની મૂર્ત્તિ હોય તેમ દીગમૂઢ સરખો બેસીજ રહ્યો. તેની આંખોમાંથી આસુનું એક ટીંપું પણ નીકળતું નહોતું. થોડી વારે રાજા શુદ્ધિમાં આવતાં કુમારને ભેટી પડયો. કુમાર પણ અસીમ શોકના ભાર તળે દબાયલો જમીનપર આળોટતો રૂદન કરતો હતો. રાજાએ

તેને પોતાની છાતી સાથે ચાંપ્યો, અને બંને બહાવરા સરખા કુંવરીના મહેલ તરફ દોડયા. કુંવરીના મહેલમાં હાહાકાર વર્તિ રહ્યો હતો. રાણી મસ્તક વીનાના પડેલા કાન્તાના ધડપર માથુ મૂકી પછાડા મારતી છાતીફાટ રૂદન કરતી હતી, અને અથડાતાં કુટાતાં તેના માથામાં લાગવાથી લોહી વહી રહ્યું હતું તેનું પણ તેણીને ભાન રહ્યું નહોતું. રાજા પણ તે ઓરડામાં જતાં ત્યાંનો ભયંકર દેખાવ જોઈ એક મ્હોટી હાય મારી કુંવરીની લાશપર પડયો. કુમાર તો ઓરડામાં જઇ શકયો પણ નહીં. દ્વારમાં પગ મૂકતાંજ તેને મૂર્છા આવી જવાથી તે ત્યાંજ પડયો. તેના ચહેરા પર એકાએક ફીકાશ છવાઈ ગઇ, અને તે શબવત્ પડી રહ્યો. તે ઓરડામાં થોડે થોડે છેટે કાન્તા અને ચકોરીના મસ્તક વીનાના ધડ પડયાં હતાં. આખા ઓરડામાં લોહીની નદી વહી રહી હતી. દાસ દાસીઓ પણ અનહદ શોકના સાગરમાં ડુબેલાં હૃદયભેદક રૂદન કરી રહ્યાં હતાં, કોઇને પોતાની સ્થીતિનું ભાન રહ્યું નહોતું. રાણી અને રાજાનું કલ્પાંત અવર્ણનિય હતું.

"હાય ! પુત્રી, વહાલી ! તું આ તારી વહાલી માતાને છોડીને કયાં ચાલી ગઇ !" રાણી રૂદન કરવા લાગી "તારા સકોમળ કંઠપર કયા પાપીએ તલવાર ચલાવી ! અરેરે ! હવે અમારે જીવીને શું કરવું છે !"–"હાય, પાપી કપટ, હવે તારા અંતઃકરણમાં શીતળતા થઈ ! બલદેવસીંહની ધારણ પાર પડી ! જાઓ ! બલદેવસીંહને કહો, ભલે આવી શેરગઢની રાજ્ય ગાદી ભોગવે ! !" રાજા કલ્પાંત કરતો બોલી ઉઠયો "અમે તો અમારી વહાલી કુંવરી સાથે જઇશું !" એટલામાં રાજાની નજર એકાએક દરવાજા તરફ ફરતાં કુલીનને ત્યાં પડેલો જોયો. તેના માથામાંથી લોહીની ધારા વહી રહી હતી. તરતજ ગભરાટમાં રાજા કુમાર પાસે દોડી જઈ તેને તપાસવા લાગ્યો. તેનો શ્વાસ રૂંધાઇ ગયો હતો. નાડી તપાસી તો તેના ધબકારા પણ જણાતા નહોતા. ગભરાઇને નાકપર હાથ રાખ્યો તો ત્યાં પણ શીતળતા પ્રસરી રહી હતી. આથી રાજાને જાણે વીજળીનો એક જબરો આંચકો લાગ્યો હોય તેમ તે મ્હોટેથી ચીસ પાડી બોલી ઉઠયો–"હાય ! ગજબ, ગજબ ! આફતપર આફત ! અમારી સાથે કીર્તીપુરના રાજ્યની પણ પાયમાલી થઇ ! કુલીનકુમારને શેરગઢની ગાદી સોંપી સન્યસ્થ ગ્રહણ કરી વનવાસ ભોગવીશું

અરેરે ! ક્રુર વીધાતા ! એ પણ તને યોગ્ય ન લાગ્યું ! અરેરે ! કુમાર, તમે પણ આમ દગો કરવાને અત્રે આવ્યા હતા ! હાય ! કોઇ જાઓ ! ચતુરસીહ ક્યાં ગયા ! અરે ! કુમારને કોઈ ઉઠાડો ! રાજવૈદ્યને બોલાવો ! બસ, અમારે પણ અત્યારે આ સ્થળેજ પ્રાણ ત્યાગ કરવો પડશે ! અરેરે ! રાજા જગતસીંહની દેહ પણ આ સ્થાનેજ પડશે ! વીધી, આ શો કેર !" એટલામાં ચતુર પણ ગભરાયલો ત્યાં આવી પહોંચ્યો, અને કુમારને શબવત્ પડેલ જોઇ તેના હોંસ ઉડી ગયા. તેને શુદ્ધિમાં આણવાને તેણે અનેક ઉપચાર કર્યા પણ કુમારની મૂર્છા વળી નહીં. રાજવૈદ્યે પણ આવીને ઘણા ઉપચાર કર્યા, જે સઘળા વ્યર્થ જણાયા ! ચતુરના શોકનો હવે પાર રહ્યો નહીં ! કુંવરી અને ચકોરીના ખુનની ખબર આખા નગરમાં પ્રસરી ગઇ, અને તેથી તમામ પ્રજામાં પણ શોક વ્યાપી રહ્યો, અને માણસોનાં ટોળેટોળાં રૂદન કરતાં રાજમહેલની બહાર એકઠા થવા લાગ્યાં. વીલાપ કરીને રાણી તેમજ રાજાના હોંસ ઉડી ગયા હતા. તેઓ બહાવરા સરખા ઉડાં નિઃશ્વાસ નાંખતા કુંવરી અને કુમાર પાસે રૂદન કરતાં હતાં. ચતુર પણ કુમારનું મસ્તક ખોળામાં રાખી શોકમય હૃદયે તેને શુદ્ધિમાં આણવાનો પ્રયાસ કરી રહ્યો હતો. દાસીઓ પણ રૂદન કરતી ઉભી હતી. ચકોરીનાં શબ પાસે બેસી ચપળા પણ છાતીફાટ વીલાપ કરી બેસી રહી હતી, એટલામાં એક મ્હોટો અવાજ થયો, અને કાળ-ભૈરવ સરખા સ્વરૂપનો એક રાક્ષસી માણસ હાથમાં મ્હોટી ગદા લઈ મ્હોટી ચીસ પાડતો કુદતો કુદતો સર્વની વચમાં આવી ઉભો. અવાજની સાથે સઘળાની નજર તે તરફ ખેંચાઇ, અને તેને જોતાંજ સઘળા દીંગમૂઢ સરખા બની ગયા. સર્વને રડતાં જોઇ પહેલાં તો મ્હોટેથી તે હસ્યો, અને ચતુરતરફ જોઇ કેટલીક વાર સુધી દાંત કચકચાવીને પછી બોલી ઉઠયો—

"માયા મોહકમાં લુભાઇ, મીથ્યા શોક કરો શીદ ભાઇ ?
ચતુર શીરોમણી કરો વિચાર, મીઠી માયાનું એ કાર;
શોક કર્યામાં નહીં કંઈ સાર, ગુરૂ ઘંટાલ તણી છે વહાર."

આમ બોલી જે માર્ગે તે આવ્યો હતો, તે માર્ગે એક મ્હોટી ગર્જના કરી નાચતો કુદતો ચાલ્યો ગયો. તે ક્યાં ગયો તે જાણવાને તેની પાછળ જવાની કોઇની હીંમત ચાલી નહીં. તેનાં

ઉપલા વચનો સાંભળતાંજ ચતુર ચમકીને એકાએક કુમારનું મસ્તક એક તકીયાપર ટેકવી ઉભો થયો, અને કાન્તાના શબ પાસે આવી તેના શરીરપર હાથ ફેરવી જોયું. તરતજ તેના મુખપર છવાયલી ઉદાસીને બદલે કંઈ ઓરજ ભાવ પ્રગટી નીકળ્યો. ચતુરની હીલચાલ જોઈ સઘળા તેની તરફ આતુરતાથી તેમજ અજાયબી સહ જોઇ રહ્યાં.

પ્રકરણ ૨૪ મું.

ખુનનો ભેદ ખુલ્યો—લડાઇપર ચઢયા.

પેલો માણસ કોણ હતો ? કયાંથી આવ્યો ? શું કહી ગયો, અને પાછો ક્યાં ચાલ્યો ગયો ? એ સઘળું શોકના ભાર તળે દબાયલા રાજારાણી તેમજ સઘળા રાજશેવકો સમજી શકયાં નહોતાં, પણ કુંવરીના શબને તપાસીને ચતુરના મુખપર થયલો ફેરફાર જોઇને સઘળાઓ તેની તરફ અજાયબીસહ જોઇ રહ્યા, એટલામાં ચતુર હીંમતથી બોલી ઉઠયો "મહારાજ, શોક કરવાનું કંઈ કારણ નથી! મહારાણી કલ્પાંત ન કરો! કુંવરીબા અને ચકોરી બંને જીવતાં છે ! આ સર્વે અઘચારીનો ખેલ છે ! " ચતુરનાં આ શબ્દો સાંભળી સઘળા ચમકી ગયાં. હાહાકાર અને રૂદનને બદલે રાજમહેલમાં એકાએક ચુપકીદી પ્રસરી રહી. સઘળા ચતુરના મુખ તરફ જોઇ રહ્યાં. બહાવરી બનેલી રાણીના મૃત શરીરમાં જાણે ફરી જીવન આવ્યું હોય તેમ કાન્તાના શબ પાસેથી ઉઠી ચતુર પાસે દોડી જઈ તેણીએ અધીરાઈથી પૂછયું " હેં, મારી વહાલી કુંવરી જીવતી છે ! વહાલા પુત્ર, કયાં છે ?"

"ચતુરસીંહ, એ સઘળો ભેદ શો છે ? આ વિચીત્ર આકૃતીનો માણસ કોણ હતો અને એ શું કહી ગયો ? " સાવધ થઇને રાજાએ ચતુર પાસે આવી આતુરતાથી પૂછયું.

"મહારાજ, એ માણસ કોણ હતો તે તો મારા જાણવામાં આવ્યું નહીં, પરંતુ એટલી ભાળ મળી કે રાજા બલદેવસીંહના અઈયારો કુંવરીબા અને ચકોરીને હરી ગયા છે, અને આ બનાવટી લાશ અહીં મૂકી ગયા છે, જેથી આપણે તેમને મૃત્યુ પામેલ માની તેમની તપાસ ન કરીએ ! " રાણી ચતુર તરફ જોઈ રહી. રાજાએ હીંમત પકડી આતુરતાસહ પૂછ્યું "તમે કેમ જાણ્યું કે એ બનાવટી લાશો છે ? "

"આતો આપને પણ બનાવી ખાત્રી કરી આપું !" ચતુરે જણાવ્યું, અને તેઓ ચકોરીની લાશ પાસે આવ્યા. રાણી પણ લાશની પાસે બેસીને હાથ ફેરવીને હાથ પગ તપાસવા લાગી. ચતુરે પોતાની કમ્મરેથી ખંજર કહાડી ચકોરીની લાશમાંથી તેનો પગ કાપી લીધો અને રાજાને બતાવતાં કહ્યું "જુઓ, આ પગની અંદરના ભાગમાં જોઇ ખાત્રી કરો ! એમાં આપ મહારાજને માંસ યા એકે હાડકું જણાય છે ?" રાજાએ પગનો કાપેલો ભાગ હાથમાં લઈ બરોબર તપાસીને પછી જણાવ્યું "ખરેખર, આ બાનાવટીજ પગ છે !" ચતુરે એટલામાં કાન્તાકુંવરીની લાશ માંથી પણ તેવીજ રીતે પગનો થોડો ભાગ કાપીને બતાવ્યો, અને સઘળાઓની ખાત્રી કરી આપી કે તે પણ બનાવટીજ છે. હવે સઘળાઓએ જાણ્યું કે રાજા બલદેવસીંહના અઈયારોનુંજ એ કામ છે. રાજા તથા રાણીને હવે હીંમત આવી, અને રાજા બોલ્યો "કાન્તાકુંવરી અને ચકોરી હયાત છે, એટલી બીના ફકત સંતોષ પામવા સરખી છે, પરંતુ તેઓ દુશ્મનના પંજામાં સપડાઈ ગઇ છે, એ શું થોડી દીલગીરીની વાત છે !"

"મહારાજ, હવે કંઈ ચીંતા કરવા જેવું નથી ! જે બનનાર હતું તે બન્યું, પરંતુ હવે શોક કરશો નહીં ! તેઓ જીવતાં છે, તો શેવક તેમની પાતાળમાંથી પણ ભાળ મેળવી આવશે !" ચતુરે ધીરજ આપવા કહ્યું. ચતુરના આમ બહુ સમજાવવાથી રાજા તથા રાણી વગેરેને ધીરજ આવી, પણ કુલીનકુમાર હજી શુદ્ધિમાં આવ્યો નહોતો. હવે ફરી રાજાનું ધ્યાન તેની તરફ ખેંચાયું. ઘણા ઉપચારો કરવા છતાં પણ તેની મૂર્છા ન વળવાથી રાજા રાણી બહુ ગભરાયાં, ને રાજાએ નીરાશા સહ ચતુરને પૂછ્યું "હવે કુમારને માટે શો ઉપાય કરીશું ? શું અમારાપર ભાગ્ય દેવી રૂઠીજ છે !" આમ કહેતાં રાજાની આંખમાં ફરી ઝળઝળીયાં ભરાઈ આવ્યાં. રાણી પણ કુમારને બેભાન પડેલો જોઈ ફરી શોક કરવા લાગી. કુમારની જીંદગી માટે ચતુર પણ બહુ ગભરાયો, શું ઉપાય કરવો તેની મુંઝવણમાં પડયો. લાંબો વીચાર કર્યા પછી તેણે કહ્યું "કુમારને એમના ઓરડામાં શય્યાપર સુવરાવવા જોઇએ. ત્યાં એકાંતમાં એમને શુદ્ધિમાં આણવાનો ઉપાય કરીશ !" તરતજ રાજા પોતેજ કુમારને ઉપાડીને સુવરાવવાને તૈયાર થયો,

પરંતુ ચતુરે કુમારને પોતાના બે હાથપર બાળકની માફક સુવ- રાવી તેના ઓરડામાં લઇ જઈ શય્યાપર સુવરાવ્યો. ચતુર શું ઉપાય કરે છે તે જાણવાની જીજ્ઞાસાથી રાજા તથા રાણી પણ તેથી પાછળ ઓરડામાં ગયાં, પણ ચતુરે તેમને હાથ જોડીને કહ્યું "મહારાજ, આપ થોડા સમય માટે કૃપા કરી બહાર પધારશો કેમકે એ ઉપાય એકાંતમાં અજમાવવાની જરૂર છે. દાસની એ બેઅદબી ક્ષમા કરશો !"

"પુત્ર, એમાં બેઅદબી શું છે ! અમે તો એટલુંજ માંગીએ છીએ કે કુમારની મૂર્છા વળે અને એ હસતા રમતા બેઠા થાય !" રાણીએ કહ્યું, અને તે બીજા ઓરડામાં ચાલી ગઈ. રાજા પણ ઓરડાની બહાર જઇ ઉભો રહ્યો, એટલે ચતુરે તે ઓરડાના બારી બારણાં બંધ કરી દીધાં, અને બેભાન પડેલા કુમારની પાસે જઇ તેના કાનમાં બોલ્યો "કાન્તાકુંવરી હજી જીવતાંજ છે ! કુમાર, ઊઠો, ઊઠો ! નીંદ્રાવશ શું પડયા છો ? જુઓ, જુઓ ! રાજા બલદેવસીંહના અઈયારો કાન્તાકુંવરીને હરીને નહાસી જાય છે ! કુમાર દોડો, અને તેમના હાથમાંથી રાજ- કુંવરીને છોડવો, નહીંતો તેઓ લઇને નહાસી જશે ! આવીજ તમારી વીરતા કે ? હરી, હરી ! કાન્તાકુંવરીને દુશ્મનો હરી જાય અને તમે તેમને કંઇ કરીજ શકો નહીં !" આટલા શબ્દો કુમારના કાનમાં જતાંજ તે ગભરાઈને જાગી ઉઠી આસપાસ નજર ફેરવતાં બોલી ઉઠયો "કયાં છે કાન્તા ? કોણ હરીને નહાસી જાય છે ?" અને ચતુરને જોઇ બીછાનામાં બેઠો થઇ તેનો હાથ પકડી અધીરાઇસહ તેણે પૂછયું "કાન્તાકુવરી જીવતાં છે, અને તેણીને દુશ્મનો હરીને નહાસી જાય છે, એમ હમણાં કોણે કહ્યું ?"

"મેંજ કહ્યું કુમાર, અને તે સત્યજ છે !" ચતુરે જણા- વ્યું "રાજકુંવરી જીવતાંજ છે, પરંતુ દુશ્મન તેમને હરી ગયા છે, અને કુંવરી મરણ પામ્યા છે, એમ માની આપણે તેમની શોધ ન કરીએ તે માટે તેમને બદલે પેલી બનાવટી લાશો મહે લમાં મૂકીને લોહીને બદલે લાલ રંગ છાંટી ગયા છે !" હવે કુમાર શુદ્ધિમાં આવ્યો હતો, એટલે ચતુરનું કહેવું સાંભળી તે આંખમાં આંસુ આણી ગળગળો થઇ ચતુરને ખભે માથું મૂકી બોલ્યો "ભાઇ, અમને ભૂલાવામાં નાખવા સમજાવ નહીં ! હાય ! વ્હાલી સદાને માટે ગઈ ! હવે ફરી જીવતી કયાં નીહાળીશું !"

"કુમાર, મારા કહેવાપર વીશ્વાસ નથી! ચાલો, તમારી ખાત્રી કરી આપું!" ચતુરે જણાવ્યું "શોક શું કરો છો? હવે તો હીંમતનું કામ છે! જરા દ્રઢ થઇ ઉઠો! હુ તમને બધો ભેદ બતાવું!" કુલીનને કંઈક હીંમત આવી, અને તે ઉઠયો. ચતુરે ઓરડાનું દ્વાર ઉઘાડતાંજ રાજા આંખમાં આંસુ સહીત ત્યાં ઉભેલ જણાયો. ચતુરને જોતાંજ રાજાએ અધીરાઈ તેમજ આતુરતાસહ પૂછ્યું "કુમારની મૂર્છા વળી?"

"હા મહારાજ! આપ અંદર પધારી જુઓ!" ચતુરે જવાબ આપ્યો. રાજાએ ઓરડામાં પ્રવેશ કીધો, જેને જોતાંજ કુંવર સ્વસ્થ થઇ ઉભો થયો, એટલે તેને પોતાની છાતી સાથે દાબી પૂછ્યું "કુલીનસીંહ, કેમ છો?"

"ઠીક છે!" કુમારે જવાબ આપ્યો. રાણીએ કુમારની ખબર કહાડવાને દાસીને ત્યાં મોકલી હતી તેને ચતુરે કહ્યું "બેની લાશોમાંથી જે પગના ભાગો કાપ્યા છે તે લઈ આવ." દાસી દોડતી જઇને તે ટુકડા લઇ આવી, જે હાથમાં લઈ ચતુરે કુમારને બતાવતાં કહ્યું "જુઓ, આ બનાવટી છે કે નહીં? એમાં તમને માંસ યા હાડકું જણાય છે?" કુલીને તે હાથમાં લઈ બારીકીથી તપાસી જોયાં, અને તેની ખાત્રી થતાં તે બોલી ઉઠયો "ખરેખર! દુશ્મનોએ જબરી ચાલાકી કરી છે!"

"પણ કુમાર, હવે અમે પણ શું કરીએ છીએ તે જોશો! દુશ્મનોને અમારા હાથનો સ્વાદ ચખાડીશું!" ચતુર હીંમતથી બોલ્યો. રાજમહેલમાં મચેલો હાહાકાર તથા મહેલની આસપાસ પ્રજાની થયલી ભીડ સમતાં પ્રભાતનો સમય થઇ ગયો. રાજા કુલીન અને ચતુર સંગે વાત કરતો બેઠો હતો, એટલામાં દીવાન ધવલરાય ત્યાં આવી પહોંચ્યો, જેને જોતાં રાજાએ પૂછ્યું "દીવાનજી, તમે ક્યાં ગયા હતા?"

"મહારાજ કુંવરીબાના મહેલમાંથી ચોરો નહાસી જવાની તથા પાછળથી તેમના ખુન થયાની ખબર સાંભળી આપ શોકગ્રસ્ત થઇ અત્રે પધાર્યા એટલે પાપીઓને પકડવા માટે સીપાઇઓ સહીત હું ગયો હતો અને ઘણે દૂર સુધી તપાસ કરી, પરંતુ કોઇનો પત્તો લાગ્યો નહીં!" ધવલરાયે હાથ જોડીને જવાબ આપ્યો, અને પછી ત્યાં ઉભા રહેલા દાસદાસીઓને જવાની

આજ્ઞા કરી. એકાંત થતાં તેણે ચતુરને પૂછ્યું "કુંવરીબાની લાશ તો બનાવટીજ નીકળી?" ચતુરે સઘળી હકીકત જણાવી એટલે ધવલરાયે કહ્યું "વળી દુશ્મનોએ બીજું તોફાન મચાવ્યું છે તે આપના જાણવામાં નહી આવ્યું હોય? કુંવરીબાના ખુનની ખબર ફેલાતાં સઘળા રાજશેવકો શોક કરતાં મહેલ તરફ દોડી આવ્યા, એ તકનો લાભ લઈ કેદખાનામાં દુશ્મનના અઇયારો ને કેદ કીધા હતા ત્યાં પહેરાપર બે સીપાઈઓ રહેવાથી દુશ્મનોએ તેમનાપર હલ્લો કરી તેમને જખમી કીધા, અને કેદખાનાનો દરવાજો ઉઘાડી તેઓ કેદી અઈયારોને નહસાડી ગયા છે!"

"હવે તો દુશ્મનનો એક પણ અઈયાર આપણા પંજામાં રહ્યો નહી! અને સાથે કાન્તાકુંવરી અને ચકોરીને પણ હરી ગયા, એ મોટો અનર્થ થયો! બસ, હવે અમારાથી નીરાંતે બેસી શકાય તેમ નથી! બસ, અમે આજેજ સેના સહીત દુશ્મનની સામે જઇ આનું વૈર વાળીશું!" રાજા ગુસ્સામાં ગાજી ઉઠયો, એટલામાં ચોપદારે આવી નમન કરી જણાવ્યું "મહારાજ, લડાઇના સમાચાર લઇને આપણો એક જાસુસ દ્વારપર આવ્યો છે." રાજાની આજ્ઞાથી જાસુસ હાજર થયો, અને તેણે જણાવ્યું "દુશ્મનોને આગળ વધતા અટકાવવા માટે મહારાજ તરફથી વીદાય કરવામાં આવેલી પલટણ દુશ્મનની સેના ચાર કોસ આગળ વધી આવી ત્યારે તેની સામે જઈ પહોંચી હતી. લડાઇ શરૂ થતાં મુસલમાનો નહાસવા લાગ્યા, જે જોઈને તોપખાનાએ પાછળથી મારો શરૂ કર્યો, જેમાં મુસલમાનોનો પોણો ભાગ માર્યો ગયો. બાકીના સીપાઇઓ નહાસી ન શકવાથી ખૂબ લડયા, અને તેઓ એટલા જીવપર આવી ગયા હતા કે તેમણે દુશ્મનની સેનાના લગભગ હજાર સીપાઈઓનો ઘાણ કહાડી નાખ્યો, પરંતુ મુસલમાન સીપાઈઓ પણ ઘણા ખરા માર્યા ગયા છે, માટે જો હવે લશ્કરની મદદ મોકલવામાં નહીં આવશે તો તોપખાનાવાળાઓ દુશ્મન સેના સામે ઝાઝી વાર ટકી શકશે નહીં!" આ ખબર સાંભળી કુમારે ઉત્સાહમાં આવી દીવાન ધવલરાયને આજ્ઞા કરી— "પાંચ હજાર સીપાઇઓને મદદ માટે સત્વર રવાને કરો, અને અમારા તંબુ માટે પણ ત્યાં બંદોબસ્ત કરો! બે પ્રહર વીતતાં

અમે પણ તે તરફ વીદાય થઇશું !" દીવાન આજ્ઞા મૂજબ લશ્કર રવાને કરવા ત્યાંથી વીદાય થયો.

"અમે પણ રણભૂમીમાં તમારી સાથે આવીશું ! અને દુશ્મનપર વૈર વાળી અમારી તલવાર તૃપ્ત કરીશું !" રાજા ગુસ્સામાં બોલ્યો.

"મહારાજ, એટલી બધી ઉતાવળ કરવાની શી જરૂર છે !" કુલીને બોલ્યું "આપ અત્રે રહી નગર અને રાજ્યની સંભાળ રાખો ! આપને તસદી લેવાની કશી જરૂર નથી !" રાજાએ લડાઇપર જવાની પોતાની ઇચ્છા જણાવી, પરંતુ કુલીન અને ચતુરના આગ્રહથી આખરે તરતને માટે તે વીચાર મુલતવી રાખવો પડયો. પછી રાજા, કુમાર અને ચતુર સ્નાન સંધ્યા વગેરે કરવાને ઉઠયા. ચતુરે ઉતાવળે તૈયાર થઈ જઇ એક ડાંડીયાને બોલાવી તેને આખા નગરમાં એવો ઢંઢેરો ફેરવવાની આજ્ઞા કરી કે, "દન્તારવીરની જેને સાધના હોય તેણે ચતુરસીંહને આવીને મળવું." આજ્ઞા મૂજબ ડાંડીયાએ ઢંઢેરો ફેરવ્યો, જેનો ભેદ નસમજવાથી સઘળા અજાયબ થયા. દરબારમાં કુમાર અને ચતુર નીયમસર હાજર થયા. આજે દરબારમાં સઘળાના મુખ ઉપર ઉદાસી છવાઈ રહી હતી. કુમાર લડાઇપર જવાની રાજાની આજ્ઞા લઇ ચતુર સહીત વીદાય થયો. રાજાનું ચીત્ત પણ અસ્વસ્થ હોવાથી અગત્યનાં કામો બજાવી દરબાર બરખારત કરી તે મહેલમાં સીધાર્યા. કાન્તા અને ચકોરી જીવતી છે, તે જાણી રાણીને કંઇક ધીરજ આવી હતી પરંતુ તેઓ કયાં છે, કેવી હાલતમાં છે ? સુખી હશે કે સંકટમાં પડી હશે ? એ સઘળા વીચારોમાં રાણી તેમજ તમામ દાસદાસીઓ ઉદાસ હતાં. સર્વની આંખોમાંથી હજી આંસુ સુકાયાં નહોતાં. કોઇને ભુખ તરસનું ભાન રહ્યું નહોતું. સર્વનું મન કાન્તાકુંવરી સંબંધી વીચારોમાં પરોવાયું હતું. રાજા મહેલમાં જતાં રાણીએ ગળગળે અવાજે પૂછ્યું "નાથ, કુંવરીની શોધ કરવાને કાંઇ તજવીજ કરી ?"

"હા દેવી ! ચતુરસીંહ પોતે તેમની શોધ કરવાને જાય છે ! કુલીનકુમાર પણ લઢાઈપર જવાને હમણાંજ અમારી પાસેથી વીદાય થયા છે ! હવે શું થાય છે તે જોઈએ !"

"ઈશ્વર સહાય થાઓ, અને કુમાર વીજય મેળવી રણભૂમીમાં યશ મેળવો !" રાણી બોલી.

પ્રકરણ ૨૫ મું.

શુભ સુકન—ફત્તેહ.

સંધ્યાકાળનો સમય હતો. લડાઇના મેદાનમાં કુલીનકુમાર, ચતુર અને ફત્તેહસીંહ સેનાપતી કુમારના તંબુ આગળ વાતચીત કરતાં બેઠા હતા. તેમની પૂર્વ તરફ ઘણાક તંબુઓ અર્ધ ચંદ્રાકારમાં જણુતા હતા. મ્હોટા મ્હોટા શમીયાનામાં તોપો ગોઠવેલી પડી હતી. દક્ષિણ તરફના શમીયાનામાં ઘોડાઓ ખોંખારા મારી રહ્યા હતા, તેથી થોડે દૂરના તંબુઓમાં મદોન્મત્ત હાથીઓ સાંકળે સીકડીને બાંધેલા બેઠા જણાતા હતા. પશ્ચિમ તરફ દુંદુભી વાળાઓ, જાસુસ, સુરંગ ખોદનારાઓ અને ખોરાક વગેરેના તંબુઓ હતા. સીપાઇઓ આમ તેમ બેઠા બેઠા પોતાના હથીયાર સજ કરતા હતા. ટુંકમાં કુલીનના લશ્કરના પડેલા પડાવનો દેખાવ ચીત્તાકર્ષક દીસતો હતો. કુમારે ફત્તેહસીંહને પૂછ્યું "અમે ધારીએ છીએ કે આવતી કાલે પ્રભાત સુધીમાં આપણો પડાવ દુશ્મનોની સમીપ લડાઇના મેદાનમાં પડશે ?"

"હા, શીરછત્ર !" ફત્તેહસીંહે જવાબ આપ્યો "પ્રભાત થતાં સુધીમાં સઘળો સરંજામ તૈયાર થઇ જશે. ! મધરાત પછી જ આપણી સેના અત્રેથી કુચ કરી જશે, એટલે પ્રહર દીન ચહડતાં પહેલાં ત્યાં પહોંચી જઈશું !" આમ વાતચીત ચાલી રહી હતી, એટલામાં સામેથી વીજય આવતો જણાયો. સમીપ આવીને વીજયે કુમાર અને ચતુરનું નમન કર્યું. તેને જોતાંજ કુમાર ઘણો રાજી થયો, અને ચતુરે પણ તેને પોતાની છાતી સાથે સ્નેહથી ચાંપ્યો.

"કેમ વીજય, તેં અત્રે આવીને શું કામ કર્યું ?" કુમારે પૂછ્યું.

"કુમાર, વીજયે શું શું કામ બજાવી છે, તે આપને હું કહું છું !" ચતુરે હસીને ભાખ્યું "જુઓ પ્રથમ તો જ્યારે આપણે કાન્તાકુંવરીના બાગમાં બેઠા હતા ત્યારે પેલા ભુત સરખા માણસે આપણને શત્રુના આવવાની ચેતવણી આપી હતી, અને તેથી હું તમને બાગમાંથી બહાર લઈ ગયો હતો, તે ભુતનું સ્વરૂપ ધારણ કરનાર ભાઈ વીજયજ હતો. એ પછી કીર્ત્તિપુર આવીને કપટ વીજયગઢ જવાની અને ત્યાંથી અઈયારો સહીત શેરગઢ આવવાની

ખબર સાધુના વેષમાં ભજન ગાઇને એણેજ આપણને આપી હતી. સર્વથી છેલ્લે જયારે કાન્તાકુંવરીના ખુનથી રાજમહેલમાં કોલાહલ મચી રહ્યો હતો, અને આપ બેહોશ થઈ પડયા હતા ત્યારે એ ભાઇએજ આવીને કુંવરી તેમજ ચકોરી જીવતાં છે, એ ખુશ ખબર આપી હતી, અને ત્યારેજ મેં ઉઠીને લાશો તપાસી જોઇ, નહીતો આખા કુટુંબનો નાશ થઇ ગયો હોત ! એ સઘળાં કામો એ ભાઇએ બજાવ્યાં છે ! એનું ચોકકસ ઠરેઠેકાણું ન હોવાથી આજે પ્રભાતે મેં જે ઢંઢેરો ફેરવ્યો હતો તે એને બોલાવવા માટેજ હતો."

"શાબાસ, ભાઇ વીજય ! તેં એ રાજકુટુંબોને બચાવ્યાં છે ! તારા અમે શું વખાણ કરીએ !" વીજયની પીઠ ઠોકતાં કુમાર બોલ્યો.

"મહારાજ, એટલા બધા વખાણ અને શાબાસીને હું લાયક નથી ! મેં એવી કંઇ સેવા બજાવી નથી !" વીજયે ગંભીર અવાજે કહ્યું "કુમારજી, હવે તો કાન્તાકુંવરીને દુશ્મનના પંજામાંથી છોડવવાની તજવીજ કરવી જોઈએ કેમકે, વીલંબ થતાં તેમની જીંદગીપર કેવી આફત આવી પડશે, એ જાણી શકાતું નથી."

"પણ કુંવરી કયાં છે ? તેમને કોણ હરી ગયું ?" કુમારે આતુરતાથી પૂછયું.

"હાલમાં તેઓ કયાં છે, તે તો હું જાણતો નથી, પરંતુ એટલી ખબર છે કે કાસમ અને બદ્રીનાથ મળીને કુંવરીબા અને ચકોરીને હરી ગયા છે !" વીજયે જણાવ્યું "પણ હવે તેમની ભાળ મેળવતાં વીલંબ લાગશે નહીં ! આપણે રણભૂમીપર પહોંચી ગયા પછી ત્યાંથી તેમની શોધ ચલાવીશું !" મોડી રાત્રી સુધી સલાહ કરતા બેઠા પછી તેઓ નીદ્રા લેવાને ઉઠયા. કુમાર પોતાના તંબુમાં ગયો. તેની બાજુનો તંબુ ચતુરનો હતો, તેમાં ચતુર અને વીજય નીંદ્રાવશ થયા. તેમના તંબુઓની ચારે બાજુએ સીપાઈઓ પહેરો ભરવા લાગ્યા. એક પ્રહર રાત્રી બકી રહેતાં ગોઠવણ મૂજબ સેનાએ પડાવ ઉપાડયો. ધીમી ચાલે લશ્કરે કુચ કરવા માંડી. સેનાની પાછળ કુમારે એક હાથીપર સ્વારી કરી હતી. તેની આસપાસ રક્ષણ માટે સો સ્વારો હાથમાં નગ્ન તલવાર સહીત ચાલતા હતા. ચતુર અને વીજય પણ અસ્વારીના સામાનથી સજ થઈ ઘોડેસ્વાર થઈ કુમારની આગળ

પાછળ ચાલતા હતા. પ્રહર ત્રીન ચઢતાં સુધીમાં કુમારનું લશ્કર રાજા બલદેવસીંહની સેનાની સામે જઇ પહોંચ્યું. તંબુઓ વગેરે પડાવ નાખવાનો સઘળો બંદોબસ્ત પ્રથમથીજ કરવામાં આવ્યો હતો. લશ્કરે ત્યાં પડાવ નાખ્યા પછી કુલીન પોતાના તંબુમાં દરબાર ભરી પોતાના સલાહકારો સંગે લડાઇ સંબંધી સલાહ કરવા બેઠો. પ્રથમ લડાઇ શરૂ ન કરતાં રાજા બલદેવસીંહને એક પત્ર લખવાનો વીચાર નક્કી થતાં કુમારે કારભારી કુંદનરાય ને આજ્ઞા કરી "રાજા બલદેવસીંહને પત્ર લખી જણાવો કે કપટ સરખા એક નીચની શીખવણીથી મહારાજ રામસીંહ સામે લડવાને આવ્યા છો, તે ઘણું અયોગ્ય કરો છો! વળી આપના અધચારો રાજકુમારી કાન્તા અને ચકોરીને ચોરી લઈ ગયા છે, એ પણ અમારા જાણવામાં આવ્યું છે, માટે સમજી વીચારીને રાજકુંવરી અને ચકોરીને યોગ્ય સન્માન સહીત મહારાજ રામ સીંહની હજુરમાં મોકલી આપો, અને સેના સહીત નગરમાં પાછા ફરો, જેમ નહી કરતાં લડવાનીજ ઇચ્છા હોય તો અમે લડ વાને તૈયાર છીએ!" આજ્ઞા મૂજબ કુંદને પત્ર લખ્યો, એટલે તે કોની સાથે મોકલવો તેના વીચારમાં કુલીન આસપાસ જોવા લાગ્યો કે, વીજયે ઉઠીને કુમારની સમીપ આવીને હાથ જોડી તે પત્ર પોતે લઈ જવાની ઈચ્છા જણાવી, જે ચતુરના કહેવાથી કુલીને માન્ય રાખી, અને તેને પોતાની કમ્મરેથી ખંજર કહાડી આપ્યું, જે લઇને વીજય કુમાર અને ચતુરને નમન કરી વીદાય થયો.

રાજા બલદેવસીંહની છાવણીમાં દૂરથી મખમલનો એક સુશોભીત તંબુ જોઇ તે રાજાનોજ તંબુ હશે, એમ ધારીને તેનાં દ્વારપર પહોંચતાં પહોરેગીરોના રોકવાથી તેણે તેને દમામાંજ કહ્યું "જા, તારા રાજાને જઇ કહે કે, કુમાર કુલીનસીંહનો એક અ શ્વાર પત્ર લઇને આવ્યો છે!" દ્વારપાળે તંબુમાં જઈ રાજાની આજ્ઞા લઇ આવી વીજયને અંદર પ્રવેશ કરવા દીધો. વીજયે તંબુમાં જઇ જોયું તો રાજા બલદેવસીંહ સૂવર્ણના એક જડીત સુંદર સીંહાસને બીરાજ્યો હતો. તેની બંને બાજુએ બહાદુર સ રદારો કીમતી પોશાક પહેરીને હથીયાર સજી બેઠા હતા, જેમની પાછળ રાજાના સઘળા અઈચારો અને બીજા રાજશેવકો પોતાના દરજ્જા મૂજબ બેઠા હતા. ટુંકમાં આવી દમામવાળી દરબારમાં વીજય જઈ ઉભો, પણ તે દેખાવની તેનાપર કંઈ અસર થઇ

નહીં. જરા પણ નમ્યા વગર છાતી કહાડી હીંમતથી દરબારની વચમાં જઇને ઉભો રહી ચારે બાજુએ બારીકીથી જોઈને પછી અગાળ વધીને કંઇ પણ બોલ્યા વગર તેણે કુમારનો પત્ર રાજા બલદેવસીંહના આસન આગળ મૂકીને પછી ગુપચુપ ઉભા રહી રાજાની સામે જોયા કીધું. વીજયની આ અપમાન ભરેલી રીત ભાતથી રાજાને બહુ ગુસ્સો ઉપજ્યો, પરંતુ તે દબાવી કંઈ ન બોલતાં તેણે તે પત્ર વાંચવાની પોતાના કારભારીને આજ્ઞા કરી. પત્ર સાંભળતાંજ રાજાના ગુસ્સાનો પાર રહ્યો નહી, અને તે ગુસ્સામાં બોલી ઉઠયો “ મચ્છરને પણ આટલો બધો અહંકાર આવી ગયો છે, કે હાથીની સામે તે લડવાને તૈયાર થઇ ગયો છે! કુલીનતા મુખપરથી હજી દુધની ધારા પણ સૂકાઈ નથી, એટલામાં આટલું બધું ઉછાંછળાપણું ! ” આમ કહેતાં તે પત્ર લઇ તેણે ફાડીને ફેંકી દીધો. આથી વીજયને બેહદ ગુસ્સો ઉપજ્યો, અને તીરસ્કાર યુકત અવાજે તે મ્હોટેથી બોલી ઉઠયો “ જેને માથે મોત ભમવા માંડે છે, તેની મતી પ્રથમથીજ ગૂમ થઇ જાય છે !” વીજયનાં આ વચનોથી રાજા બલદેવસીંહ વધુ ગુસ્સે થઇ ગાજી ઉઠયો “ પકડો આ હરામખોર પાજીને ! ” રાજાની આજ્ઞા થતાંજ ચોપદારો વીજય તરફ ધસ્યા, પણ પોતાની કમ્મરેથી ઝડપથી ખંજર કહાડી તેણે બે ત્રણ જણને ત્યાંજ ઠાર કરી નાંખ્યા, અને ચાલાકીથી પોતાની અઇયારીની થેલીમાંથી એક ન્હાનો દડો કહાડી જોરથી જમીનપર અફાળ્યો, જેથી એવો મ્હોટો અવાજ થયો કે આખી દરબાર હચમચી રહી. તમામ દરબારીઓ અને રાજા અવાજ થતાં ચમકી ગયા, જેથી રાજાના તાજમાંથી રત્નજડીત શીરપેચ પડી ગયો. વીજયની તેનાપર નજર પડતાં તેણે કુદકો મારાને તે ઉપાડી લીધો, અને બીજે કુદકે તંબુની બહાર નીકળી આવી આંખના પલકારામાં તે છાવણીની બહાર નીકળી ગયો. બલદેવસીંહની દરબારમાં બેઠેલા સઘળા દરબારીઓ ગભરાટમાં એક બીજાનું મુખજ જોઇ રહ્યા. વીજયને કોઇ પકડી શકયો નહી. હવે રાજાના ગુસ્સાની હદ ન રહી. સઘળો ગુસ્સો તેણે ત્યાં બેઠેલા પોતાના અઈયારોપર કહાડયો. તેમની તરફ તીરસ્કારયુક્ત દ્રષ્ટિએ જોઈ રાજાએ ગુસ્સામાં કહ્યું “ધીઃક્કાર છે તમારી અઇયારીઓર ! એક બીનઅનુભવી અઈયાર અમારૂં અપમાન કરી જાય, અને તમે સઘળાઓ તે જોઇ રહી તેને કંઇ કરી શકોજ નહીં ? ”

"મહારાજ, અમે ખરા અઈયાર હુન્નરો બલકે લાખો માણુસોની વચ્ચે બેધડક ધુસી જઇ ધાર્યું કામ કરી આવીએ, પરંતુ એક માણુસ ઉપર દસ અઈયારોએ ધસી જવું એ અમારા રીવાજની વિરૂદ્ધ છે !" રાજાના અપમાન ભરેલાં શબ્દોથી બદ્રીનાથને માઠું લાગવાથી તે હાથ જોડીને નમ્ર અવાજે બોલ્યો, અને બીજા બહાદુરો તરફ આંગળી કરી બતાવતાં ભાર દઇને કહ્યું "શીરછત્ર, અમે તો ઠીક પણ દરબારમાં આ સઘળા બહાદુર લડાયકો પણ છાતી કહાડીને બેઠા છે તેમણે શું કર્યું ?" રાજા કંઈ પણ ન બોલતાં દરબાર બરખાસ્ત કરી ગુસ્સામાંજ પારેના તંબુમાં ચાલ્યો ગયો.

આ તરફ વીજય બલદેવસીંહના શીરપેચ સહીત આનંદમાં હતો હાંફતો હાંફતો કુલીનકુમાર પાસે આવી પહોંચ્યો. તેને મુખે તમામ હકીકત સાભળતાં કુમાર આનંદસહ બોલી ઉઠયો "ચાલો, મૂહુર્તમાંજ શુભ શુકન થયાં !"

"ખરેખર ! આ શીરપેચ મને બહુ ઉપયોગી થઈ પડશે !" ચતુરે જણાવ્યું, અને વીજયના હાથમાંથી શીરપેચ લઈ પોતાની થેલીમાં મૂકી દીધો.

"વારૂં શીરપેચનો તું શો ઉપયોગ કરીશ ?" કુમારે પૂછ્યું.

"એનું નામ વીજય શીરપેચ છે ! કુમાર, જે દીને આપના લગ્ન થશે ત્યારે રાજા બલદેવસીંહનું સ્વરૂપ ધારણ કરી આ શીરપેચ મસ્તક૫ર બાંધી હાથમાં ઝુડો લઈ હું સામઈયામાં આગળ ચાલીશ !" ચતુરે જણાવ્યું. કુમાર હસ્યો, પણ તે સાથે આંખમાંથી આંસુના બે ટીપાં સરી પડયાં. ચતુર સમજી ગયો કે તે અશ્રૂબીંદુ કાન્તાકુંવરીના વીયોગનાં હતાં. તેનાં અંતઃકરણમાં પણ ચકોરી રમતી હતી. તે વીજય પ્રત્યે બોલ્યો. "ભાઈ કાલે અવશ્ય લડાઇ થશે તેટલા માટે એક અઇયાર અત્રે રહેવોજ જોઇએ; તેમજ કાન્તાકુંવરીની ભાળ મેળવવી એ સૌથી અગત્યનું કામ છે—"

"ત્યારે આપ અત્રે રહી આજ્ઞા કરો તો હુ કુંવરીની શોધમાં જાઉં ?" વીજયે પૂછ્યું.

"નહી ભાઇ, વીજયગઢના પહાડી ભાગોનો તું હજી બરેબર ભોમીયો નથી, અને કુંવરીબા અવશ્ય તે તરફજ ક્યાંક હશે, તેથી તું અત્રેજ રહે ને હું રાજકુંવરીની શોધમાં જઇશ !"

આમ કહી ચતુરે કુમારને કહ્યું "ત્યારે હું હવે વીદાય થાઉં છું કુમાર ! આપની પાસે વીજય છે, એટલે કાંઇ ચીંતા નથી, તોપણ સાવધાન રેહેજો. દુશ્મનના અઇયારોનું પ્રબળ જરા વિશેષ છે !" આમ સલાહ કરતાં સંધ્યાકાળનો સમય થયો. થોડીક રાત્રી વીત્યા બાદ ચતુર પોતાની સાથે અગત્યની અઇયારીની વસ્તુઓ લઈ સઘળી રીતે સજ થઇ કુંવરીની શોધમાં ધીચ જંગલ તરફ રવાને થયો. કુલીન નીંદ્રા વશ થવાને શય્યાપર પડતાં "કાન્તાને દુશ્મનોએ ક્યાં સંતાડી રાખી હશે ? તેણીને સુંદર મહેલમાં કે અંધારી ઓરડીમાં રાખી હશે ? તે વીલાપ કરતી હશે ? ખાવા પીવાની તેણીને શુદ્ધિ ક્યાંથી રહી હશે ? દુઃખ અને ભયથી તેણીની મુખમુદ્રાપર ફીક્કાસ છવાઇ ગઇ હશે ! તેણીને મનાવવાને સઘળા પ્રયત્ન કરતા હશે, અને ધમકી આપતા હશે ! કદાચ ગભરાઇને તેણી પોતાના પ્રાણ ત્યાગ તો નહીં કરે ?" આવા વીચારોમાં તેને આખી રાત્રી નીંદ્રા આવી નહીં. પ્રભાત થતાંજ રાજા બલદેવસીંહની સેનામાંથી ડંકાનો અવાજ સંભળાયો, એટલે જણાયું કે દુશ્મનો લડાઈની તૈયારી કરવા લાગ્યા છે. આથી કુમાર પણ ઉઠયો, એટલામાં હલકારાએ પણ દુશ્મન તરફ લડાઇની તૈયારી થવાની ખબર આપી, એટલે કુમારે પોતાની સેનાને પણ લડાઈ માટે સજ થવાની આજ્ઞા મોકલાવી. બંને તરફની સેના રણભૂમીમાં સામસામે જઈ ઉભી, એટલામાં કુમાર પણ સજ થઇ ઘોડેસ્વાર થઇ રણભૂમીમાં જઇ પહોંચ્યો. હજી લડાઇ શરૂ થઈ નહોતી, એટલે કુમારે પોતાની એક તરફ ઘોડેસ્વાર થઇ ઉભેલા વીજયને કહ્યું "રાજા બલદેવસીંહને જણાવવું જોઇએ કે, રાજાઓની લડાઈમાં નાહકના બીચારા હજારો નિર્દોષ સીપાઈઓના પ્રાણ લેવાની શું જરૂર છે ? જેમને પોતાની બહાદુરીની મગરૂબી હોય તે દ્વંદયુદ્ધમાં ઉતરી પોતાની વીરતાની કીંમત પ્રકાશે ! બલદેવસીંહ પોતાને આર્જુન સરખો બળીષ્ટ ધારે છે, તો તેની સામે લડવાને અમે તૈયાર છીએ !" વીજયે તુરતજ પોતાનો ઘોડો દોડાવતો મેદાનમાં જઈ પોતાની પાસેનો રૂમાલ હવામાં બે વાર ઉરાડયો જે જોઈ રાજા બલદેવસીંહની સેનામાંથી બદ્રીનાથ તેની પાસે આવી બોલ્યો "જય મહામાયાનો !"

"મહામાયાનો જય !" વીજયે હાથ જોડી જવાબ આપ્યો.

" અધ્યારોને શામાટે બોલાવો છો ? " બદ્રીનાથે પૂછયું.

" તમને એમ પૂછવા માટે કે તમારી સેનામાં પુરૂષોનો ભાગ વધુ છે કે સ્ત્રીઓનો ? તમારે ત્યાં કોઈ ખરા શુરવીર બહાદુર પણ છે કે બધા ગરીબ સીપાઈઓને લડાઇમાં મરતા જોઈ ઉભા ઉભા તમાસો જોવાવાળાઓજ છે ? " વીજયે પૂછયું.

" અરે અમારી સેનામાં તો બધા બહાદુર લડવૈયાઓજ છે ! " બદ્રીનાથ જુસ્સામાં બોલી ઉઠયો. " લડાઈના મેદાનમાં સામસામે મીલાપ થશે ત્યારે પ્રત્યક્ષ જણાશે ! "

"ત્યારે લડવાની હામ હોય તે બધા દ્વંદયુદ્ધથી ઝગડાનો અંત આણીએ, તો બીચારા ગરીબ સીપાઇઓના પણ નાહકમાં જીવ જતાં બચે ! અમારા કુમાર કુલીનસીંહે તો કહેવરાવ્યું છે કે, રાજા બલદેવસીંહને પોતાની બહાદુરી માટે બહુ મગરૂબી હોય તો તે પોતેજ પહેલાં આવીને કુમારની સાથે દ્વંદયુદ્ધમાં ઉતરે ! પછી એમાંથી યા તો કુમાર હારે છે કે, પછી જીતીને વીજયગઢની ગાદીના માલીક થાય છે ! "

" અમારા રાજા સરખા બહાદુર તમારા કુમારને તો જોત જોતામાં ચાંચડની માફક ચોળી નાંખશે ! "

" તમારો રાજા કેવો બહાદુર અને શુરવીર છે, તે તો અમે સારી પેઠે જાણીએ છીએ ! તમારે તેની શક્તિની બડાઇ મારવાની જરૂર નથી ! ભલે હીંમત હોય તો આવે લડાઇના મેદાનમાં ને કુમાર સાથે દ્વંદયુદ્ધમાં ઊતરવાને થાય તઇયાર ! " વીજયે કહ્યું. પછી તેઓ છુટા પડીને પોતપોતાના લશ્કર તરફ ચાલ્યા ગયા. બદ્રીનાથે પોતાને વીજય સાથે થયલી સઘળી વાત રાજા બલદેવસીંહને કહી, જે સાંભળતાજ રાજા ગુસ્સામાં ઉછળીને બોલી ઉઠયો " આજકાલનો પાલણામાં રમતો કુલીનકુમાર અમારી સાથે દ્વંદયુદ્ધમાં ઉતરવાની હામત રાખે છે ! " તરતજ જુસ્સામાં તેણે પોતાનો ઘોડો લડાઈના મેદાનની વચમાં દોડાવ્યો. તેને જોતાંજ કુમારે પણ પોતાના ઘોડાને એડી મારી, અને તે બલદેવસીંહની સામે આવી પહોંચ્યો, અને પોતાનો ભાલો હવામાં ચમકાવી જુસ્સાથી બોલ્યો, " પોતાને મુખે પોતાનાંજ વખાણ કરવામાં શું વીરતા જણાય છે ? બહાદુરો કદી ચોરનો ધંધો પણ કરે છે શું ? લડીને કાન્તાકુંવરી પ્રાપ્ત કરી ન શકાઈ ત્યારે ચોર થવું પડયું ! ધીઃક્કાર છે એવા નરાધમને ! " કુલીનના

વચનો તીર માફક રાજા બલદેવસીંહનાં હઈયામાં વાગ્યાં, પણ તેનો કંઇ પણ જવાબ ન આપતાં ગુસ્સામાં ઉશ્કેરાઈ જઇ તેણે જોરથી કુમારપર પોતાનો ભાલો ઉગામ્યો, જેના જવાબમાં કુમારે પોતાના ભાલાથી એવો ઝટકો માર્યો કે તેના હાથમાંથી ભાલો છટકીને દૂર પડયો ! આ જોતાં દુશ્મન અને દોસ્ત બંનેની સેના-માંથી 'વાહવાહ'નો અવાજ ગાજી ઉઠયો. પછી રાજા મ્યાનમાંથી તલવાર ખેંચી કુલીન તરફ ધસ્યો, એટલે કુમાર પણ તલવા-રથીજ સામો થયો. આમ એક બીજાપર ઘા કરતાં અને પરસ્પ-રના ઘા ચુકાવતાં તેઓ ઘણી ચાલાકી અને સ્ફુરતી તેમજ બહાદુરીથી લડવા લાગ્યા. બે પ્રહર સુધી તેમની લડાઈ ચાલુ રહી, જે બાદ કુમારની તલવારના ઝટકાથી બલદેવસીંહનો ઘોડો જખમી થઈ જમીનપર પડયો. રાજા બલદેવસીંહને પણ કેટલાક જખમો થયા હતા. ઘોડો પડતાંજ રાજાએ કુદી પડીને કુમારના અશ્વને મારી નાંખવા તેનાપર ઘા કર્યો, પણ ચેતીને કુમારે સ્ફુર-તીથી અશ્વપરથી કુદી પડી તેના હાથપર એવા જોરથી એક ઝટકો માર્યો કે તેના હાથમાંની તલવાર છટકીને દૂર જઈ પડી, જે વીજયે દોડીને ઉપાડી લીધી. હવે રાજા બલદેવસીંહની ખાત્રી થઈ કે કુલીનકુમાર દરેક રીતે પોતાના કરતાં વધુ બળ વાન છે. તેણે ધાર્યું કે "જો થોડી વધુ વાર લડાઇ ચાલુ રહેશે તો નક્કી પોતાના પ્રાણ જશે !" આમ ધારીને બચવાને માટે તેણે કુમારપર તુટી પડવાની પોતાના સીપાઇઓને ઇશારત કરી, એટલે જોતજોતામાં કુમારને દુશ્મનોએ ઘેરી લીધો. આ દ-ગો જોઇ કુમારની સેના પણ દુશ્મનોપર તુટી પડી, અને લડાઇ શરૂ થઈ. કુમારને દુશ્મનોની વચ્ચે ફસાયલો જોઇ ફતેહસીંહ સેનાપતી અને વીજય દુશ્મનોનો ઘાણ કાઢતા કુમારની સમીપ જઈ પહોંચ્યા, અને તલવાર અને ભાલાનો ખણખણાટ થઈ રહ્યો. રાજા બલદેવસીંહના મ્હોટા મ્હોટા બહાદુર પહેલવાનોએ કુમારને મારવાને ઘણા ફાંફા માર્યા, પરંતુ તેનાં બળ અને ચાલાકી આ-ગળ તેમનું કંઈ વળ્યું નહી, અને કુમારને હાથે ઘણા દુશ્મનો માર્યા ગયા. સાંજ પડતાં લડાઈ બંધ કરવામાં આવી, અને બંને પ્રક્ષની સેના પોતપોતાની છાવણીમાં પાછી વળી. કુમાર પોતાના તંબુમાં ગયો. ફતેહસીંહ સેનાપતીને પણ કેટલાક જખમ થયા હતા, એટલે રાત્રીએ મલમ પટા કરી સઘળાઓએ આરામ લીધો.

આ તરફ રાજા બલદેવસીંહ પોતાના સરદારો સંગે ભવિષ્ય માટે વીચાર કરવાને બેઠો.

"હવે આપણે શો માર્ગ લઈશું ?" રાજાએ પૂછ્યું "કુલીનકુમારની સેના આપણાં લશ્કર કરતાં બહુ થોડી છે, છતાં તેમની બહાદુરીની સીમા નથી, માટે અમારો તો એવો વીચાર છે કે, રાત્રીએજ તેમની સેનાપર છાપો મારીએ !" આ સલાહ સર્વેએ પસંદ કરી, અને તે મુજબ મધ્યરાત્રી વીત્યા પછી રાજા બલદેવસીંહના લશ્કરે કુમારની નીંદ્રાવશ પડેલી સેનાપર હુમલો કર્યો. કુમારના સીપાઇઓ પણ જાગૃત અવસ્થામાંજ હતા, એટલે તેઓ પણ તૈયાર થઈ જઇને લડવા લાગ્યા. મ્હોટી ગરબડ મચી રહી. અંધારી રાતમાં દોસ્ત દુશ્મનનું કોઇને ભાન રહ્યું નહી. કાપાકાપી ચાલી. ગડબડ થતાં કુલીનકુમાર પણ જાગૃત થઇને હાથમાં ઉઘાડી તલવાર સહીત પોતાના તંબુની બહાર નીકળી આવ્યો. અંધકારમાં લશ્કરની ગભરાટમાં નાહકની ખરાબી હશે, એમ ધારી વીજયે પોતાની પાસેના મહતાબો ઠેકાણે ઠેકાણે સળગાવી દીધી, જેથી થોડી વારમાં ત્યાં દીવસના સરખું અજવાળું થઈ ગયું, એટલે પછી રાજા બલદેવસીંહના લશ્કરનું કાંઇ વળ્યું નહીં. લડાઇ ખુબ ઝામી. કુમાર પણ સીંહની માફક ઘુમતો દુશ્મનોનો ઘાણ કહાડવા લાગ્યો. પ્રભાત થતાં સુધીમાં તો રાજા બલદેવસીંહના હજાર માણસો માર્યા ગયા, પરંતુ એ અરસામાં કુમારના માણસો વધુ સંખ્યામાં ખપી ગયાં હતાં. આથી કુમારને જરા દીલગીરી લાગી, પરંતુ હીંમત ન હારતાં તે દીને લડાઈ ચાલુજ રાખી. હવે લડાઈ ખુબ જોરથી ચાલી. કોઇને પોતાના તનબદનની લેશ પણ શુદ્ધિ રહી નહોતી. બંને પક્ષના સીપાઇઓને શુર ચઢાવવા માટે વાગતા દુંદુભી, ઢોલ, રણસીંગડા વગેરેના અવાજથી, તે સાથે ઘાયલ થઇ પડતા સીપાઇઓની ચીચીયારી અને હાથીઓની ત્રાડથી અને તલવારોના અથડાવાથી થતાં ખણખણાટથી રણભૂમી ગાજી રહી હતી. હજારો ભાલાઓ અને તલવાર હવામાં વીજળીની માફક ચળકાટ મારી રહ્યાં હતાં, એટલામાં પૂર્વ દીશા તરફથી ઘોડેસ્વારોની એક પલટણ ત્વરાથી અશ્વ દોડાવતી રણભૂમી તરફ આવતી જણાઇ, જેમની આગળ એક જંગી સ્વાર ઉમદા પોશાક પહેરી તથા હાથમાં તલવાર લઇ અશ્વ કુદાવતો આવતો હતો, અને તેની પાછળ લગભગ પાંચસો બહાદુર સ્વારો

હતા. આગળ ચાલતા સ્વારના ઠાઠમાઠપરથી તે સઘળાઓનો સરદાર હોય એમ જણાતું હતું. આ સઘળા સ્વારો કોણ હતા તે જાણી શકવું મુશ્કેલ હતું કેમકે, તેઓ સઘળાની મુખમુદ્રા બુરખામાં છુપાયલી હતી. લડાઇ ચાલતી હતી ત્યાં આવી પહોંચતાંજ આ સ્વારોએ પાછળથી રાજા બલદેવસીંહના લશ્કરપર હુમલો કીધો, અને તેનો ખુબ ઘાણ કહાડી નાંખ્યો. આ તરફ જયારે કુલીનના સીપાઇઓએ જોયું કે, દુશ્મનોપર પાછળથી પણ અણધાર્યો મારો ચાલ્યો છે, એટલે તેઓ પણ ઉત્સાહમાં આવી હીંમતથી લડવા લાગ્યા. બંને તરફના મારા આગળ બલદેવસીંહની ફોજ ટકી શકી નહીં, અને તેમાં ભંગાણ પડી જઇ સીપાઈઓ પોતાનો જીવ બચાવવાને ચારે તરફ નહાસભાગમાં પડયા. દુશ્મનોને નહાસતા જોઇ કુમારે પોતાના સીપાઇઓ સહીત બે કોસ સુધી તેમનો પીછો પકડયો, અને ઘણા માણસોને કાપી નાંખ્યાં. રણભૂમીમાં જયજયકારનો ધ્વની ગાજી રહ્યો, અને વીજયનો ડંકો વાગતાં લડાઈ બંધ કરી કુમાર સેના સહીત છાવણીમાં આવ્યો, એ ગરબડમાં પેલા બુરખાવાળા સ્વારો કોઇ ન જાણે તેમ પોતાનું કામ બજાવી જે માર્ગે આવ્યા હતા, તે માર્ગે અદ્રશ્ય થઇ ગયા. લડાઇ બંધ કરી દરબાર ભરી બેસતાં પેલા અણીને વખતે મદદમાં આવી પહોંચેલા બુરખાવાળા સ્વારોને ન જોતા કુમારને બહુ અજાયબી ઉપજી, અને તે માટે તેણે પૂછપરછ કરી, પરંતુ કોઇ તેમનો કશો પત્તો આપી ન શકવાથી તેઓ કોણ હશે તે જાણવા કુમારે લાંબો વીચાર કરી જોયું, પણ તે કાંઈ જાણી શકયો નહીં. તે પુરૂષોની બહાદુરી તેમજ ઉપકાર કરવાની રીતીથી તેમના અંતઃકરણની મહત્વતા માટે કુમારને બહુ ઉમદા વીચાર ઉપજ્યો. લડાઇમાં રાજા બલદેવસીંહની આખી છાવણી કુમારના હાથમાં આવી. કુમારના મનમાંથી પેલા બુરખાવાળા સ્વારો હજી ખસ્યા નહોતા. રાત્રીએ નિશ્ચિંત થતાં તે વીજય સંગે વાત કરતો બેઠો હતો. તેણે પૂછ્યું "વીજય, આપણને મદદ કરનારા પેલા બુરખાવાળા સ્વારો કોણ હતા ?"

"કુમાર, તે જાણવાને મેં ઘણી તજવીજ કરી પણ કંઇ ભેદ જણાયો નહીં. એનું નામજ વીરતા !" વીજયે જણાવ્યું, એટલામાં એક જાસુસે આવીને ખબર આપી કે "દુશ્મનો થોડે દૂર જઈને અટકી ફરી લડાઇની તૈયારી કરવા લાગ્યા છે."

પ્રકરણ ૨૬ મું.

આશાની નિરાશા.

કાન્તાકુંવરી અને ચકોરીની શોધમાં નીકળેલો ચતુર જંગલમાં જઇ કયાં જવું અને તેમની કયાં શોધ કરવી? તેના વીચારમાં પડયો. દુશ્મનની છાવણીમાં તેમને કદી રાખવામાં આવી નહીંજ હોય, એમ ધારી તે વીજયગઢ જવાનો નિશ્ચય કરી તે તરફ ચાલ્યો. બીજે દીને સવાર થતાં સુધીમાં તે વીજયગઢ જઈ પહોંચ્યો, એટલે સ્વરૂપ બદલી તે નગરમાં ફરવા લાગ્યો. પોતાની મતલબ પાર પાડવા તે આખા નગરમાં તે દીને રખડયો પણ તેમાં તેને કશી બાતમી મળી નહી. વળી રાત્રીએ બીજું સ્વરૂપ ધારણ કરી તે કીલ્લામાં ધુસી શોધવા લાગ્યો. આ સમયે તેણે પોતાનું આખું શરીર કાળા કપડામાં સંતાડેલું હોવાથી તે ઘણી સહેલાઈથી ફરી શકયો. ફરતાં ફરતાં રાજમહેલના પાછલા એકાંત ભાગ તરફ જઈ પહોંચતાં તે પોતાની પાસેનું કડાવાળુ દોરડું ફેંકીને મહેલના જરૂખામાં ચઢી ગયો. આ સમયે મધ્ય રાત્રીનો સમય હતો. રાજમહેલમાં દીપકનો પ્રકાશ બહુ હતો, એટલે જરૂખામાંથી ચતુરે અંદર નજર કરી તો સઘળે સુનકાર જણાયું, એટલે તે બે ધડક અંદર દાખલ થયો. એક ખુલ્લો ચોક વટાવી તે દીવાનખાનામાં જઈ પહોંચ્યો તો સામે એક સુશોભીત ઓરડામાં વચ્ચે પડેલા એક સુંદર પલંગપર એક સ્વરૂપવાન સુંદરી નીંદ્રાવશ પડેલી જોઈ. તે પલંગની આસપાસ જમીનપર કેટલીક દાસીઓ પણ સુતી હતી. આ શયનગૃહમાં દીપકનો પ્રકાશ બહુ થોડો હતો. ચતુરે ધીમે ધીમે પહેલાં તો દીવાનખાનામાંના સઘળા દીપકો એકેક કરીને બુઝાવી નાંખ્યા, અને પછી તે ઓરડાના દરવાજા આગળ ઉભો રહી નમીને અંદર જોતાં શય્યાપર સુતેલી સુંદરીની મુખમુદ્રા તેને સાફ દેખાવા લાગી. તેણીનું આખું શરીર શરબતી મલમલની જરીના બુટાદાર એક ચાદરથી ઢાંકેલું હતું, પરંતુ ફકત ગુલાબી ચહેરોજ ખુલ્લો હતો, જેનો થોડોક ભાગ મખમલના તકીઆમાં છુપાઈ ગયો હતો. કોમળ કપોલપર છુટેલા અંબોડાની એક કાળી લટ વીખરાઇ જવાથી જાણે ગુલાબ પુષ્પની આસપાસ કરોળીઆનું જાળું બંધાઈ ગયું હોય, તેવી શોભા લાગતી હતી. તે નીંદ્રાવશ પડેલી સુંદરી

રાજા બલદેવસીંહની રાણીજ હોવી જોઇએ, એવી ચતુરની ખાત્રી થઇ. થોડી વાર સુધી કંઇ વીચારમાં તેણી તરફ જોઇ રહ્યા બાદ પોતાની અઈયારીની થેલીમાંથી કાગળ તથા સાહીનો ખડીઓ અને કલમ કહાડી તેણે જલદીથી નીચે મુજબ લખ્યું:—

"કાન્તાકુંવરીને મળવાને આ સમયે અમને કોણ જાણે શા માટે ઉત્કંઠા થઇ આવી છે. ગમે તે થાઓ, પરંતુ અમે અત્યારે જ તેમને મળવાને જઈએ છીએ કેમકે, તેણીને કયાં રાખી છે તે સ્થાન તેમજ ત્યાં જવાના માર્ગની અમને ખબર છે." આટલું કાગળપર લખ્યા પછી રાણીની શય્યા પાસે જઇ તેણે પોતાની પાસેની બેહોશીની ભુકી તેના નાક આગળ ધરી જેની શ્વાસોશ્વાસ દ્વારા અસર થતાં તેણી બેહોશ થઈ ગઇ, એટલે એક ચાદરમાં તેણીની ગાંસડી બાંધી, અને પેલો લખેલો કાગળ તકીઆ નીચે મૂકી જે માર્ગે આવ્યો હતો તે માર્ગે રાણીની ગાંસડી સહીત તે રાજમહેલની નીચે ઉતર્યો, અને નદી કીનારા તરફના પાછલા ભાગ તરફનો અંદરથી બંધ કરેલો ન્હાનો દરવાજો ઉઘાડીને ત્વરાથી પહાડોને માર્ગે ચાલ્યો, અને તે તરફ એક જાણીતી ગુફામાં રાણીને વધુ બેહોશ કરીને સુવરાવી ત્યાંથી પાછો કીલ્લાના દરવાજા આગળ આવી એક બાજુએ સંતાઇને બેઠો. સવાર પડતાં મહેલમાં દાસીઓ જાગી ઉઠતાં પલંગપર રાણીને ન જોતાં ગભરાઈ ગઈ, અને મહેલના સઘળા ભાગોમાં શોધી વળી, પણ કયાંથી ભાળ ન મળવાથી તેઓએ કોલાહલ મચાવી મૂકયો. રાણીના ગૂમ થવાની ખબર રાજમહેલની બહાર પણ ફેલાઇ ગઇ. રાણીને કયાં શોધવી તેની વીમાસણમાં સઘળાઓ પડયા, એટલામાં રણભૂમીમાંથી દસ પંદર સ્વારો સહીત નહાસી આવેલો રાજા બલદેવસીંહ પણ આવી પહોંચ્યો. કીલ્લામાં પ્રવેશ કરતાં રાણી ગૂમ થવાના સમાચાર જાણતાંજ લડાઇની હાડમારી ભોગવી નીરાશ થયલા રાજાનો જીવજ ઉડી ગયો. દુઃખપર સખત ડહામ લાગ્યો! બળતામાં ઘી હોમાયું! બહાવરો સરખો તે રાજમહેલમાં દોડયો. આ સમયે રાજા બલદેવસીંહની હાલત કેવી હતી તેનો વાંચનારેજ ખ્યાલ કરવો. પોતાની સ્થીતિનું તેને ભાન રહ્યું નહોતું. લડાઇમાંથી ભાગીને થોડે દૂર પોતાની સેનાને પાછળ મૂકીને તેમજ પોતાના અઇયારોને કંઈ સમજાવીને પોતે નગર તરફ ચાલ્યો આવ્યો હતો, તો અહીં આ સમાચાર જાણ્યા, એટલે તેની નીરા-

શાનો પાર રહ્યો નહીં, શું કરવું તે તેને સૂઝયું નહી. દુઃખી અંતઃકરણે રાણીની શય્યા પાસે આવી તે કલ્પાંત કરવા લાગ્યો, એટલામાં તકીયાની નીચે પડેલા કાગળની થોડી કોર બહાર જણાઇ, જેને રાજાએ ખેંચી લઈ કાગળ ઉખેડી વાંચવા માંડયો. રાણીને હરી જતી વખતે જે કાગળ લખીને ચતુર તકીયા નીચે મૂકી ગયો હતો, તેજ આ કાગળ હતો. વાંચતાંજ રાજાના મનમાં અનેક પ્રકારના વીચારો આવવા માંડયા. તેની એટલી તો ખાત્રી થઇ કે, તે કાગળ રાણીના હાથનો લખેલ નથી, કેમકે તેણીના તેવા સાફ અક્ષરો નહોતા, પણ ત્યારે તે કોણે લખ્યો હશે, તેની ગામાસણમાં તે પડયો. તેણે વીચાર્યું કે, જો કદાચ રાણીએજ તે લખ્યો હોય તોપણ કાન્તાકુંવરીને ફલાણે સ્થળે છૂપાવી છે, એ તેણીએ કયાંથી જાણ્યું હશે? આનો પત્તો કેમ મેળવવો, તે માટે રાજાની કંઇ મતી ચાલી નહી. વળી તપાસ કરવાને મોકલવાને કોઇ અઇયાર પણ આ સમયે ત્યાં નહોતા, અને કાન્તા કેદ હતી ત્યાં બીજા કોઇને મોકલવાથી ભેદ ખુલી જવાની ધાસ્તી હતી. આમ ઘણી વાર સુધી અનેક વીચારો કર્યા પછી રાજાએ આખરે કાન્તાને કેદ કરી હતી ત્યાં જાતેજ જઈ તપાસ કરવાનો મનમાં ઠરાવ કીધો, અને તે માટે તેણે સંધ્યા કાળે જવાનું ઠીક વીચાર્યું, અને પોતાના દીવાનખાનામાં આવી એક સુખાસને બેઠો. તે દીને તેણે કંઈ અહાર કર્યો નહી, તેમજ મુંઝવણમાં કોઈ સાથે કંઈ વાતચીત પણ કરી નહી, પરંતુ રાજાની આજ્ઞા વીનાજ ઘણા માણસો રાણીની શોધમાં ગયા. સાંજ પડતાંજ રાજાએ સ્વારીનો ઘોડો મંગાવ્યો, અને તેપર સ્વાર થઇ એકલોજ કીલ્લાની બહાર નીકળી પૂર્વ દીશા તરફ રવાને થયો. રાત્રી થઇ ગઇ હતી, પરંતુ ચંદ્રનો પ્રકાશ પૃથ્વિપર પડી રહ્યો હતો. કીલ્લાના દરવાજાની પાસે સંતાઇને બેઠેલા ચતુર રાજાને સ્વાર થઈ બહાર એકલો જતો જોઈ તે કયાં જાય છે, તે જાણવા તેની પાછળ ચાલ્યો. તે ત્રણ કોશ સુધી રાજાની પાછળ ગયો પરંતુ પોતાની પાછળ કોઇ આવે છે, એવી રાજાને કંઈ ખબર પડી નહીં. ત્રણ કોશ સુધી જંગલમાં ગયા પછી રાજાએ પોતાના અશ્વને એક સુકાં નાળામાં ચલાવ્યો. ચતુર પણ તેની પાછળ ચાલ્યો. જેમ જેમ નાળામાં તેઓ ગયા તેમ તેમ આસપાસ કીનારાપરનું જંગલ વધુ ઘીચ થતું ગયું. બંને બાજુ ઉંચા ઉંચા

ખડકો ઉભા હતાં. નાળાંની ઉપર ઝાડો મળીને અંધારી ઘટા થઇ રહી હતી. આ નાળામાં લગભગ એક કોસ સુધી અંધકારમાં ગયા પછી તેઓ એક સુરંગમાં ચાલતા હોય એમ લાગ્યું. પથ્થરની જમીન તેમજ અંધકારને લીધે રાજાનો ઘોડો ધીમે ધીમે ચાલવા લાગ્યો, એટલે ચતુર રાજાની વધુ સમીપ ગયો. એકાએક થોડે દૂર ઝાંખો દીવો બળતો જણાયો. દીપકના પ્રકાશની વધુ સમીપ પહોંચતાં સામે એક ન્હાની ગુફા જણાઈ, જેના મુખ આગળ બહાર બંને બાજુએ લગભગ વીશ કદાવર સીપાઇઓ હાથમાં નગ્ન તલવાર લઈ પહેરો ભરતા હતા. ગુફાની અંદર પણ ચાકુ જણાતું હતું. તેમાં બે સકોમળ સ્ત્રીઓ પથ્થર પર હાથ ટેકીને બેઠી હતી. જોકે તેમની મુખમુદ્રાઓ બરાબર જણાતી નહોતી, તોપણ તેમના પોશાક તેમજ શરીરની આકૃતિપરથી ચતુરે ઓળખી કહાડી કે તેઓ કાન્તા અને ચકોરીજ હતી. રાજાને ઓળખતાંજ એક સીપાઇએ આગળ આવી નમન કરીને અશ્વની લગામ પકડી લીધી, અને રાજા અશ્વપરથી ઉતર્યો. બીજા સીપાઇએ તરત બે મસાલ પેટવી, જેનો પ્રકાશ ગુફાની અંદર પડવાથી ચતુરને હવે કાન્તા અને ચકોરીનાં મુખ જણાયાં. કાન્તાના ચહેરાપર ફીક્કાસ છવાઇ રહી હતી. માથાપરનો અંબોડો છુટી ગયો હતો. માથાપર એક જખમ પડ્યો હતો, જ્યાં લોહી સુકાઈ ગયું હતું. તેણીનાં કપડાં ધુળમાં મેલાં થઇ ગયાં હતાં. પથ્થરપર હાથ ટેકવી તેણી આડે પડખે પડી હતી. તેની પાસે એક પથ્થરને પીઠ ટેકવી ચકોરી કાન્તાના મસ્તકપર હાથ રાખી તેણીને ધીરજ આપતી બેઠી હતી. તેમની સામે થાળાઓમાં ભોજન પીરસેલું હતું, જે જોતાંજ જણાતું હતું કે તેમણે તેને હાથ પણ અરકાડ્યો નહોતો. બંનેના ચહેરાપર નિરાશાની કાળાશ છવાઇ રહી હતી. તેમની દયાજનક હાલત જોતાં ચતુરની આંખોમાં ઝળઝળીઆં ભરાઇ આવ્યાં. અશ્વપરથી ઉતરીને સીપાઈઓ સંગે કંઈ પણ ન બોલતાં રાજાએ આસપાસ નજર ફેરવી, અને ગુફામાં કાન્તા અને ચકોરી બેઠી હતી ત્યાં પણ ચારે તરફ તપાસ કરી, પણ પેલા કાગળના આધારે રાણીને શોધવાની આશામાં આવ્યો હતો તે પાર પડી નહીં. તેણે કાન્તા તરફ પણ બરો

બર જોયું નહીં, અને કોઇને કંઈ પૂછયા વગર પાછો ફરી અશ્વપર સ્વાર થઈ તે ત્યાંથી પાછો ફર્યો. રાજાને આ મૂજબ આવીને કંઈ પણ બોલ્યા વગર પાછો ગયેલ જોઇ સીપાઇઓ પણ અજાયબ થયા, પણ રાજાને પૂછવાની કોઇની હીંમત ચાલી નહીં. રાજાને પાછો વળેલ જોઇ ચતુરે નાળાના કીનારાપર એક બાજુ સંતાઇ ને તેને આગળ જવા દેવાનો વીચાર કીધો, પરંતુ તે સ્થાનમાં છૂપાવાની એકે જગ્યા ન જણાતાં તે લાચારીથી ત્વરાથી આગળ ચાલી નાળાની બહાર આવ્યો, અને જંગલમાં એક બાજુએ ઝાડીમાં સંતાઈ ઉભો. થોડી વારે રાજા પણ ત્યાંથી નીકળી નગર તરફ વીદાય થયો. ચતુર હવે કાન્તાને કેવી રીતે છોડવવી તેના વીચારમાં પડયો. "આ સમયે લડીને કામ પાર પાડી શકાય તેમ નથી!" તે પોતાના મનમાં વીચારવા લાગ્યો—"ત્યારે કેમ કરવું? જો રાજા બલદેવસીંહનું સ્વરૂપ ધારણ કરીને કંઇ યુક્તિ અજમાવવા જાઉં તોપણ કામ પાર પાડવાનો સંભવ થોડોજ છે કેમકે, રાજા હમણાંજ ત્યાં જઇ આવ્યો છે, એટલે સીપાઈઓ વહેમાઇ જવા વગર રહેજ નહીં! વળી બીજી કોઈ યુક્તિ અજમાવું ને કદાચ દુશ્મનો ચેતી જાય તો કુંવરી અને ચકોરીને અત્રેથી કોઈ બીજે સ્થળે કેદ કરી મૂકે તો આટલી મહેનતપર પાણી ફરી વળે, અને મ્હોટી મુશ્કેલીમાં આવી પડીએ!" આવા અનેક વીચારોએ ચતુરને મુંઝવણમાં નાંખ્યો, અને તે સમયે કોઈ પણ રીતે કાન્તાને છોડવવાનો તેને કંઇ ઉપાય સુઝયો નહીં. બહુ બહુ વીચાર કર્યા પછી તેણે નક્કી કર્યું કે, કુમાર પાસે જઇને સેનામાંથી થોડા સીપાઇઓ સહીત અત્રે આવી સીપાઈઓપર હલ્લો કરી કુંવરીને છોડવવાનું સહેલ થઇ પડશે. આમ વીચાર કરી ચતુર કાન્તા અને ચકોરીને છોડાવવાના ઉત્સાહમાં ત્વરાથી શેરગઢ તરફ વીદાય થયો, અને બપોર નમતાં છાવણીમાં કુમારના તંબુમાં જઈ પહોંચ્યો. આ સમયે કુમાર પોતાના તંબુમાં એક સુખાસનપર કાન્તાના વીરહની વેદનામાં ઉદાસ ચી-તે વીચાર કરતો એકાંત બેઠો હતો. પ્રેમના આંસુઓ વારંવાર તેની આંખમાંથી સરી પડતાં હતાં, એટલામાં ચતુરને ઉત્સાહમાં ઉતાવળે તંબુમાં આવતો જોતાંજ

કુમારે અધીરાઇથી બેઠા થઈ તેને પૂછ્યું "કેમ ભાળ મળી, ભાઈ?"

"હા, કુમાર!" ચતુરે જવાબ આપ્યો. એટલામાં ચતુર આવવાની ખબર જાણીને વીજય તેમજ ફ-તેહસીંહ સેનાપતી પણ કુમારના તંબુમાં આવી પહોંચ્યા, અને કુમારના પૂછવાથી ચતુરે સઘળી હકીકત કહ્યા બાદ જણાવ્યું "કુમાર, જો બીજા કોઇને છોડવવો હોત યા કોઈ બળવાન દુશ્મનને પકડવો હોત તો હું અત્યાર સુધીમાં તે કામ બજાવી આવ્યો હોત, અને તેમાં પણ જો કદાચ નિષ્ફળ થાત તો નહાસી છુટત, પરંતુ કાન્તાકુંવરીની બાબતમાં તેમ કરી શકાય નહી! પ્રયાસ નીષ્ફળ ન જાય તેવી રીતે કામ લેવું જોઇએ! તેથીજ ભાઈ વીજયને હું લેવા આવ્યો છું. અમે બંને મળી થોડા સમયમાં કામ પાર પાડીશું!"

"વીજયસીંહ સાથે અમે પણ તમારી સાથેજ આવીશું." કુમારે પોતાની મરજી જણાવી.

"આપની ઇચ્છા છે તો ભલે પધારો!" ચતુરે જણાવ્યું. તરતજ કુમાર જવા માટે સજ થવા લાગ્યો. જતાં પહેલાં તેણે ફત્તેહસીંહ સેનાપતીને કેટલીક અગત્યની સુચનાઓ કરી, અને સંધ્યાકાળ પહેલાં કુમાર, ચતુર અને વીજય ત્યાંથી વીદાય થયા. કુમારે અશ્વપર સ્વારી કરી હતી, અને ચતુર તથા વીજય પગે ચાલ્યા જતા હતા. માર્ગમાં કુમારે બલદેવસીંહપર ફ-તેહ મેળવવાની સઘળી હકીકત ચતુરને જણાવી, અને લડાઇમાં વીજયે બતાવેલી બહાદુરીના વખાણ કર્યા. આ સાથે અણીને વખતે મદદ કરવા આવી પહોંચેલા પેલા બુરખાવાળા સ્વારોની વાત પણ જણાવી, જે સાંભળી ચતુરને પણ અજાયબી ઉપજી. રાત્રી પોતાના પ્રીય પતી ચંદ્ર સંગે હાસ્યવીનોદ કરતી હોવાથી તેમના આનંદના શીતળ કીર્ણોએ ભૂમી પણ તેજસ્વિ બની ગયલી હોવાથી જંગલમાં તેમની મુસાફરીમાં કશી હરકત પડી નહીં. તેઓ લગભગ ચારેક ગાઉ પહોંચ્યા હશે, એટલામાં માર્ગમાં તેમને બદ્રીનાથ અઈયાર મળ્યો, જેણે કુમારને જોતા નમન કર્યું. કુમારે મુખ મલકાવ્યું, અને વીજયે તેની પીઠપર હાથ મૂકી હસીને કહ્યું "બદ્રીનાથજી, પેલા બ્હીકણ, દગલબાજ અને ચોરની સાથે હજી શું રહ્યા છો? અમારી દરબારમાં આવી રહો! જુઓ, અમારા શીરછત્ર કેવા ન્યાયી અને બહાદુર છે!"

"વીજયસીંહજી, તમારૂં કહેવું સત્ય છે! એક દીન એવો

પણ સમય આવશે !" બદ્રીનાથે જવાબ આપ્યો " પણ જ્યાં સુધી રાજા બલદેવસીંહની નોકરીમાંથી છુટો થયો નથી ત્યાંસુધી કેમ બને ? અને કદાચ હમણાં પણ તમારી સાથે રહેવાની ઈચ્છા કરૂં તો તમે મને તમારી સાથે કેમ રાખો ? કેમકે આખર હું પણ એક અઘચારજ છું ને ?" બીજી કેટલીક નકામી વાતચીત કરી કુમારને નમન કરીને બદ્રીનાથ બીજે રસ્તે વળી ધીચ જંગલ તરફ ચાલ્યો ગયો, એટલે ચતુર ગંભીર અવાજે બોલ્યો "આપણને બદ્રીનાથ મળ્યો, એ સારૂં થયું નહીં ? હવે તો આપણે ક્યાં જઈએ છીએ તેની એ તપાસ કરશે ! આ સમયે બીજી કોઇ યુક્તિ તો કરી શકીએ તેમ નથી. પણ તેને ભૂલાવામાં નાંખવા માટે એક માર્ગ છે। જંગલનો માર્ગ છોડી ચાલો ખુલ્લા મેદાનમાં ચાલીએ, એટલે જો આપણી પાછળ માણસ આવતો હશે તો જણાશે।" આ સલાહ કરી તેઓ મેદાનમાં ચાલવા લાગ્યા, અને ચાલતાં ચાલતાં પાછળ ફરી જોતાં હતા, પણ કોઇ તેમની પાછળ આવતો જણાયો નહીં આખી રાત્રી તેઓએ મુસાફરી ચાલુ રાખી, અને પ્રભાત થતાં તેઓ એક નાળાના કીનારા પાસે આવી પહોંચ્યા. કાન્તાને મળવા માટે અધીરો બની રહેલો કુમાર ત્યાં થોડી વાર આરામ લેવાને રાજી નહોતો, પરંતુ ચતુરના સમજાવવાથી રાત્રીનો થાક ઉતારવા તેઓ ત્યાં થોડી વાર બેસીને આગળ ચાલ્યા. પ્રહર દીન વીતતાં તેઓ ધીચ જંગલમાં જઇ પહોંચ્યા, જ્યાંથી જે નાળામાં થઇને કાન્તા અને ચકોરીને રાખવામાં આવેલી ગુફામાં જવાતું હતું તે લગભગ બે એક ગાઉ દૂર હતું.

"કુમાર દીવસનો ભાગ આ જંગલમાંજ ગુજારી સંધ્યાકાળ પછી આપણે તે તરફ જઈશું, કેમકે એ માટે રાત્રીનો સમય ઠીક પડશે !" ચતુરે કહ્યું, અને થોડેક ગયા પછી તે મૂજબ એક આમલીના ઝાડ નીચે તેમણે ઉતારો કીધો કંઇક અહાર કીધા બાદ તેઓ વાતે બેઠા. કાન્તાને કેવી રીતે છોડવવી તેના વીચાર અને યુકિતઓ ઘડવામાં આખો દીવસ વીતી ગયો, અને સૂરજ અસ્ત થતાં તેઓ ત્યાંથી નીકળ્યા. પેલા નાળાનાં મુખ આગળ પહોંચતાં ત્યાં ઉભા રહી ચારે તરફ નજર કરી એકાંત જોતાં તેઓ બેધડક નાળામાં દાખલ થયા. નાળાનો વીકટ માર્ગ જોતાં કુમાર દંગ થયો. પેલી સુરંગ વટાવી તેઓ બહાર આવ્યા અને જોયું તો ચતુરે પહેલે દીવસે જે ગુફા આગળ દીપક બળતો

જોયો હતો ત્યાં આજ અંધકાર છવાઈ રહ્યો હતો. આ જોઈ ચતુર ચમકયો. આખરે તેઓ જે ગુફામાં કાન્તા અને ચકોરીને ચતુરે જોઇ હતી, તેના મુખ આગળ પહોંચ્યા, તો અંધકારમાં ત્યાં પડેલી કાંઇ ભારી વસ્તુ સાથે ઠોકરાયા. ચતુરે તરતજ પોતાની થેલીમાંથી ચકમક કહાડી દેવતા પાડી દીવટ સળગાવી. દીપકનો પ્રકાશ થતાંજ ત્યાં જમીનપર ચતુરે આગલે દીને જે સઘળા પહોરો ભરનારા સીપાઇઓ જોયા હતા તે સઘળા મરણ પામી પડેલા જણાયા. તેઓ સઘળાને ઘણા જખમો લાગ્યા હતા આ દેખાવ જોઇ ચતુરના હોંસ ઉડી ગયા અને તે બહાવરો બની ગુફાની અંદર ધસ્યો. અંદર જોતાં કુંવરી અને ચકોરી પણ જણાયાં નહીં, પણ તેમના આભુષણો તુટેલી હાલતમાં ત્યાં પડેલા હતાં અને ત્યાંની જમીન લોહીથી ખરડાયલી હતી. ચતુરની પાછળ ગુફામાં ગયલો કુમાર આ દેખાવ જોતા ગભરાઈ ગયો. તેનું અંતઃકરણ હાથ રહ્યું નહીં, અને એક મ્હોટી હાય મારી તે જમીનપર બેસી કલ્પાંત કરવા લાગ્યો. ચતુરના પણ જો કે હોંશ તો ઉડીજ ગયા હતા, પરંતુ કુમારની હાલત ખરાબ જોઇ તે હીંમત ધરી તેને ધીરજ આપવા લાગ્યો. તેણે કહ્યું “ કુમાર, આમ છેક નાહીંમત શું થઇ ગયા ! જે પ્રભુની સાહ્યતાથી આપણે આ સ્થાને આવી શકયા છીએ, તેજ મહાન પીતાની કૃપાથી જે સ્થળે રાજકુંવરી હશે ત્યાં આપણે પહોંચી જઇશું !”

“ભાઈ, જયાં આખા અંતઃકરણમાં આગ સળગી રહી છે ત્યાં બુઝાવવાનો મીથ્યા પ્રયાસ વ્યર્થજ છે ! વહાલી ગઈ, સદાને માટે ગઇ---! સંસાર છોડી સ્વર્ગે સીધારી ! મહાસાગરના ઉછળતા તરંગોમાં ગુમ થયલી વસ્તુ મેળવવાની આશા રાખવી તે ફરી વહાલી કાન્તા—હાય ! એ હૃદયદેવીને ફરી કયાં નીરખીશું?” કુમાર કલ્પાંત કરતો બોલ્યો.

“ પણ એવો અમંગળ વીચાર મનમાં આણવાને કારણ કંઇ નથી !” ચતુરે દુઃખી થઈ ગળગળે અવાજે જણાવ્યું “અત્રેની વસ્તુઓની સ્થીતિ તપાસો, તેમનાપર લાંબો વીચાર કરો, તો કુમાર, તમને જણાશે કે જે અશુભ પરીણામ આવેલું ધારી આપ કલ્પાંત કરો છો તે આવ્યુંજ નથી ! જુઓ, જો તમે ધારો છો તેમજ ઇશ્વર ન કરે ને થયુંજ હોય તો જેમ આ સીપાઇઓની લાશો પડી છે, તેમ તેમની લાશો પણ અત્રે જોઈએ, પરંતુ તેમ નથી, તેથીજ આપણને આશા રાખવાને સબળ કારણ મળે

છે !" આટલી વાર સુધી દીંગમૂઢ સરખો થઈ ઉભો રહેલો વીજય બોલ્યો "બદ્રીનાથે તો કાંઇ ચાલાકી કરી નહી હોય?"

"એ વાત પણ માનવામાં આવતી નથી! જો એમ હોય તો આ સીપાઈઓને કોણે મારી નાખ્યા? પણ હવે અત્રે વધુ વાર રહેવું યોગ્ય નથી!" ચતુર ભાર દઇ બોલ્યો. કુલીનની આ સમયની શોકભરી સ્થીતિનું વર્ણન કરી વાંચનારાઓનાં કોમળ અંતઃકરણ ન દુઃખાવવાને અમારી કલમ આ સ્થલેથી અટકી જાય છે. ચતુર અને વીજયે બહુ બહુ સમઝાવીને કુમારને ગુફામાંથી ઉઠાડયો, અને કુમાર પોતાના અશ્વપર સ્વાર થતાં તેઓ નાળાની બહાર આવ્યા. હવે કઈ તરફ જવું તેના વીચારમાં તેઓ ઉભા, એટલામાં વીજયે કહ્યુ "ભાઇ, જયાં રાજા બલદેવસીંહની રાણીને મૂકી આવ્યા છો તે ગુફા તરફ તો ચાલો ! ત્યાં રાણી છે કે નહી તે તો જોઇએ !" કુમારની પણ મરજી જ જણાતાં તેઓ ત્રણે તે ગુફા તરફ ચાલ્યા. તે ગુફા સમીપ જઇ જોતાં ત્યાંથી રાણી પણ ગુમ થયલી જણાઈ, એટલે તેમની મુંઝવણ વધી પડી. આ સમયે મધ્ય રાત્રી વીતી ગઈ હતી. પેલી ગુફાના મુખ આગળ બેસી ત્રણ જણ ઉંડા વીચારમાં પડયા. આ સઘળાનો ભેદ શો છે? તેની વીમાસણમાં તેઓ કંઇ પણ બોલ્યા વગર થોડી વાર સુધી બેસી રહ્યા. એકાએક કંઇ યાદ આવતાં વીજય બોલી ઉઠયો "મને એક યુક્તિ જડી છે, અને તેમ કરવાથી આ સઘળો શો ભેદ છે, તે સઘળાનો પત્તો મળી જશે! આપ કુમાર સહીત અત્રેજ રહો, એટલામાં હું જઈને ભાળ મેળવી આવું છું અને બનશે તો ખરી ભાળ મેળવવાનો પૂરાવો પણ આણી આપની સમક્ષ રજુ કરીશ!" આમ કહી તેણે ચતુરને કાનમાં કંઇ કહ્યું, અને તરતજ ત્યાંથી વીદાય થયો.

પ્રકરણ ૨૭ મું.

નવી આફત.

રાત્રીનો ઘણો ભાગ વીતી જવાથી વીજયગઢમાં સર્વત્ર સુનકાર છવાઇ ગયો હતો. પશુપક્ષી, માનવી સઘળાં શોક, દુઃખ જંજાળ, વગેરે સઘળુ વીસરી જઈ નીંદ્રાદેવીના માયાળુ ખોળામાં આળોટતા હતાં. તમારાંઓનો અવાજ અને પહેરેગીરોના પૂકાર શીવાય કાંઇ સંભળાતું નહોતું. સર્વત્ર શાંતી પથરાઈ રહી

હતી. આવે સમયે વીજયગઢના રાજમહેલને લગતા કીલ્લા આગળ એક સીપાઈ અર્ધ જાગૃત અવસ્થામાં ધીમે પગલે પહોરો ભરતો હતો. આમ તે સીપાઇને પહોરો ભરતો જોવાને આપણને બહુ સમય થયો નહીં, એટલામાં એક માણસ ત્યાંથી ઉતાવળો પસાર થતો જણાયો. તેના પગલાંનો અવાજ સાંભળતાં તે સીપાઇનું ધ્યાન તે તરફ ખેંચાયું, અને તેને દોડતો જતો જોઈ તે કોઇ ચોર હશે, એવો વ્હેમ લઇ જઈ સીપાઇએ મ્હોટેથી બૂમ પાડી કહ્યું "સબુર કર! કોણ આટલી ઉતાવળે જાય છે?" પેલા દોડતા જતા માણસે પોતાનું આખું શરીર એક ખાંડીબંધ મેલથી ભરેલી ચાદરમાં સંતાડેલું હતું, મસ્તકપર પણ ફાટેલા અને મેલાં લુગડાંનો ગમે તેમ ફેંટો બાંધ્યો હતો, જેની બે ચાર આંટીઓ ગરદન તેમજ કાનપર લટકતી હતી. સીપાઈની બૂમ સાંભળીને ગભરાઇ ન જતાં તે પાછો વળી દોડતો સીપાઇ પાસે આવ્યો, અને હાથ જોડીને બોલ્યો "સીપાઇ સાબ, એ તો હું આપનો ગરીબ રઇયત પટેલ સું!" તેની ભાંગી તુટી બોલીપરથી તે ગામડીઓજ છે, એમ માની સીપાઇએ જરા દમમાંજ પૂછ્યું "હરામખોર, ખરૂં કહેજે! આવી મોડી રાતે દોડતો કયાં જતો હતો? હાથમાં શું સંતાડયું છે? ખરૂં હોય તે બતાવી દે, નહી તો એક ઝટકામાં ધુળ ચાટતો કરી દઇશ!"

"માબાપ હુ હંધુ હાચેહાચું કઉં સું!" ગામડીઓ હાથ જોડી તેને નમીને કાલાવાલા કરતો બોલ્યો, ને પોતાના હાથમાં સંતાડેલી એક શીશી સીપાઈને બતાવતાં તેણે જણાવ્યું "જુઓ સાઇદા, એ સે તે કે ને જે આ હીહી (શીશી) ઝોઈ! ઈ સેની તી–"–"એ શીશીકું શું?" તેના હાથમાંથી શીશી લઈ લેતાં સીપાઈએ દમમાંજ પૂછ્યું. ગામડીઆએ પણ સીપાઈને શીશી આપતાં લેશ પણ આનાકાની ન કરતાં હસીને જવાબ આપ્યો "મહેરબાન, ખોટેરો મારાપર આંખુ કાંઉ કાઢોસ! હું તમને બધું હાચેહાચું કઉંસ! ઓલું હહરીનું હું કેવાય ઓલુ કેવું મારૂં બેડું–હારી હારી હુગંધ આવે તી હું-અરે, હમણાં ઇયાદ ઉતું ને કાંઉ જાતું રીયું–" આમ જાણે યાદ આવેલું વીસરી ગયો હોય અને તે ફરીથી યાદ કરતો હોય તેમ કાને હાથ મુકી વીચાર કરી બોલી ઉઠયો "હંઅ! હવે ઝલાણું-ઓલુ-ઓલુ-"

"મૂરખા, અત્તર કે?" સીપાઇ કંટાળીને બોલી ઉઠયો.

"હા, હા! ઇજ, ઇજ! હું નામ કયું? અનટર ની? હા ઇજ!" ગામડીઓ બોલી ઉઠયો "લાવો મેરબાન, મારે હજી ઓલા જમાલખાન જમાદાર હાબ સેના તીની પાહે જઈને હુરજ ઉગતાં પાસું ખેતરે પોંસવુ સે! નહી પુગાય તો પાંસ મોહોર ખોઇ બેહા!"

"જમાલખાન જમાદારને ત્યાં આ શીશી લઇને અત્યારે શા માટે જવું છે?" સીપાઇએ પૂછ્યું.

"તી સેની ઇમ સે કે એક મોટુ પાઘડું પેરીને ને બોકડા જેવું મોટું દાઢું રાખીને એક મનીખ હાંજના મારે ઝુંપડે આવી કહ્યું કે આ હીહીમાં હું સે તી જે કોઇ પારખી આપે તીને ઇ પાંસ મોહોર અનામ આલે! અમ બેડું મનીખ ઇ અનટર ફનટરમાં હું હમજીયે, પણ જમાલખાન ઝમાદાર મારા ભાઇબંધ સે ઈ રાજ્યાના (રાજા) નોકર સે ઇ જાણતા હો હે ઇમ હમજી રાતોરાત નીકળી પડયો, કાંઉ કે હવારે ઓલા મારા બેટાને ઝબાપ આલવો સે! હાચું બોલ્યું સું મેરણાન, જોવ, આ એક મોહોર જમાદાર હાબને આલવા માટે પણ લઈ જાવું સું!" ગામડીઆએ કહ્યું, ને પોતાના હાથમાં એક ચળકતી સોનામોહોર બતાવી. કીલ્લાની દીવાલપર બળતા દીપકનો પ્રકાશ ગામડીઆના હાથમાંની મોહોર ઉપર પડતાં તેના ચળકાટે સીપાઇને અંધ બનાવી દીધો. તેનું મન લલચાયું. જમાલખાં જમાદાર મફતમાં ગમારની મોહોર મેળવી લેશે, એમ ધારી પોતાને તે મોહોર મેળવાનું મન થયું, એટલામાં પટેલે ઉતાવળ કરતાં કહ્યું "સાલો, મેરબાન, હવે મને રોકો મા! હવાર પડહે તો મોહોર ખોઇ બેહીસ!"

"સબુર, સબુર ભલા માણસ!" સીપાઈનો આગલો મીજાસ જતો રહ્યો, અને હવે તેણે હસીને ગામડીઆનો હાથ પકડી કહ્યું "લાવને હુંજ તને કહી આપું છું કે આ શીશીમાં શેનું અત્તર છે? જમાલખાંના ઘર સુધી જવાની કંઇ જરૂર નથી! એક મોહોર મનેજ આપજે!"

"તયેં તો તમારી મેરબાની માબાપ? તમેજ જાણે પરમેહર! એટલો ધકો મટયો, ને વળી હવારે ખેતરને પણ ઝટ પોંસી જયસ! લયો બાપુ, આ તમારી એક મોહોર ને બોલી નાંખો કે અનટર સેનું સે! જોવ, માબાપ હાચેહાચું કેજો!" ગામડીઆ ઉલટમ આવી જણાવ્યું, ને સીપાઇના હાથમાં મોહોર મૂકી.

"અહો! એમાં શું મ્હોટી વાત છે! અત્તર વાપરતાં માગે બોલાં આવ્યા?" પોતાના ખીસ્સામાં મોહોર સેરવતાં સીપાઇ બોલી ઉઠયો, ને શીશી ઉઘાડીને તેની વાસ લેવા માંડી. જોતજોતામાં તેને તમર આવતાં તે જમીનપર પડી બેભાન થઈ ગયો. તરતજ પેલા ગામડીઆએ તો પોતાને શરીરે ઓઢેલી ચાદરમાં ગાંસડી બાંધી, અને ઉંચકીને ત્યાંથી જંગલમાં જ્યાં કુમાર અને ચતુર બેઠા હતા ત્યાં જઈ ગાંસડી ઉતારી, અને કહ્યું "લ્યો આ શીકાર!" આ ગામડીયો આપણો વીજય હતો, એ વાંચનારને ઓળખવાની જરૂર નથી.

"કોનો શીકાર લાવ્યો ભાઈ વીજય?" ચતુરે પૂછ્યું.

"રાજા બલદેવસીંહના કીલ્લાદરના પહેરેગીરનો! હવે પહેલાં એનેજ પૂછી જોઇએ!" સીપાઈની ગાંસડી છોડતાં વીજયે જણાવ્યું "એની પાસેથી કંઇ ખબર નહીં મળે તો પછી આપણે વળી બીજો ઉપાય લઈશું!" આમ કહેતાં તેણે પોતાની પાસેની કંઈ ભુકી સુંઘાડી સીપાઇને શુદ્ધિમાં આણ્યો. શુદ્ધિમાં આવતાં જંગલમાં બે બહાદુરો અને પેલા ગામડીઆ સામે પોતાને ઉભેલો જોઇ સીપાઇ ડરી ગયો. તે કંઇ બોલવા જતો હતો એટલામાં વીજયે પૂછ્યું, "જો હું પુછું તેનો સત્ય જવાબ આપજે? બોલ ત મારી મહારાણી ક્યાં છે?" સીપાઈના આ સમયે હાથ પગ બાંધેલા હોવાથી તેણે જાણ્યું કે કહ્યા વગર છુટકોજ નથી તેથી જણાવ્યુ "મહારાણી ઘણા દીવસથી કોણ જાણે કયાં ગુમ થઇ ગયાં છે! હજી તેમની કંઇ પણ ભાળ મળી નથી! એ શીવાય કંઈ હું જાણતો નથી!" સીપાઇનું આ કહેવું ચતુરને ખરૂં લાગ્યું, અને તેણે ગંભીર અવાજે કુમારને કહ્યું "હવે રાજકુંવરીની શોધ કરતાં ઘણા દીવસો લાગશે માટે કુમાર, તમો સેનામાં જાઓ! હું રાજકુંવરીની શોધ કરવાની ગોઠવણ કરૂં છું!"

"હને સેનામાં જઇ શું કરીએ!" કુમારે નીરાશાસહ કહ્યું.

"તમે સેનાનો બંદોબસ્ત નહી રાખો તો વળી બીજી આફતમાં આપણે આવી પડીશું! કુમાર, તમે સમજુ થઈને આમ શું કરો છો? રાજા બલદેવસીંહના જાણવામાં આવશે તો તે ફરી લડાઈ શરૂ કરશે! વળી મહારાજા રામસીંહજી પણ આ સમાચાર સાંભળતાં ચીંતા કરશે, અને મહારાજા જગતસીંહના દુ:ખની તો સીમાજ રહેશે નહીં!" ચતુરે તેને સમજાવવા માંડયો.

"ભાઇ, ગમે તેમ થાઓ, પરંતુ જ્યાં હૃદયનું જીવનજ નથી ત્યાં દુનીયામાં બીજાની અમારે શા માટે ચીંતા કરવી!" કુલીને દ્રઢ અવાજે કહ્યું.

"કુમાર, તમે આમ ધીરજ છોડી દેશો તો પછી અમારી હીંમત પણ કેમ રહેશે, અને અમે નાઉમેદ બની જઇ કાંઈ સેવા બજાવી શકીશું નહીં!" આમ ચતુરે કુમારને બહુ સમજાવ્યો ત્યારે તેણે કહ્યું "ઠીક ભાઇ, અમે પાછા ફરીશું, પણ કાલનો દીવસ અમે તમારી સાથે રહીશું, એટલામાં જો વ્હાલીની કંઈ ભાળ મળી તો ઠીક છે, નહીં તો અમે શેરગઢ જઇ સેના સહીત વીજયગઢપર ચઢી આવીશું. અમે લડાઈ શરૂ કરીશું, એટલામાં તમે તેમની શોધ કરજો!" આ સઘળી વાતચીત તેમણે પેલો સીપાઇ સાંભળી ન શકે એવી રીતે કરી હતી. પછી ચતુરે પેલા સીપાઇને એક ઝાડના થડ સાથે મજબૂત બાંધીને વીજય ને કહ્યું "ભાઇ વીજય, હવે તું અત્રે કુમાર પાસેજ રહેજે એટલામાં હું તપાસ કરી આવું છું!" પછી બીજી કેટલીક વાતો વીજયને પૂછયા બાદ કુલીનની આજ્ઞા લઈ ચતુર પેલા કેદ પકડાયલા સીપાઇનું સ્વરૂપ ધારણ કરી ત્યાંથી વીદાય થયો. જે સ્થાને જંગલમાં કુમાર અને વીજય બેઠા હતા ત્યાં ઝાડી ઘણી ઘીચ હતી. ચતુરના જવા પછી કુમાર અને વીજય એક પહોળી શીલાપર બેસીને વાતચીત કરતા હતા. પ્રાતઃકાળનો સમય થવા આવ્યો હતો, એટલામાં પૂર્વ દીશા તરફથી કોઇએ ફેંકેલો એક ન્હાનો પથ્થર કુમારની પાસે આવી પડયો. કુમાર અને વીજય આ જોઇ અજાયબ થઇને જે તરફથી પથ્થર આવ્યો હતો તે તરફ જોવા લાગ્યો, એટલામાં તેમની પાસે એક બીજો પથ્થર આવી પડયો, જે પણ કોઇને લાગ્યો નહી. તરતજ વીજયે જોર થી બૂમ પાડીને પૂછયું "ઝાડીમાં સંતાઇને દૂરથી પથ્થર મારનાર કોણ હીચકારો છે? હીંમત હોય તે સામે આવી જાય!"

"સીંહ સરખી ગર્જના કરી તેની બહાદુરીનું ડોળ ઘાલનાર શીયાળને દૂરથીજ મારવો જોઇએ!" ઝાડીમાંથી અવાજ આવ્યો, જે સાંભળતાંજ કુમારને બહુ ગુસ્સો ઉપજ્યો, ને મ્યાનમાંથી તલવાર ખેંચી ઉભો થઇ જે તરફથી અવાજ આવ્યો હતો તે તરફ ધસ્યો, પણ વીજયે તેનો હાથ પકડી જતો અટકાવીને કહ્યું "કુમાર, આપ ઉભા રહો! હું એ હરામખોરને હમણાં

પકડી લાવું છું !" આમ કહી કુમારને ત્યાં ઉભો રાખી વીજય તે તરફ ધસ્યો થોડેક જતાં એક બીજો પથ્થર વીજયના પગ પાસે આવી પડયો, એટલે તે વધુ ગુસ્સે થઇ તે તરફ દોડયો, તો છેટે એક માણસ જણાયો, પણ ઝાડો ઘીચ હોવાથી અંધકારને લીધે તે કોણ હતો તે ઓળખી શકાયું નહી. વીજયને પોતાની તરફ દોડતો આવતો જોઇ એક બીજો પથ્થર ફેંકી તે માણસે નહાસવા માંડયું, એટલે વીજય પણ તેની પાછળ ધાયો, પણ ઝાડીમાં આડા અવળા ચકરો ફરીને તે માણસ થોડી વારમાં અદ્રશ્ય થઇ ગયો. વીજય તેને ચારે તરફ શોધવા લાગ્યો. પ્રભાતનો સમય થયો, અને સૂરજનો પ્રકાશ ધીમે ધીમે વધવા માંડયો, તોપણ વીજય તે માણસને શોધી શકયો નહી. છેવટે થાકીને લાચાર થઇ જે સ્થળે કુમારને છોડી પોતે નીકળ્યો હતો ત્યાં વીજય પાછો ફર્યો, તો ત્યાં કુમારને ન જોવાથી તે કદાચ આટલામાં ફરતો હશે તેમ ધારી આસપાસ શોધ કરતાં પણ કયાં કુમાર નજરે ન પડવાથી તે વીચારમાં પડી ગયો, આ સાથે ઝાડ સાથે બાંધેલ સીપાઇ પણ ત્યાં જણાયો નહીં, એટલે વીજયના હોંસ ઉડી ગયા. અનેક અમંગળ શંકાઓ તેના મનમાંથી પસાર થવા લાગી. આંખમાંથી આંસુની ધાર વહેવા લાગી. નીરાશ થઇ તે શીલાપર બેસી જઈ હાથ કપાળે મૂકી હવે શું કરવું તેના વીચારમાં પડયો—"અરેરે હવે કયાં જાઉં, ને કુમારને કયાં શોધું ? શોધતાં શોધતાં જો બહુ દૂર નીકળી જાઉં અને પાછળથી અત્રે ભાઇ ચતુરસીંહ પધારે ને અમને ન જોય તો તેમની કેવી સ્થીતિ થાય ?" વળી ઉઠીને આશામાં ચારે બાજુએ ઘણી વાર સુધી શોધમાં ભટકયો, અને નીરાશ થઇ પાછો તેજ સ્થળે આવી આંસુ સારતો બેઠો. આમ વારંવાર કુમારની શોધ કરી થાકયો, પણ કંઇ ભાળ મળી નહી. કુમાર કયાં ગયા હશે, તેની કંઇ પણ અટકળ તે બાંધી શકયો નહી, અને મુંઝવણમાં ચતુરના આવવાની રાહ જોતો ત્યાંજ બેસી રહ્યો. આ તરફ સીપાઇના સ્વરૂપમાં નીકળેલો ચતુર વીજયગઢમાં રાજમહેલના કીલ્લાના દ્વાર આગળ જઈ પહોંચ્યો. પ્રભાત થવાથી જાગી ઉઠેલા કેટલાક સીપાઈએ તેને જોતાંજ બોલી ઉઠયા. "જયરાય, કયાં ગયો હતો ? અહીં પહોરો મૂકીને ગયો તે કેવો ધાંટાળો થઈ ગયો હતો ! બદ્રીનાથજી અહીં પહોરાની તપાસ કરવાને આવ્યા હતા તે તને ન જોવાથી ગુસ્સે થઈ

શોધવાને ગયા છે ! ભાઇ જરા અમને જણાવીને તો જવું હતું ? તારા એકલાના પાપમાં અમારી પણ સાથે કમબખતી આવી !"

"ભાઇઓ, શું કરૂં ? મારી તબીયત ઓચીંતી એટલી બધી બગડી આવી ને મારા પેટમાં એવો દુખાવો થયો કે કહેવાની વાતજ નહીં તેથી દીશાએ ગયો તેમાં વખત થઇ ગયો !" જયરાય સીપાઇના સ્વરૂપમાં ચતુરે કટાણે મુખે જણાવ્યું, ને જાણે તે સમયે પણ પોતાના પેટમાં પાછો દુખાવો ઉપડી આવ્યો હોય તેવું ડોળ ઘાલી પેટ દાબતો બોલ્યો "ભાઈઓ, હજી પણ પેટમાં ગરબડ ચાલુજ છે, શું કરવું ! કંઈ મરવાને નોકરી કરવી નથી ! શરીરમાં સાસ છે તો બધુ એ છે ! મરવું નથી કંઇ ! પાછળ છઇયાંછોકરાં ખાવાવાળાં છે ! સંભાળજો ભાઇઓ, હું તો પાછો જાઉં છું !" આમ કહેતાં જાણે પેટમાં બહુ દુખાવો થતો હોય તેમ પેટ દાબીને આપણો વેષધારી જયરાજી દોડતો દોડતો ત્યાંથી ચાલ્યો ગયો. બદ્રીનાથ સીપાઇની શોધમાં ગયો છે એવું પહેરેગીરોને મુખેથી જાણી ચતુર સાવધ થઇ ગયો. જો પોતે સીપાઈના વેષમાં ત્યાં વધુ વાર રહેશે અને જો બદ્રીનાથ આવી પહોંચશે, તો જરૂર પોતાને ઓળખી જશે, એમ ધારી ત્યાં વધુ વાર ન રોકાતાં થોડેક દૂર એકાંત સ્થાનમાં જઈ તે એક ભીખારીનું સ્વરૂપ ધારણ કરી રસ્તાની બાજુએ જાણે ભીખ માગવા બેઠો હોય તેમ બદ્રીનાથના આવવાની રાહ જોવા લાગ્યો. સામેથી થોડી વારમાં બદ્રીનાથ આવતો જણાયો. તેની પાછળ કાસમ પોતાની પીઠપર એક મ્હોટી ગાંસડી ઉંચકીને આવતો હતો, અને તેની પાછળ જે સીપાઇનું સ્વરૂપ ચતુર ધારણ કરી આવ્યો હતો, તે પણ ચાલ્યો આવતો હતો. બદ્રીનાથને આવી રીતે આવતો જોઈ ચતુર ચમકી વીમાસણમાં પડયો. તે પોતાના મનમાં બબડયો—"અરે, મામલો ગંભીર જણાય છે ! આ સીપાઈને તો ઝાડના થડ સાથે બાંધી તેની સામેજ કુમાર અને વીજય બેઠા હતા, છતાં એ ત્યાંથી કેવી રીતે છુટી આવ્યો હશે ? જરૂર બદ્રીનાથ અને કાસમે કંઈ રમખાણ મચાવ્યું હશે !

કાસમની પીઠપરની ખાંસડીમાં કુમાર અથવા વીજયમાંથી એક જણ હોવો જોઇએ!" પણ તે વખતે પોતે એકલો કંઈ કરી શકે તેમ ન હોવાથી ચતુર ત્યાં ગુપચુપ બેસીજ રહ્યો, અને તેઓ કીલ્લામાં દાખલ થયા, એટલે ઉઠીને જંગલમા જે સ્થળે કુમાર અને વીજયને છોડીને આવ્યો હતો તે તરફ ઉતાવળે ચાલ્યો. ત્યાં પહોંચતાંજ વીજયને કપાળે હાથ દઇ ઉદાસ ચી-તે શીલાપર બેઠેલો જોતાંજ નિઃશ્વાસ નાખી ચતુર બોલ્યો "બસ, નક્કી કુમાર દુશ્મનના પંજામાં સપડાયા!" ચતુરનો અવાજ સાંભળી ઉંડા વીચારમાં પડેલા વીજયે ઝબકીને ઉંચી નજર કરી જોયું, અને ચતુરને જોતાં તેના પગમાં પોતાનું માથું મૂકી મ્હોટેથી રડી પડી બોલી ઉઠયો "ભાઇ, કુમાર દુશ્મનના પંજામાં ખરેખર સપડાયા! હાય!" ચતુર પણ ઉદાસ અંતઃકરણે શીલાપર બેસી ગયો, અને વીજયને પોતાની છાતી સાથે દાબી ધીરજ આપી સઘળી હકીકત પૂછવા લાગ્યો. વીજયે દુઃખી અંતઃકરણે બનેલી સઘળી બીના કહી, અને છેવટે ગળગળે સાદે કહ્યું "ભાઇ, મારી મૂર્ખાઈનું આ સઘળું પરીણામ છે। કુમારને છોડીને હું ન ગયો હોત તો કુમાર કદી ફસાત નહીં! મારી એ કસુરને માટે હું ભારે શીક્ષાને લાયક છું! આપ ગમે તે શીક્ષા કરો હું તે ખમવાને તૈયાર છું!" આટલું કહી વીજય હાથ જોડી નીચું મસ્તક કરી ઘુંટણીએ પડયો. ચતુરે તેનો હાથ પકડી પોતાની પાસે બેસાડી કહ્યું "ભાઇ, તારી કંઈ ભૂલ નથી! સઘળો કાળ ચક્રનો ખેલ છે! ભાત્રી મીથ્યા થતું નથી! ખરેખર દૈવ આપણાપર રૂઠયો છે! ચારે તરફથી આપણાપર વારાફરતી આફતો આવી પડે છે। સુકુમાર કાન્તાકુંવરી અને ચકોરી કોણ જાણે કેવી વીપદમાં પડી હશે, અને કયાં હશે, તેની આપણે માથે પડેલી ચીંતા હતી, તેમાં કુમાર દુશ્મનના હાથમાં સપડાઈ ગયા! મ્હોટો ગજબ થયો! હવે આપણે મહારાજાને શું મુખ બતાવીશું! અહાહા! દૈવની ગતી કેવી પ્રબળ છે! સાત સાંધતાં ત્રુટે તેર, વીધી રૂઠી વરસાવે કેર!" આમ બોલી ચતુરે એક ઉંડો નિઃશ્વાસ નાખ્યો. વીજયની આંખમાંથી હજી આંસુ પડવાં જારીજ હતાં. થોડી વાર સુધી બને અબોલ બેસી રહ્યા, ને જાણે ઉંઘમાંથી જાગૃત થયા હોય તેમ ચતુર એકાએક બોલી ઉઠયો "છટ છટ! આપણે કેવા મૂર્ખ છીએ! આટલામાં નાહીંમત બની જઇ

માથે હાથ મૂકી બાયલાની માફક રડતા બેઠા છીએ! સંકટ એ હીંમત અને દ્રઢતાની કસોટી છે! ભવસાગરમાં આફત રૂપી ઉછળતા તરંગોમાં પડેલી જીવનનાવને ખરાબે લાઘતી બચાવી સહીસલામત કીનારે લાવવાને હીંમત અને દ્રઢતારૂપ સુકાનીઓની જરૂર છે! અને આપણે એમનોજ ત્યાગ કરીએ છીએ! કેવી મૂર્ખાઇ! બસ, ભાઇ વીજય ઉઠ! આપણે ઇશ્વરપર ભરોસો રાખી હીંમતથી પડેલી આફત સામે લડીશું! જંગલે જંગલ ભટકીશું! વીકટમાં વીકટ પહાડો ઓળંગીશું, અને ઉંડી ખાઇઓ વટાવી કુંવરીની શોધ કરીશું! હીંમત છે તો પ્રભુની સહાય છે!" આમ બોલતાં તે ઉઠયો, અને વીજય સહીત કયાં જવું તેનો કંઇ પણ ઠરાવ કીધા વગર એક દીશા તરફ ચાલ્યો.

પ્રકરણ ૨૮ મું.

પ્રેમપર સજજડ ફટકો -શુભ આગમચેતી.

રાજા બલદેવસીંહના ખાસ મહેલના એક ઓરડામા લોખંડના મજબૂત સળીયાવાળા દરવાજાની ઓથે કુલીનકુમાર હાથ પગમાં મજબૂત બેડીઓ સહીત બેઠો હતો. તેની મુખમુદ્રાપર ઉદાસીની ફીક્કાસ છવાઈ રહી હતી. દરવાજાપર સ્ત્રીઓ કમ્મરે આબદાર છરાઓ લટકાવી પહોરો ભરતી હતી. અસહ્ય દુઃખના ભાર તળે દબાયલો કુમાર નીસાસા નાંખતો ધીરે ધીરે મુખમાંથી ઉદ્દગારો કહાડતો હતો. " હાય! વહાલીની ભાળ મળવાથી પણ શો ફાયદો છે! અરે ભૂલ્યો! હવે એને વાહાલી કહી દોષિત કેમ થાઉં છું! પણ એક વાર હૃદયમંદીરમાં સ્થાપેલી મૂર્તિ પાછી કેમ ખસેડી શકાય! અરેરે! એ માધુરી કયાં હશે! પહેલાં તો એમ માનવાને કારણ હતું કે બલદેવસીંહના પંજામાં તેણી હશે, પણ હવે શું અટકળ કરી શકાય? હાય! કાન્તા, સુદરી! તું કયાં હઇશ! વહાલી! તમારી વીરહવેદના કારાગૃહની આ બેડીઓના દુઃખ કરતાં વધુ પીડા કરે છે! હવે તો કાન્તા સહીસલામત પોતાનાં માત પીતાની માયાળુ છાયામાં મહાલે છે, એટલી આનંદદાયક ખબર મળે, તો આ કેદખાનામાં ક્ષુધા અને તરસ વેઠી મરવામાં પણ સ્વર્ગ સરખું સુખ માનીશું!

હૃદયાધાર ! જયાંસુધી તમારી સલામતીના સમાચાર મળ્યા નથી, ત્યાંસુધી આ જીવન અસહ્ય થઇ પડયું છે ! હાય તમારી કેવી સ્થીતિ પ્રેમીની! આ સમયે તારી શોધમાં જંગલે જંગલ ભુખ્યા તરસ્યા ભટકતા હોત, પગમા કાંટાઓ વાગીને રૂધીરની ધારા વહી રહી હોત અને એવા બીજા હજારો કષ્ટ સહન કરતાં પણ અમને વધારે સુખી માનત! વીધી, આવી દયાહીન શા માટે થઇ!! દૃઢ અને સત્ય પ્રેમના ઉપાસકની આરાધનામાં આમ ખલલ કરવામાંજ, હે દયાહીન દઇવ, શું તું આનંદ માને છે? શું એજ તારૂં કરતવ્ય છે? અરેરે ! ભાગ્યદેવી ! અમારા હાથ પગ બેડીઓમાં આમ બાંધીને અમારો પ્રેમનો પંથ પૂર્ણ કરવામાં અમને અશકત કરવાથી તને શો લાભ થનાર છે! પ્રભુ, તું જગત્પાલક કહેવાય છે છતાં આમ દયાહીન કેમ થયો છે!" આમ મનમાં બબડતો ઉંડા નિ:શ્વાસ નાંખતો કુમાર બેઠો હતો. તેની આંખોમાંથી આંસુની ધારા વહી રહી હતી. આ ઓરડાની સામે એક સુંદર મંડપ હતો, જેમાં ચાર પાંચ ઝુંમરોમાં પ્રકાશીત રોશની થઈ રહી હતી. કુમારનું ચીત્ત અનહદ વ્યાકુળ બની રહ્યુ હતું. તેણે ઉંચું મસ્તક કરી તે મંડપ તરફ નજર કરી, એટલામાં ચારપાંચ દાસીઓ ઉતાવળે ચાલતી ત્યાં આવી બીજા દીપકો પ્રકાશીત કરી ચાલી ગઇ. આથી ત્યાં દીપકોનો બહુજ પ્રકાસ થઇ રહો. થોડી વારમાં બીજી દાસીઓ આવી મખમલના બુટાદાર ગાદી તકીઆ ત્યાં બીછાવવા મંડી ગઈ. તેનાપર દીપકનો પ્રકાશ પડતાં એક તરેહનો મનોહર ચળકાટ તે મંડપમાં છવાઈ રહો. આમ સઘળી તૈયારી કરી દાસીઓ કોઈના આવવાની રાહ જોતી હોય તેમ દરવાજા તરફ આતુરતાથી જોતી ઉભી રહી. આથી તેમજ મહેલના જે ભાગમાં પુરૂષનું નામ સુધાં નહી જણાય તેવા ભાગમાં પોતાને શા માટે કેદ કરવામાં આવ્યો તેની તેને બહુ વીમાસણ લાગી કેમકે, પોતાના ઓરડાના દરવાજાપર પહોરો ભરનાર પણ સ્ત્રીઓજ હતી. પોતાને તેવા સ્થાનમાં કેદ કરવામાં રાજા બલદેવસીંહની શી મતલબ હશે તે માટે તે ઉંડા વીચારમાં પડયો. થોડી વારમાં રાજા બલદેવસીંહ સુંદર પોશાક અને આભુષણો સજીને આવી કુલીનના દરવાજાની બરોબર સામે આસને બેઠો. તેની સાથે બે સ્વરૂપવાન યુવતીઓ સુંદર અને અમુલ્ય વસ્ત્રાભુષણ સજી હંસગતીએ ચાલતી આવીને

તેની બંને બાજુએ બેસી ગઇ. આ દેખાવ જોતાંજ કુલીન ચમકયો, બ્હાવરો બની ગયો. વાંચનાર, કુલીને એવું તે શું જોયું ? અરે, આ શું ? રાજા બલદેવસીંહના બંને હાથામાં હાથો નાંખી જમણી બાજુએ કાન્તાકુંવરી અને ડાબી બાજુએ ચકોરી હસ્તે મુખાર્વીંદે બેઠી છે ! વાંચનાર, કાન્તાકુંવરીને કુલીન સાથે આપણે વારંવાર જોઇ હતી પણ આ સમયે વસ્ત્રાભુષણોથી તેણીનાં સૌંદર્યમાં ઘણોજ વધારો થયો હતો. તેમની સામે સોનાના જુદા જુદા થાળોમાં પાન સોપારી, એલચી, લવંગ, વગેરે મુખવાસની વસ્તુઓ અને અત્તરદાનીઓ ગોઠવેલી હતી. કુલીનને અનહદ ક્રોધ ઉપજયો, તે મનમાં બોલી ઊઠયો-"અરે, આ શું ? કાન્તા બલદેવસીંહ સંગે હાસ્યવીનોદ કરતી બેઠી છે ! મારી તરફનો તેણીનો આટલો બધો દ્રઢ સ્નેહ શું તેણીના અંતઃકરણમાંથી ચળી ગયો ! અરે, તેણીએ શું પોતાના માતપીતા તરફની સ્નેહસાંકળ પણ તોડી નાંખી ! મારી સામે આમ બેસતાં તેણીનું અંતઃકરણ સહજ પણ ડંખતું નહી હોય ! શું કાન્તા જાણતી નહી હોય કે તેણીની સામેજ આ ઓરડામાં હું હાથ પગમાં બેડીઓ સહીત પડયો છું ? નહી, નહી એ જાણતી હશે કે-હશે શું છે ! મારી તરફ આડી નજરે જોઇ તેણી મુખ મલકાવે છે, તે શું હું નથી જોતો ? પણ તેણીની સાથે ચકોરીની મતી પણ કેમ બદલાઈ ગઈ ! તેણીના અંતઃકરણમાંનો ચતુર તરફનો સ્નેહ પણ શું જતો રહ્યો ! અરેરે, ચતુરને રાજા બલદેવસીંહના પંજામાંથી છોડવવાને તેણીએ કેટલી બધી ઝહેમત ઉઠાવી હતી, તે દ્રઢ પ્રેમનો કયાં લોપ થયો ! ભાઈ ચતુર, આ દેખાવ જોતાં તારા અંતઃકરણમાં કેવો કારી જખમ લાગશે ? અરેરે, તે સમયેજ જો ચકોરીએ બલદેવસીંહ તરફ સ્નેહ બતાવ્યો હોત તો આ સમયે તને કંઈ ન થાત ! ચકોરી, ચકોરી ! જો આખરે આવુંજ પરીણામ આણવું હતું તો ચતુરને અંતઃકરણ શા માટે આપ્યું ? ચતુરને છોડવવાને કંચનીનું સ્વરૂપ ધારણ કરી બલદેવસીંહના મહેલમાં ગઇ તે વખતેજ તારા હૃદયમાં તેને માટે પ્રેમ કેમ ઉત્પન્ન ન થયો ! દાસીપણામાંથી પોતાની રાજકુંવરી સાથે મહારાણી બનવાનો તને પણ લોભ થઈ આવ્યો ! હાય ! સ્ત્રીઓ કેવાં ચળીત અંતઃકરણની હોય છે ! જે ભોળા

પુરૂષો સ્ત્રીઓપર વિશ્વાસ રાખતા હશે, તેઓ કેવા મૂર્ખ હશે ! અરેરે ! આવી ઉંચ કુળમાં જન્મેલી રાજકુંવરી નીચ અંતઃકરણની બની પોતાનાં કુળગૌરવને કલંક લગાડનારૂં આચરણ કરે ! હરી, હરી ! શ્વાન સરખા ચળેલા ચીત્તની મોહીનીના રૂપમાં સંતાયલી ઝેરી નાગણી તરફ સ્નેહ દરશાવી, છેવટે આ જખમની વેદના સહન કરવાનું, ઓ દયાહીન દૈવ, મારા ભાગ્યમાં શા માટે લખ્યું ! બસ, કાન્તા, પાપીણી, વિશ્વાસઘાતીની, મારા જીવનનું સુખ તેં આજે હરી લીધું છે ! હવે મારે જીવીને શું કરવું છે ! પણ સબુર ! ચંચળ ચીત્ત ઉતાવળો ન થા ! તું ઉઠી જઈશ તેથી આ પાપીઓને તો ફાગદોજ થશે ! આ પાપીણીઓને આ સંસારમાં રહેવા દઇશ તો તેમનો પાસ બીજી સ્ત્રીઓને પણ લાગશે, અને પાપણીઓથી સંસાર ઉભરાઇ જશે ! એ કુલટાઓને સંસારમાંથી દૂર કરી પૃથ્વીનો ભાર ઉતારીશ ! હીચકારા બલદેવ ! કાન્તા અને ચકોરીનું સુખ તું વધુ મેળવવા નહીંજ પામે! છટ, છટ ! એ વિશ્વાસઘાતીઓના પાપી નામ લઇ હું પણ કેમ અપવિત્ર થાઉં છું ! પણ અરે ! સ્ત્રીજાતીપર તલવાર ઉગામવી, એ હીચકારાનું કામ વીરપુરૂષો કરી પોતાના વીજયી હાથને કલંક લગાડતા નથી ! પણ તેમાં મારે શું છે ? વીર પુરૂષો સાથે, દુનીયા સાથે મારે શો સંબંધ છે ? સંસારમાં હું ક્યાં છું ? મારે કોઈની સાથે કશો સંબંધ રહ્યોજ નથી ! બસ, મારે ને વીરતાને શું લાગે વળગે છે ? એજ ઉત્તમ માર્ગ છે, કેમકે એમાંજ દુનીયાનો લાભ સમાયલો છે ! સંસારમાંથી પાપીણીઓને દૂર કરી ભુમાતાને નીષ્કલંકી બનાવવા આ બંનેને મારીને પછી મારા પ્રાણ પણ ત્યાગ કરીશ ! ભાઇ ચતુર પણ મારી પાછળજ આવશે ! લોભી મન, કેમ બીજી વસ્તુમાં લુભાય છે ! કોઇની મારે હવે શા માટે ચીંતા કરવી ! આ જીવનનું છેવટનું કર્તવ્ય કરવામાં વીલંબ શા માટે કરૂં છું ! હૃદય, દ્રઢ થા—ચીત્ત સ્થિર થા ! લડાઈમાં વીજય મેળવનાર બાહુ તૈયાર થાઓ ! માતા હીંમત આ તહારા બાળકને એક વાર છેવટની સહાય કરજે !" બહાવરા બનેલા કુલીને પોતાના મનમાં આવા સંકલ્પવીકલ્પ કર્યા, એટલામા મંદ હાસ્યસહ કાન્તાએ સ્નેહથી રાજા બલદેવસીંહના કંઠમાં પોતાનો હાથ નાંખીને તેની છાતીપર પોતાનું

મસ્તક ટેકવી કેદ પડેલા કુલીન તરફ આડી નજરે જોયું. આ દેખાવ કુલીનથી જોઇ શકાયો નહીં, તે મનનાં બોલી ઉઠયો- " હવે હદ થઇ ! નથી જોવાતું-નથી સહેવાતું ! " ગુસ્સામાં કુલીનનું આખું શરીર ધ્રુજવા લાગ્યું. લાલ થયલી આંખોમાંથી જાણે અંગારાનો વર્ષાદ વરસી રહ્યો. ગુસ્સામાં એક આંચકો મારી કુલીને પોતાના હાથ પગમાંની મજબૂત બેડીઓ મ્હોટા અવાજ સાથે તોડી નાંખી, અને બંધ દરવાજાને એવા જોરથી લાત મારી કે એક બારણું ભાંગીને જમીનપર પડયું એટલે ભુખ્યા છેડાયલા સીંહની માફક બળદેવસીંહ તરફ એક કુદકો મારી ધસી જઇ, તેની સમક્ષ પડેલી તેનીજ તલવાર ત્વરાથી ઉપાડી લઇ તેણે એકેક ઝટકે કાન્તા અને ચકોરીનાં મસ્તક છેદી નાંખ્યાં. આ સઘળા બનાવને વરણવતાં જેટલો સમય લાગ્યો, તેથી પણ ઘણાંજ ટુંક સમયમાં તે ખરેખર બની ગયા. રાજા ગભરાઈને એકદમ ઉભો થઇ ગયો, પણ કુલીનનું અસાધારણ બળ તથા તેનું વીકાળ સ્વરૂપ જોઈ તે સ્તમ્બ્ધ થઈ ગયો, તેના મુખમાંથી એક શબ્દ પણ નીકળી શકયો નહીં. તેની સઘળી હીંમત તેને તજી ગઇ. પહોરો ભરતી દાસીઓ પણ ગાભરી બની જઈ જયાં ઉભી હતી ત્યાંજ પુતળાની માફક સજડ થઈ ગઇ, અને કેટલીક તો બેશુદ્ધ થઇ પડી હતી. આટલા બધા માણસોની વચમાં કુમાર હાથમાં લોહીથી ખરડાયલી નગ્ન તલવાર પકડી સીંહની માફક ચારે તરફ વીકાળ નજર કરી ઉભો હતો. એટલામાં ચતુર અને વીજય કુદકો મારીને ત્યાં આવી ઉભા, ને ચતુર મોટે અવાજે બોલી ઉઠયો—"વાહ કુમાર ! ખરી બહાદુરી ! સીંહણની કુખ દીપાવી ! " આમ કહેતાં તેણે પોતાની કમ્મરે વીંટાળેલ ચાદર ઉખેડીને બલદેવસીંહના ગળામાં નાંખી જોરથી એવો આંચકો માર્યો કે તેના પગ જમીનપર ટકી શકયા નહીં, ને તે જમીનપર પડયો. તરતજ વીજયે કુદકો મારી તેની છાતીપર ચ્હડી બેસી પોતાના હાથમાંની બેહોસીની ભુકી તેને સુંઘાડી દીધી, જેની અસરથી તે તરતજ બેભાન થઇ ગયો, એટલે ચતુરે વગર વીલંબે તેની ગાંસડી બાંધી જે વીજયે પીઠપર ઉપાડી લીધી, એટલે ચતુરે કુમાર તરફ ફરી ઉતાવળે કહ્યું " કુમાર મારી સાથે સત્વર ચાલો ! તમારી હાલત કેવી છે, તે હું સારી પેઠે જાણું છું ! " આમ કહેતાં કુમારનો હાથ પકડી ચતુર

ત્યાંથી ચાલ્યો, અને જે માર્ગે તેઓ આવ્યા હતા તે માર્ગે બહાર ગયા, પણ ત્યાં ઉભેલી દાસીઓમાંથી કોઈએ પોતાના રાજાને ઉપાડી જતા જોવા છતાં પણ તેમને અટકાવવાની લેશ પણ તજવીજ કરી નહીં. કુમારનું ચીત્ત તદ્દન બદલાઈ ગયું હતું. તેની વૃત્તિ તદ્દન જુદીજ થઇ ગઈ હતી. માતપીતાની ચીંતા, શેરગઢના રક્ષણનો વીચાર, ચતુર તરફનો સ્નેહ, એ સર્વ તેનાં અંતઃકરણમાંથી દૂર થઇ ગયાં હતાં. પુતળાની માફક કુમાર ચતુર સાથે કીલ્લાની બહાર આવ્યો. બલદેવસીંહની ગાંસડી પીઠપર ઉપાડી વીજય આગળ આગળ ચાલતો હતો, જેની પાછળ ચતુર કુલીનનો હાથ પકડી જતો હતો. તેઓ ક્યાં જતા હતા તેનું કુમારને કંઇ ભાન નહોતું. પ્રહર દીન ચઢતાં સુધીમાં તેઓ ઘણે દૂર ઘીચ જંગલમાં જઈ પહોંચ્યા એટલે ત્યાં વીશ્રામ લેવાના વીચારથી ચતુરે વીજયને તેની પીઠપરથી બોજો ઉતારવાનું કહ્યું. વીજયે બલદેવસીંહની ગાંસડી એક બાજુએ મૂકીને પોતાની કમ્મરે વીંટાળેલો દુપટો છોડી કુમારને બેસવા માટે ત્યાં પાથર્યો અને ચતુરે તેને બેસવાનું પણ કહ્યું, પણ તે દીગમૂઢ સરખો નીચી નજરે ઉભોજ રહ્યો. કુમારની આવી હાલત જોઈ ચતુર ગભરાયો. કુમારના ચહેરાપર ફીકકાસ છવાઈ રહી હતી. ચતુરે કુમારને બેસાડવાને તેનો હાથ ખેંચ્યો, જે સાથે તરતજ કુમાર બેસી ન જતાં ચતોપાટ પડી ગયો. આથી તેના માથામાં એક પથ્થર વાગ્યો અને લોહી વહેવા લાગ્યું. આંખોના પાં પણ ખુલ્લાજ રહી ગયા અને કીકીઓ સ્થિર થઇ ગઈ. બેભાન હાલતમાં કુમાર લાંબાં લાંબા શ્વાસ લેવા લાગ્યો. આ જોતાં ચતુરની હીંમત જતી રહી, કુમારના જીવન માટે તેના મનમાં ચોર પેસી ગયો, તેનું હઈયું હાથથી જતું રહ્યું અને તે મ્હોટેથી રડી પડયો. વીજયનું હઇયું પણ ભરાઇ આવવાથી તે કલ્પાંત કરવા લાગ્યો. “હાય, કુમાર! શું તમે ખરેખર દુનિયાનો ત્યાગ કરી ચાલ્યા ગયા!” કુમારનું મસ્તક પોતના ધુંટણપર મૂકી તેના મુખ તરફ જોઈ ચતુર રૂદન કરવા લાગ્યો. “અરેરે! કયે કાળ ચોઘડીએ કાન્તાકુવરી માટેના પ્રેમના અંકુર તમારા અંતઃકરણમાં ફુટી નીકળ્યા કે આજે આ હાલત થઇને જીવનદોરી આટલેથીજ તુટી ગઇ!” ચતુર હજી આગળ બોલવા જતો

હતો એટલામાં તેની પાછળથી એકાએક ગંભીર અવાજ સંભળાયો–"નહી ! કુમારની જીવનદોરી તુટી નથી ! તે બહુ લાંબી છે! કાન્તાકુંવરી તરફના પ્રેમના બીજ કાળ ચોઘડીઆમાં નહી પણ ઘણાજ સુભ મૂહુર્તમાં રોપાયલાં છે, અને તેમને અંકુર ફુટી યોગ્ય સમયે તેમાં મીઠાં ફળ પણ આવશે, જેનું અપૂર્વ સુખ કુમાર ભવીષ્યમાં ભોગવશે ! કુમાર કાન્તાકુંવરી સાથે પરણી વીજયગઢના રાજ્યાસને બીરાજશે અને તે શીવાય અન્ય દેશો ઉપર પણ તેમની વીજયી ધ્વજા ફરફરશે ! કાન્તાકુંવરીની કુખે બે પુત્રરત્ન પાકશે, જેઓ પણ પોતાના પીતા કરતાં અધીક તેજસ્વી અને પરાક્રમી નીવડી દુનિયામાં નામના કરશે !" આ સાંભળતાં ચતુર અને વીજય રૂદન કરતાં બંધ પડી તે એક ચી-તે સાંભળતા હતા. અવાજ બંધ થતાં તે ક્યાંથી આવ્યો હતો અને કોણ બોલતો હતો તે જાણવા તેઓ આતુરતાથી આસપાસ જોવા લાગ્યા. અંતકાળની પથારીએ પડેલા મનુષ્યને ફરી જીવન આપનાર અમૃત સરખા ઉપલા વચનોએ ચતુર અને વીજયનાં અંતઃકરણમાં મીઠી અસર કરી. ચતુર બોલી ઉઠયો "અરે, આ હું શું સાંભળું છું ! અમૃત સરખા આ વચનો કોણ બોલ્યું? કુમાર બે તેજસ્વી અને પરાક્રમી પુત્રરત્નના પીતા થશે ! કેવી આનંદદાયક ખબર! શું આ આકાશવાણી હશે ? કેમ જાણી શકાય ! કોને શોધું ? ક્યાં શોધું ?" વીજય ઉઠીને જે તરફથી અવાજ આવ્યો તે તરફ શોધતો હતો, પણ તેને કોઈનો પ-તો મળ્યો નહોતો, એટલામાં અવાજ પાછો સંભળાયો "અરે, આ તરફ શોધો !" તરતજ ચતુરે પાછળ ફરી ઉંચી નજર કરી તો શાંતીનાથ જોશીજી એક ઝાડપરથી ઉતરતો જણાયો, જેને જોઇ ચતુર અને વીજયની અજાયબીમાં વળી વધારો થયો. જોશી શાંતીનાથ ચતુરની સામે આવી ઉભો, અને બોલ્યો "આપ મને જોઈ લેશ પણ અજાયબ થશો નહીં, ભવીષ્યમાં બનનારી સઘળી બાબતો મેં સત્ય કહી છે. સુજા બલદેવસીંહનું નીમક ખાઇને હું આપના હીતની ખબરો શા માટે આપું છું, તે માટે મનમાં લેશ પણ અંદેશો આણવાની જરૂર નથી કેમકે, હું એમ શા માટે કરૂં છું તેનું કારણ પણ ટુંક સમયમાં તમારા જાણવામાં આવશે, અને આપ મને આપનો એક ખરો સ્નેહી ગણશો,

પણ તે પહેલાં કુમારને સચેત કરવાની તજવીજ કરીયે !" આમ કહી તેણે આસપાસ નજર કરી ત્યાં જંગલમાં ઉગેલી આસમાની રંગના ફુલવાળી ઝીણાં ઝીણાં પાંદડાંઓ સાથેની એક જડી તોડીને પોતાના હાથમાં ચોળીને તેના રસના બે ટીપાં કુમારની ઉઘાડી રહી ગયલી આંખોમાં રેડયાં, અને હાથમાં કુચો રહ્યો હતો તેની લુગદી કરીને કુમારના તાળવામાં મૂકી, અને કુમાર શુદ્ધિમાં આવવાની આતુરતાથી રાહ જોતો તેની સમીપ બેઠો. અરધી ઘડી પણ વીતી નહોતી એટલામાં કુમારની આંખોનો રંગ એકાએક બદલાઈ ગયો. આંખો મીચાઇ ગઈ. ધીમે ધીમે હાથ પગમાં પણ ગતી આવવા માંડી ને ઉપરાચાપરી ત્રણ છીંકો આવતાંની સાથેજ કુમાર શુદ્ધિમાં આવી આસપાસ નજર કરતો અજાયબીમાં બેઠો થયો, અને પોતાની સામે શાંતીનાથ જોશી તેમજ ચતુર અને વીજયને બેઠેલા જોઇ પૂછવા લાગ્યો– "અમને શું થયું હતું ?" આ જોતાંજ ચતુર અને વીજયના આનંદનો પાર રહ્યો નહી. આનંદથી ઊછળતા અંતઃકરણે ચતુરે સઘળી વીતક વાત કુમારને કહી, જે જાણતાંજ કુમારે શાંતીનાથ જોશીને નમન કરીને કહ્યું "જોશીરાજ, અમારા ઉપર આપે આટલી બધી કૃપા શા માટે કરી તેનું કારણ સત્વર જણાવો !"

"કુમાર, સઘળી પ્રભુની માયા છે !" જોશીજીએ જવાબ આપ્યો "આપની સેવામાં આ દેહ અર્પણ કરવાની મારી ઇચ્છા થઇ કેમકે, રાજા બલદેવસીંહને માણસની કદર નથી. તે ગુણવાનનું કદી સન્માન કરતો નથી ! બલદેવસીંહ સાથે રહેવાથી આપણા ગુણ ઉપર પાણી ફરી વળે છે. તે બેહદ સ્વાર્થી અને અધર્મિ છે ! કોઇ શેવકે વર્ષો સુધી તેની સારી સેવા બજાવી હોય પણ એકાદ કામ જો તેને હાથે બગડી જાય તો પછી તે બીચારાની વર્ષોની બજાવેલી સેવા ધુળ મળી જાય છે, અને નફામાં તેને ભારે શીક્ષા સહેવી પડે છે ! તેવા એક પાપી બેકદર અને દરેક રીતે નાલાયક રાજાની સેવામાં મારા સરખો એકમાર્ગિ લાંબો સમય કેમ ટકી શકે ? બલદેવસીંહની સેવામાં દરેક વાતે મારે નીરાશ થવું પડયું છે, અને તેથી હવેથી આપની સેવામાં આ દેહ અર્પણ કરવાનો મેં નિશ્ચય કર્યો છે, કેમકે આપ ગુણીઅલના કદરદાન છો ! મારી સત્યતા પૂરવાર કરી

આપની સેવામાં મને અંગીકાર કરવાને આપને રીઝવવાને હું ઘણા દીવસથી તક શોધતો હતો, જે આજે મળી છે. રાજા બલદેવસીંહની ચાલાકી અને ઠગાઈથી ભૂલાવામાં પડી જવાથી આપનાપર આજે ભારે સંકટ આવી પડનાર છે, તેનો ભેદ ખુલ્લો કરી મારી સત્યતા દાખવવા હું આવ્યો છું !" પંડીતજીના છેલ્લાં વાકયે સઘળાઓને ચમકાવી દીધા. ત્રણે જણ તેની વધુ પાસે જઇ બેઠા. "બલદેવસીંહે શું ચાલાકી, કઈ ઠગાઈની બાજી રચી એ સર્વ હકીકત હું જણાવું છું !" શાંતીનાથે ગંભીર અવાજે કહ્યું "રાજા બલદેવસીંહની હમેશાં એવી રીતી છે કે જ્યારે કોઇ મ્હોટું કામ કરવાની તેની ધારણા હોય ત્યારે તે વીષે સઉથી પહેલા તે હંમેશ મારી સલાહ લે છે, પરંતુ તે કામ કરવાની હું સંમતી આપું યા ન આપું તોપણ તે પોતાના મનનુ ધાર્યુંજ કરે, અને તેમાં ઘણોખરો તે નાસીપાસ પણ થયા વગર રહેતો નથી ! બદ્રીનાથને પણ રાજાની એ રીતી પસંદ નથી."

"પણ અમારી સામે બલદેવસીંહે શી બાજી રચી હતી તે જણાવો જોશીજી !" કુમારે આતુરતાથી પૂછયું.

"હવે હું તેજ બાબતપર આવું છું !" શાંતીનાથે જવાબ આપ્યો "જુઓ રાજા બલદેવસીંહે ગઇ રાતે તમારી સાથે જે ઠગાઈની જાળ બીછાવી હતી, તે માટે મારી સલાહ માંગતાં મેં પ્રથમથી ના પાડવા છતાં પણ રાજાએ તેમ કર્યું તો આખરે તેની ધારણામાં તે નિષ્ફળ થયો, અને નફામાં પોતાના બે કીંમતી ઝવેરો સદાને માટે ખોઈ બેઠો, જેનો ખુલાસો મને કુમાર, આપની તરફથી એક કબૂલાત આપવામાં આવે તો જણાવું !"

"શું કબૂલાત જોઇએ છે બોલો ! અમારાથી જે બની શકશે તે તમારે માટે મ્હોટી ખુશીથી કરવાને તૈયાર છીએ !" કુલીન બોલી ઉઠયો.

"જોશીરાજ, કુમારની આપે જે સેવા બજાવી છે, અને તેમ કરીને આપે મારા ઉપર જે ઉપકાર કીધો છે, તેના નજીવા બદલા તરીકે તમો જે વચન માગો તે આપવાને હું તૈયાર છું!" ચતુર ઉત્સાહમાં બોલી ઉઠયો.

"બસ કે, આમજ અઇયારી કરશો, અને આમજ બલદેવ સીંહના અઇયારોને પકડશો કે ? ચતુરસીંહ હું કોણ છું ? રાજા બલદેવસીંહનો જોશી ! છતાં તમે હું માગુ તે વચન આપવાને તૈયાર થયા છો ! હવે તમારી અત્યાર સુધીની મહેનતપર પાણી ફરી વળે, એવી તમારી પાસે કંઇ માંગણી કરૂં તો તે વચન મૂજબ આપશો કે ?" શાંતીનાથે ગંભીરતા ધારણ કરી કહ્યું.

"મ્હોટી ખુશીથી !" ચતુર ભાર દઇને બોલ્યો. "જોશીજી આપે જે કામ બજાવ્યું છે, તે આપનાપર વિશ્વાસ રાખવાને પૂરતું છે, અને તેના બદલામાં આ સમયે તો આપ જે માંગો તે આપવાને ફરી પણ કબૂલાત આપું છું ! બોલો, આપની શી સેવા બજાવું ? !"

"ચતુરસીંહ, તમે તો ભોળા છો ભોળા ! જુઓ ફરી વીચાર કરો ! રાજા બલદેવસીંહની આજ્ઞા મૂજબ હું તમારી સંગે કંઇ ઠગાઈ રમતો હોઇશ તો ?" શાંતીનાથે તેને વધુ કસી જોયો.

"તમે ઠગાઈ રમતા હોત તો તમારી રીતભાતના રંગ કંઇ ઓરજ હોત ! જોશીજી, હવે વધુ કસી જોવાની કંઈ જરૂર નથી !" ચતુરે જણાવ્યું.

"ત્યારે હું મારી માંગણી રજુ કરૂં છું ! કુમાર તે આપવાને મંજુર રાખવી પડશે ?" શાંતીનાથે કુમાર તરફ જોઇ પૂછ્યું.

"મ્હોટી ખુશીથી જણાવો !" કુલીને જવાબ આપ્યો.

"મહારાજ, આપને આ દાસની એટલીજ અરજ છે કે, આપના અઇયારોની સાથે મને પણ આપની સેવામાં રાખશો, એવી મને કબૂલાત આપો તો હું સઘળો ભેદ ખુલ્લો કરૂં !" શાંતીનાથે કુમાર તરફ હાથ જોડીને સવીનય જણાવ્યું. કુલીને ચતુર તરફ જોયું, અને તેપરથી તેની મનોવૃત્તિ જાણી જતાં ચતુરે સહર્ષ કહ્યું "કુમાર આપને પોતાના એક સાથી તરીકે મ્હોટી ખુશીથી રાખવાને તૈયાર છે !"

"બસ, આજે હું મને ભાગ્યશાળી માનું છું ! દુનિઆમાં આજે મારા સરખા સુખી બીજા થોડાકજ હશે !" શાંતીનાથ બોલ્યો. "મહારાજ આજથી હું પણ પ્રતીજ્ઞા લઉં છું કે, આપની તરફ અંતઃકરણમાં કદી પણ કપટ ભાવ ન રાખતાં આપની સેવા નીમકહલાલીથી

બજાવીશ !" આથી ચતુર ઉમંગમાં આવી શાંતીનાથને ભેટી બોલી ઉઠયો–" આપને પ્રતીજ્ઞા લેવાની કશી જરૂર નથી ! જોશીજી, આપની મદદથી હવે મને વધુ હીંમત આવી છે, અને હવે હું વીકટમાં વીકટ કામો પણ સહેલાઇથી પાર પાડી શકીશ !"

કુલીને પણ આનંદમાં આવી પોતાના કંઠમાંથી મ્હોટા મોતીઓની અમુલ્ય માળા ઉતારી શાંતીનાથને પહેરાવી. "જોશીજી, હવે તમારો ભેદ તો જણાવો ! હજી તમારી હોંસ પૂરણ થઇ કે નહીં !" આટલી વાર સુધી મુંગે મ્હોડે મનમાં મલકાયા કરતો વીજય ટકોરમાં બોલી ઉઠયો. શાંતીનાથે હસીને કહ્યું "કાલ રાત્રીના બનાવનો મુળ ભેદ શો હતો તે જણાવું છું." કુમાર તેમજ ચતુર અને વીજય શાંતીનાથ તરફ જોતાં એક ચીત્તે સાંભળવા લાગ્યા. શાંતીનાથ ગંભીર અવાજે બોલ્યો "જયારે આપ ચતુરસીંહ અને વીજયસીંહ સહીત કાન્તાકુંવરીની શોધમાં નીકળ્યા હતા, પણ માર્ગમાં આપને બદ્રીનાથ મળ્યો હતો, તે આપની ધારણા પામી જવાથી કુમારી અને ચકોરીને બીજે છૂપે ઠેકાણે રાખવાની ધારણાથી જે ગુફામાં તેમને રાખ્યા હતાં ત્યાં આપની પહેલાં પહોંચી ગયો, પરંતુ તેના પહોંચવા પહેલાં રાજકુંવરી અને ચકોરી ત્યાંથી ગૂમ થઇ ગયાં હતાં–"

"ત્યારે રાજમહેલમાં તેઓ કયાંથી આવ્યાં?' ચતુરે પૂછ્યું.

"તે સઘળો ભેદ પણ જણાવું છું !" શાંતીનાથે જણાવ્યું "જયારે કુમાર અને વીજયને ગુફા આગળ બેસાડી, ચતુરસીંહ ગયા, એટલામાં વીજયગઢથી વીરકાળને લઇને આપની શોધમાં નીકળેલો બદ્રીનાથ ત્યાં જઈ પહોંચ્યો, અને તેમણેજ અઘટારી કરી કરી હતી. વીરકાળે ઝાડીમાં છૂપાઇ દૂરથી પથ્થર ફેંકયો, અને વીજયસીંહ તેને પકડવાને દોડયો એટલે પ્રથમથીજ ચતુરસીંહનું સ્વરૂપ ધારણ કરી આવેલા બદ્રીનાથે આપની સમીપ આવી ચાલાકીથી આપને બેહોશ કરી વીજયગઢના કીલ્લામાં ઉપાડી ગયો હતો !"

"ખરેખર !" કુલીન બોલ્યો "તેણે આનંદભેર આવીને અમને કહ્યું કે કુંવરીની ભાળ મળી છે, અને તેણીનેજ હાથે ગુંથેલી ફુલની માળા મારે માટે તે લઈ આવેલ છે, એમ કહી તે માળા અમને સુંઘવાને આપી–"

"બસ થયું !" ચતુર બોલી ઉઠયો "કુમાર, આપને સખત ચેતવ્યા છતાં આ ત્રીજી વાર ભૂલાવામાં આવી ગયા !" કુલીને કંઇ જવાબ આપ્યો નહીં. શાંતીનાથે આગળ કહેવા માંડયું- "બલદેવસીંહની ખરી ચાલાકીની હકીકત તો હવેજ આવે છે ! કુમારનાં હૃદયમાંથી કાન્તાકુંવરી તરફનો દઢ પ્રેમ ચળી જાય અને આપ નીરાશ થઈ એમની શોધ કરો નહીં, તેટલા માટે ભૈરવનાથ અને ઘસીટાસીંહ નાની ઉમ્મરના હોવાથી તેમને કાન્તાકુંવરી અને ચકોરીનાં સ્વરૂપ ધારણ કરાવી તેમની સંગે રાજા હાસ્યવીનોદ કરતો હતો, એટલામાં ક્રોધાવેશમાં આવી જઇ આપે તેમને મારી નાંખ્યા !" આ સાંભળતાં કુલીન, ચતુર અને વીજયના આનંદનો પાર રહ્યો નહીં. હર્ષાવેશમાં આવી કુમાર બોલી ઉઠયો "પાપીએ ગજબ કીધો ! ચાલાકીની અજબ બાજી રચી ! પણ કુવરી હાલ કયાં હશે ?"

"ઈશ્વર કરશે તો તેમની આપણે સત્વર ભાળ મેળવીશું !" શાંતીનાથે ધીરજ આપી. કુમારનું નાસીપાસ થઇ ગયલું હઇયું ફરી કાન્તામાં પરોવાયું. નિર્દોષ કાન્તાને દોષીત ગણી તેણીને મનમાં ધીઃક્કારવા માટે કુલીન પસ્તાવો કરવા લાગ્યો. પ્રેમનો ઝરો વધુ સ્થીર થઈ વહેવા લાગ્યો. કેદખાનામાં પોતાના મનમાં થયલા ફેરફારોનું વર્ણન તેણે શાંતીનાથ અને ચતુરને કહી સંભળાવ્યું. હવે ભવિષ્યમાં શું કરવું, તેનો તેઓ વીચાર કરવા લાગ્યા.

"પ્રથમ રાજા બલદેવસીંહને કોઇ સ્થળે કેદ કરવાની જરૂર છે !" શાંતીનાથે પોતાનો વીચાર જણાવ્યો.

"રાજાને તો અમારી ગુફામાં રાખીશું !" ચતુરે જણાવ્યું.

"પણ તેનું દ્વાર ઉઘાડવાની છૂપી ચાવી બદ્રીનાથ જાણી ગયો છે તેનું કેમ ?" શાંતીનાથે શંકા બતાવી.

"એ દરવાજાની બીજી એક છૂપી ચાવી છે જે બંધ કીધા પછી કંઈ ચીંતા નથી !" ચતુરે જણાવ્યું "કુમાર હવે આપ શેરગઢ પધારો કેમકે, મહારાજા રામસીંહ આપને માટે ચીંતા કરતા હશે ! હવે બલદેવસીંહ આપણા પંજામાં કેદ છે, એટલે લડાઇ તો કંઇ થશે નહી-"

"તોપણ બદ્રીનાથને આપ હજી પીછાનતા નથી !" શાંતીનાથ બોલી ઉઠયો. "રાજાને છોડાવવા તે પોતાનાથી બનતો પ્રયાસ કરશેજ, માટે શેરગઢની સરહદપર થોડી સેના રાખવી પડશે" !

આ સલાહ ચતુરને પસંદ આવી, અને તેણે કહ્યું "ત્યારે તો કુમારની સાથે ભાઇ વીજયને પણ શેરગઢમાં રાખીશું! અને પંડીતજી, આપણે બંને રાજકુમારીની શોધમાં જઇશું!" શેર ગઢ જવાને કુમારનું મન માન્યું નહી, પણ ચતુર અને શાંતીના થના સમજાવવાથી તે કબૂલ થયો. ચતુરે વીજયને કેટલીક અ ગત્યની સૂચનાઓ કરી અને સાવધાનીથી રહેવાની ભલામણ કરી.આ પછી બીજી કેટલીક વાતચીત કરીને તેઓ ઉઠયા. કુમા ર વીજય સહીત શેરગઢ તરફ વીદાય થયો, અને ચતુર અને શાં તીનાથ બીજે માર્ગે જંગલ તરફ ચાલ્યા.

પ્રકરણ ૨૯ મું.

અજાયબ ખંડીયેર.

પહાડી પ્રદેશ અને ઘીચ જંગલોથી ભરપૂર વીજયગઢની આસપાસના પ્રદેશમાં આવેલા એક નીર્મળ જળના ખલખલ અ વાજે વહેતા નાળાને કીનારે એક ગંભીર વડવૃક્ષની છાયા તળે મધ્યાન્હ કાળને સમયે બે સકોમળ યુવતીઓ બેઠી હતી. બંને ના સુંદર અને કીંમતી વસ્ત્રો ધુળથી મેલાં થઈ ફાટી ગયાં હતાં, જેથી તેઓ જંગલમાં ઉતાવળે મુસાફરી કરીને થાક ખાવા બેઠી હોય એમ અનુમાન થતું હતુ. બંનેના વાળના અંબોડા છુટી ગયલા હોવાથી કાળા વીખરાયલા વાળમાં પણ ઘણી ધુળ ભરા ઇ ગઇ હતી, અને તેમની સુંદર પણ મેલી થઇ ગયલી મુખમુદ્રા પર નીરાશા અને થાકની ફીક્કાશ છવાઇ રહી હતી. તેમની આસ પાસના ભયાનક જંગલમાંથી હીંસક જાનવરોના બરાડાનો અવા જ સંભળાતો હતો. આ સાથે વારંવાર ફુકાતા પવનના સપાટા ઓથી અથડાતા ઝાડોનો થતો સુસવાટ મળી જઇ તે સ્થાન વધુ બીહામણું લાગતું હતું. બે યુવતીઓ બેઠી હતી તેની સા મે નાળાને પેલે પાર એક રીંછને પાણી પીવા માટે નળામાં ઉતરતો જોતાં બે યુવતીઓમાંથી એક નાની સુંદરી ડરી ગઈ, અને ધીમે અવાજે બીજી પ્રત્યે ધાસ્તિસહ બોલી "વહાલી સખી, પેલું સામે કીનારે રીંછ જોયું! કદાચ આપણને જોઇ તે આ પાર ઉતરી આવશે તો?"

"તમે લેશ પણ બહીશો નહીં ! આ પાર કદી નહીં આવે !" બીજીએ જણાવ્યું "રાજકુમારી, આ ચકોરીને ત્યારે હજી પૂરતી ઓળખી શકયા નહીં ! એ રીંછ આપણી તરફ આવવાની તૈયારી કરશે એટલામાંજ મારી પાસેના તીરોથી એનું પેટ ચીરી નાંખીશ ! પેલી ગુફા આગળ સીપાઈઓને મારીને ન્હાસતી વખતે તેમના લગભગ બસો તીરો હું ઉપાડી લાવી છું ! તમને પણ તીર મારતાં આવડે છે, એટલે પછી ડરવાનું શું છે ! લ્યો, એક તીર તમે પણ ચહડાવીને તૈયાર થાઓ !" આમ કહેતાં તેણીએ પોતાની ઝોળી માંથી ભાથાંઓનો ઝુડો કહાડીને એક તીર કુંવરીને આપ્યું, અને તેઓ બંને જણીઓ કમાનપર તીર ચ્હડાવીને સજ થઇ રીંછ તરફ જોવા લાગી, પણ પાણી પી લઇને તે રીંછ નાળાનાં કીનારાપરના ટેકરાઓ ચઢીને પેલી બાજુએજ થોડી વારમાં જતો રહ્યો. હવે કુંવરી સ્વસ્થ થઇ, અને ચકોરી સાથે વાતચીત કરવા લાગી. "સખી, આપણે કયાં આવી ચહડયાં છીએ, અને આ જંગલમાંથી આપણે કયે સ્થળે પહોંચીશું ? આપણું નગર કઇ તરફ અને કેટલેક દૂર હશે ?" તેણીએ પૂછ્યુ.

"કુંવરીબા, કંઇ ખબર પડતી નથી !" આસપાસ નજર ફેરવતાં ચકોરીએ જવાબ આપ્યો—"નહાસવાની ધુનમાં અપણે કઇ તરફ જઈએ છીએ તેનું પણ મને અત્યાર સુધી ભાન નહોતું. શેરગઢની હદમાં ફરવા શીવાય આ જંગલોમાં હું કોઇ દીવસ આવી પણ નથી, એટલે અત્રેના રસ્તાથી માહીતગાર કયાંથીજ હોઈ શકું ! શેરગઢથી વીજયગઢ જવાનો સીધો રસ્તો હું જાણતી હતી પણ તે તરફ આજકાલ દુશ્મોનાના સીપાઇઓ માર્ગમાંજ છાવણીઓ નાંખી જયાં ત્યાં પડેલા હોવાથી તે તરફ જતાં આપણે ફરી ફસાઇ જઈએ તેથી જંગલને માર્ગેજ આપણે આવ્યાં, પણ ચીંતા નહીં ! ઈશ્વર સહાય છે તો ગમે તેમ કરીને પણ આપણને રસ્તો મળી જશે !" ચકોરીએ ધીરજ આપી, અને કહ્યું. "સખી, હજી સુધી આપણે કંઈ અહાર-કીધો નથી તે તેમને ક્ષુધા લાગી હશે માટે આવો, મારી થેલીમાં મેવો છે, તે આપણે ખાઈને સ્વસ્થ થઈ પછી કયાં જવું તેનો વીચાર કરીશું !"

"સખી આપણને જંગલમાં હજી કોણ જાણે કેટલા દીવસો સુધી ભટકવું પડશે માટે મેવો હાલ રહેવા દે ! એ આપણને કોઈ

દહાડો ઉપયોગી થઇ પડશે ! આ જંગલમાં ફળ ફુલના ઘણાં ઝાડો છે, તેમાંથી થોડાક તોડી લઈ હાલ ચલાવી લઇશું !" કાન્તાએ જણાવ્યું "બેન, વખતને માન આપી ચાલવું જોઇએ ! આજે તારી પાસેનો મેવો ખાઇશું, પણ આખરે એ જંગલી ફળપર જીવનનો આધાર રાખવોજ પડશે !" તેઓ બન્ને નાળાના કીનારાપરના ટેકરાઓપર ફળની શોધમાં આમતેમ રખડવા લાગી, અને બોર, જાંબુ, પેર વગેરે તોડીને ખાવા લાગી. આ સમયે બપોરનો સમય વીતી ગયો હતો. ઝાડની ઘટામાં ભટકતી તેઓ ખંડીએર સરખી એક ઉજ્જડ ઈમારત સમીપ જઈ પહોંચી. આ ખંડીએર જોકે ઘણી જીર્ણ હાલતમાં હતું તોપણ તેના દેખાવપરથી આગલા જમાનામાં તે કોઈ રાજમહેલ હોય એવું અનુમાન બાંધી શકાતું હતું. તેની કેટલેક સ્થળેથી ભાંગીને પડી ગયલી ઉંચી દીવાલ જંગલમાં બહુ દૂર સુધી જણાતી હતી. તેના દરવાજા પાસે આવી પહોંચતાં ચકોરીએ કાન્તાને કહ્યું "સખી, તમે ઇમારતના ભાંગેલા ઓટલાપર બેસો તો હું આપણે માટે બીજા થોડાક ફળ તોડી આવું, જે ખાઈને પછી આ ઈમારતની અંદર જોઇ આવીશું કે તેમાં શું છે ?"

"અમારો તો વીચાર એવો છે કે જ્યાં સુધી આપણને નગરનો માર્ગ મળે નહીં, ત્યાંસુધી આપણે આ ઇમારતમાંજ રહીશું અને અત્રેથી કોઇ મુસાફર અથવા કાસદ પસાર થશે તો તેને પૂછીને નગર તરફ જઇશું" ઓટલાપર બેસતાં કુમારીએ કહ્યું. "જોઈશું ત્યારે ! હું આ સામેના જંગલમાંથી હમણા ફળ તોડી આવું છું !" આમ કહી ચકોરી ફળ તોડવાને જંગલમાં ચાલી ગઇ. ચકોરીને ફળ તોડી પાછી ફરતાં જરા વીલંબ લાગવાથી ખંડીએરના ઓટલાપર બેઠેલી કાન્તાના મનમાં અનેક વીચારો આવવા માંડયા. ઘડીકમાં તેણી ચકોરી માટે ચીંતા કરતી તો ઘડીકમાં તે ખંડીએર માટે અનેક વીચારો કરવામાં ગુંથાતી. તે ખંડીએર અસલના સમયમાં એક સુંદર ઇમારત હશે એમ ધારી ચકોરી આવે ત્યાં સુધી એકલી બેસી રહેવાથી ઉપજેલો કંટાળો દૂર કરવા તેની અંદર ફરીને જોવાનું કુંવરીને મન થયું, અને ઓટલાપરથી ઉઠીને તેણી અંદર ચાલી. ખંડીએરનો દરવાજો મજબૂત અને સારી હાલતમાં હતો, પણ તેને બારણાં નહોતાં. અંદર પ્રવેશ કરતાં કાન્તાએ મ્હોટા ચોગાનમાં

એક ભવ્ય ચોરસ ઇમારત જોઈ, જેનો વચમાંનો ભાગ ભાંગીને પડી જઇ તદ્દન ખંડીએર જેવો થઈ ગયો હતો, પણ આસપાસનો ભાગ હજી કંઈક સારી હાલતમાં હતો જોતી જોતી કાન્તા તે ઈમારતની બાજુના ચોગાનમાં આગળ ચાલી તો સામે એક મંડપમાં જઈ પહોંચી જેની ઉપરનાં છજાંનો ભાગ પડી ગયો હતો, પણ થાંભલાઓ સઘળા ઉભા હતા. જ્યાંત્યાં ઈંટ, પથ્થર અને માટીના ઢગલા થઇ રહ્યા હતા. ઇમારતના પછલા ભાગ તરફ તેણી એક ખુલ્લાં મેદાનમાં જઇ પહોંચી, અને આસપાસની વસ્તુઓ તરફ અજાયબી સહ જોવા લાગી. સંગેમરમરના જીર્ણ થઇ ગયલા કયારાઓ ઠેકઠેકાણે જોતાં, તથા બંને બાજુએ નાની નાની નેહોરો સરખા ખાડાઓ તેમજ ભાંગીતુટી ગયલા આરસના ફુવારાઓ, પાણીને બદલે ધુળથી ભરાયલા નીરખતાં અસલમાં તે સુંદર મનોહર બાગ હોય તેમ જણાતું હતું. આ જીર્ણ થઇ ગયલા બાગમાં થોડેક ચાલતાં એક ચોતરા ઉપર થપથરનો એક મ્હોટો બગલો નજરે પડયો. કાન્તા પાસે જઈ તે બારીકીથી જોવા લાગી. આ બગલો સંગેમરમરના પથ્થરનો બનાવેલો હતો. કમ્મર સુધી ઉંચા કાળા પથ્થરના ચોતરા ઉપર તેને બેસાડેલો હતો, અને જાણે પેટ ટેકવીને બેઠો હોય તેમ તેના પગ જણાતા નહોતાં. તેના પેટનો ઘેરાવો ઓછામાં ઓછો પંદરેક હાથ જેટલા વીસ્તારમાં હતો. લાંબી ચાંચ, અને બંને પાંખના પીંછાઓ એવા તો આબેહુબ બનાવ્યા હતા કે તે બનાવનારની કારીગીરી માટે કાન્તાને અજાયબી ઉપજી. બગલાની છેક સમીપ જઈ તેનાપર હાથ ફેરવીને જોવાનું મન થતાં કાન્તા ચોતરાની છેક પાસે ગઇ કે તરતજ બગલાએ પોતાની મહોટી ચાંચ ઉઘાડી દીધી. આ શું થયું ? એથી અજાયબ થઈ કાન્તા ગભરાઇને આગળ વધતી અટકી ગઇ, અને તેની સામેથી ખસી જઇ બાજુએ જઈ ઉભી, પણ ત્યાં પણ તેણી ટકી શકી નહીં, કેમકે તરતજ બગલાએ જોરથી પોતાની પાંખો પ્રસારી દીધી. કાન્તા પણ હીંમતવાન હતી, તેથી પાષાણના બગલાની હીલચાલ જોતાં લેશ પણ ન ડરતાં તેને પાંખ ફેલાવતો જોતાંજ સહેજ પાછળ હઠીને તેની પૂંછડીના ભાગ તરફ જઇ ઉભી, ત્યાં નીચે જમીનમાં પડેલી એક શીલાપર તેણીનો પગ પડત

જ બગલો એક વાર જોરથી હાલ્યો, અને એકાએક ઝડપથી પાછળ ફરી જઇને પોતાની ઉઘાડેલી ચાંચમાં કાન્તાને ઉપાડી લઇ ગળી ગયો, અને ક્ષણ વારમાં પાછો ફરી ગયો. આ સાથે તેની પ્રસારેલી પાંખો પાછી સમેટાઇ ગઇ, અને ચાંચ પણ બંધ થઈ. ફળ વીણવા ગયલી ચકોરી થોડી વારમાં ઝોળી ભરીને ફળ લઈ ખંડીએર આગળ પાછી ફરી, તો કુમારીને ત્યાં ન જોતાં વીચારમાં પડી. આમ તેમ જોતાં દરવાજા આગળની ધુળમાં નાજુક પગલાં પડેલાં જોઈ તેણી ખંડીએરની અંદર ગઇ હશે એમ ધારી તેણી પણ અંદર દાખલ થઇ, અને ચારે તરફ બારીક નજરે જોતી ધીમે ધીમે ખંડીએરના અંદરના ભાગમાં ચાલવા લાગી. કાન્તા તો ઉતાવળી ગયેલી હોવાથી આસપાસના વસ્તુઓપર તેણીએ પૂરતું લક્ષ આપ્યું નહોતું, પરંતુ ચકોરી ખંડીએરના દ્વારમાં દાખલ થતાં તેણીને બંને બાજુએ બે મંડપો જણાયા, જેમના છજાં ઘણે ઠેકાણેથી ભાંગીને પડી ગયાં હતાં. ઈંટ, પથ્થર, માટી ચુના વગેરેના ન્હાના મ્હોટાં ઢગલા થયાં હતાં. મંડપની દીવાલપર ચીત્રેલા ચીત્રો સાફ જણાતાં હતાં. ચકોરી અજાયબી સહીત તે ચીત્રો જોવા લાગી. કોઇનું નાક ખવાઇ ગયું હતું તો કોઈના માથાનો કોઇના પગનો, કોઇના હાથનો એમ દરેક ચીત્રાનો થોડો થોડો ભાગ ભાંગીને ખરી પડયો હતો, જેથી તે ચીત્રો પણ બીહામણા લાગતાં હતાં. ચીત્રો જોતી ચકોરી આગળ ચાલી તો માટીના મ્હોટા ન્હાના ઢગલાઓ શીવાય કોઈ પણ સ્થાન ખાલી જણાયું નહીં, જેમાં જંગલી ઝાડો ઉગી નીકળ્યાં હતાં. આ ટેકરાઓ ઓળંગીને ચકોરી પેલા મેદાનમાં જઇ પહોંચી, એટલે કુમારીને ગળી જનાર પેલા બગલા ઉપર તેણીની દૂરથી નજર પડી. આસપાસ બીજી વસ્તુઓને જોવાનું છોડી દઇ તેણી પેલા બગલા પાસે જઈ જોવાને ઉભી રહેતાંજ બગલાએ પહેલાંની માફક ઝડપથી પોતાની ચાંચ ઉઘાડી. આ જોઈ ચકોરીને અનહદ અજાયબી ઉપજી, અને તરતજ તેણી બે ડગલાં પાછળ હટી ગઈ, એટલે તરતજ બગલાની ચાંચ પણ બંધ થઈ ગઇ. "આ બગલામાં શો ભેદ હશે?" ચકોરી વીમાસણમાં પડી—"એનો ભેદ જાણવા માટે શું કરવું જોઇએ? પણ તે પહેલાં કુંવરીની શોધ કરવી જોઇએ, કેમકે આ ખંડીએર કોઇ

અસલી તલેસમ હોય એવું જણાય છે, તેથી કદાચ ફરતાં ફરતાં કુંવરી કોઇ સ્થળે ફસાઇ ન જાય તેની સંભાળ લેવી જોઈએ ! પણ અત્યાર સુધીમાં કુંવરી કોઇ સ્થળે ફસાઇ તો નહીં ગઇ હોય ?"

આવી શંકા મનમાં આવતાં ચકોરી ત્યાંથી આગળ ચાલીને કુંવરીને શોધવા લાગી. ચારે તરફ ન્હાની મ્હોટી ઇમારતના પડેલા ભાગો જણાતા હતા. મંડપો અને મ્હોટા મ્હોટા ઓરડાઓ જાણે જીર્ણ હાલતમાં ઉભાં હતાં. ચકોરીએ એક તરફથી જોવાનું શરૂ કીધું. પહેલાં તેણી એક મંડપમાં ગઈ, જેનું ઉપરનું છજ્જું વચમાંથી પડી ગયું હતું. આ મંડપ લગભગ સોએક વામની લંબાઈમાં હતો. તેમાં પણ માટી ચુના વગેરેના ઢગલા પડયા હતા. જ્યાં ત્યાં હાડકાંઓ પડેલા નજરે પડતાં હતાં. ચારે બાજુએ કરોળીઆના જાળા બાઝી ગયાં હતાં. માટીના ઢગલાઓમાં પીપળા વગેરેના ઘણા ઝાડોના રોપાઓ ઉગી નીકળ્યા હતા. આ મંડપમાં થોડેક ચાલતાં એક બાજુ એક ન્હાની સરખી ઓરડી જણાઇ, જેમાં ચકોરી દાખલ થઈ તો તેમાં એક કુવો જણાયો. કુવાની પાળ આગળ ઉભી રહી ચકોરીએ નમીને અંદર જોયું તો અંધારૂ ઘોર જણાયું. બહારના બીજા સ્થાનોની માફક આ ઓરડીમાં ધુળ માટી વગેરે કાંઈ નહોતું. તે સ્વચ્છ હતી. કુવાની પાળ પણ સાફ હતી, તેમજ માણસ હાથના વપરાસ વગરના કુવાઓમાં જેમ ઝાડો ઉગી નીકળે છે, તેમ આ કુવામાં કંઇ નહોતું. આ સાથે તે કુવાની અંદરથી માણસના બોલવાનો ઝીણો અવાજ પણ આવતો હતો, તેથી મનમાં અનેક શંકાઓ આણી તે કુવાની અંદર શું છે તે જાણવા ચકોરીએ પોતાની થેલીમાંથી થોડુંક કપુર કહાડી તેના ન્હાના કટકા કરી તે સળગાવીને કુવાની અંદર નાંખ્યાં. કુવાના તળીયાંપર પડીને બળતા કપુરના કટકાનો પ્રકાશ થવાથી અંદર હવે સાફ દેખાવા માંડયું. કુવો ઉપરના ભાગમાંથી જો કે સાંકડો હતો પણ નીચે બહુ પહોળો જણાયો. તેમાં સફેદ સ્વચ્છ બીછાનાપર એક વૃદ્ધ પુરૂષ બેઠેલો જણાયો. તેની લાંબી સફેત દહાડી ઝુલી રહી હતી. તેની ગરદન નીચી હોવાને લીધે ચહેરો જણાતો નહોતો. વૃદ્ધની સામે

એક ચોકીગર રંગબેરંગી ફુલો પડયાં હતાં. આ દેખાવ જોઈ ચ
કોરી ક્ષણ વાર ડરી ગઈ, પણ પાછી હીંમત ધરી અંદર એ વૃદ્ધ
કોણ હશે તે માટે વીમાસણમાં પડી. થોડી વારમાં કુવાની અંદર
પ્રકાશ પાડનારા કપુરના કટકાઓ પણ અહોલવાઇ ગયા, અને
તેમાં પાછો અંધકાર છવાઇ રહ્યો. આ ઓરડીમાંથી બીજા મંડપ
માં જવાનો પણ એક દરવાજો ઉઘાડો હતો, તેમાં વીમાસણમાં
પડેલી ચકોરી ગઇ, જ્યાં આથી બહુ બીહામણા અને અજાયબી
પમાડનારા દેખાવો તેણીની નજરે પડયા. મરી ગયલા જાનવરો
વગેરેના હાડકાંઓ ત્યાં ઘણા પડયાં હતાં. ટુંકમાં ચકોરીએ જો
યલા આગલા મંડપ કરતાં આ મંડપમાં ગંદકી વધુ હતી, જે
જોતાં તેણીને બહુ કમકમાટ ઉપજ્યો, અને જેમ તેમ કરીને તે
વટાવી જઇ તેણી એક ખુલ્લા ચોકમાં જઈ પહોંચી. મંડપના
સામે થોડેક છેટે સગેમરમરનો દોઢેક પુરૂષ ઉંચો એક
ચબુતરો જણાયો, જેન.પર ચહડવા માટે સુંદર નવ પગ
થીઆંની એક સીડી હતી. ચબુતરાની ઉપર એક ચોકી ઉ
પર એક માણુસ હાથમાં એક પુસ્તક લઈ વાંચતો વાંચતો પડે
લો જણાયો, પરંતુ ચબુતરો ઉંચો હોવાને લીધે ચકોરી તે બરો
બર જોઇ શકી નહીં. ચબુતરાપર ચહડીને ઉપર શું છે તે જોવા
માટે તેણીનું મન ઢચુપચુ થયું. "ઊપર ચ્હડું કે નહી?" તે
ણી પોતાના મનમાં વીચારવા લાગી—"ઉપર ચહડવાથી કોઇ અ
ણધારી આફતમાં તો ફસાઇ નહી જાઉં? સીડીની એક પગથીપ
ર પગ મૂકી તો જોઉં! એમાં કંઇ કરામત હશે તો જણાઈ આ
વશે!" આમ વીચાર કરી તેણીએ આગળ વધીને એક પગથી
પર પગ મૂકયો. તરતજ એક મ્હોટો અવાજ સંભળાયો, અને એ
ક પેટીના ઢાંકણા માફક ઉપરનું બીજું પગથીઉં જોરથી ઉઘડી ગ
યું, જેનો ધકો તેણીના પગને લાગતાં તે દૂર જઇ પડી, પણ તરત
સાવધ થઇ ઉભી થઇ ગઈ અને જોયું તો પગથીયું પાછું પોતા
ની અસલ સ્થીતિમાં જડાઇ ગયું હતું. "જીર્ણ હાલતમાં આવી
પડેલું આ ખંડીએર પણ અજબ કરામતોથી ભરપૂર છે!" થોડે
દૂર ઉભી રહી, અજાયબી ભરી નજરે ચબુતરા તરફ જોતી ચકો
રી પોતાના મનમાં બોલી—"આ ઇમારતમાં ફરીને સઘળા સ્થા
નો જોવામાં બહુ જોખમ ઉઠાવવા સરખું છે, કેમકે જો સહજ

પણ ભૂલ ખાઇને ક્યાં પગ મૂકયો કે બસ, યમરાજના દ્વારમાં જ પહોંચી જતાં વાર લાગે નહીં !" પણ વળી તેણીને હીંમત આવી, કાન્તા યાદ આવતાં તેણીમાં ચીત્ત પરોવાયું. તેણી કંઈક ઠરાવપર આવી હોય તેમ દ્રઢતાના ચીન્હો તેણીની પરસેવાથી ભીંજાયલી મુખમુદ્રાપર ઝળકી રહ્યાં, અને હાથપર હાથ ઠોકતી ફરી મનમાં બોલી—"પણ મને શો ભય છે ? પ્રાણથી પણ અધીક વ્હાલાં કાન્તાકુંવરી આ ઇમારતમાં કોઈ સ્થળે અવશ્ય સપડાઇ ગયાં છે, અને તેમની ભાળ મેળવવી જોઇએ, એટલે પછી પ્રાણ જાય તોપણ શું થઇ ગયું ! કુંવરીને શોધ્યા વીના આ ખંડીએરમાંથી બહારજ નહી નીકળું ! જોઉં તો ખરી કે આ ચબુતરામાં તેમજ તેનાપર ચ્હડવાની પગથીઓમાં કોઈક કરામત છે ?" આમ ઠરાવ કરી તેણીએ ત્યાં પડેલા દસેક શેર વજનનો એક મ્હોટો પથ્થર ઉંચકીને જે પગથીયાંપર પોતે પગ મૂકયો હતો તેના ઉપર નાંખ્યો, એટલે પહેલાંની માફક પગથી ઉઘડી જઈને તે પથ્થર પણ દૂર જઇ પડયો. ચકોરીએ નવે નવ પગથીઆંપર એવી રીતે પથ્થર નાંખી જોયા પણ તે દરેકમાં તેવી જ કરામત હતી. આથી તે ચબુતરાપર ચ્હડવાનું અશકય છતાં તેના ઉપર શું છે તે જોવાની જીજ્ઞાસાથી તેણીએ બીજી યુક્તી કરી. ત્યાં પડેલાં ઈંટ પથ્થરો વગેરે ઉપાડીને તેણે ચબુતરાની સામે ઉંચો ઢગલો કર્યો, અને પછી તેપર ચહડીને જોયું તો સંગેમરમરની લાંબી ચોકી ઉપર એક માણસ હાથમાં પુસ્તક લઇને વાંચતો સુતો હતો. તેની ઊમ્મર લગભગ ત્રીશેક વર્ષની હતી. બહુ જ બારીથી જોતાં ચકોરીને માલમ પડયું કે તે માણસ પણ પથ્થરનોજ બનાવટી હતો. એક ન્હાની સરખી કાંકરી લઇ ચકોરીએ તે માણસના મુખપર ફેંકી, જે લાગતાજ તે બનાવટી માણસે એક જીવતાં માણસ માફક પોતાનો એક હાથ ઉંચકી મુખપરની કાંકરી ખસાડીને દૂર ફેંકી દઈ પોતાનો હાથ અસલ સ્થીતિમાં મૂકી દીધો. ચકોરીએ એક બીજી કાંકરી તેના પગપર ફેંકી, જે પણ તેણે પગ સહેજ હલાવીને નીચે નાંખી દીધી. ચકોરી ગમે તેવી ચાલાક અને કઠણ દીલની હોવા છતાં આ પથ્થરના માણસની અજબ હીલચાલ જોઇને તેણીને પણ ઘણીજ ધાસ્તિ લાગી, અને વધુવાર ત્યાં ન ઉભી રહેતાં તેણી બીજી તરફ જોવાને ચાલી ગઇ. ચાલતાં ચાલતાં તેણી પાસેના એક બીજા મંડપમાં જઈ

તો મંડપની વચોવચમાં એક ભોંયરૂં જણાયું. તેમાં નીચે ઉતરવાને પગથીયાં હતાં. તેના દરવાજાને બે બારણાં હતાં જે આ સમયે ઉઘાડાં હતાં. તે ભોંયરામાં ઉતરવું કે નહીં, તેનો વીચાર કરતી ચકોરી ત્યાં ઉભી. તેમાં ઉતરતાંજ પાછળથી કદાચ આ દરવાજો બંધ થઇ પોતે અંદર રહી જાય તો પછી શું કરવું, એવી શંકા આવતાં તેની પણ પહેલાં અજમાયશ કરી જોવાનો ઠરાવ કીધો. તેણીએ પાસે પડેલો એક મ્હોટો પથ્થર ઉંચકયો પણ વળી નાંખવા પહેલાં યાદ આવ્યુ કે, પથ્થર નાંખતાં જો દરવાજો બંધ થઇ જશે તો પછી ભોંયરામાં ઉતરીને અંદર શું છે, તે જોઇ શકાશે નહી માટે પથ્થર અંદર નાખવા છતાં પણ દરવાજો બંધ થઇ ન જાય એ માટે ચકોરીએ પોતાની કમ્મરે વીંટાળેલી કમંદ છોડીને ચોવડી કરી તેનો એક છેડો એક તરફના બારણામાં મજબૂત બાંધ્યો, અને બીજો છેડો મંડપના એક થાંભલા સાથે બાંધી દઇને પછી પેલો મ્હોટો પથ્થર તેણીએ ભોંયરામાં ફેંકયો, એટલે જોરથી પવન ફુંકતાં કોઇ ઓરડાનાં દરવાજાના ઝીણાં વેહેમાંથી પવનથી જેવો ઘુંઘવાટ કરતો અવાજ આવે છે, તેવો અવાજ ભોંયરામાં પથ્થર પડતાં સંભળાયો. આ સાથે એક બારણું જોરથી બંધ થઇ ગયું, અને દોરડા સાથે બાંધેલું બારણું પણ બંધ થવાને ખેંચાયું, પણ દોરડું તોડી ન શકવાથી બંધ થઇ શકયું નહીં, અને ખેંચાયલુંજ રહી ગયું. ચકોરીની દૃઢ ખાત્રી થઈ કે, પોતાનું દોરડું બારણું બંધ થવા દેશે નહીં, એટલે હવે ભોંયરામાં ઉતરવામાં કંઇ હરકત નથી, આમ ધારી તેણી તેમાં બેધડક ઉતરી ગઇ.

પ્રકરણ ૩૦ મું.

સોદાગરની વણજાર–મહેનત ફોકટ થઇ.

કાન્તાની બીજી માનીતી દાસી કહો કે સખી ચપળા પણ શેરગઢના રાજમહેલમાં નીરાંતે બેઠી નથી. તેણી પણ કુંવરીની શોધમાં નીકળી હતી. ઘણા દીવસો શોધવા છતાં પણ કાન્તાની

ભાળ ન મળી ત્યારે તેણીની શોધમાં જવાને મહારાણીની આજ્ઞા લઈ તે પણ નીકળી પડી હતી. જંગલેજંગલ ને પહાડેપહાડ રખડતી ભટકતી તેણી આથડતી હતી પણ તેણીને કુંવરીની ક્યાંય ભાળ મળી નહોતી. માર્ગના પરીશ્રમે તથા ભુખતરસ વેઠીને તેણીનું શરીર અરધું થઈ ગયું હતું. કાંટાવાળી ઝાડીઓમાં ચાલવાથી તેના શરીરમાં ઘણે ઠેકાણે ઉઝરડા પડયા હતા, અને વસ્ત્ર પણ ફાટી ગયા હતા. જંગલમાં એક ઝાડની છાયા તળે તે મધ્યાન્હ કાળને સમયે થાક ખાવાને અને કઈ તરફ કુંવરીને શોધવા જવું તેના વીચારમાં બેઠી હતી. નીરાશામાં કપાળે હાથ દઇ તેણી પોતાના મનમાં બોલી "મહારાણીજી આગળ તો હું પ્રતીજ્ઞા લઇને નીકળી છું કે, કુમાર કુલીનસીંહ અને ચતુરસીંહને મળવા વગર કુંવરીબાની ભાળ મેળવી આવીશ, પણ એ આશા પાર પડવાનાં કંઈ પણ ચીન્હ હજી સુધી જણાયાં નથી." હવે તેણીના ચહેરાપર દ્રઢતા જણાવા લાગી. "હું પણ કુંવરીબાની ભાળ મેળવ્યા વગર કદી પણ નગરમાં પાછી ફરીશ નહી!" આમ વીચાર કરતી ચપળા બેઠી હતી, એટલામાં સામેથી મુસલમાન સીપાઈના પોશાકમાં ચાર પુરૂષો આવતા જણાયા. તેમના હાથમાં એકેક ભાલો હતો તથા કમ્મરે તલવાર અને પીઠે ઢલ લટકતી હતી. ચપળાને દૂરથી જોતાં તેઓ પરસ્પરમાં કંઇ વાતચીત કરવા લાગ્યા, જે ચપળા સાંભળી શકી નહીં, તોપણ તેણી તેમની તરફ એક ટસે જોઈ રહી. ઘડીકમાં તેઓ ચપળા તરફ જોતા તો ઘડીકમાં પોતામાં વાતચીત કરતા હતા, તો ઘડીકમાં ઉંચા થઈને પોતાની પાછળ જોતા હતા તેથી એમ જણાતું હતું કે તેમના બીજા સાથીઓ પણ હશે, જેમના આવવાની તેઓ રાહ જોતા હતા. થોડી વાર આમ વાત કરીને તેઓ જે ઝાડ તળે ચપળા બેઠી હતી તેથી થોડે દૂર બીજા ઝાડો તળે તેણીની ચારે બાજુએ બેસી ગયા. ચપળા તેમની હીલચાલ જોઇ ચમકી અને તેઓ કોણ હશે તે માટે વીચારમાં પડી. "આ સીપાઇઓ મને ઘેરીને શા માટે બેઠા હશે? તેમની નજરમાં ન સમજી શકાય તેવી વિચિત્રતા જણાય છે! તેમની શી મતલબ હશે? તેઓ લુંટારા હશે, અને મને લુંટી લેવાની ધારણાથી બેઠા હશે? કંઇ નહી! જે હશે તે હમણા જણાશે! પણ અત્રે હવે વધુ વાર બેસવું સલામતી ભરેલું નથી!"

આમ ઠરાવ કરી તેઓ બેઠા છે તે જાણતીજ ન હોય તેમ આડી નજર કરી તે એક તરફ ચાલી, એટલે તેઓ ચારે પણ ઉઠયા, અને દોડીને તેણીને સામે જઇ આગળ ચાલતી અટકાવી, ને તેઓ માંથી એક સીપાઇએ કહ્યું "કહાં ચલે બીબી! જરા તો ઠહરો!"

"રોકાવાની મને કંઇ જરૂર? હઠો, મારગ છોડો! મને જવા દો!" જરાક ખમચી જઇ ચપળા દમામમાંજ બોલી.

"અજી બીબી ઠહરો, ઠહરો! હમારે માલીકસાહબ આવે તબ તક તો દમ ખાઓ! વહો દમ ભરમે યહાંપે આયાહી ચાહતે હય!" બીજો બોલ્યો.

"તમારા માલીકની રાહ જોઈને તેની સાથે મારે શું કામ છે?" ચપળાએ ગભરાઈને પૂછ્યું.

"અજી ખફા કયું હોતે હો! આપકો ઉનકે સામને નજર કરેગેં, ઔર આપકે લીયે સીફારીસ કરકે આપકોભી કુછ નોકરી દીલાવેગે!" ત્રીજાએ જણાવ્યું.

"ભાઈઓ, તમારી મ્હોટી મહેરબાનીની પણ મારે તમારા માલીકની નોકરીમાં રહેવું નથી, માટે વાટ મૂકી મને જવા દો!" ચપળા બોલી.

"અજી, તુમ પાગલ હો કયા? કયસી બાત કરતી હો! આપ સરીખી નાજની ઇસ બીયાબાન જંગલમેં કહાં તક ફીરેગી? આપ તો શાહેનશાહી જનાનેમેં રહેને લાયક હોજી! હમારે મા લીક પાસ આપ બડી ખુસીસે રહેગી?" ચોથો બોલ્યો.

"હું જંગલમાં ભટકું કે મહેલમાં રહું, તેને માટે તમારે લેશ પણ ચીંતા કરવી નહી! તમારા માલીક સાથે રહી મારે સુખ નથી ભોગવવું, માટે તમે તમારે મારગે પડો!" ચપળાને સીપાઇ ઓની રીતભાતથી મનમાં તો ઘણો ગુસ્સો ઉપજ્યો હતો, પણ તે દબાવીને તેમની બલામાંથી છુટવાને તે બોલી.

"નહી, નહી! તુમ જલદી ન કરો! જરા ઠહરો બીબી! અજી હમારે માલીક સાહબકો દેખો તો સહી! અયસા હસીન જવાન તુમને સારી આલમમેં કહીં દેખા ન હોગા! ગુલબદન, ઉનકે સાથ તુમ રો શાદી હે નેકી હમ કોશીસ કરેંગે!" પહેલાએ કહ્યું. આથી ચપળાને બહુ ગુસ્સો ઉપજ્યો. તે ગુસ્સામાં બોલી ઉઠી—"જરા જીભ સંભાળીને વાત કરો! વધારે આછું બોલશો,

તો ખરેખર સ્વાદ ચખાડીશ ! મને સાધારણ સ્ત્રી ન સમજતા ! ત મારા સરખા દસને હમણા ધુળ ચાટતા કરી નાંખીશ ! ચાલો હટી જઈ મુંગા મુંગા માર્ગ આપો, નહી તો પછી પસ્તાશો !" સીપાઈઓ અજાયબીમાં એક બીજાનું મુખ જોવા લાગ્યા. તેમને કંઇક પોતાના દમમા દબાયલા જોઈ ચપળા આગળ વધી, એટલામાં એકે આગળ આવીને તેણીનો હાથ પકડી લીધો. બસ, ચપળા હવે રૂઠી ! પોતાની કમ્મરેથી ઝડપથી ખંજર કહાડી, ઘણીજ ચાલાકીથી તેણી તેઓમાંના બેને જખમી કરી ત્યાંથી ભાગી. બાકીના બે સીપાઈઓ તેને પકડવાને પાછળ દોડયા. ચપળાની દોડવાની ઝડપ બહુ હતી, પણ દોડતાં એક પથ્થર સાથે ઠોકર લાગવાથી તે પડી ગઈ, જેથી બહુ વાગવાથી તરતજ ઉઠી પણ શકી નહીં, એટલામાં પાછળ આવતા સીપાઇઓ તેની પાસે આવી પહોંચ્યા. તેઓ તેણીને કંઇ કહે એટલામાં તો સામેથી સોદાગરની એક વણજાર આવતી જણાઇ, જેમાં સીપાઇ, નોકર ચાકર વગેરે મળી લગભગ બસો માણસો હતાં. સૌથી આગળ આરબ ઘોડાપર સ્વાર થઇ એહેંસી વર્ષની વયનો લાંબી સફેત દહાડીવાળો એક વૃદ્ધ આવતો હતો. તેનો મુસલમાની ઢબનો પોશાક કીમતી હતો, પણ તેના શરીરના કાળા રંગમાં તેનો ભપકો ઢંકાઇ જતો હતો. તેની કમ્મરે તલવાર તથા પીઠ પર ઢાલ લટકતી હતી, અને તેણે પણ હાથમાં એક આબદાર બરછી પકડેલી હતી. તેની બાજુમાં પાણીદાર નેપાળી ટટ્ટુ ઉપર અઢારેક વર્ષની વયનો એક યુવાન પણ આવતો હતો. યુવાનીની ખીલતી રતાશ તેના ચહેરાપર જણાતી હતી, મૂછેનો ઝીણો દોરો હજી સહજ ફુટયો હતો. તેનો પોશાક તેમજ તેની ખુબસુરતીથી તે જાણે મ્હોટા શહેનશાહનો શાહજાદો હોય એવો તેનો રૂઆબ હતો. તેમની પાછળ ઘણા માણસો ઘોડાપર તેમજ પગે ચાલતા આવતા હતા. સઘળાની પાછળ સંખ્યાબંધ ઉંટો પર તંબુઓ વીગેરે સઘળો વણજારનો સામાન લાદેલો હતો. ઉંટો સાથે ઘણીક ડોલીઓ ઉંચકી ભોઈઓ ચાલ્યા આવતા હતા, જે દરેકની બંને બાજુએ એકેક સીપાઇ ખભે બંદુક મૂકીને ચાલતો હતો. આ વણજાર ચપળા ને સીપાઇઓની પાસે

આવી પહોંચતાંજ તેઓમાંથી એક સીપાઇએ પેલા બુઢા સ્વારને નમીને સલામ કરી હાથ જોડી કહ્યું-"જહાંપનાહ, ઇસ કમસીન હસીન ઓરતને હમારે દો સીપાહીયોકો જખમી કીયે હય!" તે વધુ કંઇ કહે તે પેહેલાં તો બુઢા સ્વારના ઈસારાથી બીજા કેટલાક સીપાઇઓએ આવી ચપળાને ઘેરી લીધી, અને તેણીના હાથમાંથી ખંજર છીનવી લઈ હાથપગમાં બેડી પહેરાવી દીધી. પેલો બુઢો સ્વાર, જે આ કાફલાનો સરદાર જણાતો હતો, તેણે પોતાની પાસે ઉભેલા સીપાઇઓ તરફ ફરી હીંદુસ્તાની બોલીમાંજ કહ્યું "આપણે મુકામ પણ આ જંગલમાં કરો કેમકે, અહીં માણુસનો પગરવ બીલકુલ નથી!" હુકમ મળતાંજ માણસો તંબુ ઠોકવા મંડી ગયા, અને થોડી વારમાં તો સઘળી ગોઠવણ થઈ. ડોલીઓમાંથી કેટલીક સ્ત્રીઓને ઉતારી સઘળા તંબુઓની વચમાં ઉભા કરવામાં આવેલા એક વીશાળ તંબુમાં રાખવામાં આવી, જેમની સાથે ચપળાને પણ રાખવામાં આવી. સાંજ પડતાં સ્ત્રીઓના તંબુમાં દાસી આવી એક દીવો મૂકી ગઇ થોડી વાર પછી બીજી એક દાસીએ આવીને સ્ત્રીઓને પૂછ્યું કે, તમે તમારૂં ખાવાનું હાથે બનાવી લેશો કે તૈયાર ભોજન ખાશો? ઘણી ખરી સ્ત્રીઓએ તૈયારજ ખાવાની પોતાની ઇચ્છા જણાવી પણ ફકત બે જણીઓએ કંઈ પણ ખાવાની ના પાડી. જેના જવાબમાં પેલી દાસી છણકો કરીને બોલી "ઓહોહો! નહી ખાશો તેથી અમને શું નુકશાન કરનાર છો! તમારા પેટમાં ભુખી રહેશો! એમ કેટલા દહાડા સુધી ચાલશે!" આમ બબડતી તે ત્યાંથી ચાલી ગઈ. ભોજન કરવાને ના પાડનારી બે સ્ત્રીઓમાંની એક તો ચપળા અને બીજી એક ઘણી સ્વરૂપાવાન યુવતી હતી, જેણીની આંખોમાંથી આંસુની ધારા વહી રહી હતી. અને થોડી થોડી વારે તેણી ઉંડા નીસાસા નાંખતી હતી. તેણી ચપળાની પાસે બેઠી હતી. થોડી વારમાં જુદી જુદી રકાબીઓમાં પીરસેલું ભોજન લાવીને બે દાસીઓ ચપળા અને તેની જોડે રૂદન કરતી બેઠેલી યુવતી શીવાય દરેક સ્ત્રી પાસે એકેક રકાબી મૂકી ગઇ. ભોજન કરી રહ્યા બાદ દાસીઓ ખાલી રકાબી લઈ ગઈ, અને તે પછી સુવાનો સમય થતાં તેજ દાસી પોતાની સાથે એક સીધી ગુલામના

માથાપર મ્હોટો ગાંસડો ઉપડાવી ત્યાં આવી અને તેમાંથી દરેક સ્ત્રીને એક પાથરવા તેમજ એક ઓઢોડવાને મળી બબ્બે ધાબળીઓ આપી ગઇ. સઘળી સ્ત્રીઓ તો ધાબળી મળતાંજ પાથરીને સુવા મંડી ગઈ, અને ધીમે ધીમે નીદ્રાવશ થવા લાગી, પણ ચપળા અને પેલી યુવતીએ પોતાની પાસે પડેલી મેલથી ભરેલી દૂર્ગંધ મારતી ધાબળીઓને હાથ લગાડયો નહીં, અને તેઓ બેસીજ રહી. થોડી રાત્રી વીતતાં કાફલાનાં તમામ માણસો નીદ્રાવશ થતાં સઘળે શાંતી ફેલાઈ ગઈ, પણ સ્ત્રીઓનાં તંબુની બહાર ચારે તરફ માણસનાં પગલાંનો અવાજ સંભળાતો હતો, જેપરથી ચપળાએ અનુમાન કીધું કે તંબુની ચારે બાજુએ ફરતો ચોકી પહોરો હોવો જોઈએ સઘળી સ્ત્રીઓને ઉંઘમાં પડેલી જોઇ પોતાની પાસેની અઘચારીની ગેલીને અઢેલીને આડે પડખે બેસી ચપળા પોતાની પાસે વીલાપ કરતી બેઠેલી યુવતી સાથે ધીમે ધીમે વાતચીત કરવા લાગી. "બાઇ, આ સઘળી સ્ત્રીઓ અને પેલો બુઢો કોણ છે?" ચપળાએ તે યુવતીને પૂછ્યુ.

"બુઢો ગુલામડીઓનો વેપારી છે, અને સુંદર યુવતીઓને પકડી અથવા વેચાતી લઇ કે ગમે તે ઉપાયે પોતાના કબજામાં મેળવીને ઇરાનના શહેનશાહની દરબારમાં જઈ વેચે છે, એવું બીજી સ્ત્રીઓને મુખેથી મેં સાંભળ્યુ છે!" યુવતીએ જણાવ્યું અને ઉંડી હાય નાંખતા ગળગળે અવાજે બોલી "અરેરે, દઈવ! આ કેવું સંકટ! બેન, તમને જોઇને સંતોષ વળે છે, પણ આ બીજી સ્ત્રીઓના ઢંગ જુઓ! અરેરે! પોતાના કુળ ગૌરવ અને પવીત્ર આર્ય ધર્મનું તેમને લેશ પણ અભીમાન નથી! આ મ્લેછના હાથનું ભોજન ખાતાં તેમને લેશ પણ કમકમાટ છૂટતો નથી! અરે, પવીત્ર સતીત્વ ઉપર શહેનશાહના જનાનાનુ સુખ ભોગવવાની લાલસામાં તેમણે પાણી ફેરવી દીધું છે! તેઓ કેવી ઘોર નીંદ્રામાં પડી છે! આર્યોની સત્યતા અને ઉચ્ચતા આ કુલાંગારોજ નષ્ટ કરવા લાગી છે! આ પાપીણીઓની રીતમાત જોતાં અંતઃકરણમાં બળતો દાહ વધુ જોરમાં સળગી ઉઠે છે!"

"બાઈ, જેને જે સારૂં લાગે તે ભલે કરે! જેવું કરશે તેવું ભરશે! એ સ્ત્રીઓ છતાં પીશાચણીને અવતાર છે, એમજ

ગણી મન વાળો ! વારૂ, કૃપા કરી જણાવશો કે આપ કોણ છો, અને આ પાપીઓને હાથ કેવી રીતે ફસાયાં છો ?"

"બહેન, હું વીજયગઢના મહારાજાની રાણી કલાવતી છું. રાજાજી લડાઈપર ગયેલા હોવાથી તેમના વીયોગ દુઃખમાં રીબાતી હું એક દીવસ શય્યાપર પડી હતી એટલામાં આંખ મળી ગઇ તે પછી શું થયું તે ખબર પડી નહીં, પણ જ્યારે જાગૃત થઇ ત્યારે આ પાપીઓના હાથમાં સપડાયલી હતી !" રાણીએ કહ્યું.

"વીજયગઢના આપ રજમાતા !" ચપળા બોલી ઉઠી "અરેરે ! આપની આ અવદશા! ભાગ્યની કેવી અકળ ગતી છે !"

"તમે કોણ છો સખી ?" રાણીએ પૂછ્યું.

"હું શેરગઢના મહારાજા રામસીંહની કુંવરી કાન્તાની એક દાસી ચપળા છું. ઘણા દીવસ થયા કુંવરીબા મહેલમાંથી ગૂમ થઇ ગયલાં હોવાથી હું તેમની શોધમાં નીકળી છું !" આમ ચપળા અને રાણી કલાવતી ધીરે ધીરે વાતચીત કરતી હતી. એટલામાં બહારથી "કોન હય ? ભાગા, ભાગા !"એવો પહોરેગીરોનો અવાજ સંભળાયો. રાણી આથી ડરી પણ ચપળા લેશ પણ ડરી નહીં. વાતમાં ને વાતમાં રાત્રી પસાર થઇ ગઇ. સવાર પડતાં પાછી રાત્રીવાળી બંને દાસીઓ હાથમાં ખુલ્લી તલવાર લઇને આવી અને સઘળી સ્ત્રીઓને દાતણ પાણી કરાવવા માટે તંબુની બહાર તેડી ગઇ, પણ ચપળા અને રાણી ત્યાંજ બેસી રહી, તેમને બહાર જવા માટે કોઈએ કંઇ કહ્યું પણ નહી. દીવસ એક પહોર વીતતાં કાફલાનો બુઢો માલેક સોદાગર પોતાની સાથે ડાકણ સરખા દેખાવની એક બુઢી સ્ત્રીને લઇને સ્ત્રીઓવાળા તંબુમાં આવ્યો, જયાં આવતાંજ ચારે તરફ નજર ફેરવી તે ડોસીએ પૂછ્યું "બસ, આટલીજ છે કે બીજી વધારે પણ છે ?"

"બસ, આ વખતે તો આટલીજ છે ! હવે તો તમારી મહેરબાની થાય, અને જરા મહેનત કરો તો કંઇ વધારો થાય !" બુઢાએ હીંદુસ્તાની ભાષામાં જવાબ આપ્યો.

"સોદાગર સાબ, જુઓ તો ખરા કે હું કેટલી ઓરતોને ફસાવી લઉં છું !" પેલી બુઢી બોબડે અવાજે મલકાઇને હીંદુસ્તાનીમાંજ બોલી "તમને કેવા ઓરત જોઈએ છે, તે કહો ? અને તેના બદલામાં ઇનામ શું આપશો ?"

"જુઓ, આ સઘળી ઓરતો તો એક સરખી છે, માટે તેમના જેવી દરેકને માટે દસ મોહોર આપીશ!" સઘળી સ્ત્રીઓને બતાવતાં બુઢ્ઢાએ જણાવ્યું, અને તે પછી ચપળાને બતાવતાં કહ્યું "જો આ નાજની સરખી લાવશો તો પચાસ મોહોર, અને (રાણી તરફ આંગળી કરી બતાવતાં) આ કમસીન હસીન સરખી ગુલબદનની સો મોહોર ઇનામ, બસ?"

"હવે કંઇ કહેવું પડે નહીં! તમારૂં કામ પાર!" ડોકરી ઉત્સાહમાં આવી બોલી ઉઠી–"એવી બીજી દસ આણી આપીશ!" બુઢ્ઢો સોદાગર મનમાં મલકાયો. "વારૂ આ સઘળીઓ આપના હાથમાં કેવી રીતે આવી?" ડોકરીએ પૂછ્યું.

"આ સઉથી વધુ ખુબસુરત છે તે તો જંગલમાં એક ગુફામાં બેહોશ પડી હતી ત્યાંથી હાથ લાગી ગઇ!" રાણીને બતાવતાં સોદાગરે જણાવ્યું, અને તે પછી ચપળા તરફ આંગળી કરી કહ્યું "અને આ તો કાલે આ જંગલમાંથીજ પકડાઇ છે! એ બહુ લુચ્ચી અને બદમાશ છે! અમારા બે સીપાઈઓને એણે તો મારી નાંખ્યા છે!"

"હઅઅઅ! એ તો એના ચહેરાપરથીજ જણાય છે! જુઓને આંખમાં કેટલું ખુન ભરેલું છે!" ડોકરી ડોકું ધુણાવતી લહેકાથી બોલી "સોદાગરજી, જો તમારા કાફલામાં એના જેવી બીજી ત્રણ થાય તો તમારા આખા કાફલાને સીધા ખુદાને ઘેર પહોંચાડી દે હોંકે?"

"બેશક!" સોદાગર બોલી ઉઠયો. બીજી સ્ત્રીઓ સબંધી જુદી જુદી હકીકત જણાવ્યા બાદ તે એકાંતમાં વાતચીત કરવાને ડોસીને પોતાના તંબુમાં તેડી ગયો. તેમના ગયાં પછી સઘળી સ્ત્રીઓ તેમને ગાળો દેવા લાગી. "જુઓને બેન, ગરીબ નીર્દોષ અબળાઓને ફસાવવની પીટયાની હોંસ હજી પૂરી થતી નથી!" એકે બીજીને કહ્યું.

"પીટયાના મોંમાં એક દાંત તો રહ્યો નથી ને ઉભાએ રહેવાતું નથી છતાંએ હવે જંપીને બેસે છે!" બીજી બોલી ઉઠી.

"પેલી રાંડ ડોકરી વળી એને કોણ જાણે કયાંથી મળી જો!" ત્રીજી દાંત કચકચાવી બોલી "રાંડ ડાકણ બડાઈ મારતી હતી તે

સાંભળ્યું કે નહી? રાંડને ધોળાં આવ્યાં છે, ને કમ્મરે ભાંગી ગઈ છે, પણ પઇસાની લાલચે પાપ કરવાને જરા અચકાય છે!"

"સખી, ઈશ્વરને ત્યાં શું આવોજ ન્યાય છે! પાપીઓ-પરજ શું તે પોતાની દયાનો વરષાદ વરષાવે છે! પેલી પીશાચણીએ કોણ જાણે કેટલાં સુખી કુંટુંબોનો નાશ કીધો હશે! પ્રભુ તેમના અપવીત્ર પગલાનો ભાર ધરતી માત કેમ સહી શકે છે!" રાણી કલાવતી ચપળા પ્રત્યે બોલી. બુઢી આવી ત્યારથી ચપળા તેણીને બારીક નજરે જોઇ રહી હતી, અને તેણીના ગયા પછી પણ તે કઇ ઉંડા વીચારમાં નિમગ્ન થયલી હોવાથી રાણીનું કહેવું તેણીએ કંઈ ન સાંભળવાથી કઈ પણ જવાબ આપ્યો નહી. રાણીની આખમાંથી આંસુ વહેવાં લાગ્યાં. ચપળા પોતાના વીચારમાંથી જાગૃત થતાં રાણીને રૂદન કરતી જોતાં તેણીને ધીરજ આપવા બોલી "મહારાણી, હવે લેશ પણ કલ્પાંત ન કરો! મને હવે પૂરી હીંમત આવી છે! ઈશ્વરની કૃપા હશે તો આપણે હવે ટુંક સમયમાં આ પાપીઓના પંજામાંથી છૂટીશું!" રાણીને કંઈક ધીરજ આવી, અને તે દીવસ તો જેમ તેમ વહી ગયો, સંધ્યાકાળે સોદાગર પેલી બુઢી સહીત પાછો તેમના તબુમાં આવ્યો. આ વખતે ડોકરી સાથે એક સ્વરૂવાન યુવાન અબળા પણ હતી. તબુમાં આવતાંજ પોતાની સાથેની યુવતીને આગળ કરતાં ડોકરી બોલી "લ્યો હવે સરખાવી જુઓ, છે પહેલા નંબરની?"

"નહી, તેવી તો નથી, પણ બીજા નંબરની જોડી છે એટલે પચાસ મોહોરની કીંમત છે!" બુઢાએ યુવતીને જોઈ કહ્યુ.

"ઠીક! જેમ તમે રાજી થાઓ તેમ! કાલે વળી બીજી શોધી આણીશ!" ડોકરી બોલી, અને તેઓ યુવતીને ત્યાં છોડી ચાલ્યાં ગયાં. આ નવી ફસાયલી યુવતી તો દીલગીર થવાને બદલે ઘણીજ આનદમાં મગ્ન જણાતી હતી. તરતજ તેને માટે એક રકાબીમાં ભોજન લઇ એક દાસી આવી, જે તેણી ભુખ્યા વરૂની માફક પેટ ભરીને અડાવી ગઇ. બીજી અબળાઓને રડતી તથા ઉદાસ જોઇ તેમના ચાળા પાડી તે તો હસતી હતી. તેણીની આ રીતભાત જોઈ રાણીએ ચપળાને કહ્યું "બેન, આ તો વળી બધીઓને વીસરાવે એવી છે!"

"ખરેખર! અજબ પ્રકૃતીની જણાય છે!" ચપળા બોલી ઉઠી-"સોદાગરના પંજામાં સપડાવા માટે એને તો કંઇ લાગ ભુંજ નથી!" આગલી રાતની માફક આજે પણ ચપળા અને રાણીએ કંઇ ખાધું નહીં, અને તે રાત્રી પણ તેમણે જાગૃત અવસ્થામાં ગુજારી. બીજે દીને સવારે સઘળી સ્ત્રીઓ દાસીઓ સગે દાતણ પાણી કરવા માટે તંબુની બહાર ગઇ પણ તેઓ બહાર ન ગઈ તેથી થોડી વારમાં બે હથીયારબંધ સીપાઇઓ તબુમાં દાખલ થયા, અને તેમની પાસે આવી તેઓમાંથી એક બોલ્યો "તમે બંને તબુની બહાર ચાલો! સરદાર સાહેબનો હુકમ છે કે તમામ ઓરતોને મેદાનમાં ઝાડ નીચે બેસાડવી, જેથી મેદાનની ખુલ્લી હવા તેમને લાગે તો તંદુરસ્તીમાં બીગાડો ન થાય!" રાણી જવાને ઉઠી નહી, એટલે બીજા સીપાઇએ તેમને દમ બતાવ્યો. આખરે લાચાર થઇ તેઓ બને પણ બહાર ગઈ, અને મહુડાના એક ગંભીર ઝાડની આસપાસ બેઠેલી બીજી સ્ત્રીઓની સાથે એક બાજુએ બેસી ગઇ. ચંચળ ચપળા ચારે તરફ બારીક નજર દોડાવી આસપાસની સઘળી જગાઓ ધ્યાનમાં રાખવા લાગી. તે દીને સઘળી સ્ત્રીઓને ભોજન પણ બહારજ આપવામાં આવ્યું, અને આગલા દીવસની પેઠે આજે પણ ચપળા તેમજ રાણીએ કંઈ ખાધું નહી. બપોરને સમયે વળી પેલી ડોકરી એક વધુ ખુબસુરત યુવતીને પોતાની સાથે લઇને આવી. બુઢા સોદાગરે તેને આદરમાન સહીત પોતાની પાસે એક ખુરસી મૂકાવીને બેસાડી અને તેની સાથે આવેલી સુદરીને સઘળી સ્ત્રીઓ સાથે બેસવા મોકલાવી દીધી. આ સ્ત્રીને જોતાં ચપળા થોડી વાર સુધી તેણી તરફ બારીકીથી જોઇ રહી. ચપળાના મુખપર આશાની કંઈક નાશાની જણાવા લાગી, અને પોતાના અતઃકરણનો ભાવ દબાવી ન શકવાથી આખરે તેણી તે નવી આવનારી તરફથી પોતાની નજર ખસેડી લઇ ઉચું જોઇ અઇચારીની ગુપ્ત બોલીમાં બોલી-"હવે! હું ઓળખી ગઈ છું!" આ સાંભળતાં તે સુંદરી અજબ થઇને ચપળા તરફ જોવા લાગી. થોડી વાર પછી પોતાના જમણા પગના અંગુઠા તરફ નજર કરી તેના પરના મેલ જાણે સાફ કરતી હોય તેમ પોતાના બંને હાથ તેના પર ઘસતાં તેવીજ માર્મિક ભાષામાં તે બોલી-"ચુપ રહેશો તો સા

થે તમારો પણ છુટકારો થશે !" આ પછી બંનેમાંથી કોઈ બોલી નહીં. સાંજ પડતા સઘળી સ્ત્રીઓને પાછી તંબુમાં લઈ જવામાં આવી, અને રાતે પણ રાણી અને ચપળા શીવાય સઘળીઓએ ભોજન ખાધું, અને તેમાં પેલી નવી આવેલી બે સ્ત્રીઓ તો ખૂબ જમી. મધ્યરાત્રી વીતી ગઈ. કાફલામાં સઘળા નીંદ્રાધીન થઇ ગયાં. સ્ત્રીઓના તંબુની આસપાસ સીપાઇઓ પહેરો ભરતા હતા. તંબુની અંદર એક દીપક બળતો હતો, જેનો પ્રકાશ તંબુના પ્રમાણમાં બહુ થોડો હોવાથી બરોબર અજવાળુ પડતું નહોતુ. રાણી, ચપળા અને નવી આવેલી બે યુવતીઓ શીવાય સઘળી સ્ત્રીઓ ઘોર નીંદ્રામાં પડી હતી. તેઓ બંને તરફ જોઇ ચપળાએ છુપી બોલીમાં કહ્યું "પહેલાં મારી બેડીઓ ભાંગી નાંખો નહીં તો બૂમરાણ કરી સીપાઇઓને બોલાવી તમને પણ કેદ કરાવી દઇશ !"

"તો પછી તારી શી દશા થશે ?" એકે તેવીજ બોલીમાં પૂછ્યું. "સાથે રાણી !" ચપળાએ જવાબ આપ્યો. તરતજ કંઇ ન બોલતાં તે બંને સ્ત્રીઓએ પોતાની કમ્મરે સંતાડેલું એક ધારવાળું હથીઆર કહાડી બેસતા ચપળાના હાથપગમાંની બેડીઓ કાપી નાંખી. પ્રહર રાત બાકી રહી હતી, એટલામાં એકાએક તંબુની બહાર ચારે તરફથી ઘણા માણસોએ ઘેરો ઘાલ્યો. 'મારો પકડો !' નો ઘોંઘાટ થઈ રહ્યો. બંદુકની ગોળીઓ ફુટવા લાગી, ને બહાર મ્હોટો શોર મચ્યો, જેયા સઘળી સ્ત્રીઓ નીદ્રામાંથી ઝબકી ઉઠી. સઘળીને એમજ લાગ્યું કે બહાર ધાડપાડુઓએ ધાડ પાડી હશે. અને સોદાગરના સીપાઇ અને તેમની વચ્ચે ઝપાઝપી થતી હશે, તેઓ ગભરાટમાં પડી તંબુમાં આમ તેમ દોડધામ કરવા લાગી. રાણી કલાવતી પણ ગભરાટમાં 'ચપળા ચપળા' એમ મ્હોટેથી બૂમ પાડવા લાગી, પરંતુ તે જણાઇ નહીં. એટલામાં પેલી બે નવી આવેલી યુવતીઓ રાણી પાસે આવી અને તેઓમાંથી એક ઉતાવળમાં બોલી-"ચપળા નાસી ગઇ છે ! આપ ગભરાશો નહીં ! આ હલ્લો કરનારા સઘળા આપનાજ સેવક છે ! અમને પણ સ્ત્રી સમજશો નહીં ! હું પણ આપનો દાસ છું ! આપને માટે તૈયાર રાખવામાં આવેલી

પાલખી હું સત્વર લઈને આવું છું !" આમ કહી બંને સ્ત્રીઓ ત્યાંથી જતી રહી. સ્ત્રીઓના તંબુની ત્રણ બાજુ તરફનો લડાઈનો અવાજ હવે સંભળાતો બંધ થઇ ગયો હતો. એક તરફથી હજી ઘોં ઘાટ વધુ સંભળાતો હતો એટલે ત્યાં હજી લડાઇ ચાલતી હોય એમ જણાતું હતું. બે માણસો પોતાના મુખ બુરખાથી ઢાંકી એક ડોલી લઇને તંબુમાં આવ્યા, અને તેમાં રાણીને બેસાડી તે ઉપાડી ચાલ્યા ગયા. સવારે તંબુમાં ચપળા અને રાણી શીવાય સઘળી સ્ત્રીઓ હતી. ધાસ્તી અને ગભરાટથી તેમના હોંસ ઉડી ગયાં હતાં. તેઓ એક બીજીના મુખ સામે જોતી બેઠી હતી, એટલામાં રાજા બલદેવસીંહના અઈયારો વીરકાળ, નારાયણસીંહ અને ચમનરાય પોતાની સાથે કીનખાબના પરદાવાળી સુંદર પાલખી ઉંચકાવી લાવ્યા, અને તે તંબુના દરવાજા પાસે ઉતરાવી તેઓ અંદર દાખલ થઇ ત્યાં બેઠેલી દરેક સ્ત્રી તેમજ તંબુના ખુણેખુણા જોઈ વળ્યા પણ રાણીને ન જોઇ વીરકાળે સ્ત્રીઓને પૂછ્યું "તમોમાંથી બે યુવતીઓ ક્યાં ગયાં ?" સ્ત્રીઓનો રાત્રીનો ગભરાટ હજી નરમ પડયો નહોતો, એટલામાં વળી આ નવા પુરૂષોને જોતાં તેઓ વધુ ગભરાઇ ગઈ, તેથી કોઇના મુખમાંથી એક શબ્દ પણ નીકળ્યો નહીં. તેમને ગભરાયલી જોઈ ધીરજ આપવા ફરી વીરકાળે કહ્યું "તમે જરાએ ગભરાશો કે અમારાથી ડરશો નહીં ! અમે લુંટારાઓ નથી. પાપીઓના પંજામાંથી તમો સઘળીઓને છોડવવા માટેજ આ સઘળી ખટપટ અમે કરી હતી, માટે તે બંને સ્ત્રીઓ ક્યાં ગઈ તે જરા અમોને જણાવો !" આ ધીરજના વચનોથી તેમના જીવ કંઈક સ્થીર થયાં, અને તેઓમાંથી એકે જણાવ્યું "અરે, બે નહીં પણ ચાર સ્ત્રીઓ અહીંથી ગૂમ થઈ ગઇ છે. તેઓમાંથી ત્રણ તો બે દીવસથીજ અહીં આવી હતી !"

"વળી કાલે બપોરે આવેલી એક ઓરત તો જે આખો દહાડો રૂદન કરતી હતી તેને જયારે રાતના હલ્લો થયો ત્યારે કહેતી સંભળાઈ હતી કે, બહીશો નહીં, અમે તમારાજ તાબેદાર છીએ, અને આપને માટે પાખલી લાવીએ છીએ.' જે પછી બે સ્ત્રીઓ ક્યાં ચાલી ગઈ હતી, તે પછી થોડીક વારે એક ડોલી આવી જેમાં ચઢીને પેલી અબળા પણ ગઇ, અને ચોથી તો શોર

થયો ત્યારનીજ નહાસી ગઇ હતી.” બીજીએ જણાવ્યું. આ સાંભળી વીકરાળના હોંસ ઉડી ગયા, અને તે નારાયણસીંહ અને ચમનરાયના મુખ જોવા લાગ્યો. “ખરૂં છે! અમેજ સ્ત્રી. જેએ મહારાણીને ધીરજ આપીને પાલખી માટે તમારી તરફ આવ્યા ને ચપળા તો હલ્લાની શરૂઆતમાં નહાસી ગઈ હતી!” નારાયણસીંહે જણાવ્યું

“ત્યારે બીજી ડોલી લઇ આવીને મહારાણીને કોણ લઇ ગયું હશે? આમાં શો ભેદ છે તે અટકળી શકાતું નથી!” વીરકાળ વીમાસણમાં પડયો ચમનરાય અને નારાયણસીંહ પણ મુઝાયા. થોડી વારે કંઈ યાદ આવતાં ચમનરાય બોલી ઉઠયો-“અરે, સોદાગરની ડોલીઓ બહાર પડી છે તે તો ગણી જોઈએ તે ડોલીમાં મહારાણીને લઈ જવામાં આવ્યાં હશે તો જણાશે!”

“ખરેખર! આથી કંઇક ભેદ જણશે!” વીરકાળ બોલ્યો “સઘળી સ્ત્રીઓને પણ હવે બહાર મેદાનમાં બેસાડો!” સઘળી સ્ત્રીઓને તંબુની બહાર ઝાડ નીચે બેસાડવામાં આવી. અત્રેની સઘળી ભૂમી લોહીથી ખરડાયલી હતી, અને ઠેકઠેકાણે ધડ માથા અને હાથપગ કપાયલા માણસોની લાશો પડેલી હતી. બુઢ્ઢા સોદાગર અને યુવાન છોકરો હાથપગમાં મજબૂત બેડીઓ સહીત એક ઝાડ નીચે ઉદાશ થઈ બેઠા હતા, જેમના ઉપર દસ સીપાઇઓ ખુલ્લી તલવારે પહોરો ભરતા ઉભા હતા. બીજા સેંકડો માણસો બધીવાન હાલતમાં બીજા ઝાડ નીચે બેઠા હતા. તમામ તંબુઓ ઉજ્જડ પડયાં હતા. વીરકાળ વગેરે અધયારો ડોલીઓ પડી હતી ત્યાં ગયા. ચમનરાય તે ગણીને બોલ્યો “જુઓ આમાથીજ એક ડોલી ઓછી થઈ છે! અમે બરોબર એકવીસ ડોલીઓ ગણી હતી, અને હમણા તો વીસ છે!”

“ત્યારે તો મહારાણી તેમાંજ ગયાં!” વીરકાળ બોલી ઉઠયો–“પણ ડોલી કોણ ઉપાડી ગયું હશે?” પછી ચમનરાય તરફ ફરી તેણે કહ્યું “સેનાના પડાવ આગળ આપણા દીવાનજી બેઠા છે, તેમને તેડી લાવો!” થોડી વારમાં ચમનરાય દીવાનજી, સહીત પાછો આવી પહોંચ્યો, એટલે વીરકાળ બોલ્યો–“દીવાનજી, અમારી ચાર દીવસની મહેનતપર પાણી ફરી ગયું છે! આ

બુઢા સોદાગરને સ્ત્રીઓની લાલચ આપીને અમે અહીં રોકી શક્યા અને આપને ખબર કરી, જેથી આપ પણ સેના સહીત અત્રે આવી પહોંચ્યા, પણ જે આશા પાર પાડવાને આપણે આટલી બધી ઝહેમત ઉઠાવી હતી તે ઉંધી વળી ગઇ ! આટલી બધી મારફાડ પછી પણ મહારાણી તેમજ ચપળા બંને ગૂમ થયાં !"

"હે ! ક્યાં ગયાં ? ચપળા કેવી રીતે છટકી ગઇ ?" દીવાને ઉતાવળે પૂછ્યું.

"ચપળાએ તો અમને ઓળખી કહાડયા અને જો તેના હાથપગમાંની બેડીઓ અમે ન કાપીએ તો અમને પકડાવી દેવાની તેણીએ ધમકી આપી, એટલે મહારાણીજીને છોડવવાની ઉમેદમાં અમારે લાચારીથી તેણીને પણ મૂક્ત કરવી પડી, એટલે એ હરામખોર તો રાત્રીના શોરબકોરમાં લાગ જોઇ નહાબી ગઇ !" ચમનરાયે જણાવ્યું.

"મહારાણીજી વિષે આ સ્ત્રીઓને પૂછતાં જણાયું કે કોઇ બે પુરૂષો મહારાણીજીને સોદાગરની ડોલીમાં બેસાડીને લઇ ગયા !" વીરકાળે કહ્યું. આ સઘળી હકીકત સાંભળી દીવાન પણ વીચાર કરી બોલી ઉઠયો "જયારે સોદાગરની ડોલીમાં મહારાણી ગયાં ત્યારે તો તેના હરામખોર માણસોને અથવા તો એ લુચ્ચા સોદાગરનેજ પૂછવાથી મહારાણીજીની ભાળ મળશે કેમકે, એ કામ એ પાપીઓનુંજ હોવું જોઇએ !"

"દીવાનજી, મને સોદાગર ઉપર વહેમ જતો નથી, કેમકે જયારે પોતેજ આપણા પંજામાં કેદ છે ત્યારે તેણે મહારાણીને કોઇ ઠેકાણે છૂપાવ્યાં હોય એમ માની શકાયજ નહી ! મહારાણીની ભાળ મેળવવાને ઘોડા સ્વારો ચારે તરફ દોડાવવા જોઇએ કેમકે તેમને લઇ જનાર પગેજ ગયલા હોવાથી બહુ દૂર નીકળી ગયા નહીંજ હોય !" વીરકાળે સલાહ આપી, જે દીવાનને ઠીક લાગી, અને તે મૂજબ કેટલાક સ્વારોને યોગ્ય સુચનાઓ કરી તરતજ દોડાવવામાં આવ્યા. પછી દીવાન નગરની સંભાળ રાખવાને સોદાગર અને તેના નોકર વગેરે સઘળા કેદીઓ તેમજ તમામ માલમીલકત અને સેના સહીત વીજયગઢ જવાની તૈયારી કરવા છાવણીમાં વીદાય થયો, અને ધીરકાળ વગેરે અઈયારો પણ

રાણીની શોધમાં નીકળ્યાં. માર્ગમાં ચાલતાં વીરકાળ નિરાશાસહ બોલ્યો "ભાઇઓ ! વીજયગઢના રાજ્યની કેવી દુર્દશા થવા બેઠી છે ! મહારાજ તો ચતુરના હાથમાં સપડયાજ હતા, અને મહા-મહેનતે આપણે મહારાણીજીની ભાળ મેળવી તો તે પણ ફરી ગુમ થયાં ? ખરેખર, દુશ્મનોએ અજબ ચાલાકી વાપરી આપ-ણને અંધ બનાવી દીધા !"

"અરે, મહારાણી સાથે ચપળાને કેદ જોઈ હું તો મનમાં મલકાતો હતો કે ચાલો એક કાંકરે બે પક્ષી મરશે ! મહારાણીજી મળતાં સાથે ચપળા પણ આપણા પંજામાં સપડાશે, પણ મનની મનમાંજ રહી ગઇ ! ચપળા તો આપણા માથાની નીકળી ! લુચ્ચીએ આપણને કેવા ઓળખી કહાડયા અને ગભરાવીને પોતાની બેડીઓ કપાવી લીધી !" નારાયણસીંહ કકળી ઉઠયો.

"ભાઇઓ, મહારાણીને નહસાડી જનાર એ ચપળા તો નહી હોય ?" ચમનરાયે કહ્યું.

"નહી, હીન ! એકલી ચપળા મહારાણીને ડોલીમાં બેસાડીને કદી લઇ જઇ શકે નહી !" વીરકાળે જણાવ્યું.

"હવે તો મહારાજાને છોડવવા માટે બદ્રીનાથજી કાસમ અને મહમદને લઇ ગયા છે તે જોઇએ શું કરી આવે છે ?" ચ-મનરાયે બીજી વાત કહાડી.

"પણ ભાઈઓ, આપણેજ મહારાણીજીની ભાળ મેળવી શ-કીશું નહીં તો તેઓ શું વાઘ મારી આવ્યા છે તે જોવા માટે શું મુખ લઈ નગરમાં પાછા ફરીશું ? હાલ તો આપણે જે કામ કરવાનું છે તેની ચીંતા રાખવી કે જેમાં કંઇ વળે !" વીરકાળ કટાળીને બોલી ઉઠયો.

"હવે મહારાણીને મેળવવાની આશા છોડીજ દેવી ! આટલા બધા સીપાઇઓની વચમાંથી ચાલાકી કરીને મહારાણીને લઇ જનાર કંઈ ઓછો ઉસ્તાદ હશે તે હવે આપણને મહારાણીનો પત્તો મેળવવા દેશે ! ભાઇ, એ તો રઇના પાડ રાતેજ ગયાં ! હવે તો મુંગા મુંગા આવો આ જંગલમાંજ રહી ખેતીવાડી કરીને પેટ ભરીએ ! બાળ બચ્ચાંઓને પણ નગરમાંથી તેડાવી મંગાવો !" નારાયણસીંહે નાઉમેદી બતાવી.

"બસ આટલામાંજ હીંમત જતી રહી કે ભાઇ ! અઇયારના નામને ખરાબ લગાડો છો !" વીરકાળે કહ્યું. આમ વાતચીત ક-રતાં કેટલોક પંથ કાપ્યા પછી તેઓ પોતપોતાનામાં કંઇ સલાહ કરી ફરીથી મળવાનું ઠેકાણું નક્કી કરી જુદે માર્ગે ચાલ્યાં ગયા.

પ્રકરણ ૩૧ મું.

દૂરથી દષ્ટિમીલન.

કર્મનાસા નદીના કીનારાપર કોચ જંગલમાં એક ઝાડનીચે શાંતીનાથ જોશીજી અને ચતુર બેઠા હતા. તેમની પાસે એક ડોલી પડી હતી, જેનો પરદો ઉચો કરેલો હતો, અને તેમાં બેઠેલી એક યુવતી ચતુર સાથે વાતચીત કરતી હતી. વાંચનારને જણાવવાની કાંઇ જરૂર નથી કે તે સુંદરી રાજા બલદેવસીંહની રાણી કલાવતી હતી. ડોલીની બાજુ તરફ તેના હાથાપર એક હાથ ટેકવી ચપળા પણ ઉભી હતી. "ચતુરસીંહ, વીજયગઢ જવાની અમારી ઇચ્છા નથી! અમારે રાજ્ય વૈભવનું સુખ નથી જોઈતું! મહારાજ સંગે રહેવામાંજ અમારૂં ખરૂં સુખ સમાયલું છે! નાથ કેદ પડયા છે, તો અમને પણ તેમની સેવા માટે તેમની સાથે કેદ કરો! એમાંજ અમે સ્વર્ગનું સુખ માનીશું! બસ, ચતુરસીંહ, નાથના પવીત્ર ચર્ણારવિંદના દર્શન કરાવી આ અંતકરણમાં બળતો દાહ બુઝાવો" રાણીએ આગ્રહસહ કહ્યું.

"મહારાણી, આપને અમારા સંગે લાવવાની કાંઈ જરૂર નહોતી. અમે તો ફકત ચપળાને મેળવવાને આવ્યા હતા, માટે હવે ફરમાવો તો વીજયગઢ મુકી આવીએ યા તો રાજા પાસે લઇ જઇએ કેમકે, હજી તેમને કયાં સુધી કેદ રાખવા પડશે તે કહી શકાતું નથી!" ચતુરે ગંભીર અવાજે કહ્યું. આથી રાણીને કંઇક ધીરજ આવી અને તેણી બોલી "મહારાજા સંગે અમને મેળવશો તો અમને જીવતદાન આપ્યા તુલ્ય માનીશું! ચતુરસીંહ વીલંબ ન કરો, નાથના અમને સત્વર દર્શન કરાવો!"

"જેવી આપની ઈચ્છા! પરંતુ જે સ્થળે રાજાજી કેદ છે ત્યાં આ ડોલીમાં બેસાડીને આપને લઈ જઈ શકાશે નહીં! આપને બેહોશ કરીને ત્યાં લઇ જવાં પડશે! માફ કરજો મહારાણી, પણ તે શીવાય બીજો એકે ઉપાય ન હોવાથી લાચાર છું!" ચતુરે દબાયલે અવાજે જણાવ્યું. તરતજ રાણી ડોલીમાંથી બહાર નીકળી દ્રઢતાસહ બોલી "અહો, એમાં શું? ચતુરસીંહ, બેહોશ થવાને અમે તૈયાર છીએ! અરે, એ તો શું પણ

નાથને માટે આ દેહનો ભોગ આપતાં પણ અમે અચકાઈશું નહીં ! નાથને મળવાના આનંદમાં મ્હોટી ખાઈઓ કુદાવી જવી હોય, તુફાની સમુદ્ર તરી જવો હોય તો અમારા સતીત્વના પ્રભાવે તે વીકટ માર્ગ પણ અમે વટાવી જઇશું ! લાવો, બેહોશીની ભુકી અમે હાથેજ સુંઘીએ છીએ !" ચતુરે પોતાની થેલી માંથી કાળા રંગની ભુકી કહાડી આપી, જે લેતાં રાણી બોલી "એ ભુકી સુંઘવાનું તો શું પણ શીરછત્રના દર્શનની કબૂલાતે હળાહળ વીશ ખાવાનું કહો તો તે પણ વગર આનાકાનીએ અમે ખાઇશું !" આટલુ કહી રાણીએ પોતાના હાથમાંની ભૂકી સુંઘી, જેની અસરથી તરતજ તેણીને મૂર્છા આવી ગઇ. ચપળાએ પોતાના બે હાથે પકડી તેણીને ધીમેથી પોતાના ખોળામાં સુવરાવી દીધી.

"હવે તમે રાણીને ગુફામાં મૂકી આવો ! ત્યાંથી પાછા ફરશો ત્યાંસુધી હું આ જંગલમાંજ રહીશ ! અને ચપળાએ હવે શેરગઢ જવું જોઇએ !" જોશીજીએ જણાવ્યું, જે ચપળાને ગમ્યું ન હોય એવો તેના ચહેરાપર ભાસ જણાતાં ચતુરે તેણીને શેરગઢ જવાને સમજાવી, પણ ન માનતાં તેણી બોલી "કુંવરીબાની ભાળ મળશે નહી, ત્યાંસુધી હું નગરમાં કદી પણ પાછી ફરીશ નહી ! જુઓ, આ સોદાગરના પંજામાં હું ફસાઈ હતી તો મારી પોતાની ચાલાકીથીજ તેના પાપી પંજામાંથી છુટી છું ! મારે માટે તમે લેશ પણ ચીંતા કરશો નહીં."

"એ તો ખરૂં ! અમે તો કુંવરીનો પત્તો મેળવવાની આશામાં સોદાગરના તંબુઓમાં ફરી વળ્યા, પણ કુંવરીને બદલે તમને અને રાણીને ફસાયલાં દીઠાં. તમને છોડવવાની અમે તજવીજ કરતા હતા એટલામાં વીરકાળ, ચમનરાય અને નારાયણસીંહને રાણીને છોડવવાની બાજી રચતા જોઇ અમે ધાર્યું કે, ભલે તેઓ મહેનત કરે. તેમની સાથે અમને પણ અમારી ધારણા પાર પાડવાની તક મળી જશે ! અને આખરે થયું પણ તેમજ ! તમે તમારી પોતાની ચપળતાથી છટકી આવ્યાં ! હવે એ તો બધું ઠીક પણ તમે નગરમાં પાછા નહીં ફરો તો ક્યાં જશો, કુંવરીને ક્યાં શોધશો ? અમે કુંવરીને શોધીને શેરગઢ લઇ જઇએ અને તમે જંગલમાં રખડયા કરો, એવું બને ખરૂં ?" ચતુરે પૂછ્યું.

"તો હું પણ કંઇ છેક બેવકુફ નથી! ચારે તરફ તપાસ રાખીશ!" ચપળાએ જવાબ આપ્યો. ચતુર અને શાંતીનાથે તેણીને બહુ સમજાવી પણ તેણીએ ન માનતા કાન્તાની શોધમાંજ જવાનો પોતાનો ઠરાવ જણાવ્યાથી લાચાર થઇ ચતુરે તેને પણ મરજી પડે ત્યાં જવાનું જણાવી તથા જોશીજીને પણ તેજ જંગલમાં છોડી રાણીની ગાંસડી બાંધી ગુફાનો માર્ગ લીધો. ચપળા પણ જોશીજીની આજ્ઞા લઇ કુંવરીની શોધમાં એક તરફ નીકળી પડી. શાંતીનાથે જંગલમાં એકલો પડતાં કાન્તા અને ચકોરી કયાં હશે તે પોતાની રમલની ગણત્રીપરથી જાણવાને માટે પોતાના પોથી છોડી અને પાટી કહાડી રમલ નાંખી ગણત્રી કરવા માંડી. થોડીવાર સુધી ખૂબ ધ્યાનથી ગણત્રી કીધા પછી એકાએક તેના ચહેરાપર ખુશાલી ઝળકી ઉઠી. હોઠો ઉપર હાસ્ય છવાઈ રહ્યું, ઉતાવળે તેણે પોતાની પોથી વગેરેનું પોટલું બાંધી લીધું અને ઉઠીને ઝડપથી ગુફા તરફ દોડયો. ચતુર ખભાપર રાણીની ગાંસડી સહીત લગભગ ચારેક ખાઉ ગયો હશે, એટલામાં પાછળથી "ઉભા રહો!" એવો અવાજ સાંભળતાં ફરીને જોયું તો શાંતીનાથને ઉતાવળે દોડતો પોતાની તરફ આવતો જોઈ તે ઉભો રહ્યો, અને તે આટલી ઝડપે દોડતો શા માટે આવતો હશે, તે માટે વીચારમાં પડયો, પણ પાસે આવી પહોંચતાં તેના ચહેરાપર આનંદની નીશાનીઓ જોતાં ચતુરને ધીરજ આવી અને તેણે પૂછયું "કેમ જોશીજી, આટલી ત્વરાથી દોડતા શા માટે આવ્યા?"

"બસ હું પણ તમારી સાથે ગુફામાં આવું છું! ચાલો! ઉતાવળ કરો! ગુફામાં મારે શા માટે આવવું છે એ હું ત્યાં જઇને જણાવીશ! તમે અહીં ઉભા રહો નહીં! બસ, ચાલો!" શાન્તીનાથ ઉતાવળે બોલ્યો. ચતુર અજબ થયો, ને તેણે પૂછયુ "પણ તમારાં આ ભેદી બોલવાનો કંઈ અર્થ સમજાય?"

"બસ, આપણો બેડો પાર! કામ ફત્તેહ! કાન્તાકુંવરીની ભાળ મળી! હવે ગુફામાં ઉતાવળે ચાલો! કુંવરીને ત્યાંજ જોશો! ત્યાં કુંવરી કેવી રીતે આવ્યાં તે હાલ પૂછશોજ નહીં! તમારા ગયા પછી મેં રમલ નાંખી ગણત્રી કરી જોઇ તેપરથી મને ભાળ મળી!" શાન્તીનાથ હર્ષાવેશમાં બોલી ઉઠયો. તેનું કહેવું

સત્ય હશે એવી પહેલાં તો ચતુરની ખાત્રી થઇ નહીં, પણ જ્યારે શાન્તીનાથે પ્રતિજ્ઞા લીધી ત્યારે ચતુરના આનંદનો પાર રહ્યો નહીં, અને ઉત્સાહસહ તેઓ ઉતાવળી ચાલે ગુફા તરફ ચાલ્યા, અને છેક બીજે દીને સાંજે ગુફા આગળ જઇ પહોંચ્યા. શાન્તીનાથની આંખે પાટા બાંધ્યા વગરજ ચતુર ગુફાનો દરવાજો ઉઘાડવા લાગ્યો. તેણે સીંહના મુખમાંથી જીભ બહાર ખેંચી કહાડી અને પછી દરવાજાની બંને બાજુએ ભીંતમાં સંગેમરમર ના બે પથ્થરો જડેલા હતા, તેઓમાંથી જમણી તરફના પથ્થરને તેણે જોરથી લાત મારી, એટલે એક મ્હોટો ધડાકો થયો, અને સાથેજ તે પથ્થર દીવાલની અંદર ધુસી જઈ આડો બેસી ગયો, અને ન્હાના સરખા એક ચોતરાપર એક સાપ ગુંચળું વાળીને બેઠેલો જણાયો. આ સાપની ગરદન પકડીને પેચની માફક ચતુરે કેટલાક આંટા ફેરવ્યા, કે તરતજ દરવાજો ઉઘડી ગયો, એટલે રાણીની ગાંસડી સહીત તેમણે અંદર દાખલ થઇને અંદરથી બારણા પાછાં બંધ કરી ડાબી બાજુએ દીવાલની અંદર માણસનો હાથ જઈ શકે એવડું એક બાકોરૂં હતું, તેમાં હાથ નાંખીને ચતુરે શાંતીનાથને કહ્યું "આ દીવાલમાંની એક ચાવી ફેરવવાથી પેલો બાહારનો પથ્થર ફક્ત બંધ થઈ જાય છે. એથી કંઇ દરવાજો ઉઘાડી શકાતો નથી. ઉઘાડતી વખતે તો જેવી રીતે બાહારથી આપણે ઉઘાડયો, તેવીજ રીતે કરવું પડે છે!" દરવાજો બંધ કરી તેઓ આગળ ચાલ્યા. ખુલ્લા મેદાનમાં પહોંચીને રાણીની ગાંસડી છોડી તેણીને શુદ્ધિમાં આણીને ચતુરે કહ્યું "ચાલો મહારાણીજી, હવે આપને રાજાજી સમીપ લઈ જઇએ છીએ!" આસપાસની વસ્તુઓ અને દેખાવો જોઇ અજાયબ થતી રાણી પોતાના પતીને મળવાની આતુરતામાં તેમની સાથે ચાલી. ચાલતાં ચાલતાં ચતુરે અધીરાઈથી શાંતીનાથને "કુંવરી કયાં છે?" એમ પૂછતાં તેણે જણાવ્યું "બતાવું છું, અધીર ન થાઓ. આ સ્થાનમાં પહેલાં હું કદી આવેલ ન હોવાથી બધી જગ્યાઓ જાણતો નથી! રાજા બલદેવસીંહને મહારાણીજી તો સોંપો એટલામાં કુંવરી પણ બતાવું છું!" વાત કરતાં તેઓ પેલા નાળા આગળ જઇ પહોંચ્યા. નાળાને સામે પાર એક ખડકપર ઉભો રહી સીધા ઉંચા ડુંગરની ઉપર કંઈ જોતો રાજા બલદેવસીંહ ઉભો હતો, તેનાપર તેમની

નજર પડી. રાણી તો રાજાને જોતાંજ ભાન ભૂલી જઇ પોતાનો જુસ્સો દબાવી ન શકવાથી પતીને મળવાની ઉત્સુકતામાં નાળામાં કેટલુંક ઉંડુ પાણી છે, અથવા સામે પાર કેવી રીતે જઇ શકાશે તે સંબંધી કંઇ પણ જાણ્યા વગર ઉંતાવળે નાળામાં કુદી પડી અને પાણી બહુજ થોડુંક હોવાથી સામે પાર જઇ આંખમાં આંસુ સહીત દોડીને રાજાને ભેટી પડી. રાજાએ ચમકીને નજર ફેરવી અને રાણીને જોતાં આનંદમાં આવી તેણીને અનહદ સ્નેહથી પોતાની છાતી સાથે ચાંપી. ચતુર અને શાંતીનાથ પણ તેની પાછળ સામે પાર ગયા. રાજાની નજર શાંતીનાથ તેમજ ચતુરપર પડતાં તેણે અજાયબ થઇને પૂછ્યું–"શાંતીનાથ, તમે પણ ચતુરસીંહના પંજામાં ફસાઇ ગયા શું ?"

"નહી, એમની મેહેરબાનીથી અત્રે આવ્યો છું. એમણે મને પોતાના સાથી તરીકે કબૂલ રાખ્યો છે અને હવે હું કુમાર શ્રી કુલનસીંહની સેવામાં રહ્યો છું !" શાંતીનાથે જણાવ્યું. રાજાને આથી બહુ ગુસ્સો ઉપજયો, અને લાલચોળ આંખો કરી તેણે તેની તરફ જોયું, એટલે શાંતીનાથ બોલ્યો "રાજાજી, હવે આપ ક્રોધાયમાન થશો એથી આપનું શું વળવાનું છે ? જયાં મન માન્યું ત્યાં આપણે તો રહ્યા. સન્માન મળે ત્યાંજ સેવા કરવી યોગ્ય છે ! મહારાજ, મારી સાથે, આપેજ કેવી નીચ વર્તણુંક ચલાવી તે તરફ દ્રષ્ટિ કરો, અને તે વખતે આપે કંઈ વીચાર કર્યો હતો ! આપણો સંબંધ આટલેથીજ ત્રુટવાનું નીર્માણ થયેલ હશે ! બીજું શું ?" આ સાંભળી રાજા નીચું મસ્તક કરી ચુપ ઉભો રહ્યો, એટલામાં "ચતુરસીંહ" એવો ઝીણો અવાજ ઉપરથી આવ્યો, એટલે ચમકી ચતુરે ઉચું જોયું, તો પર્વતની ટોંચપર કાન્તા કુમારી ઉભેલી જણાઇ. તેણીની કંગાળ હાલત જોતાં ચતુરની આંખોમાં ઝળઝળીયાં ભરાઈ આવ્યાં. નાગણ સરખા કાળા વાળનો ચોટલો છુટીને વીખરાઈ ગયો હતો. ગુલાબની ખીલતી કળી સરખું મુખારવીંદ કરમાઈ ગયું હતું, શ્વેત વર્ણનાં શરીરપર મેલ [illegible] ગયો હતો. તેણીના વસ્ત્ર ફાટી ગયાં હતાં, અને તેણીની આંખમાંથી પણ આંસુની ધારા વહી રહી હતી. પહાડની ઉપર [illegible] નાની સરખી ગુફાના દ્વાર આગળ નીચી વળીને ઉભી રહી તેણી આતુરતાથી ચતુરને પોકારી રહી હતી. કુંવરી પાસે જવાને

અધીરો બની જઇ ચતુર પહાડપર ચઢવાને તળેટી તરફ ધસ્યો, પણ પહાડ સીધો ઉંભો હોવાથી ઉપર ચ્હડવાનો એકે માર્ગ જ જણાયો નહી. તેણે ઘણી તજવીજ કરી અને આખરે લાચાર થઇ થાકીને નીરાશા સાદુ ઉંચે જોઈ તેણે બૂમ પાડીને પૂછ્યું" રાજકુંવરી, તમે ત્યાં કેવી રીતે જઇ પહોંચ્યા ?" ચતુરનું બોલવું કાન્તાએ સાંભળ્યું પરંતુ તેણીનો ઝીણો અવાજ ચતુર સુધી બરોબર ન પહોંચવાથી ફકત એટલા શબ્દો સાંભળ્યા કે "નસીબ... આવી...પ્રકારે...કહાડો...છુ" કુંવરી સંગે બરોબર વાત પણ કરી ન શકયાથી ચતુર મનમાં બહુ દુઃખી થયો. કાન્તા પછી પણ બીજું કંઇ બોલી જે પણ ચતુર બીલકુલ સમજી શકયો નહી. ફકત કોઈ બોલે છે, એમ અવાજ તેને સંભળાયો. તેણીને ધીરજ આપવા ચતુર મ્હોટે અવાજે બોલ્યો "રાજકુંવરી, આપ ગભરાશો નહી ! આપને માટે તજવીજ કરીએ છીએ !" આનો જવાબ કુંવરીએ કંઈ પણ આપ્યો નહી, પણ એક જંગલી ઝાડમાંથી એક પાંદડું તોડી એક અણીયાળા પથ્થર વડે તેપર કંઈ લખીને પોતાના સાળુના પાલવમાંથી એક ચીરો ફાડી તેમાં તે પાંદડુ અને સાથે એક પથ્થર બાંધીચતુર તરફ ફેંકયું, જે નાળાના કીનારાપર આવી પડયું. ચતુરે આતુરતાથી તે ઉપાડી કપડું ઉખેડીને વાંચી જોયું તો તેમાં ફકત એટલું લખ્યું હતું કે "તમે જઈને પહેલાં કુમારને અત્રે તેડી આવો !" ચતુરે શાંતીનાથને તે વંચાવ્યું, અને પછી કહ્યું "જોશીરાજ, આપ અત્રે રોકાઓ તો હું જઇને કુમારને તેડી લાવું છું, એટલામાં કુંવરીને મળી શકીએ એવો કોઈ રસ્તો આપ શોધી રાખો !" શાંતીનાથને તે વીચાર પસંદ આવ્યો, એટલે તેને કેટલીક સુચનાઓ કરી ચતુર ગુફાની બહાર આવી દરવાજે બેવડી ચાવીએ બંધ કરી શેરગઢ તરફ ચાલ્યો. પ્રિય વાંચનાર ! ચતુર અને શાંતીનાથને કાન્તાની શોધમાં વીદાય કરી કુલીન વીજય સહીત શેરગઢ પાછો ફર્યો ત્યારે રાજા વગેરે સઘળાઓએ એમજ ધાર્યું હતું કે કુંવરી પણ તેમની પાછળ આવતીજ હશે, પરંતુ કુમારે સઘળી હકીકત કહી સંભળાવતાં રાજાની દીલગીરીમાં વધારો થયો હતો. રાજા બલદેવસીંહ કેદ પકડાવાની ખબર જાણી તેને જોકે આનંદ થયો હતો પરંતુ નાળા માંથી કુમારી ગૂમ થવાની હકીકત સાંભળી તે તદન નીરાશ થયો

દીવાન વગેરેએ તેનાં મનનું સમાધાન કરવા બ… હુ સમજાવવા છતાં પણ રાજાની ઉદાસી ઘટી નહોતી. રાણી … આહાર નીંદ્રા ત્યાગી અહર્નિશ કાન્તાને સંભારતી કલ્પાંત કરતી હતી. કુલીન પણ ઘણા દીવસો સુધી શેરગઢમાંજ રહ્યો. તેના ચહેર પ… નીરંતર ઉદાસી છવાઇ રહી હતી. એક દીવસ મધ્યરાત્રીને સમે કુમાર કાન્તાના વીરહની પીડાથી નીંદ્રા આવતી ન હોવાથી પોતાના ઓરડ.માં વીચારતરંગમાં અથડાતો શય્યામાં તરફડીયા ખા… પડ્યો હતો. ઓરડાનો દરવાજો અંદરથી બંધ હતો. એટલામ… બહાર કોઇની વાતચીત થતી હોય એવો અવાજ સંભળાયો, અને ‘કુંવરી’ એ શબ્દ કુલીનને કાને પડયો. તરતજ પલંગપરથી ઉઠીને ઉતાવળે દરવાજા આગળ કાન ધરી તે સાંભળવા લાગ્યો. … નાચેનાં શબ્દો તેના સાંભળવામાં આવ્યા:–“પહેલાં હું માનતે … તો કે કુંવરીબા ઉપર કુલીનસીંહનો દ્રઢ સ્નેહ છે, પણ હવે પ… ઉઘડી ગયો, અને ખુલ્લું જણાયું કે ફકત શેરગઢની રાજ્યગાદી ઉપર તેની નજર બગડી છે! આમ માનવાને કારણ દેખીતુંજ છે! જો કુલીનસીંહનો કુંવરીબા ઉપર ખરો સ્નેહ હતો તો તેણીની શોધ–” એક અવાજ સંભળાયો પણ વાકય પૂર્ણ થાય તે પહેલાં બોલવું બંધ થઇ ગયું અને ‘ચોર, ચોર!’ એવી બૂમ પાડતા દરવાનો સંભળાયા, અને થોડી વારમાં તે અવાજ પણ બંધ થઈ ગયો. કુમાર ઘણી વાર સુધી બારણાને કાન લગાડી સાંભળવાને ઉભો રહ્યો, પણ પછી કંઈ સંભળાયું નહીં. ઉપલી વાતચીત દ્વારપાળો કરતા હશે, એવી કુમારે અટકળ કરી, અને વીચારમાં પડી તે શય્યાપર આવી બેઠો. એક ઉંડો નિશ્વાસ નાંખીને તે પોતાનાં મનમાં બોલ્યો “હાય! આ શું સાંભળ્યું! ખરેખર જયારે હલકા દરવાનના મનમાંજ આમ ઠસી ગયું છે કે કુંવરીપર અમારો પ્રેમ નથી તો રાજા રાણી પણ અવશ્ય એવોજ વીચાર બાંધી બેઠાં હશે! હવે અત્રે રહેવું યોગ્ય નથી, તેમજ કીર્તિપુર જવાથી લોકોની પકી ખાત્રી થશે કે કુંવરી તરફ અમે જે પ્રેમ દાખવતા હતા તે સઘળો કૃત્રિમ હતો! હવે કયાં જવું? શું કરવું?” આમ વીચાર કરતાં સવાર પડી જેનું … તેને ભાન રહ્યું નહીં. પ્રાતઃકાળના સુરજના મંદ કીરણો બારી વાટે કુમારના મુખપર પડતાં તે ઉઠયો અને નિત્ય કર્મથી … પરવારી પ્રહર દીન ચડતાં સ્વારીનો અશ્વ મંગાવી બે-

કલેશ રાજમહેલની બહાર નીકળ્યો. તેની સાથે જવાને ઘણા માણસો તૈયાર થયા, પણ તેણે પોતાની સાથે આવવા તે સઘળાઓને મનાઇ કરી, એટલે તેઓ તો અટકી ગયા, પણ વીજય અટકયો નહી. તે કુમારની પાછળ ચાલ્યો. વીજય પાછળ રહીને પોતાનાથી છૂટો પડી જાય, એવી મતલબથી કુલીને પોતાના અશ્વને જોરથી દોડાવ્યો, પણ વીજય દોડવામાં બહુ ઝડપી હોવાથી તેણે ઘોડાનો સાથ છોડયો નહી. બહુ લાંબે જતાં કુમારનુ ઉશ્કેરાયલું ચીત્ત શાંત થતાં વીજયને બહુ થાકેલો છતાં પોતાની પાછળ દોડતો આવતો જોઇ પોતાની તરફના તેના અસીમ સ્નેહભાવથી કુમારનું મન પીગળ્યું અને તેણે પોતાનો અશ્વ ઉભો રાખી વીજય તરફ હસ્તે મુખારવીંદે જોયું, એટલે વીજયે ઉભા રહી આતુરતાથી પૂછ્યું "મહારાજ, આપની શી ધારણા છે તે તો જણાવો!' કુલીને ઘોડાપરથી ઉતરી કહ્યું " ભાઈ, તું બહુ થાકી ગયો છે! જરા બેસીને વીશ્રામ લે તો પછી તને સઘળું કહીશું!" વીજયે પોતાનો દુપટો કુમારને બેસવા માટે પાથર્યો, અને ઘોડાપરનું પલાણ તેપર બીછાવી ઘોડાને ચરતો મૂકી કુમારની સામે બેસીને પૂછ્યું "બોલો, આપ શો વીચાર કરીને આમ એકાએક શેરગઢથી ચાલ્યા આવ્યા છો?" જેના જવાબમાં કુલીને રાતે સાંભળેલી દરવાનોની વાતચીતની સઘળી હકીકત જણાવી અને છેવટે કહ્યું "હવે કુંવરીની ભાળ મળશે નહીં ત્યાંસુધી અમે કદીપણ નગરમાં પાછા ફરનાર નથી." કુમારનો આ ઠરાવ વાજબી નથી એમ જણાવી તે ફેરવવાને વીજયે તેને બહુ સમજાવ્યા બાદ છેવટે કહ્યું " કુમાર, શેરગઢ જવાની આપની ઇચ્છા નથી તો આપણું નગર પણ સમીપ છે, ત્યાં ચાલો!"

"અહીંથી આપણું નગર કેટલું દૂર હશે?" ઘણી વાર સુધી ઉંડો વીચાર કીધા પછી કુલીને પૂછ્યું.

"અહીંથી લગભગ બે કોસ દૂર હશે! જુવો પેલું વડનું ઝાડ જણાય છે, તે આપણી ગુફાની પાસેનુંજ છે!" લાંબો હાથ કરી બતાવતાં વીજયે કહ્યું.

"આપણે છેક અહીં આવી પહોંચ્યા છીએ!" ઝાડ તરફ જોતાં કુલીને અજાયબી બતાવી, એટલામાં સામેથી એકરન

આવતો જોઇ તે ઉઠીને ઉતાવળે તેની તરફ દોડયો. વીજય પણ તેની પાછળ ચાલ્યો. કુમાર અને વીજયને પોતાની તરફ આવતા ઈ ચતુર સામો દોડતો આવ્યો. પાસે જતાં કુમારે અધીરા-ની પૂછયું "ભાઈ, કુંવરીની કંઇ ભાળ મળી ?"

"હા ! ચતુરે ઉત્સાહ સહીત જવાબ આપ્યો.

"કયાં ?" કુમારે આતુરતાથી પૂછયું.

"ગુફામાં ચાલો બતાવું ! કુમાર, હું આપને તેડવાનેજ આવતો હતો ! ચતુરે જણાવ્યું, અને પૂછયું "વારૂં, આપ શેર ગઢથી અત્રે શા માટે આવ્યા હતા ?"

"એની હકીકત વીજયને પૂછવાથી જણાશે, પણ ગુફામાં તો ચાલો !" વીજયે તૈયાર કરેલા અશ્વપર ઉતાવળે બેસતાં કુલીને જણાવ્યું, અને ગુફા તરફ ઘોડો ચલાવ્યો. ચતુર અને વીજય પણ પાછળ ચાલ્યા. ગુફા આગળ આવી પહોંચતા ચતુરે હસીને કહ્યું "કુમાર, ગુફાનું દ્વાર ઉઘાડતાં પહેલાં આપની આંખે પાટા બાંધવા પડશે !" કાન્તાને મળવાની અધીરતામાં કુલીન પોતાની આંખે પાટા બંધાવવાને તૈયાર થયો એટલે ચતુરે હસીને કહ્યું "કુમાર, આપ ભલે જુવો, પણ હવે સાવધ રહેજો !" આમ કહેતાં તેણે દરવાજો ઉઘાડયો, અને તેઓ અંદર ગયા. તેઓ નાળાના કીનારાપર શાંતીનાથ પાસે જઈ પહોંચ્યા, એટલે ચતુરે કુમારને હાથ ઉંચો કરી બતાવતાં કહ્યું "જુઓ ઉપરથી કુંવરી આપણી તરફ જોઇ રહ્યાં છે !" કુમારને આવતો જોતાં કાન્તા પણ આતુરતાથી તેમની તરફ જોઇ રહી હતી. કુલીનની પણ એવીજ હાલત થઈ. આતુરતાસહ તે પર્વતની તળેટી તરફ વસ્યો પણ ચતુરે તેને અટકાવીને કહ્યું "કુમાર, ઉપર ચઢી શકાય તેમ નથી ! ઊપર ચઢવાનો માર્ગ હોત તો કુમારીનેજ નગરમાં તેડી આવત નહી ?" નીરાશ થઈ કુલીન આતુરતાથી કાન્તા તરફ જોઇ રહ્યો. બંનેની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. વાંચનાર, કેવો હૃદયભેદક દેખાવ હતો ! જેને માટે કુમારે રાજમહેલના સુખવૈભવનો ત્યાગ કરી પોતાના જીવપર આટલો બધો જોખમ ખેડયો હતો, તેને આજે નજરે જોતાં પણ કુલીન મળી શકતો નથી—અરે, અંતર ખોલીને વાતચીત પણ કરી શકતો નથી ! આહા ! આ સમયની તેમની સ્થીતિનો ચીતાર અમે શું

આપી શકીએ ? ! કુંવરીને કેવી રીતે મળવું તે વિષે ચતુરના પૂછવાથી શાંતીનાથે જણાવ્યું " ભારે ઝહેમત ઉઠાવ્યા વીના કુંવરી પર્વત ઉપરથી ઉતરી શકે એમ નથી ! જે માર્ગે તે ઉપર ગઈ છે તેજ માર્ગે આપણે તેમને મળી શકીશું ! મે રમલથી ગણુત્ર કરી જોઇ તો તેપરથી પણ એમજ જણાય છે, બાકી આપણી બીજી મહેતન સઘળી વ્યર્થ છે, માટે કુવરી ઉપર કેવી રીતે અને કયે માર્ગે આવ્યાં તે એમને પૂછીને જાણવું જોઇએ તો પછી આપણે ત્યાં પહોંચીને કંઈ તજવીજ કરીએ, કેમકે કુંવરી એક તલેસમમાં ફસાયાં છે, એમ મને લાગે છે ! " આ સલાહ ચતુરને સારી લાગી, અને તરતજ તેણે મ્હોટેથી બૂમ પાડીને કાન્તાને કહ્યું " રાજકુંવરી, જેવી રીતે આપે પહેલાં મને પાંદડાપર લખીને આપની ઈચ્છા જણાવી તેવીજ રીતે આપ કયે રસ્તે આ પર્વતપર આવ્યાં છો તે પણ એક પાંદડાપર ટુંકમાં લખી જણુવો ! કાન્તા પાંદડાપર લખતી હતી, એટલમાં પાછળથી કોઇના પગલાંનો અવાજ આવતાં તેણીએ પીઠ ફેરવીને જોયું, તો ચકોરીને આવતી જોઈ, એટલે ઉઠીને આતુરતાથી દોડી જઈ તેને ભેટી પડી, અને બોલી "સખી, તું આવી તે ઠીક થયું ! જો સઘળાઓ નીચે આપણી તરફ આતુરતાથી જોતા ઉભા છે. બહેન, તેમનું બોલવું અમને સંભળાય છે, પણ અમારો અવાજ તેમના સુધી પહોંચતો નથી, તેથી આ સ્થળે કયાંથી આવ્યાં તે આ પાદડાપર લખીને નીચે ફેંકવાનો વીચાર હતો, એટલમાં તને આવતી જોઇ ! " આમ કહી કાન્તા તેનો હાથ પા પહાડના કીનારા તરફ ચાલી. ચાલતાં ચાલતાં ચકોરીએ પૂછ્યું " કુવરીબા તમને પેલો બંગલો ગળી ગયો હશે ? "

" બસ, એ બગલાએજ ગળીને અત્રે પહોંચાડી, અને તું પણ તેમાંજ સપડાઇ હઈશ ? " કાન્તાએ પૂછ્યું.

" ના, એ બગલાની કરામતી તો હું જાણી ગઇ, પણ બીજે માર્ગે સપડાઇ ! " ચકોરીએ જણાવ્યું " પણ એ વાત આપણે પછી કરીશું ! " આમ વાત કરતી તેઓ કાન્તા પહેલાં જયાં બેઠી હતી ત્યાં આવી પહોંચી, એટલે ચકોરીએ નીચે ઉભેલા કુમાર વગેરે તરફ જોયું. તેણીને કાન્તા પાસે જોતાં કુલીન અને ચતુર વગેરેને પણ થોડી ધીરજ મળી. આસપાસના પર્વતો તેમજ